મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

કૃષ્ણાશ્રય-દર્શન-(૧)

(પૂર્વપીઠિકા)

-: લેખક :-

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા

પ્રકાશક

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

પ્રકરણ – ૧

ઉપક્રમ

सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत् ।
श्रीवल्लभो विजयते स्वाश्रयज्ञानदो हरिः ॥

स्वभक्तेषु कृपापूर्णः सर्वेषु करुणाकरम् ।
सर्वोद्धारपरं श्रीमद्विठ्ठलेशं समाश्रये ॥

શ્રીમદ્વિઠ્ઠલેશ્વર પ્રભુચરણ સ્વરચિત શ્રીસર્વોત્તમસ્તોત્રમાં શ્રીમદ્વલ્લભાચાર્યચરણના ૧૦૮ નામોનાં નિરૂપણમાં બોંતેરમા નામમાં જણાવે છે કે **'પૃથક્શરણમાર્ગોપદેષ્ટા'** જ્ઞાન, કર્મ તથા મર્યાદા ભક્તિથી જુદો એવો શરણમાર્ગ એના ઉપદેશ આપનાર શ્રીઆચાર્યચરણ છે. કેટલાક વિચારકો શ્રીઆચાર્યચરણના આ નામ સાથે **'ન્યાસાદેશ'** નામક ગ્રન્થને સાંકળે છે કે શ્રીઆચાર્યચરણે આ ગ્રન્થનાં પ્રણયન દ્વારા પૃથક્ શરણ માર્ગનું નિરૂપણ કર્યું છે અને તે અનુસાર શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ સર્વોત્તમ સ્તોત્રમાં **'પૃથક્શરણમાર્ગોપદેષ્ટા'** એમ શ્રીવલ્લભનું નામ પ્રસિદ્ધ કરે છે. પરન્તુ આ એમનો મત બરાબર નથી. કારણ કે **'न्यासादेशेषु'** એ શ્લોક શ્રીવેદાન્તદેશિકાચાર્ય દ્વારા વિરચિત છે કે જેઓ શ્રીરામાનુજસમ્પ્રદાયના ઉદ્‌ભટ વિદ્વાન હતા અને જેમણે સ્વરચિત સાહિત્ય દ્વારા ભગવત્ પ્રપત્તિ બાબતની ઘણી જ સુન્દર વાતો અનેક શ્લોકો દ્વારા તેમણે પ્રસ્તુત કરેલી છે. એ કૃતિઓ પૈકીની જ આ એક કૃતિમાં પ્રપત્તિ બાબત સુન્દર પુષ્ટિભાવોને જોઈને શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણે ઉપર્યુક્ત શ્લોક ઉપર પોતાનું સુન્દર ભાવોને પ્રકટ કરનારું વિવરણ પ્રકટ કર્યું છે. શ્રીપ્રભુચરણનું આ શ્લોક પર વિવરણ ઉપલબ્ધ છે માત્ર તેનાથી જ આ કૃતિ શ્રીઆચાર્યચરણની છે તેમ કહી શકાય નહી. આ રીતે જ શ્રીપ્રભુચરણે શ્રીજયદેવજીની અષ્ટપદી પર પણ ટીકા લખી છે. શ્રીપ્રભુચરણના ચરિત્રનું અવલોકન કરતાં એમ સ્પષ્ટ જાણી શકાય છે કે સર્વજીવોને કૃષ્ણભક્તિમાં વાળવા અને ઉત્તમ અધિકારી જીવોમાં શ્રેષ્ઠ એવા પુષ્ટિભાવોનું સ્થાપન કરવું એ શ્રીપ્રભુચરણની કાર્યપ્રણાલી રહી છે અને એમાં જ તેઓશ્રીનો રસ જોવા મળે છે. અતઃ જ્યાં પણ તેઓશ્રીને પુષ્ટિભાવો જોવા મળ્યા છે તેને તેઓશ્રીએ આદરપૂર્વક બિરદાવ્યા છે અને તે અનુસાર જ તેઓશ્રીનું સમ્પ્રદાય બહારની બે કૃતિઓ ઉપર પણ વિવરણ ઉપલબ્ધ છે.

સાંભળવા મળે છે તે મુજબ કોઈક ગ્રન્થના ઉપરના પત્ર પર શ્રીઆચાર્યચરણના હસ્તાક્ષરમાં લખાયેલો આ શ્લોક ઉપલબ્ધ છે. આનાથી આ શ્રીઆચાર્યચરણની કૃતિ છે એમ કહેવા કરતાં શ્લોકસ્થ ભાવો સુન્દર જણાતાં પ્રિયત્વેન શ્રીઆચાર્યચરણે ટાંચણ કર્યું છે એમ કહેવામાં કોઈ આપત્તિ નડતી નથી. આ રીતે જોતાં આ શ્લોકના ઉત્કૃષ્ટ ભાવો તરફ સર્વ પ્રથમ શ્રીઆચાર્યચરણનું ધ્યાન આકર્ષાયું છે અને જેમાં શ્રીઆચાર્યચરણનું ધ્યાન આકર્ષાયું હોય તેવા સાહિત્યમાં શ્રીપ્રભુચરણે વિશેષ પરિશ્રમ કરી શ્રીઆચાર્યચરણને પ્રિય થઈ રહેલા શ્લોકસ્થ ભાવોનું વિવરણ દ્વારા ઉદ્‌ઘાટન કર્યું છે એમ મારું માનવું છે.

આ શ્લોક શ્રીઆચાર્યચરણકૃત છે એવા વિવાદનું મૂલ જોવા જઈએ તો તે શ્રીસર્વોત્તમસ્તોત્ર ઉપરની શ્રીગોકુલનાથજીની ટીકામાં આ સ્થળ ઉપરનું તેઓશ્રીનું લેખન છે. ત્યાં તેઓશ્રી લખે છે - **'भक्तिमार्गात् पृथग्भिन्नो यः शरणमार्गस्तस्योपदेष्टा न्यासादेशेष्वि'त्यादिना स्वीयेषूपदेशकर्ता'** અર્થાત્ - ભક્તિમાર્ગથી પૃથગ્-ભિન્ન જે શરણમાર્ગ છે તેનો 'ન્યાસાદેશેષુ' વગેરે વડે પોતાના નિજજનોમાં ઉપદેશ કરનારા. અહીં શ્રીગોકુલનાથચરણ દ્વારા 'ન્યાસાદેશ'નો ઉલ્લેખ થયેલો હોવાથી તેમજ આ શ્લોક પર શ્રીપ્રભુચરણનું વિવરણ હોવાથી કેટલાક વિચારકોએ એમ ભ્રાન્તિથી માની

લીધું છે કે આ કૃતિ શ્રીઆચાર્યચરણની છે અને આ માન્યતાને શ્રીમહાપ્રભુજીના પૌત્ર શ્રીગોકુલનાથજીનું સમર્થન છે.

ખરેખર જોવામાં આવે તો ન્યાસાદેશમાં - ગીતામાં અર્જુનને શરણના ઉપદેશમાં પુષ્ટિમાર્ગીય શરણનો નહિ પણ મર્યાદામાર્ગીય શરણનો ઉપદેશ કરાયેલો છે જે તારતમ્ય શ્રીપ્રભુચરણે ન્યાસાદેશવિવરણમાં ખૂબ જ સુન્દર રીતે પ્રકટ કર્યું છે. સ્વયં શ્રીગોકુલનાથજી સર્વોત્તમસ્તોત્રની ટીકામાં જણાવે છે કે - **‘मर्यादामार्गीयोऽपि शरणमार्गो भक्तिमार्गीयशरणमार्गाद् भिन्नोऽस्ति मर्यादामार्गीयफलसाधकस्तयोस्तारतम्यज्ञातृत्वमाचार्याणामेवेति ज्ञापनायापि तन्नामोक्तं पृथक्शरणमार्गोपदेष्टेति, पृथक्पदेन भगवता गीतासु पार्थं प्रति सर्वधर्मान् परित्यज्ये’ त्याद्युपदिष्टस्य शरणमार्गस्य मर्यादामार्गीयत्वमेव न शुद्धपुष्टिमार्गीयत्वम् ।’** અર્થાત્ - મર્યાદામાર્ગીય શરણમાર્ગ પણ ભક્તિમાર્ગીય (પુષ્ટિભક્તિમાર્ગીય) શરણમાર્ગથી ભિન્ન છે કે જે મર્યાદામાર્ગીય ફલને સાધવાવાળો છે, આ બન્ને વચ્ચેનું તારતમ્ય જ્ઞાન માત્ર શ્રીઆચાર્યચરણને જ છે તે જણાવવા માટે પણ - તારતમ્ય જ્ઞાતૃતાના નામને જણાવવા માટે ‘પૃથક્શરણમાર્ગોપદેષ્ટા’ એમ કહ્યું છે, અત્ર પૃથક્ પદનો પ્રયોગ કર્યો છે તેથી ગીતામાં અર્જુન પ્રતિ ‘સર્વધર્માન્ પરિત્યજ્ય’ વગેરે વાક્યોથી ઉપદેશ કરાયેલ શરણમાર્ગનું મર્યાદામાર્ગીયપણું જ છે, એ શરણમાર્ગનું શુદ્ધપુષ્ટિમાર્ગીયપણું નથી. આ રીતે ન્યાસાદેશમાં વર્ણ્ય શરણમાર્ગ એ મર્યાદામાર્ગીય છે એમ શ્રીગોકુલનાથજી જણાવે છે. તો મર્યાદામાર્ગીય શરણમાર્ગના ઉપદેષ્ટા શ્રીઆચાર્યચરણ છે એમ શ્રીગોકુલનાથજીનું તાત્પર્ય છે એવું તો માની શકાય જ તેમ નથી.

અહીં શ્રીગોકુલનાથજીના આશયને વધુ સ્પષ્ટ રીતે સમજવા સર્વોત્તમસ્તોત્ર ઉપરની ચાચા શ્રીગોપેશ્વરજીની ટીકાને તપાસીશું તો ત્યાં તેઓશ્રી લખે છે - **‘अतो यदाऽऽचार्याः मर्यादामार्गभिन्नत्वेन स्वमार्गीयशरणं न निरूपयेयुस्तदेदानीं तज्ज्ञापनाभावादेतन्मार्गीयशरणस्य च शरणसाम्येन भक्तानामेकत्वज्ञानेन मुख्यतया सर्वात्मभावरूपा स्वमार्गीयशरणप्रपत्तिर्न भवेदेव । तदा तत्फलभोगयोग्यताऽपि न सिद्ध्यति । तेन भगवदभिलषितमपि न भवेदेतत्सर्वं श्रीकृष्णहार्दं ज्ञात्वैव तद्भिन्नत्वनिरूपणमिति भावः ।’** અર્થાત્- અતઃ જ્યારે શ્રીઆચાર્યચરણ મર્યાદામાર્ગથી ભિન્ન સ્વરૂપમાં સ્વપુષ્ટિભક્તિમાર્ગીય શરણનું નિરૂપણ ન કરે ત્યારે હાલમાં તેના જ્ઞાપનનો (મર્યાદામાર્ગથી ભિન્ન પુષ્ટિભક્તિમાર્ગીય શરણનું જ્ઞાપન કરાવી શકે તેવાનો) અભાવ હોવાથી એતન્માર્ગીય શરણનું અને શરણસામ્ય વડે કરીને (મર્યાદા-પુષ્ટિ બન્ને પ્રકારનાં શરણ સરખાં દેખાતાં હોવાથી) પુષ્ટિભક્તોને બન્નેમાં શરણભાવ તો એક જ છે એવું જ્ઞાન થઈને મુખ્યતયા સર્વાત્મભાવરૂપા સ્વમાર્ગીયા શરણપ્રપત્તિ નહીં જ થાય (જ્ઞાનના અભાવમાં તેમને માત્ર મર્યાદામાર્ગીય શરણ જ સિદ્ધ થાય) ત્યારે-તેવી સ્થિતિમાં તે ભક્તોની પુષ્ટિફલના ભોગની યોગ્યતા પણ સિદ્ધ થતી નથી. તેમજ પુષ્ટિફલભોગની અયોગ્યતા ભક્તોની હોતાં તેના વડે જે ભગવાનને અભિલષિત છે તે પણ સિદ્ધ ન થાય, આમ આ બધું જ કૃષ્ણ અભિપ્રાયને ચિત્તમાં રાખીને જ મર્યાદાથી ભિન્ન પુષ્ટિશરણનું નિરૂપણ શ્રીઆચાર્યચરણે કર્યું છે એમ અત્ર ભાવ છે. આ પ્રકારે શ્રીચાચા ગોપેશ્વરજીના જણાવ્યા અનુસાર શ્રીઆચાર્યચરણે મર્યાદામાર્ગીય શરણથી ભિન્ન એવા પુષ્ટિમાર્ગીય શરણનો ઉપદેશ કરેલો છે અને તે ઉપદેશ **‘न्यासादेशेषु’** માં ઉપલબ્ધ નથી. ત્યાં તો મર્યાદામાર્ગીય શરણને જ જણાવવામાં આવ્યું છે.

ઉપરાન્ત શ્રીપ્રભુચરણ પણ ન્યાસાદેશવિવરણમાં ક્યાંય આ શ્રીઆચાર્યચરણની કૃતિ છે તેવો દાવો કરતા નથી પરન્તુ વિવરણના અન્તમાં લખે છે :-

इति पितृचरणकृपातो गोपीपतिचरणरेणुधनिना यः।
श्रीविठ्ठलेन विवृतो भावो मयि स स्थिरो भवतु ॥

અહીં શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ એટલું જ જણાવે છે કે શ્રીપિતૃચરણ-શ્રીઆચાર્યચરણની કૃપાથી હું શ્રીવિઠ્ઠલ વડે (અત્ર) જે ભાવ વિવૃત થયો છે તે ભાવ મારામાં સ્થિર થાઓ. આમાં (વિવરણમાં) જે પુષ્ટિભાવનું નિરૂપણ થયેલું છે તે ભાવનું વિવરણ મારા દ્વારા એટલે કે શ્રીપ્રભુચરણ દ્વારા થયેલું છે તેથી જો આ કૃતિ શ્રીઆચાર્યચરણની હોતે તો શ્રીપ્રભુચરણ **'મારા દ્વારા વિવૃત થયેલો ભાવ મારામાં સ્થિર થાઓ'** એમ નહીં લખીને શ્રીઆચાર્યચરણ દ્વારા પ્રદર્શિત આ ભાવો મારા હૃદયમાં સ્થિર થાઓ એમ જ લખતે. તેથી જ શ્રીપ્રભુચરણે સ્વલિખિત વિવરણમાં પ્રથમ શ્રીવેદાન્તદેશિક દ્વારા ઉપનિબદ્ધ પદોનો પદોના અનુસાર અર્થ જણાવી આગળ તેઓશ્રી દ્વારા કરાયેલા અર્થથી અલગ જ પ્રકારનો અર્થ પ્રકટ કરતાં લખે છે - **'पुरःस्फूर्तिकोऽयमर्थो वस्तुतस्त्वन्यत्रैव तात्पर्यम् । तथा ह्यत्र सर्वात्मभावे तात्पर्यम् । धर्मत्यागकथनेन धर्मो न विहत इत्यत्र हेतुरुच्यते न्यासेत्यादि । भक्तिमार्गीयन्यासो घोषभूषणसीमन्तिनीष्वेवेति पितृचरणैः संन्यासप्रकरणे निरूपितम् ।'** અર્થાત્ અહીં સુધીમાં થયેલો અર્થ એ પ્રાથમિક દૃષ્ટિવાળો અર્થ છે, વસ્તુતસ્તુ (ભગવાનનું કહેવાનું) તાત્પર્ય તો અન્યત્ર જ છે, નિશ્ચય કરીને અહીં (ભગવદ્વાક્યોનું) તાત્પર્ય સર્વાત્મભાવમાં રહેલું છે. (તેથી ભગવાનના કહેવાના તાત્પર્ય અનુસાર શ્લોકાર્થ કરતાં) ધર્મત્યાગના કથન વડે ધર્મબાધ ન થવામાં હેતુ કહે છે **'ન્યાસાદેશેષુ'** વગેરે વાક્યોથી. ભક્તિમાર્ગીય ન્યાસ-ત્યાગ વ્રજવધુ-ગોપીઓમાં જ સિદ્ધ થયેલો છે એમ શ્રીપિતૃચરણે (શ્રીઆચાર્યચરણે) સંન્યાસપ્રકરણમાં નિરૂપણ કર્યું છે. આ રીતે પૂર્વમાં શ્રીવેદાન્તદેશિકના અભિપ્રાય મુજબ રામાનુજસમ્પ્રદાય સ્વીકૃત મર્યાદામાર્ગીય શરણ પરક શ્લોકાર્થ કરીને આગળ સ્વતંત્ર રીતે શ્રીઆચાર્યચરણ અભિપ્રેત પુષ્ટિમાર્ગીય

શરણ પરક ભગવાનના તાત્પર્યને અનુસરીને શ્લોકાર્થ ખૂબ જ લંબાણથી પ્રકટ કર્યો છે.

આ રીતે વિચારતાં ત્રણ વાતોનું સ્પષ્ટ સમાધાન થઈ જાય છે કે (૧) શ્રીઆચાર્યચરણે આ શ્લોકને પ્રિયત્વેન પુસ્તકના પત્ર પર કેમ ટાંક્યો છે (૨) શ્રીપ્રભુચરણે આના ઉપર વિવરણ કેમ પ્રકટ કર્યું છે અને (૩) ચાચા શ્રીગોપેશ્વરજીની સર્વોત્તમ સ્તોત્રની ટીકામાં કહેવાયેલ શરણસામ્ય અને ભક્તોને બન્ને શરણ એક જ છે તેવું જ્ઞાન એ કેવી રીતે તે સમજી શકાય છે.

(૧) શ્રીઆચાર્યચરણે પોથી પર આ શ્લોકનું એટલા માટે ટાંચણ કર્યું છે કે યદ્યપિ શ્રીવેદાન્તદેશિકાચાર્યે ભગવદ્વાક્યોનો અર્થ રામાનુજસમ્પ્રદાય સ્વીકૃત મર્યાદામાર્ગીય શરણ પરક શ્લોકમાં નિબદ્ધ કર્યો છે અને તેનાથી માયાવાદપુરઃસ્કર્તા આચાર્યે અને તેમના શિષ્યોએ જે આ ભક્તિશાસ્ત્રમાં અને ખાસ કરીને શરણાગતિ બાબતમાં **'स एवाहम्'** વગેરે વાક્યોથી જે વિપ્લવ મચાવ્યો હતો તે મતનું આનાથી સારી રીતે ખંડન થઈ જાય છે, તેથી મર્યાદામાર્ગીય હોઈને પણ શ્લોકમાં ખૂબ જ સુન્દર ભાવો પ્રકટ થયેલા છે, તેમ છતાં પણ - મર્યાદામાર્ગીય શરણ પરક શબ્દો નિબદ્ધ હોઈને પણ એ જ શબ્દોમાંથી પુષ્ટિભાવો પણ પ્રકટ થાય જ છે અને તે ભાવો રાસલીલૈકતાત્પર્ય એવા શ્રીઆચાર્યચણના જ હૃદયમાં સ્ફુરી શકે છે તેથી તે ભાવની સ્ફુરણાથી શ્રીઆચાર્યચરણે પ્રિયત્વેન શ્લોક ટાંચ્યો છે.

(૨) જેમ શ્રીઆચાર્યચરણ **'શ્રીકૃષ્ણહાર્દવિત્'** છે, તેમ શ્રીપ્રભુચરણ **'શ્રીઆચાર્યહાર્દવિત્'** છે. અતઃ આ શ્લોકને પોથી પર ટાંચતાં જે પુષ્ટિભાવો શ્રીઆચાર્યચરણના હૃદયમાં પ્રાદુર્ભાવ થયા તેમજ ભગવદ્ વાક્યોનું જે તાત્પર્ય શ્રીઆચાર્યચરણના હૃદયમાં બિરાજમાન છે તેને સારી રીતે ગ્રહણ કરીને શ્રીવિઠ્ઠલેશે વિવરણના ઉત્તરાર્દ્ધમાં પુષ્ટિભાવો નિરૂપિત કર્યા છે. તેમજ પૂર્વાર્દ્ધ-ઉત્તરાર્ધમાં બન્ને ભાવોને નિરૂપિત કરીને સ્પષ્ટ રીતે શુદ્ધપુષ્ટિજીવો માટેની સર્વાત્મભાવ સ્વરૂપા શરણાગતિને શ્રીઆચાર્યચરણના

ગ્રન્થોમાંથી શોધી પ્રકટ કરી છે. શ્રીઆચાર્યચરણે યદ્યપિ આ શરણાગતિનું પ્રતિપાદન કરેલું છે અને તે સુબોધિની તથા ષોડશ ગ્રન્થોમાં વિદ્યમાન છે. તેમ છતાં પણ તારતમ્યથી કહેવાયેલું ન હોવાથી પુષ્ટિજીવોની સુવિધા માટે શ્રીપ્રભુચરણે અત્ર તારતમ્યથી બન્ને શરણાગતિનું નિરૂપણ કર્યું છે.

(૩) બન્ને પ્રકારના શરણમાં સામે જોતાં પ્રાથમિક દૃષ્ટિએ બન્ને એક જ હોય એમ દેખાય છે જે શ્રીપ્રભુચરણના વિવરણોક્ત બન્ને પ્રકારના અર્થોથી જાણી શકાય છે. જેમાં **અકિંચનાધિક્રિયા, કાર્પણ્યપણાથી અંગ, ભગવાનથી ઈતરના ભજનની અપેક્ષાનો નિષેધ, દુઃસાધ્ય કાર્યની ઈચ્છા અને પ્રયત્નનું ઉપશમન, ધર્માન્તર સમ્બન્ધમાં બ્રહ્માસ્ત્ર ન્યાયનો વિચાર** આ બધું જ મર્યાદામાર્ગીયા શરણાગતિમાં પણ પ્રાપ્ત થાય છે અને પુષ્ટિમાર્ગીયા શરણાગતિમાં પણ પ્રાપ્ત થાય છે તેથી પુષ્ટિજીવોને એવો ભ્રમ થઈ શકે છે કે આ બન્ને એક જ છે કારણ કે એક જ સરખા દેખાતા શરણ પદાર્થમાં મર્યાદાભાવ અને પુષ્ટિભાવ એ બન્ને જુદા છે તે ભાવને નહીં જાણીને માત્ર બાહ્ય સમાનતાથી ભ્રાન્તિ થાય છે. એ ભ્રાન્તિના અર્થમાં શ્રીચાચા ગોપેશ્વરજી સર્વોત્તમની ટીકામાં શરણ સામ્ય અને ભક્તોને બન્ને એક જ છે તેવું જ્ઞાન મુખ્ય પ્રપત્તિમાં બાધક છે એમ જણાવે છે. તેમજ તેવી ભ્રાન્તિનું નિવારણ ન્યાસાદેશથી શ્રીપ્રભુચરણના વિવરણને બાદ કરતા થતું નથી. અતઃ આ (ન્યાસાદેશ) ગ્રન્થ તેવી ભ્રાન્તિ નિવારક છે તેમ કહી શકાય તેમ નથી.

ઉપરાન્ત પુષ્ટિમાર્ગમાં પુષ્ટિજીવો માટે ભક્તિમાર્ગ જ એમનો માર્ગ છે તેથી ભક્તિમાર્ગથી ભિન્ન સ્વતંત્ર શરણમાર્ગ તેમના માટે નથી. ભક્તિથી અલગ સ્વતંત્ર શરણમાર્ગ મર્યાદામાં છે. તેથી જ એનું ફલ મર્યાદારૂપ વાણીને આધીન થઈને રહેવું એ અર્જુનના શરણ ઉપદેશ પછીના વાક્યથી જાણી શકાય છે. તેથી જ અર્જુન **‘करिष्ये भजनं तव’** ની જગ્યાએ **‘करिष्ये वचनं तव’** એમ કહે છે. શ્રીઆચાર્યચરણના નિબન્ધોક્ત વાક્ય **‘कृष्णाधीना तु मर्यादा’** એનાથી પણ ભાવો મર્યાદામાર્ગીય છે એમ જાણી શકાય છે. અતઃ શ્રીગોકુલનાથજી પ્રભૃતિ મહાનુભાવોના ગ્રન્થોમાં જ્યાં મર્યાદામાર્ગીય શરણમાર્ગથી પુષ્ટિમાર્ગીય શરણમાર્ગ ભિન્ન છે એમ કહેવાયું છે ત્યાં પણ શરણ સાથેનું માર્ગ શબ્દનું જોડાણ સેવાના અનુકલ્પ રૂપમાં જ છે. તેથી જ શ્રીપ્રભુચરણ પણ નવરત્નની ટીકાના અન્તમાં **‘एवमुक्तप्रकारेण सेवापरतया स्थेयमित्यर्थो वा’** એમ સર્વાત્મના શરણે જઈને પણ સેવાપરાયણ થઈ રહેવાનું સૂચવે છે. શ્રીમહાપ્રભુજીથી છઠ્ઠી પેઢીએ જેમનું પ્રાકટ્ય છે તે શ્રીવ્રજરાયચરણ પણ વિવેકધૈર્યાશ્રયના અન્તે **‘आश्रयणं मार्गरूपं प्रोक्तम्’** એમ જણાવી આગળ **‘पृथगयं कुत उक्तः’** એમ પ્રશ્ન કરી સમાધાન આપે છે કે **‘अयं तन्निरपेक्षोऽनुकल्परूपश्चेत्यतो भिन्नतयोक्तः’** આ શરણમાર્ગ જ્ઞાન-કર્મ-ભક્તિનાં સાધનોની અપેક્ષા વિનાનો અને ત્રણેના અનુકલ્પ રૂપ હોવાથી જ્ઞાન-કર્મ-ભક્તિ ત્રણે માર્ગોથી ભિન્નતા વડે કહ્યો છે એમ જણાવે છે. અતઃ પુષ્ટિમાર્ગીય શરણમાર્ગ એટલે શ્રવણાદિ સાધનોની અપેક્ષા વિનાનો અને સેવાનો અનુકલ્પરૂપ શરણમાર્ગ એના ઉપદેશ આપનારા શ્રીઆચાર્યચરણ છે એમ સર્વોત્તમોક્ત નામનું સ્વારસ્ય છે. આ રીતે વિચારવાથી જ **‘श्रीकृष्णहार्दविद्’** આ ૭૩ મા નામ સાથે ૭૨ માં પૃથક્ શરણમાર્ગના ઉપદેષ્ટા નામની સંગતિ થાય છે.

આ બધો વિચાર કર્યા પછીથી છેલ્લે એ વિચારવાનું બાકી રહી જાય છે કે શ્રીગોકુલનાથજી દ્વારા લખાયેલી પંક્તિઓનો પછી શો અર્થ કરવો ? કારણ કે શ્રીવેદાન્તદેશિકનો સમય શ્રીઆચાર્યચરણના પણ ઘણા પહેલાનો છે તેથી તેમના દ્વારા વિરચિત આ કૃતિથી શ્રીગોકુલનાથજી અપરિચિત હોય એ તો બની શકે નહિ ત્યારે શ્રીગોકુલનાથજી લિખિત બે સ્થળની પંક્તિઓનો આશય ગ્રહણ કરતાં શ્રીગોકુલનાથજી શું કહેવા માંગે છે તે સ્પષ્ટ થઈ શકે છે. સર્વોત્તમસ્તોત્રના ૨૫ મા શ્લોક પરની ટીકામાં પ્રથમ શ્રીગોકુલનાથજી લખે છે કે - **‘पृथक्शरणमार्गोपदेष्टेति । भक्तिमार्गात्पृथक् भिन्नो यः शरणमार्गस्तस्योपदेष्टा न्यासादेशेषु इत्यादिना स्वीयेषूपदेषकर्ता ।’**

આમ જણાવી વધુ સ્પષ્ટતા કરતાં તેઓશ્રી આ જ શ્લોકની ટીકામાં આગળ જણાવે છે કે - **'मर्यादामार्गीयोऽपि शरणमार्गः भक्तिमार्गीय-शरणमार्गाद्भिन्नोऽस्ति मर्यादामार्गीयफलसाधकः । तयोस्तारतम्यज्ञातृत्वं आचार्याणामेवेति ज्ञापनायापि तन्नामोक्तं पृथक्शरणमार्गोपदेष्टेति ।'** આ બન્ને પંક્તિઓને સાથે રાખી વિચારતાં પ્રથમ પંક્તિમાં જ્યાં **'शरणमार्गस्तस्योपदेष्टा'** **'तयोस्तारतम्यम्'** આટલું અધ્યાહાર સમજવું જોઈએ. અતઃ પૂર્ણ પંક્તિ આ રીતે બનશે - **'भक्तिमार्गात् पृथक् भिन्नो यः शरणमार्गः तयोस्तारतम्यं तस्योपदेष्टा'** કારણ કે જે બે વચ્ચેનું તારતમ્ય જાણે છે તે તારતમ્યથી જ ઉપદેશ કરશે એ નક્કી છે, જે બે વચ્ચેનું તારતમ્ય નથી જાણતા તે તારતમ્ય વિના જ મુખ્ય રૂપે જ નિરૂપણ કરશે અને તેવું નિરૂપણ શ્રીવેદાન્તદેશિકના વાક્યોમાં થયું છે એ શ્રીપ્રભુચરણકૃત વિવરણના પૂર્વાર્દ્ધથી જાણી શકાય છે. જો તેમ ન હોતે તો શ્રીપ્રભુચરણ દ્વારા પૂર્વાર્દ્ધમાં જે મર્યાદામાર્ગીય અર્થ પ્રકાશિત થયો છે તે લખવાની અપેક્ષા જ ન હતી. શ્રીઆચાર્યચરણની કૃતિનો આ અર્થ હોઈ શકે નહીં, એ અર્થ ઉત્તરાર્દ્ધવાળો જ હોઈ શકે છે.

આ બધો વિચાર કરતાં શ્રીગોકુલનાથજી પ્રભૃતિ મહાનુભાવોના દૃષ્ટિકોણથી બોંતેરમા નામનો આ રીતે અર્થ થશે કે મર્યાદામાર્ગથી ભિન્ન એવો જે ભક્તિમાર્ગીય શરણમાર્ગ કે જે સેવાનો અનુકલ્પ છે તેનો ઉપદેશ કરનારા શ્રીઆચાર્યચરણ અને આ પ્રકારના શરણમાર્ગનો ઉપદેશ શ્રીઆચાર્યચરણે સ્પષ્ટરૂપમાં નવરત્ન, વિવેકધૈર્યાશ્રય, કૃષ્ણાશ્રય એમ ત્રણ ગ્રન્થોથી કર્યો છે. અતઃ શ્રીગોકુલનાથજીની ટીકામાં **'स्वीयेषूपदेशकर्ता'** એમાં સ્વીય એટલે ગોવિન્દ દુબે, બૂલામિશ્ર તથા જેમના અર્થે વિવેકધૈર્યાશ્રય ગ્રન્થ રચાયેલો છે તે સ્વીય નિજ ભગવદીયોમાં ઉપદેશ કરનારા એમ સમજી શકાય છે.

* * *

પ્રકરણ - ૨

ષોડશગ્રન્થો

આપણે વિચારી ગયા તે મુજબ શ્રીઆચાર્યચરણે ષોડશગ્રન્થાન્તર્ગત નવરત્ન, વિવેકધૈર્યાશ્રય અને કૃષ્ણાશ્રય એમ ત્રણ ગ્રન્થો દ્વારા પુષ્ટિમાર્ગીય - ભક્તિમાર્ગીય આશ્રયનું નિરૂપણ કર્યું છે.

શ્રીવલ્લભાચાર્યજી વિરચિત શ્રીસુબોધિની, અણુભાષ્ય, સપ્રકાશ નિબન્ધત્રય, સૂક્ષ્મટીકા, પત્રાવલમ્બન, પુષ્ટિમુક્તિવિવૃતિ, શ્રીપુરુષોત્તમનામ સહસ્ર, શ્રીત્રિવિધનામાવલી, પૂર્વમીમાંસાભાષ્ય, દશમસ્કન્ધાનુક્રમણિકા, સાંભળવા મુજબ વાલ્મીકિ રામાયણ ઉપરની 'લોકેશ્વરી' ટીકા, વેદવલ્લભ, બૃહદ્ભાષ્ય, ગીતાભાષ્ય વગેરે ગ્રન્થો ઉપરાન્ત પ્રકીર્ણ અનેક ગ્રન્થોનાં નામો ઉપલબ્ધ થાય છે જેની સંખ્યા ૨૦-૨૫ થી પણ વધુ થવા જાય છે. જો કે શ્રીવલ્લભ દિગ્વિજય ગ્રન્થકારના જણાવ્યા મુજબ શ્રીઆચાર્યચરણના ચોર્યાસી સેવકો, બ્રહ્મસમ્બન્ધમંત્રના ચોર્યાસી અક્ષરો, તેઓશ્રી દ્વારા વિરચિત ચોર્યાસી ગ્રન્થો વગેરે બધું જ ચોર્યાસીની સંખ્યામાં જણાવે છે પણ એ વાત મને બહુ તથ્યપૂર્ણ લાગતી નથી. બીજી બધી બાબતો છોડી માત્ર ગ્રન્થોનો જ વિચાર કરીએ તો આજે શ્રીઆચાર્યચરણના નામ પર ચઢેલા જેટલા ગ્રન્થોનાં નામ છે તે બધાને જોડતાં પણ ચોર્યાસીની સંખ્યા સુધી પહોંચી શકાતું નથી. ઉપરાન્ત ગ્રન્થોના ઉપલબ્ધ નામો પૈકી એવાએ કેટલાક ગ્રન્થો છે જે સંશોધનમાં શ્રીહરિરાયજી વગેરેની રચના છે તેમ માલૂમ પડ્યું છે. તેમજ 'સુદર્શનકવચ' જેવા પણ કેટલાક ગ્રન્થો છે જે શ્રીઆચાર્યચરણના નામ પર બોલે છે પણ પ્રાયઃ સમ્પ્રદાયના સહુ વિદ્વાનો એને શ્રીઆચાર્યશ્રીનો છે તેમ સ્વીકારવા તૈયાર નથી. ઉપરાન્ત ન્યાસાદેશ 'પ્રેમામૃતમ્' વગેરે ગ્રન્થો માટે પણ સમ્પ્રદાયનું વિદ્વત્ જગત એકમતી સ્થાપી શક્યું નથી. ભારતના જુદા-જુદા પ્રાચ્ય ગ્રન્થ સંગ્રહાલયોમાંથી પણ એવા કેટલાક ગ્રન્થોની પોથી જોવા મળે

છે જેના ઉપર શ્રીવલ્લભાચાર્ય વિરચિત એમ લખવામાં આવેલું છે પણ ગ્રન્થનો વર્ણ્ય વિષય વાંચતાં સ્પષ્ટપણે સમજી શકાય છે કે એ ગ્રન્થો કોઈ પણ સંજોગોમાં શ્રીઆચાર્યચરણ દ્વારા લખાયેલા હોઈ શકે જ નહિ બલ્કે તે ગ્રન્થો પરવર્તી વંશજો દ્વારા પણ નહિ લખાયેલા હોવા જોઈએ, જે પૈકીના ૨-૩ ગ્રન્થો વડોદરાના પ્રાચ્યવિદ્યામન્દિરમાંથી ઉપલબ્ધ છે તેને શ્રીઆચાર્યવલ્લભ માસિકપત્રમાં આજથી ૨-૩ વર્ષ પૂર્વ પ્રકાશિત કરવામાં આવ્યા હતા. બે કિંવદન્તી મુજબ એક તો શ્રીઆચાર્યચરણના સમયમાં જ અગ્નિકાંડમાં તેઓશ્રીના કેટલાક સાહિત્યનું તિરોધાન થયું છે તથા બીજી કિંવદન્તી મુજબ શ્રીમહાપ્રભુજીના જ્યેષ્ઠલાલજી શ્રીગોપીનાથજીના વહુજી અત્યન્ત ક્લેશ-વિખવાદના અન્તે પોતાના પિયર દક્ષિણમાં પધારી ગયા ત્યારે તેઓશ્રી શ્રીઆચાર્યશ્રીનું ઘણું બધું સાહિત્ય સાથે લઈ પધાર્યા અને કાલાન્તરમાં તેનું તિરોધાન થયું છે.

આ બન્ને કિંવદન્તીઓ બાબત મારે એટલું જ કહેવાનું છે કે શ્રીપ્રભુચરણે અને શ્રીગોકુળનાથજીએ તથા તે સમયના વિદ્વાન વૈષ્ણવોએ મહાન પરિશ્રમે શ્રીઆચાર્યચરણના ચરિત્ર પ્રસંગોનું જે સંકલન કર્યું તેમાં ક્યાંય અનુપલબ્ધ ગ્રન્થોનો નામનિર્દેશ તક પ્રાપ્ત થતો નથી જ્યારે ઉપલબ્ધ ગ્રન્થોનો ક્યાંય ને ક્યાંય કોઈને કોઈ પ્રકારે પણ ઉલ્લેખ થયેલો જોવા મળે છે. આવી સ્થિતિમાં ભલે તે ગ્રન્થો સ્વરૂપતઃ આજે ઉપલબ્ધ ન હોય પણ ગ્રન્થ પ્રણયનનો, ગ્રન્થ શા માટે લખાયો, ક્યારે ને ક્યાં લખાયો બાબત કંઈક તો ઉલ્લેખ હોય તો ખરો. ત્યારે તો પછી એમ જ માનવું બાકી રહ્યું કે બન્ને કિંવદન્તી મુજબ ગ્રન્થ તિરોધાનની સાથે તેના આનુષંગિક ચરિત્ર પ્રસંગોનું પણ તિરોધાન થઈ ગયું છે અથવા તો શ્રીગોપીનાથજીના વહુજીએ ખૂબ જ ચીવટ રાખી પોતાની સાથે લઈ જવાતા ગ્રન્થો સંબન્ધના ચરિત્ર પ્રસંગોને પણ ઈતિહાસમાંથી તિરોભૂત કરી નાંખ્યા છે.

ઉપરના પેરેગ્રાફમાં લખાયેલ બાબતમાં એક સ્પષ્ટતા કરવી જરૂરી સમજું છું કે આ ઉપર મુજબનું લખાણ એવી ગંભીરતાથી નથી લખ્યું કે સ્વસ્થ ચિત્તે નિશ્ચયપૂર્વક હું એમ માનું છું કે આ બન્ને કિંવદન્તીઓમાં કંઈ તથ્ય જ નથી. કદાચ તે મુજબ પણ બન્યું હોઈ શકે છે. કારણ કે જૈમિનિ સૂત્રભાષ્ય, પૂર્વમીમાંસા કારિકા, સૂક્ષ્મટીકા, વિવેકધૈર્યાશ્રય જેવા ગ્રન્થો પણ છે કે જેનો ચરિત્ર પ્રસંગો સાથે સમ્બન્ધ થયો નથી તેમ છતાં તેના કેટલાક અંશો આજે પણ ઉપલબ્ધ છે. તેથી શ્રીઆચાર્યચરણના ગ્રન્થોના સંશોધનમાં અને તે અંગેની વિચારણામાં આ બાબતને પણ ધ્યાનમાં રાખવી જોઈએ તે હેતુથી આ લખ્યું છે. ખરેખર તો આજે આપણે બધા જ આ બાબતમાં અનિર્ણયાત્મક દશામાં જ રહેલા છીએ અને તેમાં જ બધો વ્યવહાર ચલાવી રહ્યા છીએ.

આ રીતે શ્રીમહાપ્રભુના પ્રકીર્ણ-નાના કદના ગ્રન્થો પણ અનેક છે તે ગ્રન્થોમાંથી કેટલાક ગ્રન્થોને ભેગા કરી કોણે અને ક્યારે એનું ષોડશગ્રન્થના રૂપમાં સ્વરૂપ બાંધ્યું તે સમ્પ્રદાયમાં વર્તમાનમાં ઉપલબ્ધ ઈતિહાસના પ્રસંગોથી જાણવા મળતું નથી. આ સંકલન શ્રીદામોદરદાસજી દ્વારા થયેલું છે કે પછી શ્રીગોપીનાથજી દ્વારા કે પછી શ્રીપ્રભુચરણ દ્વારા થયું છે કે શ્રીગિરિધરજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી વગેરેમાંથી કોઈએ કર્યું છે તે આજે જાણી શકવું મુશ્કેલ છે. પરન્તુ આ સોળ ગ્રન્થોની સંગતિ અને તેનો અનુક્રમ સર્વ પ્રથમ શ્રીહરિરાયજીએ જણાવ્યો છે એટલું પ્રાચીન ગ્રન્થોથી જાણી શકાય છે. શ્રીહરિરાયજીના પછીથી થોડા ઘણા ફરક સાથે ગો. શ્રીદ્વારકેશજી તથા દશદિગન્તવિજયી ગો.શ્રીપુરુષોત્તમજીએ ષોડશગ્રન્થોનો અનુક્રમ અને સંગતિ દર્શાવ્યા છે. અત્યારે જે પ્રચલિત અનુક્રમ છે તેનાથી વત્તા - ઓછા પ્રકારે બાકીના ત્રણે અનુક્રમોમાં ફરક જોવા મળે છે જે આ મુજબ છે -

	વર્તમાન પ્રચલિત	**શ્રીહરિરાયજી**	**શ્રીપુરુષોત્તમજી**	**શ્રીદ્વારકેશજી**
૧	યમુનાષ્ટક	યમુનાષ્ટક	યમુનાષ્ટક	યમુનાષ્ટક
૨.	બાલબોધ	બાલબોધ	બાલબોધ	બાલબોધ

૩.	સિ.મુક્તાવલી	સિ.મુક્તાવલી	સ્વમાર્ગોપદેશ સિ.મુક્તાવલી	સિ.મુક્તાવલી
૪.	પુ.પ્ર.મર્યાદા	પુ.પ્ર.મર્યાદા	પુ.પ્ર.મર્યાદા	સિ.રહસ્ય
૫.	સિ.રહસ્ય	સિ.રહસ્ય	સિ.રહસ્ય	નવરત્ન
૬.	નવરત્ન	અં.પ્રબોધ	નવરત્ન	અં.પ્રબોધ
૭	અં.પ્રબોધ	નવરત્ન	અં.પ્રબોધ	વિ.ધૈર્યાશ્રય
૮	વિ.ધૈર્યાશ્રય	વિ.ધૈર્યાશ્રય	વિ.ધૈર્યાશ્રય	કૃષ્ણાશ્રય
૯.	કૃષ્ણાશ્રય	કૃષ્ણાશ્રય	કૃષ્ણાશ્રય	ચતુઃશ્લોકી
૧૦.	ચતુઃશ્લોકી	ચતુઃશ્લોકી	ભ.વર્ધિની	પુ.પ્ર.મર્યાદા
૧૧.	ભ.વર્ધિની	ભ.વર્ધિની	જલભેદ	ભ.વર્ધિની
૧૨.	જલભેદ	જલભેદ	પંચપદ્યાનિ	જલભેદ
૧૩.	પંચપદ્યાનિ	પંચપદ્યાનિ	ચતુઃશ્લોકી	પંચપદ્યાનિ
૧૪.	સં.નિર્ણય	સં.નિર્ણય	સં.નિર્ણય	સં.નિર્ણય
૧૫.	નિ.લક્ષણ	નિ.લક્ષણ	નિ.લક્ષણ	નિ.લક્ષણ
૧૬.	સેવાફલ	સેવાફલ	સેવાફલ	સેવાફલ

આ પ્રકારે અત્યારે આ ચાર ક્રમો જોવા મળે છે જેમાં આજનો પ્રચલિત ક્રમ ક્યારે કોણે ગોઠવ્યો છે તે કહેવું મુશ્કેલ છે પણ બીજા ત્રણ ક્રમો જોવા મળે છે તેનાંથી એટલું તો નક્કી થઈ શકે છે કે આ ક્રમ શ્રીપ્રભુચરણ, શ્રીગોકુલનાથજી, બીજા છ લાલજીઓ કે શ્રીકલ્યાણરાયજી કૃત તો નથી જ. કારણ કે જો આમાંથી કોઈ એકના દ્વારા ક્રમ અપાયેલો હોતે તો આ ત્રણે મહાનુભાવો એ ક્રમને જ અનુસરતે, પોતાનો સ્વતંત્ર ક્રમ દર્શાવતે નહીં. તેમ છતાં પણ આ ત્રણે મહાનુભાવો દ્વારા દર્શાવાયેલા ક્રમ અને ગ્રન્થસંગતિથી એટલું સમજી શકાય છે કે ત્રણેએ પોત પોતાના દૃષ્ટિકોણ અનુસાર પુષ્ટિમાર્ગીયસાધકની સુવિધા અર્થે સોળ ગ્રન્થોના સમૂહને શ્રેણિબદ્ધ ગોઠવ્યા છે અને એ સોળ પગથિયાં કઈ રીતે એક પછી એક છે તે તેમણે તેમના દ્વારા પ્રદર્શિત સંગતિમાં દર્શાવ્યા છે. આમાંથી શ્રીહરિરાયજી તથા શ્રીપુરુષોત્તમજી દ્વારા પ્રદર્શિત ક્રમ-સંગતિ ને અમે અમારા દ્વારા સંપાદિત આચાર્ય શ્રીવલ્લભ માસિક પત્રના વર્ષ -દ્વિતીય, અંક ૨-૩, મે-જૂન-૧૯૮૮ના તથા અંક-૧૦, જાન્યુઆરી-૧૯૮૯ ના અંકમાં પ્રકાશિત કરી ચૂક્યા છીએ. તેમજ શ્રીદ્વારકેશજીના ક્રમ-સંગતિ તેઓશ્રી દ્વારા વિરચિત શ્રીયમુનાષ્ટક ટીકાના આરંભે શ્લોકબદ્ધરૂપે પ્રકાશિત છે જેને આ લેખનમાં અન્તે પરિશિષ્ટ-૧,૨,૩થી આપ્યા છે તેથી જિજ્ઞાસુઓએ ત્યાંથી જોઈ લેવું. આમાંની શ્રીપુરુષોત્તમજીવાળી મૂલ હસ્તપ્રત અમારે ત્યાં બિરાજમાન છે.

ઉપર જોયા મુજબ સોળ ગ્રન્થોના ક્રમમાં ચારેમાં ફેરફારો છે પણ આદિ-અન્ત બાબતમાં ચારેમાં એકમતી જોવા મળે છે. અતઃ સોળગ્રન્થોને એક ગ્રન્થરૂપમાં અને તેના જુદા-જુદા ગ્રન્થોને પ્રકરણ રૂપમાં જોવામાં આવે ત્યારે યમુનાષ્ટક એ ઉપક્રમ થાય છે અને સેવાફલ એ ઉપસંહારમાં આવે છે. ઉપરાન્ત આ સોળ એ ગ્રન્થો છે જેમાંથી કેટલાકને બાદ કરતાં મોટા ભાગના ગ્રન્થો શ્રીઆચાર્યચરણ દ્વારા પોતાના જુદા-જુદા સેવકોને અર્થે ઉપદેશના રૂપમાં રચાયેલા છે જે તેમના દ્વારા ક્રિયમાણ ભક્તિના સંબન્ધમાં માર્ગદર્શનના પ્રકારમાં રચાયેલા છે. અતઃ ઉપક્રમ-ઉપસંહાર તથા બાકીના ગ્રન્થોની હકીકતમાં જોતાં એમ લાગે છે કે શ્રીમહાપ્રભુરચિત અનેક પ્રકીર્ણગ્રન્થો પૈકી એ સોળ ગ્રન્થોને આમાં સ્થાન મળ્યું છે જેમાંથી પુષ્ટિજીવોને ભગવન્માર્ગમાં સ્થિતિ કરવામાં તથા આગળ વધવામાં યોગ્ય માર્ગદર્શન મળી રહે. જો કે આમાં બે સ્તોત્ર ગ્રન્થોનો પણ સમાવેશ કરાયો છે જેમાંથી એક યમુનાષ્ટક સ્તોત્ર છે અને બીજો કૃષ્ણાશ્રયસ્તોત્ર છે - પણ આ બન્ને ગ્રન્થો પણ સ્તોત્રરૂપ હોઈને પણ માર્ગદર્શક ગ્રન્થો પણ છે. ઉપસંહારરૂપ સેવાફલ ગ્રન્થમાં સેવામાં થતા શ્રેષ્ઠફલરૂપમાં જે **‘अलौकिकसामर्थ्यम्’** વાક્યથી ફલનિર્દેશ કર્યો છે તે ફલમાં

જ પરમ ઉપયોગી એવી આઠ પુષ્ટિમાર્ગીયા સિદ્ધિઓને યમુનાષ્ટકમાં નિરૂપવામાં આવી છે. આ બધી જ ભગવત્‌સેવોપયોગી સિદ્ધિઓ એ શ્રીયમુનાજીની કૃપાથી પ્રાપ્ત થાય છે. શ્રીયમુનાજીની કૃપાથી જીવ દ્વારા થતી સેવા આધિદૈવિકતામાં પ્રવેશે છે એ જણાવવાનો શ્રીયમુનાસ્તવનના માધ્યમથી શ્રીઆચાર્યચરણનો ઉદ્યમ છે. શ્રીશંકરાચાર્ય પણ સ્વરચિત યમુનાષ્ટક સ્તોત્રમાં **‘कृपापारावाराम्’** અને **‘भक्तिवरदाम्’** નામોથી ભગવદ્ ભક્તિનું દાન કરવામાં અતિશય કૃપાપૂર્ણતાના શ્રીયમુનાજીના ગુણને બિરદાવે છે. ઉપરાન્ત **‘भवभयहरदाम्’** નામથી શ્રીયમુનાજીના પ્રકૃતિથી પર નિર્ગુણરૂપને પણ બિરદાવે છે. વધુમાં તેઓ શ્રીયમુનાને મુરારિ શ્રીકૃષ્ણના પ્રેયસી નામથી બિરદાવી સકલસિદ્ધિસમૃદ્ધ શ્રીયમુનાજી છે એમ પણ જણાવ્યું છે. પ્રેયસ્ કે પ્રેયસી શબ્દ અતિશય પ્રિયવાચક છે. પત્ની શબ્દ સામાન્યપણે ધર્મરૂપ સમ્બન્ધને જ પ્રકાશે છે જ્યારે પ્રેયસી શબ્દ હૃદયના ઊંડાણના સમ્બન્ધને દ્યોતે છે. શ્રીવલ્લભાચાર્યચરણોક્ત યમુનાષ્ટકમાં છુપાયેલા જ નિગૂઢ ભાવોને કીર્તનસાહિત્યમાં પણ ભક્તોએ **‘दौर कर सौर कर’** **‘जीव को जब ब्रह्मसम्बन्ध होत है तब इनकी वामभुजा फरके’**વગેરે પદોમાં અભિવ્યક્ત કર્યા છે જે શ્રીયમુનાજીના ગવાયેલા ગુણો જીવને ભગવત્સેવામાં પરમા ભક્તિ પ્રદાન કરનારા છે. અતઃ આ સ્તોત્રને આ સોળ ગ્રન્થમાં અગ્રિમતાથી સ્થાન મળ્યું છે. તેવી જ રીતે કૃષ્ણાશ્રય ગ્રન્થ પણ સ્તોત્રરૂપ હોઈને પણ વિવેક ધૈર્ય વગેરેના અભાવમાં પણ માત્ર કૃષ્ણાશ્રય જ કર્તવ્ય છે એ બાબતનો માર્ગદર્શક હોઈ તેમજ બીજાં પણ કારણોને લઈને કે જેને આગળ વિચારીશું આ સોળ ગ્રન્થના મધ્યે સ્થાન મળ્યું છે. યદ્યપિ શ્રીઆચાર્યચરણ વિરચિત મધુરાષ્ટક વગેરે પણ ખૂબજ સુન્દર અને ઉત્કૃષ્ટતમ આધિદૈવિક ભાવોથી ભરપૂર એવા સ્તોત્ર ગ્રન્થો છે પણ તેનો આ સંકલનમાં ઉપયોગ ન હોઈ તે ગ્રન્થોને આમાં સ્થાન આપવામાં આવ્યું નથી. અથવા તો એમ પણ કહી શકાય છે કે મધુરાષ્ટક પ્રભૃતિ ગ્રન્થો સેવાફલની છેલ્લી સીડી પછીના

ગોલોકની ભૂમિ પર અનુભવાયેલા ભાવો છે તેથી પણ એનો આમાં સમાવેશ કરાયો નથી. બ્રહ્મસૂત્રભાષ્ય, પૂર્વમીમાંસાભાષ્ય, પત્રાવલમ્બન વગેરે શ્રીઆચાર્યચરણના દાર્શનિક ગ્રન્થો છે તેથી એમાં દાર્શનિક વિષયોની ચર્ચા કરવામાં આવી છે. યદ્યપિ દાર્શનિક ગ્રન્થો પણ જીવ વડે ભક્તિ કરણમાં અપેક્ષિત ભગવન્માહાત્મ્યજ્ઞાન, સેવ્ય ભગવત્ સ્વરૂપનું જ્ઞાન અને સેવક જીવસ્વરૂપનું જ્ઞાન તથા જીવ-બ્રહ્મ વચ્ચેના સંબન્ધ જ્ઞાનમાં ઉપયોગી છે. તેમ છતાં પણ તેના નીચોડ રૂપે વિષયોને આ સોળ ગ્રન્થમાં આવરી જ લેવાયા છે. પરમતખંડન, સ્વમત સ્થાપન, શાસ્ત્રવાક્યોમાં પરસ્પર પ્રાપ્ત થતા વિરોધનો પરિહાર, શાસ્ત્રોમાં જણાવાયેલી બાબતોમાંથી તારતમ્યનો ખુલાસો વગેરેની પ્રક્રિયાઓની દાર્શનિક ગ્રન્થોમાં બહુલતા હોવાથી તેમાંથી સ્વકૃત સેવામાં ઉપયોગી બાબતોને નવનીતરૂપે તારવવી એ સર્વજનસુગમ્ય નથી. ભલે આજે બધા જ સામ્પ્રદાયિક સાહિત્યમાં દર્શાવ્યા આધારે શ્રીઆચાર્યચરણે માયાવાદનું ખંડન કર્યું અને બ્રહ્મવાદનું સ્થાપન કર્યું એમ કહેતાં-લખતાં હોય છે પરન્તુ તેમાંના ૯૯ ટકા લોકોને એ સ્પષ્ટ ખ્યાલ નથી હોતો કે માયાવાદ એટલે શું અને બ્રહ્મવાદ એટલે શું ? માત્ર માયાનો સ્વીકાર થવાથી સિદ્ધાન્ત માયાવાદી નથી બની જતો અને ન તો માત્ર બ્રહ્મ પ્રતિપાદનથી સિદ્ધાન્ત બ્રહ્મવાદી કહેવાય છે. જો એમ જ હોતે તો આપણે ત્યાં પણ **‘ब्रह्म मायांशवेष्टितम्’** વગેરે પ્રકારે માયાનો સ્વીકાર થયેલો છે અને કેવલાદ્વૈતસિદ્ધાન્તમાં પણ જે કેવલ અદ્વૈત છે તે બ્રહ્મ સાથેનું જ છે તો પછી આપણે માયાવાદી કેમ નહીં અને કેવલાદ્વૈતીઓ બ્રહ્મવાદી કેમ નહીં ? બીજા બધા સામાન્ય-સાધારણ વૈષ્ણવો આ બાબતથી અપરિચિત હોય તે તો સમજી શકાય છે પણ મારા જાણવામાં એક એવો પણ પ્રસંગ છે જેમાં આપણા સમ્પ્રદાયના કહેવાતા વિદ્વાન અને બીજા અનેક ગ્રન્થો ઉપરના પુસ્તકો ઉપરાન્ત ભાષ્યનો અનુવાદ પણ જેમના દ્વારા થયેલો છે એવા વિદ્વાનમાં પણ આ વિષયની સ્પષ્ટ જાણકારીનો અભાવ જોવા મળ્યો છે. આજથી આશરે ૨૦ વર્ષની વાત છે, અમારા પૂ. શ્રીપિતામહચરણ વડોદરા પધાર્યા હતા અને

શ્રીનાથજી મન્દિરમાં બિરાજતા હતા. તેઓશ્રી જ્યારે જ્યારે પણ વડોદરા પધારે કે અમારે સુરત જવાનું થાય ત્યારે ત્યારે નવરાશની પળોમાં પ્રાયઃ કરીને આપશ્રીની પારમ્પરિક સામ્પ્રદાયિક-શાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત કરવાનું હું ચૂકતો નહીં. તે દિવસે શંકરાચાર્યનો માયાવાદ કેમ છે અને **‘ अयमेव ब्रह्मवादः शेषं मोहाय कल्पितम्’** આ જ શ્રીઆચાર્યચરણોક્ત વાદ જ બ્રહ્મવાદ કેમ છે એ વિષય ચર્ચાઈ રહ્યો હતો. એવા સમયે જ ઉપર્યુક્ત વિદ્વાન પણ પૂ.શ્રીપિતામહચરણના દર્શનાર્થે ત્યાં ઉપસ્થિત થયા. વાત-વાતમાં જ પૂ.શ્રીપિતામહચરણે પેલા વિદ્વાનને પ્રશ્ન કર્યો કે ફલાણાભાઈ ! તમે એ તો જણાવો કે આપણો બ્રહ્મવાદ છે તેમાં કઈ પ્રક્રિયા અને યુક્તિઓ કામ કરે છે તેમજ ભક્તિમાર્ગાચાર્યોએ કઈ પ્રક્રિયા અને યુક્તિઓ વડે શંકરાચાર્યને માયાવાદી ઠેરવ્યા છે એનો દાર્શનિક ખુલાસો શો છે ? પેલા ભાઈએ થોડીવાર ખુલાસો આપવાનો પ્રયત્ન કર્યો પણ બરોબર ફાવ્યા નહીં તેથી છેવટે કબૂલ્યું કે આ બાબતનો મને સ્પષ્ટ ખ્યાલ નથી. તો જ્યાં **‘ गजाः यत्र न गण्यन्ते मशकानां तु का स्थितिः’** ન્યાયે દાર્શનિક ગ્રન્થોમાંથી પોતાને માટેનું નવનીત અલગ તારવવાનું સાધારણજનો માટે તો શક્ય જ નથી. તેવી જ રીતે સુબોધિની પણ યદ્યપિ શ્રીમદ્ ભાગવત અમૃતસાગરનું નવનીત છે. તેમ છતાં પણ સાધારણજનોની જ નહીં પણ વિદ્વાનોની પણ ત્યાં **‘ कृत्वाऽतरन् वत्सपदं स्मयत्प्लवाः’** ના સુબોધિની ઉપરના ટિપ્પણમાં શ્રીપ્રભુચરણના કહ્યા મુજબ - **‘ अनेन तेषां पिपीलिकात्वं सूचितम्’** જેવી દશા છે. જેમ **‘ कमले कमलोत्पत्तिः श्रूयते न तु दृश्यते । बाले ! तव मुखाम्भोजे कथं नीलोत्पलद्वयम्’** એ પરિમલ કાલિદાસની ઉક્તિના ન્યાયે ખરેખર શ્રીમદ્‌ભાગવત સમુદ્રનું મન્થન કરી શ્રીઆચાર્યચરણે જે શ્રીસુબોધિનીરૂપે નવનીત પ્રકટ કર્યું તે પણ **श्रीवल्लभवाङ्मयसमुद्र** જ છે. તેથી જ તો શ્રીપ્રભુચરણે પણ લખ્યું છે કે **‘ तदुक्तमपि दुर्बोधम्’** અતઃ આ સમુદ્રમાં ગોતાખોરી કરી સ્વકર્તવ્યરત્નો શોધવા સર્વશક્ય નથી. તેવી જ રીતે નિબન્ધમાં

વિષયમાં જોઈએ તો તેમાં સર્વનિર્ણય પ્રકરણમાં જીવકર્તવ્યનિર્દ્ધાર સારી રીતે જોવા મળે છે. પરન્તુ જ્યાં સુધી શુદ્ધપુષ્ટિજીવોનો પ્રશ્ન છે ત્યાંસુધી તેમને માટેની જે શુદ્ધપુષ્ટિભક્તિ છે એનું ત્યાં પ્રતિપાદન થયું નથી એ **‘ भक्तिः स्वतन्त्रा शुद्धा च दुर्लभेति न सोच्यते’** જે સ્વતંત્ર-સ્વતઃ પુરુષાર્થરૂપા કોઈ પણ ઈતર મિશ્રણ વિનાની શુદ્ધપુષ્ટિભક્તિ છે તે અહીં કહેવાઈ નથી (આ ભક્તિ ભક્તિવર્દ્ધિનીમાં **‘ लभते सुदृढां भक्तिं सर्वतोऽप्यधिकां पराम्’** ત્યાં ભક્તિલાભ રૂપે કહેવાઈ છે.) એમ શ્રીઆચાર્યચરણ દ્વારા કંઠોક્ત કહેવાયેલું છે. અતઃ ત્યાંથી શુદ્ધપુષ્ટિભક્તિ અને તેની ઉપલબ્ધિનો ઉપાય એ ત્યાંથી જાણી શકાય તેમ નથી. યદ્યપિ નિબન્ધમાં જે મિશ્ર-અધિકારવાળા છે તેમની સાધનદશામાં પ્રાપ્ત કર્તવ્યનું નિર્દ્ધારણ કરવામાં આવ્યું છે તેમ છતાં પણ ત્યાં સ્પષ્ટરૂપમાં મિશ્રઅધિકાર એટલે શું અને તેવા અધિકારવાળાઓનું સ્વ-સ્વાધિકારાનુસાર ક્યારે અને ક્યાં શું કર્તવ્ય તેનું વિશ્લેષણ કરવું પણ સર્વશક્ય નથી. તેથી નિબન્ધને માત્ર જોતાં આ જીવોની એવી દશા થઈ જાય છે કે જેમ ડોક્ટર દર્દીને કહે કે મારા આ દવાખાનામાં તમારે માટેની અને બીજા દર્દીઓ માટેની બધાને માટેની દવા અલગ-અલગ મૂકી રાખી છે તે તમે તમારી દવા શોધી લો, તો જે મેડિકલ સાયન્સનું અને રસાયણ વિજ્ઞાનનું કમ્પાઉન્ડરી જેટલું આંશિક જ્ઞાન ધરાવતો હશે તો તે વ્યક્તિ તો ડોક્ટરની માહિતી મેળવી દવા શોધી પણ શકશે, તેમ છતાં પણ ડોક્ટર દ્વારા નામનિર્દેશ તો જરૂરી જ છે કે અમુક દવા આપો. તેવી જ રીતે આ નિબન્ધરૂપી દવાખાનામાં શ્રીઆચાર્યચરણે પોતાના ઉદારહેતુથી સર્વ અધિકારવાળાઓના ઉપયોગી દરેક પ્રકારની દવાઓ ગોઠવેલી છે તેમાંથી પોતાનું નક્કી સ્વાસ્થ્ય શું છે તે અને તેના-પોતાના સ્વાસ્થ્ય અનુકૂલની દવા કાઢવી એટલે કે પ્રથમ પોતાનો અધિકાર નક્કી કરવો અને ત્યારબાદ પોતાના અધિકારાનુસારનું કર્તવ્ય નક્કી કરવું એમાં મધ્યમ અધિકારવાળાઓને કિંકર્તવ્યવ્યામૂઢતા વ્યાપી શકે છે.

આ બધો વિચાર કરતાં આ સોળ ગ્રન્થોનો સમૂહ ષોડશગ્રન્થો એ

એક એવું સુન્દર સંકલન છે જેમાં પુષ્ટિમાર્ગમાં પ્રવેશ્યા પછીથી શ્રીઆચાર્યચરણના સેવક બનેલા એવા વૈષ્ણવોનું શું કર્તવ્ય છે, કર્તવ્યમાં શેની પ્રાથમિકતા છે અને ત્યારબાદ શો ક્રમ છે, અને કર્તવ્ય માર્ગ પર ચાલતાં આવતી અડચણો-મુંઝવણો વગેરેમાં શું કરવું વગેરે બધી જ બાબતોનું ખૂબ જ સુન્દર માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. બલ્કે મને તો એમ લાગે છે કે ષોડશગ્રન્થો અને નિબન્ધનું સંકલન કરીને જો ચાલવામાં આવે તો એ સંકલન વૈષ્ણવોને વૈષ્ણવતાના નિર્વાહમાં ગાઈડ જેવું બની શકે છે. અતઃ શ્રીહરિરાય મહાપ્રભુના સમયમાં કે પછી તેના પૂર્વના સમયમાં જે પણ મહાનુભાવે આ સંકલન કર્યું છે તે બહુ જ બુદ્ધિમત્તાપૂર્વક અને વૈષ્ણવોના પરમ હિતને હૃદયમાં રાખીને કર્યું છે એમાં કોઈ સંશય નથી.

* * *

પ્રકરણ-૩

કૃષ્ણાશ્રય ગ્રન્થ પરનું ટીકા સાહિત્ય

કૃષ્ણાશ્રયસ્તોત્ર પૂર્વમાં જોઈ ગયા તે મુજબ શ્રીદ્વારકેશજીના ક્રમને બાદ કરતાં ત્રણે ક્રમમાં નવમા અનુક્રમે આવે છે. આ સ્તોત્ર ગ્રન્થનું પ્રણયન શ્રીઆચાર્યચરણે પોતાના સેવક લાહોર નિવાસી બૂલામિશ્રને અર્થે (જેમની ૮૪ વૈષ્ણવની વાર્તામાં ૪૬ મી વાર્તાના પ્રસંગમાં દર્શાવ્યા મુજબ) અડેલમાં કર્યું એમ વાર્તા ગ્રન્થોથી જાણવા મળે છે. સત્તરમા સૈકામાં થયેલા પં.શ્રીગોપીનાથાત્મજ શ્રીસરયૂદાસજી વિરચિત શ્રીવલ્લભકલ્પદ્રુમ નામક શ્રીવલ્લભચરિત્રગ્રન્થમાં જણાવ્યા અનુસાર શ્રીઆચાર્યચરણે કૃષ્ણાશ્રય ગ્રન્થનું પ્રણયન વિદ્યાનગરના કૃષ્ણદેવરાયને ત્યાંના શાસ્ત્રાર્થ પૂર્વ કર્યું છે. સમ્પ્રદાયના પરમ ભગવદીય અને વિદ્યારસિક તેમજ શ્રીમહાપ્રભુ પર અને તેમના સિદ્ધાન્તોમાં અનન્ય શ્રદ્ધા ધરાવનારા ગો.વા. શ્રીનાગરદાસભાઈ કાશિરામ બાંભણિયા દ્વારા (વૈષ્ણવ પરિવાર માસિકપત્રના વર્ષ ૧૯૭૯ના અંક ૪ માં તેમના લેખમાં) જણાવ્યા અનુસાર શ્રીમહાપ્રભુએ આ ગ્રન્થનું પ્રણયન આશરે વિ.સં. ૧૫૭૦ માં કર્યું હતું. ચોર્યાસી વૈષ્ણવોની વાર્તામાં બૂલામિશ્રનો પ્રસંગ જે પ્રાચીન વ્રજભાષામાં લખાયેલો છે તેને આધુનિક દેવનાગરી (હિન્દી)માં તથા કૃષ્ણાશ્રય સ્તોત્ર તથા વિવેકધૈર્યાશ્રયમાં કહેવાયેલ આશ્રયનું સંક્ષેપમાં વિવેચન ગો.શ્રીશ્યામમનોહરજીએ ખૂબ જ સુન્દર અને સર્વગમ્ય શબ્દોમાં પ્રસ્તુત કર્યું છે તે તેમના જ શબ્દોમાં અહીં રજુ કરું છું -

(વિ.સં.૨૦૩૬ માં શ્રીવલ્લભ પંચશતાબ્દિ અવસરે નિ.લી.ગો.શ્રીરમણજી મહારાજની સ્મૃતિમાં ગો.શ્રીરઘુનાથજી મહારાજ - (કામવન-પાર્લા-મુંબઈ) દ્વારા પ્રકાશિત ચાર ટીકાઓ સાથેના વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં ગ્રન્થ પરિચય વિભાગમાંથી સાભાર-સૌજન્યથી)

आश्रय

ऐहिक पारलौकिक सभी बातोंमें सर्वथा एकमात्र हरिका ही सहारा स्वीकारना आश्रय कहलाता है । आश्रयकी दृढता के भी चार उपाय हैं :

१) मन और वाणी से निरन्तर शरणभावना

२) कायिक वाचिक और मानसिक रूपमें अन्याश्रयका त्याग करना

३) मेघ पर चातकके दृढ विश्वासकी तरह भगवानका सर्वदा दृढ विश्वास रखना-स्वयम् प्रयुक्त ब्रह्मास्त्र पर स्वयमेव मेघनादकी तरह भगवान पर कभी अविश्वास न करना.

४) सुखसे या दुःखसे जो भी मिल जाये उसका ममतारहित उपभोग करना.

१) हमारे जीवनमें अनेक प्रकारकी विषम स्थितियां सामने आती रहती हैं. जिन उद्वेगजनक परिस्थितियों में हम विचलित हो जाते हैं, उन परिस्थितियों में यदि हमारे मन और वाणी में हम शरणभावना बनाये रखें तो आश्रय दृढ हो जाता है । जीवनमें अनेकविध आधिभौतिक आध्यात्मिक एवम् आधिदैविक कष्ट आते हैं । ऐसे समय बहुधा हम विवेक और धैर्य निभा नहीं पाते । पर मन और वाणी में यदि शरणभावना बनाये रखने में सफल हो पायें तो आश्रय दृढ हो जाता है ।

चाहे कोई भी परिस्थिति हमारे सामने आ पडे - पापकी, भयकी, अपूर्ण कामनाओं की, भक्तद्रोहकी, भक्ति-अभावकी या भक्तोंसे तिरस्कृत होने की सभी स्थितिओं में भगवद् शरणभावना एक कारगर उपाय है । जब किसी अशक्य कार्य को सम्पन्न करने का उत्तरदायित्व हम पर आ पडता है तब उद्वेग आशंका एवम् कुण्ठाके कारण हम भगवानको भूल जाते है । जब कोई सुशक्य कार्यको सम्पन्न करने का उत्तरदायित्व हम पर आ पडता है तब सफलता की आशा उत्साह और अहंकार के कारण हम भगवान को भूल जाते हैं । कार्य चाहे अशक्य हो या सुशक्य भगवानकी शरणभावना सर्वदा मन-वाणी पर बनी रहनी चाहिये । हमारा अहंकार जब प्रबल हो रहा हो - हम पर जो आश्रित हों उनके रक्षणपोषण के समय अथवा हमपर आश्रित व्यक्ति या सम्बन्धी जब जब हमारे अहमको ठेस पहुंचा रहे हों अथवा हमारे शिष्य भी जब हमारा तिरस्कार कर रहे हों, तब शरणभावनाको बनाये रखना बहुत आवश्यक होता है ।

मानसीसेवा, व्यसनदशा, निरोध या सर्वात्मभाव के अनुभव योग्य अलौकिक मनकी सिद्धि के लिए भी एकमात्र श्रीहरि ही हमारी शरण होते हैं । मनवाणी से निरन्तर अष्टाक्षर मन्त्रका अनुसन्धान बनाये रखना चाहिये । यह आश्रय को दृढ करने का प्रथम उपाय है ।

२) काया, वाणी और मन से अन्याश्रय का त्याग करना चाहिये । श्रुतिमें नित्यकर्मके रूपमें विहित न हो तब भी किसी अन्य

देवादिका स्वतः चलाकर - निष्काम या सकाम भजन करना अन्याश्रय है । कहीं जाते समय मार्गमें किसी अन्य देवका मन्दिर मिल जाये तो दूसरी बात है, अन्यथा स्वयम् अपनी ओर से चलाकर किसी अन्य देव के दर्शनार्थ उनके मंदिरमें जाना अन्याश्रय है । मार्ग से जाते हुए अन्य देवका मन्दिर मिल जाये तो नमन द्वारा आदरभाव प्रकट करना अन्याश्रय नहीं है । किसी लौकिक या अलौकिक प्रयोजनवश किसी अन्य देवताकी प्रार्थना करना अन्याश्रय है । अन्यदेव का अर्थ है - भगवान के ऐसे देवरूप कि जिनको पुष्टिमार्गीय सेवाप्रणालीमें मान्य नहीं किया गया है । अन्याश्रय के त्याग करने से भी आश्रय दृढ हो जाता है ।

३) भगवान पर अविश्वास कभी नहीं करना चाहिये । सर्वदा चातकका सा दृढ विश्वास रखना चाहिये । लंका में हनुमानजीको जब ब्रह्मास्त्रसे बांधा गया तब स्वयम् बांधनेवाले राक्षसों को ही ब्रह्मास्त्र पर अविश्वास हो गया था । अतः वे जब ब्रह्मास्त्रके अलावा रस्सी या अर्गला से बांधने लगे तब उनके अविश्वासको जानकर दोनों ही बन्धनों को तोडकर हनुमानजी मुक्त हो गये । अतएव अविश्वास कदापि नहीं करना चाहिये । जल बरसे या न बरसे पर चातकका विश्वास स्वातिबिन्दु के बारेमें कभी खण्डित नहीं होता । ऐसा दृढ विश्वास प्रभु पर रहना चाहिये । दृढ विश्वास से भगवदाश्रय दृढ होता है ।

४) हमें जो कुछ जैसा और जितना प्राप्त होता है, उसके ममतारहित उपभोगका व्रत यदि हम ले लें तो न प्रिय वस्तुकी प्राप्तिसे हर्ष होगा और अप्रिय वस्तुकी प्राप्तिसे विषाद ही, इस तरह प्राप्त वस्तु के ममतारहित उपभोगसे भी भगवदाश्रयकी दृढता सिद्ध होती है ।

उपसंहार

किसी भी तरह हो आश्रयकी दृढता अपेक्षित है । छोटे-वडे अच्छे-बुरे किसी भी तरह के कार्यों को करते हुए यदि हम शरणभावनाको हृदयमें जगाये रखने में सक्षम हो जाते हैं तो अन्य सारी बातें शनैः शनैः स्वतएव सिद्ध होने लगेंगी । इस तरह हमने देखा कि कलियुगमें भक्ति आदि मार्ग पर चल पाना दुःसाध्य हो गया है, फिर भी भगवान श्रीकृष्ण का आश्रय सभी के लिये सर्वदा हितकारक होता है ।

एक दृष्टि से देखा जाये तो मार्ग तो कर्म, ज्ञान और भक्तिरूप तीन ही हैं, परन्तु जो जीव इन मार्गो पर चल नहीं पाते या चलते हुए थक कर बैठ जाना चाहते हैं, उनकी साधना अधूरी रह जाती हैं । पर थके हुए या बिन थके जो जीव भगवान के चरणों में बैठ जाते हैं, वे बिना चले भी गन्तव्य तक पहुंच जाते है । भगवान के चरण या शरण अपने आपमें मार्ग भी हैं और गन्तव्य भी. एवमाश्रयणं प्रोक्तं सर्वेषां सर्वदा हितम् ....’

(વિ.સં.૨૦૩૬ માં શ્રીવલ્લભપંચશતાબ્દિ અવસરે પૂ.ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજ, મોટામંદિર-સૂરત દ્વારા પ્રકાશિત ૬ ટીકાઓ સાથેના કૃષ્ણાશ્રય સ્તોત્ર ગ્રન્થમાં ગ્રન્થ પરિચય વિભાગમાંથી સાભાર-સૌજન્યથી)

कृष्णाश्रय स्तोत्रका प्रणयन अडेलमें श्रीमहाप्रभुने लाहोरके बूला मिश्र के लिए किया था। यह उल्लेख चौरासी वैष्णवन की ४६ वीं वार्ताके भावप्रकाशमें मिलता है । इसका रचनाकाल वि.सं.१५७० कहा जाता है (श्रीनागरदास बांभणिया - लिखित लेख, वैष्णववाणी, अंक-४, वर्ष १८७५)

बूला मिश्रका जन्म सारस्वत ब्राह्मण के घरमें हुआ था, बूला के पिता पुरोहिताई का काम करते थे - परन्तु और किसी तरह पढे-लिखे नहीं थे । बूला जब दस वर्ष के हुए तो पिताने बूलाकर कहा - बेटा ! तुम ब्राह्मणकुलमें जनमें हो, कुछ थोडा-बहुत शास्त्रोंका अध्ययन करोगे तो सम्मानपूर्ण जीवन जी पाओगे । अन्यथा मेरी तरह अनपढ ही रह जाओगे ।

पिताने जिस पण्डितजी के पास अपने पुत्रको विद्योपार्जन के लिए भेजा वह पूरा लाभपूजापरायण पण्डित था। चेला पटते देखकर बोला ... अच्छी तरह पढना हो तो पहले पांच-दस रूपया भेंटके रूपमें लाकर मेरी पूजा-भक्ति करो !

(पांच-दस रूपया आज से पांच सौ वर्ष पूर्व बहुत महंगे थे).

बूला मिश्र घबरा गया, भागकर घर आ गये । भोहें तानकर पिताने पूछा - क्यों लोटकर घर आ गये न ? अरे, यहां घरमें पडे रहे तो ओरतों का काम चूल्हा फूंकना ही सिर्फ सीख पाओंगे । क्यों गुरुजीके घरमें रहने में क्या लज्जा आती है ? बूला बोले - अरे, यह पण्डितजी तो पढाने से पहले ही गुरुदक्षिणा मांग रहे हैं!

और यहां तो किसी के भी पास जाऊं, गति यही होगी. सो मैं तो काशी जाउंगा पढने. बूला के पिताजीने ताना कसा - घरसे बाहर निकलने की हिम्मत है नहीं और बेटा काशी पढने जायेगा !

ठेस लग गयी इस बातसे बूलाके मन पर. बूलाने अपने पिताजीके पैर छुए और घरसे बाहर निकल गये. भीख मांगकर पेट भरते हुए किसी तरह काशी पहुंचे. वहां भी भिक्षावृत्तिके अलावा कोई चारा न था पर एक पण्डितजीने पढाने की दयालुता बुलाको दिखलाई. बुलाके कठोर परिश्रमके बावजूद भी तीन वर्षकी अवधिमें कोई विशेष विद्यार्जन हो नहीं पाया । दोनों ही निराश हो गये, अध्यापक भी और विद्यार्थी भी. एक रोज पण्डितजीने साफ-साफ कह ही दिया - बूला ! तुम्हारे भाग्यमें सरस्वती नहीं है. व्यर्थ परिश्रम क्यों करते हो ?

बेचारे बूला मिश्र खिन्न हो गये. पण्डितजीकी पाठशालासे निकलकर शहरके बाहर गंगाके तटपर अन्न-जलका त्यागकर बैठ गये. ब्राह्मणोचित महत्त्वाकांक्षाको लिये हुए एक ब्राह्मणबालक काशीमें तीन वर्ष तक रहकर भी विद्यार्जन न कर पाये तो दूसरा मार्ग और क्या हो सकता था ? बूलाने सोचा कि या तो तपस्या से सरस्वती प्रसन्न होगी, नहीं तो फिर इसी तरह प्राणत्याग देना उचित है. तीन दिन बाद सरस्वतीकी वाणी सुनायी दी कि सब कुछ भगवदिच्छाके अनुसार होता है । भगवदिच्छा होने पर चाण्डाल भी विद्वान हो सकता है और भगवदिच्छा न होने पर ब्राह्मण भी मूर्ख ही रह जाते हैं.

विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति ।
प्राकृताः सकलाः देवाः गणितानन्दकं बृहत्,
पूर्णानन्दो हरिस्तस्मात् कृष्ण एव गतिर्मम ।।

बूला मिश्रके भीतर विवेक तो जागा परन्तु धैर्य छूट गया. बूलाने सोचा कि यदि सब कुछ भगवदिच्छा के अनुसार ही होता हो तो भगवान की इच्छाको बदलने के लिए भगवान के नाम पर ही भूख हडताल करनी चाहिये ! ऐसा विचारकर बूला विष्णु-विष्णु-विष्णु जप करते हुए भूखे प्यासे बैठे रहे. अधीर होकर ही सही पर भगवन्नाम लेने पर बूला मिश्रको भगवत्साक्षात्कार हुआ और श्रीमहाप्रभु के पास अडैल जानेकी भगवदाज्ञा भी हुई. बूला मिश्र भगवदाज्ञा पाकर अडैल पहुंचे. श्रीमहाप्रभुने इनका स्वागत किया और कहा बूला ! तुम धन्य हो. तुमने भगवद्दर्शन पाये । बूला मिश्रने सविनय निवेदन किया - महाराज ! भगवत्साक्षात्कार आपकी कृपा का फल है. परन्तु भगवद्दर्शन होने के बावजूद भगवत्स्वरूपानन्दका अनुभव मुझे नहीं हुआ ! श्रीमहाप्रभुने समझाना चाहा-एकबार भी भगवत्साक्षात्कार हो जाने पर सांसारिक मोहके बन्धनका भय नहीं रह जाता, जीव मुक्त हो जाता है. इस पर बूला मिश्रने विनंती करी - महाराज ! मुझे मुक्ति नहीं चाहिये-भक्ति चाहिये. अतः कृपाकर आप अपनी शरणमें मुझे लें !

श्रीमहाप्रभुने प्रसन्न होकर बूला मिश्रको यमुनाजीमें स्नान करने की आज्ञा दी और पश्चात् अष्टाक्षर तथा ब्रह्मसम्बन्ध का दान दिया । समग्र शास्त्रोंके गुह्यतम रहस्यके उपदेश तथा मानसी सेवोपयोगी मनकी सिद्धि के लिए श्रीमहाप्रभुने कृष्णाश्रय स्तोत्र की रचना की और उसे बूला मिश्रको पढाया ।

आश्रय शब्दके दो अर्थ होते है : १) सहारा देनेवाला २) सहारा लेने की क्रिया. अतएव विवेकधैर्याश्रय ग्रन्थमें जब - श्रीहरिके आश्रय से सारे अशक्य कार्य भी सिद्ध हो जाते हैं (अशक्ये हरिरेवास्ति सर्वमाश्रयतो भवेद्) कहा तो वहां आश्रय का अर्थ शरणागति या सहारा लेने की क्रिया है । इसी तरह भागवतके द्वितीय स्कन्धके - जगत के उत्पत्ति एवम् प्रलय के कर्ता तथा उपादान रूप परब्रह्मको आश्रय कहा जाता है (आभासश्च निरोधश्च यतश्चाध्यवसीयते स आश्रयः परं ब्रह्म परमात्मेति शब्यते) इस वचनमें आश्रय शब्द आधार या सहारा बननेवाले के अर्थमें प्रयुक्त हुआ है । आश्रय शब्दके इन दोनों अर्थोको लेकर ही कृष्ण एव गतिर्मम में गति शब्द प्रयुक्त हुआ हैं. अर्थात् भगवान ही साधन हैं और भगवान ही फल भी - भगवान ही मार्ग हैं और गन्तव्य भी - भगवान श्रीकृष्ण सभी अर्थोमें हमारे आधार-आश्रय-गति हैं. अतएव कृष्ण एव गतिर्मम का अर्थ-कृष्ण ही हमारे आश्रय हैं और कृष्ण का ही हमें आश्रय लेना चाहिये - दोनों तरह से लिया जा सकता है ।

इस जगतमें अनेक प्रकार की जीवात्माये हैं. कुछ जीवात्माओमें लौकिक फलोंकी प्राप्तिके लिए लौकिक साधनोंके आश्रयकी वृत्ति प्रबल होती है. प्रवाही जीवात्माओंका यह प्रमुख

स्वभाव होता है । कुछ जीवात्माओमें वेदादि-शास्त्रीय फलोंकी प्राप्तिके लिए केवल शास्त्रीय साधनोंके ही आश्रयकी वृत्ति प्रबल होती है. मर्यादामार्ग के अन्तर्गत कर्ममार्गीय जीवोंमें यह स्वभाव बलवान होता है. कुछ वैदिक फलोंकी प्राप्ति के लिए वैदिक साधनोंके साथ-साथ भगवान को भी आश्रय के रूप में अपनाते हैं. मर्यादामार्गके अन्तर्गत ज्ञानमार्गीय, उपासनामार्गीय तथा मर्यादाभक्तिमार्गीय साधकोंमें यह स्वभाव पाया जाता है । कुछ जीवात्माओंको भगवानके अलावा अन्य किसी फलकी कामना होती नहीं है. अतः वे साधनके रूपमें भी केवल हरिका आश्रय स्वीकारते हैं. ऐसे जीवोंको पुष्टिजीव समझना चाहिये (दृष्टव्य भागवतार्थ-निबन्ध ५-६-१२). अतएव कृष्ण एव गतिर्मम मनोभाव पुष्टिजीवका परम लक्षण है.

भागवतके बारहवें स्कन्धका वर्ण्य-विषय भी आश्रयलीला ही है । भागवतार्थ-निबन्धमें आश्रय शब्द के अनेक अर्थ दिखलाये गये हैं.

यथा-भागवत के द्वितीय स्कन्धसे लेकर ग्यारहवें स्कन्थ तक भगवान की जिन सर्ग,विसर्ग, स्थान, पोषण, ऊति, मन्वन्तर ईशानुकथा, निरोध, और मुक्ति रूप लीलाओंका वर्णन किया गया है, उन लीलाओंके कर्ता-आश्रय एकमात्र श्रीकृष्ण ही हैं. ये नवविध लीलायें लक्षण हैं और इनसे लक्षित लक्ष्य-आश्रय एकमात्र श्रीकृष्ण ही हैं । इस नवविध लीलाओंका वर्णन भागवतकारने इसी हेतुसे किया है कि जिन-जिन विभूतिरूपोंको धारण कर सर्गलीलासे लेकर

ईशानुकथा तक की लीलायें भगवान करते हैं उन सभी रूपों के साथ भगवान का कार्य-कारणरूप शुद्धाद्वैतरूप सम्बन्ध है. अर्थात् एक ही ब्रह्मका नाम-रूपमें विस्तार यह समग्र ब्रह्माण्ड है (सर्वं खलु इदं ब्रह्म) कार्यरूप सभी लौकिक या अलौकिक विभूतिनामों तथा विभूतिरूपों को धारण करनेवाला कारणरूप परमात्मा एक ही है, ऐसा शुद्धाद्वैत-बुद्धि से समजना आवश्यक है । हृदयसे स्नेह या आश्रय किन्तु विभूतिनाम अथवा विभूतिरूप का नहीं प्रत्युत मूलरूप श्रीकृष्ण के ही नाम-रूपका होना चाहियें (ब्रह्मरूपं जगत् ज्ञातव्यं ब्रह्म जगतोऽतिरिच्यते इति न तत्रासक्तिः कर्तव्या). अतः प्रथम स्कन्धसे लेकर नवम स्कन्ध तक वर्णित लीलायें अन्याश्रय छुडानेके लिये हैं तथा दशम स्कन्धसे लेकर द्वादश स्कन्धतक की लीलायें कृष्णाश्रयके दृढीकरणार्थ हैं. हमने कह दिया है कि द्वादश स्कन्धका मुख्य वर्ण्य-विषय आश्रयलीला है. भागवतार्थ निबन्धके द्वादश स्कन्धार्थ-प्रकरणमें श्रीमहाप्रभु कहते हैं - कृष्ण एवाश्रयो मतः यही वाक्य इस कृष्णाश्रयस्तोत्रमें कृष्ण एव गतिर्मम के रूपमें रखा गया है ।

एवकार इतरव्यावर्तक माना जाता हैं. श्रीकृष्ण के मूलरूपके अलावा अन्य सारे विभूतिरूप-लौकिक हों या अलौकिक-जड हों या चेतन-देव, दानव, मानव, पशु, पक्षी इत्यादि सभी रूपोंको भक्तिमार्गीय एवम् प्रपत्तिमार्गीय आश्रयके दृष्टिकोणसे इतर माना जाता है. ज्ञानमार्गीय दृष्टिकोणसे शुद्धाद्वैतवादके अनुसार ये सर्वथा अभिन्न ही हैं परन्तु इस अभेदबुद्धिसे ये विभूतिरूप आश्रयणीय नहीं किन्तु केवल ज्ञातव्य हैं. अतएव सभी विभूतिरूप एवकारद्वारा

व्यावर्तनीय माने जाते हैं. इस कृष्ण एव गतिर्मम के एवकारकी ही व्याख्या श्रीमहाप्रभुने - अन्यस्य भजनं तत्र स्वतो गमनमेव च, प्रार्थना कार्यमात्रेऽपि ततोऽन्यत्र विवर्जयेत्. इस विवेकधैर्याश्रयकी कारिकामें दी हैं.

अन्याश्रय-रहित केवल श्रीकृष्णका आश्रय ही उचित है, यह दिखलाने के लिये अन्योंके आश्रयकी विफलताका बोध आवश्यक है. तदनुसार इस स्तोत्र के प्रथम तीन श्लोकोंमें लोकाश्रयकी विफलताका निरूपण किया गया है तथा द्वितीय तीन श्लोकोंमें धर्माश्रयकी विफलता का, तृतीय तीन श्लोकोंमें कृष्णाश्रय की महत्ताका निरूपण क्रमशः कर्ममार्गीय, ज्ञानमार्गीय तथा भक्तिमार्गीय दृष्टकोणसे किया गया है. अन्तिम दो श्लोकों में पृथक्शरण-मार्ग अथवा प्रपत्तिमार्गके उपदेश द्वारा गीताकी तरह श्रीमहाप्रभुने भी सम्पूर्ण निर्भयता का वरदान दिया हैं.

एक अन्य रीतिसे प्रारम्भ के छह श्लोकोंमें काल, देश, द्रव्य, कर्ता, मन्त्र, तथा कर्म जो धर्म के आवश्यक छह अंग हैं, उनकी विफलता दिखलाते हुए, द्वादशस्कन्धके वर्ण्य-विषय पञ्चविध आश्रय-कृष्णाश्रय जगदाश्रय, वेदाश्रय, भक्तिआश्रय तथा भागवताश्रय के अनुरूप पांच श्लोकोमें भगवदाश्रयकी महत्ताका निरूपण किया गया है.

एक तृतीय रीतिसे देखने पर प्रारम्भ के नौ श्लोकोंमें नवविध लीलार्थ गृहीत विभूतिरूपोंका अन्याश्रय छुडाने के लिए नौ श्लोकोंमें - कृष्ण एव गतिर्मम कहकर इतराश्रयका वारण किया है

तथा दसवें श्लोकमें कृष्णाश्रय को सुदृढ किया गया हैं. ग्यारहवें श्लोकमें इस कृष्णाश्रय स्तोत्रकी फलश्रुति कही गयी हैं.

इस एक ही स्तोत्रमें वाक्पति श्रीमहाप्रभुने अनेक विवक्षाओंसे अनेकधा कृष्णाश्रयका निरूपण बूला मिश्रको समझाया है.

१) कलियुगके कारण धर्मानुष्ठानमें भी या तो आंतरिक दुराशयकी प्रचुरता ही सर्वत्र दिखलायी देती हैं, या फिर ईश्वर-भजन-विरोधी उपधर्मो अनीश्वरवादी ज्ञान, वैराग्य, अहिंसा, दया, लोकोपकार इत्यादि-के पाषण्डका ही प्रचुर प्रचार दिखलायी देता है. इससे भगवत्प्राप्ति के कर्म, ज्ञान और भक्ति मार्ग अवरुद्ध हो गयें हैं. तथापि जिन्हें साधन और फल के रूप में एक मात्र श्रीकृष्णका ही आश्रय है उन्हें किसी तरह का भय नहीं रह जाता. अतः इस कलियुगमें एकमात्र श्रीकृष्ण ही गति हैं.

२) सारा देश तामसी म्लेच्छ शक्तियोंसे आक्रान्त हो गया है. लोभ लालच कामुकता-व्यभिचार लूट-खसोट हिंसा-अत्याचार जैसे पापोंके अनैतिक अड्डे ही सर्वत्र चल निकले हैं. स्वधर्म-पालनका जो थोडा बहुत प्रयास करते भी हैं उन्हें अनेकविध पीडा और क्लेशों से सन्त्रस्त किया जाता है. ऐसी स्थितिमें सज्जनोंका व्यग्र हो जाना स्वाभाविक बात है. ऐसी स्थितिका सामना करने के लिए केवल श्रीकृष्ण ही हमारे सम्बल हो सकते हैं.

३) सभी पवित्र स्थल, मन्दिर, आश्रम, वन, पर्वत,

सरोवर, गंगा आदि तीर्थ धनलोलुप तथा दुष्कर्म-निरत धर्मध्वजी उपदेशक पण्डा पूजारी पुरोहितों से घिर गये हैं. अतः इन पवित्र स्थलोंका जैसा आधिदैविक प्रभाव प्रकट होना चाहिये वह दिखलायी नहीं देता. परन्तु जिन भक्तोंमें श्रीकृष्ण की लालसा है उनकी कभी दुर्गति नहीं होगी.

४) कर्ता धर्मका चतुर्थ अंग माना जाता है. वर्तमान युगमें धर्म-भावनासे धर्मानुष्ठान करनेवाले कर्ता दुर्लभ हो गये हैं. सारे धार्मिक अनुष्ठान पण्डितम्मन्य लोगों द्वारा राजसी-तामसी प्रकृतिके म्लेच्छोंके अनुसरण और अनुकरण के रूपमें किये जा रहे हैं. और तिस पर भी धन और यश की लोलुपता ही इनका मुख्य हेतु होता है. फिर भी बुद्धिप्रेरक श्रीकृष्णके चरणारविन्दोंका जिन्हें आश्रय है उन्हें ऐसी क्षुद्र लालसाओंसे श्रीकृष्ण ही बचायेंगे.

५) धर्म के पांचवे आवश्यक अंग मन्त्रों में भी अब वह प्रभाव नहीं रह गया है. किसी योग्य अधिकारी गुरुके समक्ष प्रणिपात परिप्रश्न और परिचर्या की शास्त्रीय विधि के अनुसार तत्तद् मन्त्रोंमें विभिन्न न्यास, तात्पर्य और विनियोग के परिज्ञान तथा मन्त्रार्थ अपेक्षित व्रत एवम् शुद्धि के पालनपूर्वक दीक्षाग्रहण करने से मन्त्रोमें प्रभाव उत्पन्न होता हैं. इसके विपरीत आजकल अयोग्य-अनधिकारी व्यक्तियोंसे अशास्त्रीय विधि से न्यासादिके परिज्ञानके बिना तथा मन्त्रार्थ अपेक्षित व्रतादि शुद्धिके बिना ही मन्त्रग्रहण की रीति चल पडी है. अतः मन्त्रकी आधिदैविक अर्थशक्ति तिरोहित हो गयी है. फलतः सभी मन्त्र प्रभावहीन और निष्फल हो गये हैं. परन्तु श्रीकृष्ण

तो मन्त्रशक्ति के अधीन नहीं हैं, प्रत्युत सभी मन्त्रशक्तियां श्रीकृष्ण के अधीन हैं. अतः श्रीकृष्णका ही आश्रय लेना चाहिये.

६) धर्म के छठे आवश्यक अंग कर्म का भी स्वरूप भ्रष्ट हो गया हैं. क्योंकि जगतमें अनेक प्रकारके वाद चल निकले हैं. जो कर्म शास्त्र दृष्टया आवश्यक होते हैं उन्हें ये वाद निरर्थक मान लेते हैं. जो कर्म शास्त्रीय दृष्टिसे बहुत आवश्यक नहीं होते उन्हें ये वाद अनिवार्य सिद्ध करते हैं. जो वाद शास्त्रोंका प्रामाण्य मानते हैं वे भी अर्धश्रद्धासे शास्त्रोंके मनःकल्पित अर्थ निकाल लेते हैं. शास्त्रोंके इस तरह के अन्यथा व्याख्यानके कारण भ्रान्त अनुयायी शास्त्रीय कर्मोका अनुष्ठान भी अन्यथा रीति से करने लग जाते हैं. जैसे अकरणसे कर्मोका स्वरूपतः नाश होता है वैसे ही अन्यथाकरणसे कर्मोका फलतः नाश होता है. प्रायः यथाविधि कर्मोका अनुष्ठान करनेवाले भी केवल दुनियाको दिखानेके लिए कर्मानुष्ठानका पाषण्ड ही करते हैं. अतएव कर्मोका प्रभाव ही क्षीण हो गया हैं ... फिर भी अन्याश्रय-दोषरहित होकर श्रीकृष्णमें आश्रयभाव रखना कभी निष्फल नहीं जाता. अतः कृष्ण ही अब केवल आश्रयणीय रह गये हैं.

इस तरह प्रथम तीन श्लोकोंमें लोकनाश एवम् द्वितीय तीन श्लोकोंमें धर्मनाशके निरूपणके बाद, अब जैसे कि भागवतके बारहवें स्कन्धमें पञ्चविध आश्रयका निरूपण माना गया है, तदनुसार श्रीकृष्णकी आश्रयरूपताका भी पांच ही श्लोकों में वर्णन किया गया है. सातवें श्लोकमें कर्ममार्गीय दृष्टिकोणसे, आठवें श्लोकमें

ज्ञानमार्गीय दृष्टकोणसे, नौमें श्लोकमें भक्तिमार्गीय दृष्टिकोणसे तथा दसवें-ग्यारहवें श्लोकमें प्रपत्तिमार्गीय दृष्टिकोणसे भी एकमात्र श्रीकृष्ण ही आश्रयणीय हैं, यह दिखलाया जा रहा है ।

७) कृष्ण सर्वोद्धारक हैं अतः सुसाधन, निःसाधन एवम् दुष्टसाधन जीवोंका भी उद्धार करने में समर्थ हैं. अजामिलका उपाख्यान भागवतके छठे स्कन्धमें उपलब्ध होता है कि कैसे-कैसे निन्दित कर्मोमें निरत होने पर भी भगवदनुग्रहवशात् उसके सारे कर्मदोष बिना नरकयातनाके ही नष्ट हो गये. अतः कर्ममार्गीय दृष्टिसे केवल श्रीकृष्ण ही आश्रयणीय हैं, अजामिलके प्रसंगमें जैसे भगवानने स्वयम्के नामका माहात्म्य प्रकट किया. इसी तरह श्रीकृष्णके ध्यान अर्चन आदि का भी माहात्म्य वहां दिखलाया गया है. मूलतः कृपा ही साधन है. बाकी उद्धारका व्यापार या ब्याज तो भगवान शास्त्रतः विहित, अविहित या निषिद्ध कर्मो को भी बना सकते हैं. श्रीकृष्ण का यही तो माहात्म्य है कि वे काम, भय, द्वेष सम्बन्ध, स्नेह या भक्ति किसी भी भावमूलक कर्म को अपने अनुग्रह के प्रकट होनेका निमित्त बना सकते हैं. अतः कृष्ण एव गतिर्मम.

८) ज्ञानमार्गीय दृष्टिकोण से भी आठ वसु, एकादश रुद्र, द्वादश आदित्य, इन्द्र एवम् प्रजापति, अथवा अग्निसे लेकर ब्रह्मा-विष्णु-शिव पर्यन्त तेंतीस कोटी देव सभी भगवानके अंश-कलावतार-रूप हैं तथा भगवानकी सर्वभवन-सामर्थ्यरूपा माया या प्रकृति के द्वारा लिये गये भगवद्रूप हैं. अतः वे स्वयम् आविर्भाव-तिरोभावशाली हैं. अक्षरब्रह्म यद्यपि देशतः, कालतः तथा स्वरूपतः अपरिच्छिन्न एवम् पुरुषोत्तम से अविच्छिन्नतया स्थित होता है तथापि अक्षर ब्रह्म भगवानका ज्ञेयरूप है, भजनीय रूप नहीं. अतः अक्षरब्रह्मका गणितानन्दकी तरह अनुभव होता है, पूर्ण पुरुषोत्तम श्रीकृष्णकी तरह अगणितानन्दके रूपमें नहीं. अतः उपासनामार्गीय देवोंकी और ज्ञानमार्गीय अक्षरब्रह्मकी तुलनामें भी उपास्यत्वेन ज्ञेयत्वेन या भजनीयत्वेन भी एकमात्र श्रीकृष्ण ही आश्रयणीय है.

९) भक्तिमार्गीय दृष्टिकोणसे भी पूर्ण विवेक, धैर्य या भक्ति आदि के अभावमें भी - मन कितना भी पापासक्त क्यों न हो परन्तु दैन्यके साथ एकबार जीव शरणागत हो जाता है तो सुदुराचारीको भी साधु-पुरुष बना देनेवाली श्रीकृष्णकी भक्ति का लाभ हो ही जाता है ।

(१०-११) प्रपत्तिमार्गमें तो स्वयम् प्रभुने - सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः कहा है. अतः कर्तुमकर्तुमन्यथाकर्तुं समर्थ - सर्वसमर्थ तथा भक्तोंके अखिल मनोरथोंको पूर्ण करनेवाले श्रीकृष्ण यदि शरणागत जीवोंका उद्धार नहिं करेंगे तो और कौन करेगा ? अतः श्रीमहाप्रभु सभी पुष्टिजीवों को आश्वस्त करना चाहते हैं कि इस कृष्णाश्रय स्तोत्रका जो श्रीकृष्ण की सन्निधिमें पाठ करेगा उस पाठकर्ताके श्रीकृष्ण आश्रय बनेंगे । जैसे अखिल ब्रह्माण्डके नाथ होने पर भी अपने आश्रित व्रजभक्तोंके लिये छोटे से गोकुलके नाथ श्रीकृष्ण

बने ही है !

बूला मिश्रको हम देख सकते हैं कि इसी कृष्णाश्रय स्तोत्रके कारण न केवल विद्वद्दुर्लभ वाक्सिद्धि की प्राप्त हुई अपितु मानसी-सेवोपयोगी अलौकिक मन भी सिद्ध हो गया (अलौकिक मनः सिद्धौ शरणं भावयेद् हरिम्). विवेकधैर्याश्रय ग्रन्थमें कहे गये विवेक और धैर्य सिद्ध हों या न हों पर ऐहिक-पारलौकिक सभी विषयोमें श्रीकृष्णका आश्रय सभी के लिए सर्वदा हितकारी ही होता है. इसी कृष्णाश्रयको दृढ करने के लिए इस स्तोत्रकी रचना की गयी है.

कृष्णाश्रयमिदं स्तोत्रं यः पठेत् कृष्णसन्निधौ ।
तस्याश्रयो भवेत् कृष्णः इति श्रीवल्लभोऽब्रवीत् ॥

કૃષ્ણાશ્રય સ્તોત્ર ઉપર પ્રાચીન મહાનુભાવો દ્વારા લખાયેલી કુલ છ ટીકાઓ ઉપલબ્ધ છે જેમાં (૧) શ્રીરઘુનાથજી (પંચમ લાલજી), (૨) શ્રીકલ્યાણરાયજી (દ્વિતીયલાલજી શ્રીગોવિન્દરાયજીના લાલજી), (૩) ત્રિગૃહભટ્ટ શ્રીગોવિન્દરાજ (આ ટીકા શ્રીકલ્યાણરાય કૃત પ્રકાશ ઉપર ટિપ્પણ છે), (૪) ગો.શ્રીદ્વારિકેશ્વરજી, (૫) ગો. શ્રીવ્રજરાયજી (તૃતીયલાલજી શ્રીબાલકૃષ્ણજીના પૌત્ર શ્રીશ્યામલજી તેમના લાલજી), (૬) અજ્ઞાત (આ ટીકા કોના દ્વારા વિરચિત છે તે જાણી શકાયું નથી). આમ કુલ છ ટીકાઓ હાલ ઉપલબ્ધ છે અને તે સર્વ પ્રથમ પુસ્તકાકારે વિ.સં. ૧૯૯૩-માં પોરબંદર શ્રીગોપીનાથજી હવેલી તથા મુંબઈ શ્રીલાલબાવા મન્દિરવાળા શ્રીરણછોડલાલજી મહારાજના શ્રીજીવનેશાચાર્ય પુષ્ટિ સિદ્ધાન્ત કાર્યાલયથી પ્રકાશિત થઈ હતી જેનું સમ્પાદન સમ્પ્રદાયના વિદ્વાન શ્રીહરિકૃષ્ણજી શાસ્ત્રીએ કર્યું હતું જેમાં આ છ ટીકાઓની સાથે શ્રીકલ્યાણરાયજીની ટીકાનો હિન્દી અનુવાદ પણ પ્રકાશિત છે. ત્યારબાદ શ્રીવલ્લભ પંચશતાબ્દિના ઉપલક્ષ્યમાં

ગો.શ્રીશ્યામમનોહરજીએ મહાન પરિશ્રમ કરીને દરેક ગ્રન્થોની સાથે ખૂબ જ સુન્દર અને સરલ શબ્દોમાં હિન્દીમાં વિસ્તારપૂર્વક ગ્રન્થ પરિચય સાથે શ્રીમહાપ્રબુ વિરચિત ગ્રન્થોનું પુનર્મુદ્રણ કાર્ય ઓફસેટ પ્રોસેસ દ્વારા આરભ્યું તેમાં ષોડશગ્રન્થોના પ્રકાશનમાં આ ગ્રન્થનું પ્રકાશન અમારા પિતામહચરણ (પૂ.ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજ-સૂરત) દ્વારા શ્રીવલ્લભાબ્દ-૫૦૩ માં કરવામાં આવ્યું છે. આ છ ટીકાઓ ઉપરાન્ત શ્રીલાલજીવાળા નિ.લી.ગો.શ્રીનૃસિંહલાલજી (વિ.સં.૧૯૦૨) દ્વારા વ્રજભાષામાં સમ્પૂર્ણ ષોડશગ્રન્થો પરની ટીકા લખાયેલી છે જે પ્રકાશિત થયેલી છે તેમાં આ કૃષ્ણાશ્રયસ્તોત્રની વ્રજભાષામાં ટીકા ઉપલબ્ધ છે. આ ઉપરાન્ત સમ્પ્રદાયના સમર્થ અને દાર્શનિક શાસ્ત્રાર્થી વિદ્વાન મુંબઈ-મોટામંદિરવાળા નિ.લી.પૂ.પા.ગો.શ્રીદીક્ષિતજી મહારાજના કૃષ્ણાશ્રય પરના વૈદુષ્ય સભર પ્રવચનોની કુલ ૫ કેસેટોનો પૂરો સેટ અમારી પાસે વિદ્યમાન છે. આ પ્રવચન પણ એક પ્રકારે ટીકાગ્રન્થ જેવું જ છે અને તે જિજ્ઞાસુજનોને ખૂબ જ ઉપયોગી થઈ શકે તેમ છે. આનું પણ યોગ્ય વ્યવસ્થા ગોઠવી પ્રકાશન કરવું એમ વિચાર્યું છે.

મારું અંગત રીતે માનવું છે કે ઉપર્યુક્ત ટીકા સાહિત્ય ઉપરાન્ત શ્રીઆચાર્યચરણના આ મહત્ત્વપૂર્ણ ગ્રન્થ ઉપર પ્રાચીન મહાનુભાવો દ્વારા લખાયેલી અનેક ટીકાઓ વગેરે હોવાં જોઈએ. જેમ અત્યારે શ્રીસર્વોત્તમસ્તોત્ર પર ચાર-પાંચ ટીકાઓ જ પ્રકાશિત રૂપમાં ઉપલબ્ધ છે પણ ગો.શ્રીશ્યામમનોહરજીએ મહાન પરિશ્રમ કરીને કુલ બાર ટીકાઓનો સંગ્રહ કર્યો છે જેમાં શ્રીહરિરાય મહાપ્રભુની ટીકાનો પણ સમાવેશ થાય છે જે સંગ્રહને તેઓશ્રીના જણાવ્યા મુજબ સમીપના ભવિષ્યમાં તેઓ પ્રકટ કરી રહ્યા છે. આ પ્રકારે શ્રીઆચાર્યચરણ અને શ્રીપ્રભુચરણના ગ્રન્થો પર વિપુલ માત્રામાં ટીકા વગેરેથી અતિસમૃદ્ધ સાહિત્ય ઉપલબ્ધ થઈ શકે છે યદિ જ્યાં-જ્યાં પુસ્તકોના ખજાનામાં કે સેવાસ્થળોમાં વિદ્યમાન સાહિત્યને સમ્પ્રદાયના

સમાજ સુધી પહોંચતું કરવા જે તે ખજાનાના અધિપતિઓ તત્પરતા દાખવે અને આશંકાઓ-કુશંકાઓને ત્યાગી સહયોગી-સંગઠનાત્મક વલણને અપનાવે.

* * *

પ્રકરણ-૪

કૃષ્ણાશ્રય પદમાં પ્રયોજાયેલ કૃષ્ણ તથા આશ્રય પદ પ્રયોગનું તાત્પર્ય

કૃષ્ણાશ્રયસ્તોત્ર ષોડગ્રન્થોના મધ્યે નવમા ક્રમે આવતો હોવાથી દેહલી દીપન્યાયથી પૂર્વના આઠ અને પછીના સાત એમ પંદરે ગ્રન્થો સાથે એનો સમ્બન્ધ થાય છે. સેવાની સાધન અવસ્થાથી લઈને ફલ અવસ્થા પર્યન્તમાં અને ફલદશાના કાલમાં સર્વ સમયે ફલરૂપ કૃષ્ણનો આશ્રય ભાવ સાતત્યે હોવો જરૂરી છે. કારણ કે આશ્રયભાવના ક્ષણવારના પણ અભાવમાં ઉત્પન્ન થતો અહંભાવ એ ચિત્તવૃત્તિઓને કૃષ્ણથી હટાવી જૈવ વિષયોમાં આવૃત્ત કરે છે. તેથી જ શ્રીઆચાર્યચરણ કૃષ્ણાશ્રયની અનિવાર્યતા દર્શાવવા યમુનાષ્ટકના આરંભે **‘मुरारिपदपङ्कजस्फुरदमन्दरेणूत्कटाम्’** એમ જણાવે છે તથા શ્રીપ્રભુચરણ આના ઉપર ટીકા કરતાં લખે છે **‘जलदोषात्मकमुरस्यारेः पदपङ्कजयोः स्फुरन्तः सेवोपयोगिदेहादिसम्पादनोन्मुखा ये रेणवोऽमन्दा व्रजसुन्दरीवृन्दचरणसाहित्येनानल्पास्त उत्कटा जलापेक्षयाऽधिका यत्र’** આ વાક્યોથી તેમજ **‘अनन्तगुणभूषिते’** આ શ્લોકમાં તથા આના ઉપરની વ્યાખ્યામાં શ્રીયમુનાજીની ભગવત્સમાન ગુણ-ધર્મરૂપતા સપ્તમી અને સમ્બોધન વિભકિતથી બે પ્રકારે અર્થો કર્યા છે તે બધાથી એમ સ્પષ્ટ સમજી શકાય છે કે પુષ્ટિમાર્ગાચાર્ય દ્વારા જે શ્રીયમુનાજીનું સ્તવન કરવામાં આવ્યું છે તેમજ પુષ્ટિમાર્ગમાં શ્રીયમુનાજીનું જે સેવ્યરૂપ કીર્તન સાહિત્યમાં અષ્ટસખાઓ-શ્રીહરિરાયજી પ્રભૃતિઓ દ્વારા દર્શાવાયેલું છે તે પુરાણપ્રસિદ્ધ કૂર્મવાહિની સ્વર્ગસ્થિતા યમુના દેવી પરક નથી. પરન્તુ ગોલોકસ્થિતા શ્રીયમુના કે જે સ્વામિનીત્વેન સાક્ષાદ્ ભગવદ્રૂપા છે કે જે સ્વામિની સ્વરૂપને શાસ્ત્રોમાં **‘श्रीकृष्णतेजसोऽर्धेन सा च मूर्तिमती सती**

एका मूर्तिर्द्विधा भूता भेदो वेदे निरूपितः । इयं स्त्री स पुमान् किंवा सा वा कान्ता पुमानयम्' એ બ્રહ્મવૈવર્ત શ્રીકૃષ્ણજન્મખંડમાં ગર્ગવાક્યોથી દર્શાવાયું છે તે સ્વામિનીના દ્વિગુણભાવથી શ્રીયમુનાજી સાક્ષાત્ કૃષ્ણસ્વરૂપા છે. શ્રીસ્વામિનીસ્વરૂપ વિષયક આ જ વાતને પરોક્ષવાદથી બૃહદારણ્યક ઉપનિષદ્‌માં **'स इममेवात्मानं द्वेधा अपातयत् - ततः पतिश्च पत्नी चाभवताम् तस्मादिदमर्धबृगलमिव .....'** થી પ્રતિપાદન થયેલું છે. અતઃ ગોલોકસ્થિતા અને સ્વર્ગસ્થિતા યમુનામાં ભેદ રહેલો છે. જો એમ નહીં માનીએ તો દશમસ્કન્ધ જન્મપ્રકરણમાં શ્રીવસુદેવજી શ્રીપ્રભુને મથુરાથી ગોકુલ પધરાવવા પ્રયાણ કરે છે ત્યારે શ્રીભાગવત જણાવે છે કે **'मघोनिवर्षत्यसकृद्यमानुजा गम्भीरतोऽयौघजवेमफेनिला'** (ભાગ. ૧૦ -૩-૫૦) અહીં યમુના માટે જે યમાનુજા-યમરાજના નાના બહેન એમ જે પ્રયોગ થયો છે તે પર સુબોધિનીમાં શ્રીઆચાર્યચરણ લખે છે **'सा स्वभावतोऽपि क्रूरा'** તે યમના નાના બહેન હોવાથી સ્વભાવથી પણ ક્રૂર છે આ વાક્યની યમુનાષ્ટક સ્તુત્ય શ્રીયમુનાજી સાથે ક્યાં સંગતિ થઈ શકે છે ? અતઃ યમુનાષ્ટકમાં **'पद्मबन्धोः सुता'** પદ્મના બન્ધુ-સૂર્યના પુત્રી એ સામાન્યાર્થ ગ્રહણ નહીં કરી શ્રીપ્રભુચરણ **'यतो रसाकरसखस्य सुता'** એમ અર્થ કરે છે અને તેનાં આધારે શ્રીહરિરાયચરણ વિષયને એકદમ સ્પષ્ટ કરતાં શ્રીયમુનાષ્ટક ટીકામાં જણાવે છે કે -

घनीभूतरसात्मा हि जातो नन्दगृहे हरिः ।
केवलो धर्मयुक्तस्तु वसुदेवगृहे तथा ॥
शब्दात्मा गुणगानादौ वदनादुद्गतः स्वतः ।
द्रवीभूतरसात्मैषा सर्वाङ्गीणश्रमाम्बुभिः ॥
नारायणस्य हृदयाच्छुद्धसत्त्वस्वरूपतः ।

प्रादुरासीन्मूलरूपपुष्टिलीला प्रसिद्धये ॥

આ શ્રીહરિરાયચરણ વાક્યોને તપાસતાં અને **'ध्येयं सदा सवितृमण्डलमध्यवर्ती'** શ્રુતિવાક્યથી સંગતિ કરતા શ્રીયમુનાનો પ્રાદુર્ભાવ રસાત્મક પરબ્રહ્મ શ્રીકૃષ્ણમાંથી થયેલો છે તેથી સૂર્યસુતાત્વ એ માત્ર ઔપચારિક છે. તે ઔપચારિક સૂર્યસુતાત્વને જ હૃદયમાં રાખી **'यमोऽपि भगिनीसुतान्'** એમ કહ્યું છે. આપણે અત્યારે યમુનાષ્ટકને નહીં પણ કૃષ્ણાશ્રયને વિચારી રહ્યા છીએ તેથી વધુ વિસ્તાર ન કરતાં સંક્ષિપ્તમાં શ્રીયમુનાષ્ટકમાં શ્રીયમુનાસ્તવનથી વૈષ્ણવોમાં ક્યારેય એ ભાવ ન આવવો જોઈએ કે શ્રીકૃષ્ણથી અતિરિક્ત અન્ય કોઈનો પણ આશ્રય આ માર્ગમાં વૈધ છે. ઉપરાન્ત શ્રીયમુનાજીનું સ્તવન-ભજન ઈત્યાદિ પણ શ્રીયમુનાષ્ટકના પ્રત્યેક શ્લોકના પ્રત્યેક ચરણમાં શ્રીકૃષ્ણ ભક્તિ સમ્પાદન હેતુ છે. અતઃ મૂલરૂપ પુંભાવાત્મક શ્રીકૃષ્ણ જ સ્વતંત્ર રીતે ભજનીય છે, શ્રીસ્વામિનીજી, શ્રીયમુનાજી, શ્રીચન્દ્રાવલીજી, શ્રીરાધાસહચરીજીનું ભજનીયત્વ શ્રીકૃષ્ણના તે રૂપની સાથે જ છે; સ્વતંત્રરૂપમાં નહીં. અતઃ વ્રજમાં પણ જ્યારે વલ્લભવંશજો શ્રીયમુનાપૂજનાર્થે ઘાટ પર પધારે છે ત્યારે પ્રથમ શ્રીનાથજીનું અને તેની સાથે શ્રીયમુનાજીનું પૂજન કરે છે એ પ્રાચીન કાળથી ચાલી આવેલી પ્રણાલિકા આજે પણ દૃષ્ટિગોચર થાય છે. આથી અલગ બીજો કોઈ પણ પ્રકાર વિચારવામાં કે સ્વીકારવામાં શાક્તપણાનો દોષ પ્રાપ્ત થશે.

આ રીતે સેવામાં ફલરૂપમાં જે શ્રીકૃષ્ણની ઉપલબ્ધિ થાય છે તે જ શ્રીકૃષ્ણ શ્રીયમુના સ્વરૂપે પરમકૃપા કરી સાધનાવસ્થામાં સેવાયોગ્યતા સમ્પાદન કરે છે અતઃ આદિ, મધ્ય, અન્ત ત્રણેની સંગતિ છે. ફલની ઉપલબ્ધિ અર્થે, ફલપ્રાપ્તિ સમયે, ફલપ્રાપ્તિ પછીની સ્થિતિમાં તેમજ ફલ વિલમ્બમાં કે સાધન કરીને પણ ફલની અપ્રાપ્ત સ્થિતિમાં સર્વ સમયે કૃષ્ણનો આશ્રય જ જીવના સર્વથા હિતમાં છે એમ શ્રીઆચાર્યચરણ કૃષ્ણાશ્રય દ્વારા સમજાવવા

માંગે છે. તેમજ ફલરૂપ શ્રીકૃષ્ણથી ઉતરતું-અતિરિક્ત કંઇ પણ, કોઇ પણ, ક્યારેય પણ અને ક્યાંય પણ આશ્રયણીય નથી એમ જણાવવા માંગે છે.

આ સ્તોત્રનું નામ કૃષ્ણાશ્રય એમ શ્રીઆચાર્યચરણ પોતે જ આ ગ્રન્થના અંતે ઉલ્લેખે છે. તેથી આ સ્તોત્રરૂપ-સ્તવનરૂપ હોઈને પણ આ ગ્રન્થનો વર્ણ્ય વિષય કૃષ્ણાશ્રય છે. અતઃ **‘कृष्ण एव गतिर्मम’** એમ સ્તવનથી આને સ્તોત્રસંજ્ઞા પ્રાપ્ત થઈ છે. કૃષ્ણાશ્રય આ નામમાં કૃષ્ણ + આશ્રય એ બે શબ્દોના સંયોગથી એક વાક્ય બને છે. અતઃ કૃષ્ણપદાર્થ, આશ્રયપદાર્થ અને કૃષ્ણ અને આશ્રય આ બે શબ્દો વચ્ચેનો સમ્બન્ધ એમ ત્રણ બાબતો વિચારણીય બની જાય છે. જુદી-જુદી વિભક્તિઓ અને જુદા જુદા સમાસોથી કૃષ્ણાશ્રય વાક્ય અનેક રીતે વિચારી શકાય છે. જેમ કે **‘कृष्णश्चासौ आश्रयश्च’** **‘कृष्णेन आश्रयः’** **‘कृष्णस्य आश्रयः’** વગેરે અનેક પ્રકારે અર્થો પ્રાપ્ત થતાં આ સ્તોત્રમાં શ્રીઆચાર્યચરણને અભીષ્ટ એવો કયો અર્થ પ્રાપ્ત થાય છે તેની વિચારણામાં કૃષ્ણ પદાર્થ અને આશ્રયપદાર્થ એમ બન્નેને પહેલાં અલગ-અલગ સમજી લેવા જોઈએ જેથી બન્ને વચ્ચેનો સંબન્ધ શો હોઈ શકે તેને સ્પષ્ટ કરી શકાય.

કૃષ્ણાશ્રયમાં પ્રયોજાયેલ કૃષ્ણ પદનું તાત્પર્ય

કૃષ્ણાશ્રયમાં આશ્રય શબ્દથી શ્રીઆચાર્યચરણનું તાત્પર્ય **‘प्राकृताः सकला देवाः’** આ શ્લોકથી જાણી શકાય છે. **‘सर्वसामर्थ्यसहितः’** આ શ્લોકથી કૃષ્ણ શબ્દનું તાત્પર્ય સમજી શકાય છે અને એકથી સાત શ્લોક તથા નવમા શ્લોકથી બન્ને વચ્ચેનો સમ્બન્ધ જાણી શકાય છે. આમાંથી પ્રથમ **‘કૃષ્ણ’** શબ્દની મીમાંસામાં પ્રત્યેક કલ્પના અઠ્ઠાવીસમા દ્વાપરના સંધ્યાંશમાં થનાર કૃષ્ણાવતાર પરક આ શબ્દ નથી. પરન્તુ સમય-સમય પર જે -તે હેતુઓને લઈને પોતાના અંશ, કલા, આવેશ વગેરેથી અવતાર ગ્રહણ કરે છે તે અવતારી કે જેને સદાનન્દના અર્થમાં શ્રુતિ કૃષ્ણ નામે આલેખે છે તે પૂર્ણ પરબ્રહ્મ

પરમાત્મા પરમાનન્દ ભગવાનના અર્થમાં અત્ર કૃષ્ણ શબ્દ પ્રયોજાયેલો છે. આ પ્રકારે વિચારતાં જે સર્ગાદિ આશ્રયાન્તા દશવિધલીલાના કર્તા લોક-વેદાતીત પુરુષોત્તમ છે તે કૃષ્ણ. આ ભાવને જ શ્રીકલ્યાણરાયજી કૃષ્ણાશ્રયની ટીકામાં ગ્રન્થના ૧૧ શ્લોકોનું સ્વારસ્ય સમજાવતાં બતાવે છે. આ પ્રકારે આશ્રયલીલાના પણ જે કર્તા છે તે કૃષ્ણ એમ અર્થ ફલિત થાય છે. એટલે કે જે શ્રીભાગવતના અર્થરૂપ અને જગદાશ્રય, વેદાશ્રય અને ભક્તિમાર્ગાશ્રય એ ત્રણે જેનાં રૂપ છે તે શ્રીકૃષ્ણ એમ ફલિત થાય છે. ભગવાન સર્વસામર્થ્યસહિત એવા છે એમ કહી ભગવાન જ વેદાશ્રય છે એમ જણાવ્યું છે. કારણ કે વેદમાં જે કંઈ પણ વિવિધ દેવતાઓનું તથા વિવિધ યાગોનું સામર્થ્ય જણાવાયું છે તે બધું જ ભગવાન થકી જ છે જેને ગીતામાં સ્પષ્ટતયા **‘मयैव विहितान् हि तान्’** (ગીતા. ૭-૨૨) થી કહેવાયું છે. અતઃ વેદના પૂર્વકાંડમાં જે દેવતાઓ અને યાગોનું નિરૂપણ છે તે ભગવત્સામર્થ્યને દર્શાવવા માટેનું જ છે. તેવી જ રીતે ઉત્તરકાંડમાં સમ્પૂર્ણ જડ-ચેતન જગતની ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલય જેના થકી છે તે સત્ય,જ્ઞાન, અનન્તરૂપ અક્ષરબ્રહ્મ તેના પણ આશ્રય ભગવાન જ છે. અતઃ ઉત્તરકાંડમાં જે બ્રહ્મજ્ઞાન નિરૂપાયું છે તે ભગવન્માહાત્મ્યને જ દર્શાવે છે તેથી ત્યાં રહેલું જે જ્ઞાન છે તેના પણ આશ્રય ભગવાન જ છે જેને ગીતામાં ભગવાન **‘वेदैश्च सर्वैरहमेव वेद्यः’** (ગીતા ૧૫-૧૫) થી તેમજ શ્રુતિમાં **‘सर्वे वेदा यत्रैकं भवन्ति’** (તૈત્તિરીય આરણ્યક ૩-૧૧) એમ કહ્યું છે. અતઃ સર્વ વેદોનો આશ્રય એકમાત્ર ભગવાન જ હોવાથી કૃષ્ણથી અલગ વેદાશ્રય કરવો અપેક્ષિત નથી બલ્કે પરમફલમાં તો વેદોનું પણ સામર્થ્ય નથી એ શ્રીઆચાર્યચરણ **सर्व** શબ્દથી **‘अकर्तुम्’** અને **‘अन्यथाकर्तुम्’** ભગવાનના સામર્થ્યને બિરદાવે છે. લોક-વેદસિદ્ધ એ **कर्तुम्** છે અને તેથી પર - ઈતર ઉપરના બન્ને છે. આ રીતે વેદાશ્રય નહીં કરીને માત્ર કૃષ્ણાશ્રય જ કર્તવ્ય છે એમ જણાવે છે.

તેવી જ રીતે **‘सर्वत्रैवाखिलार्थकृत्’** એમ કહી ભગવાન જ

જગદાશ્રય છે એમ જણાવ્યું છે. ભગવાન જ જગદાશ્રય છે આ વાતને ઈશાવાસ્યોપનિષદ્‌માં શ્રુતિ વડે કહેવાયું છે કે **‘ईशावास्यमिदं सर्व यत् किञ्च जगत्यां जगत्’** તેમજ **‘परास्य शक्तिर्विविधैव श्रूयते’** **‘पुरुष एवेदं सर्वम्’** **‘तस्माद्वा एतस्मादात्मनः’** **‘एकोऽहं बहुस्याम्’**વગેરે અનેક શ્રુતિઓ સમ્પૂર્ણ જડ-ચેતનાત્મક જગતના આશ્રય ભગવાન જ છે એમ જણાવે છે. **‘परास्य’** શ્રુતિમાં વિવિધા એટલે ત્રિવિધા (૧) જ્ઞાનશક્તિ, (૨) બલ = ઈચ્છાશક્તિ અને (૩) ક્રિયાશક્તિ એમ સમજવું. આ ત્રણ શક્તિઓથી જ સમ્પૂર્ણ જગતનું પ્રચલન છે અને જડ જગત સદંશ છે, ચેતનનો - ચિદંશ છે. આમ જગદાશ્રય પણ ભગવાન જ છે અને સમ્પૂર્ણ જગત પાછું ભગવાનને આધીન છે. અતઃ શ્રીકૃષ્ણથી ઈતર લોકાશ્રય પણ કર્તવ્ય નથી એ શ્રીઆચાર્યચરણ જણાવે છે.

તેવી જ રીતે ભક્તિમાર્ગાશ્રય પણ ભગવાન જ છે. અન્ય માર્ગોમાં શ્રેય પ્રાપ્તિરૂપ ઉદ્ધાર થાય છે પણ ભક્તિ એ સ્વરૂપ સમ્બન્ધવાળી હોવાથી સમ્યક્ પ્રકારે - સારી રીતે એમાં ઉદ્ધરણ થાય છે. આ ભક્તિ પણ જીવ પ્રયત્નસાધ્ય નથી પણ ભગવાનને આધીન છે જે શ્રીભાગવતમાં **‘मुक्तिं ददाति कर्हिचित्स्म न भक्तियोगम्’** આ વાક્યથી સ્પષ્ટ થાય છે. ખરેખર ભગવાન દ્વારા જીવને ભક્તિનું દાન એ જ જીવનો સમુદ્ધાર છે. અતઃ તેવા સમુદ્ધાર માટે - ભક્તિને અર્થે પણ ભગવાન જ માત્ર આશ્રયણીય છે. ભગવાન જો ભજનીય ન થાય તો ભક્તિમાર્ગનું પણ માર્ગત્વ રહેતું નથી, ભક્તિમાર્ગમાં કર્તા, કારયિતા, ફલદાતા, સામર્થ્યદાતા ભગવાન જ છે તેમજ સાચા અર્થમા ભક્તિ શબ્દ ભગવાનમાં પ્રયોજી શકાતો હોવાથી ભકિતમાર્ગાશ્રય પણ ભગવાન જ છે. અતઃ ભક્તિને અર્થે પણ અન્ય કોઈ ઉદ્યમ ન કરી તદર્થ પણ માત્ર કૃષ્ણ જ આશ્રયણીય છે, એમ શ્રીઆચાર્યચરણ **‘शरणस्थसमुद्धारम्’** પદથી જણાવે છે.

આ પ્રકારે કૃષ્ણાશ્રયના દશમ શ્લોકથી કૃષ્ણાશ્રય નામમાં પ્રયોજાયેલ કૃષ્ણ પદનું તાત્પર્ય સમજી શકાય છે કે જે જીવકૃત લૌકિક,વૈદિક કે અલૌકિક સાધનોની અપેક્ષા રાખ્યા વિના જીવની સર્વ પ્રકારની સ્થિતિમાં શરણભાવ ધારણ કરેલ જીવનો સમુદ્ધાર કરવા - તેને પરમ ફલદાન કરવા સમર્થ હોય અને જે જીવના દૈન્યભાવથી આર્દ્ર બની અતિશય કૃપાનું વર્ષણ કરનારા હોય તે જ સર્વેશ્વર સર્વ રીતે - સર્વદા આશ્રયણીય છે.

આ પ્રકારની સ્થિતિ જે સર્વતંત્ર સ્વતંત્ર હોય તેમાં જ સમ્ભવી શકે છે. કારણ કે આ પ્રકારે અનન્તદોષયુક્ત જીવનો પ્રવાહ સ્વરૂપવાળા સમયમાં સમુદ્ધાર એ પરમ અનુગ્રહ વિના શક્ય નથી અને આવા પ્રકારે અનુગ્રહ કરવો એ કાલાદિ સર્વનો નિયન્તા-સ્વામી હોય અને કાલાદિના ધર્મોથી જે પર હોય તે જ કરી શકે છે. બલહીન, સામર્થ્યહીન, પરતંત્ર, સ્વકીય ઐશ્વર્ય રહિત એવો કોઈ પણ કોઈના પણ ઉપર કૃપા કેવી રીતે કરી શકે અને શું કૃપામાં આપશે ? તેથી જ શ્રીપુરુષોત્તમજી આવરણભંગમાં જણાવે છે કે **‘एवं च कालादिनिर्वर्त्तकोऽनुग्रहापरनामा वीर्यविशेषरूपो भगवद्धर्मः पुष्टिः’** જીવના ઉત્તમ કલ્યાણમાં વચ્ચે નડતરરૂપ એવા કાલ, કર્મ, સ્વભાવ વડે ઉત્પન્ન થનારા સર્વ બાધકોનું પણ પોતાના સામર્થ્ય દ્વારા નિવારણ કરી જીવનો સ્વીકાર કરવાના સ્વરૂપનો અનુગ્રહ જે વિશેષ વીર્યરૂપ ભગવદ્ધર્મ છે તે પુષ્ટિ છે. અત્ર વિશેષવીર્ય રૂપ એટલા માટે કહ્યું છે કારણ કે ભગવાનના છ ધર્મો પૈકી પણ વીર્ય ધર્મ કહેવાયો છે, અતઃ તે વીર્યધર્મથી ભિન્ન - સ્વતંત્ર વીર્ય વિશેષ છે અને એ પણ ભગવદ્ધર્મ છે. વેદોમાં જે-તે યાગોનું અને તેના આનુષંગિક દેવોનું જે ફલદાતૃત્વ કહેવાયેલું છે તે ભગવાને પોતાના છ ધર્મો પૈકી જેનામાં જેટલું પોતાનું ઐશ્વર્ય અને વીર્ય સ્થાપ્યું છે તે ભગવદ્ ઐશ્વર્યવીર્યથી તેમનું ફલદાતૃત્વ કહેવાયું છે. આ અર્થમાં જ ગીતાના દસમા અધ્યાયના અન્તે કહ્યું છે કે :-

यद्यद् विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।

तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसम्भवम् ।।

(ગીતા. ૧૦-૪૧)

તેમજ આ જ અર્થમાં શ્રીવલ્લભાચાર્યચરણ પણ ષોડશગ્રન્થાન્તર્ગત બાલબોધ ગ્રન્થમાં જણાવે છે કે -

अतः शिवश्च विष्णुश्च जगतो हितकारकौ ।

(બાલબોધ -)

તથા

भोगः शिवेन मोक्षस्तु विष्णुनेति विनिश्चयः ।

(બાલબોધ -)

આ વાતને સરળ દૃષ્ટાન્તથી કહેવામાં આવે તો જેમ કોઇ ચક્રવર્તી રાજા પોતાની પ્રજાની સુખાકારીમાં પોતાના રાજ્યની સુવ્યવસ્થા અર્થે આખું રાજ્યતંત્ર ગોઠવે અને તેમાં કોઇને પ્રધાનમંત્રી, કોઇને કોષમંત્રી, કોઇને સેનાપતિ, કોઇને ન્યાયમંત્રી, કોઇને ઉપમંત્રી વગેરે પદો પર નિયુક્ત કરે અને તેમને તે - તે ક્ષેત્ર પૂરતાં કાર્ય કરવા અધિકૃત કરે. તેમ ભગવાને વિશ્વની રચના કરીને વિશ્વમાં ચેતન જીવોને પ્રકટ કરીને સર્વનું યથાધિકાર કલ્યાણ થાઓ તેવી કરુણાથી જે વ્યવસ્થા તંત્ર ગોઠવ્યું તેમાં જુદા-જુદા ક્ષેત્ર સંબન્ધી જુદાં જુદાં કાર્યોને કરવા માટે પોતાની વિભૂતિ રૂપે જે તે દેવો અધિકૃત કરેલા છે. અતઃ આ દેવો મામલતદાર, કલેકટર, સચીવ, મંત્રી જેવા સત્તાધારકો છે. બલ્કે તેમનું સત્તાધારણ પણ સ્વામિપણાથી નહીં કિન્તુ સેવકત્વેન-ભગવદધીનત્વેન છે. અતઃ તે દેવો પોતાની ઇચ્છા મુજબ ફલદાનાદિ નથી કરતા, પણ તેઓ તે તે કાર્ય કરવા માટે બંધાયેલા છે. તેથી આટલા જે પરાધીન છે તેમનો આશ્રય કરીને પણ છેવટે તો એ જ થવાનું છે જે ભગવાને વિચારી રાખ્યું હશે. યમની ભક્તિ કરવાથી યમરાજા પોતે કોઇને મૃત્યુમાંથી છોડાવી

શકતા નથી. કારણ કે તૈત્તિરીયમાં જણાવ્યા અનુસાર **'मृत्युर्धावति पञ्चमः'** અત એવ ગીતામાં પણ **'मृत्युः सर्वहरश्चाहम्'** એમ કહી સર્વ હરણ કરનારાઓમાં હું મૃત્યુ છું એમ ભગવાન મૃત્યુને પણ પોતાની વિભૂતિમાં ગણાવી મૃત્યુનું મારણ સામર્થ્ય પણ ભગવાનથી જ છે એમ ફલિત થાય છે. આ પ્રકારે વૈદિક દેવોમાં જે ફલદાતૃત્વ કહેવાયેલું છે તે ભગવાનના છ ધર્મો પૈકી ઐશ્વર્ય-વીર્યના અંશથી કહેવાયેલુંછે. અતઃ કાલ, કર્મ, સ્વભાવનું નિવર્તન કરી શકે એવો અનુગ્રહ રૂપ વીર્ય ધર્મ કાલ,કર્મ સ્વભાવથી પર - એનાથી સર્વતંત્ર સ્વતંત્ર ભગવાનમાં જ સમ્ભવી શકે છે. જે કાલને વશ છે, જે પોતે કર્મનાં બંધનોમાં બન્ધાયેલા છે અને જે સ્વભાવથી બાધ્ય છે તેવાઓ કેવી રીતે કોઇના ઉપર અનુગ્રહ કરી શકે ? તેથી જ શ્રીઆચાર્યચરણ નિબન્ધ ષષ્ઠસ્કન્ધના આરંભે શ્રીકૃષ્ણના પરમ સામર્થ્યને દર્શાવતાં જણાવે છે -

कृष्णानुग्रहरूपा हि पुष्टिः कालादिबाधिका ।
अनुग्रहो लोकसिद्धो गूढभावान्निरूपितः ।।

કૃષ્ણના અનુગ્રહરૂપી પુષ્ટિ એટલે કે જેનો બીજો પર્યાયવાચિ શબ્દ કૃપા છે જે મનનો અથવા અન્તઃકરણનો ઇચ્છા વગેરેથી અલગ જ કોઇ ધર્મવિશેષ છે તે કાલ, કર્મ, સ્વભાવનો નિવર્તક વીર્ય વિશેષરૂપ ભગવદ્ધર્મ છે તે પુષ્ટિ છે. ભગવાનના આ અનુગ્રહ ધર્મને નિરૂપવા માટે શ્રીભાગવતે આખો એક સ્કન્ધ ફાળવ્યો છે જે ષષ્ઠ સ્કન્ધ છે.

પંચમ સ્કન્ધમાં સ્થિતિરૂપા મર્યાદાલીલાનું નિરૂપણ કરી ત્યારબાદ છઠ્ઠા સ્કન્ધમાં પુષ્ટિલીલા દર્શાવવામાં આવી છે. આનો અર્થ એમ નથી સમજવાનો કે મર્યાદામાર્ગમાં ભગવાનનો અનુગ્રહ નથી હોતો. જો એમ જ હોતે તો શ્રીપુરુષોત્તમનામસહસ્રમાં પંચમસ્કન્ધ નામોના અન્તે **'सर्वानुग्रहकर्ता'** એમ શ્રીપ્રભુનું નામ શ્રીઆચાર્યચરણ આલેખે છે તે આલેખતે નહીં. વિવિધ પ્રકારના અધિકારવાળા જીવો છે અને તે જીવોનું પણ શ્રેય થાઓ એવા

અનુગ્રહપૂર્વક જ શ્રીપ્રભુએ મર્યાદાઓ સ્થાપી છે. અતઃ રૌરવાદિ નરકો અને તેની યાતના એ ભગવાનમાં ક્રૂરતાથી નથી પણ પાપી, મહાપાપી જીવો પણ પાપફલભોગના અન્તે પાપથી નિવૃત્ત થાય તેવા અનુગ્રહપૂર્વક જ ભગવાને મર્યાદા સ્થાપી છે. તેમજ **‘श्रुतिस्मृती ममैवाज्ञे’** એ ભગવદ્વાક્યાનુસાર સંસારના પ્રવાહમાં વહી રહેલા જીવો શાસ્ત્ર પ્રદર્શિત કર્તવ્યાનુસાર ભગવદાજ્ઞાનું યથોચિત પાલન કરીને ભગવત્તોષરૂપ ઉચ્ચશ્રેયને પામી શકે એવા અનુગ્રહથી જ ભગવાને શાસ્ત્રમર્યાદા સ્થાપી છે. અતઃ મર્યાદામાર્ગમાં ભગવાનનો અનુગ્રહ છે જ એ સ્પષ્ટ છે. મર્યાદામાર્ગમાં જ નહીં અપિતુ પ્રવાહમાર્ગમાં પણ કરુણારૂપ ભગવાનનો અનુગ્રહ સિદ્ધ છે, અન્યથા આસુરી જીવોની અન્ધતામસ પ્રવેશરૂપ મુક્તિ શાસ્ત્રોમાં કહેવાતે નહીં. નારકી જીવોને પણ નરકમાં પડ્યા-પડ્યા સુખનો અનુભવ કરવાવાળું અન્તઃકરણ ભગવાને જ પ્રદાન કરેલું છે જેથી અતિશય યાતનાકર નરકોમાં પણ તે જીવો અતિશય પીડિત થતા નથી.

આ રીતે યદ્યપિ ભગવાનનો કૃપાધર્મ ભગવાનની માફક જ સર્વત્ર વ્યાપ્ત છે અને સમ્પૂર્ણ જગતના આબ્રહ્મસ્તમ્બ પર્યન્તના જીવમાત્ર ભગવાનની કૃપાના ક્ષેત્રમાં આવી જ જાય છે, પરન્તુ તે કૃપા ભગવાને કાલ, કર્મ, સ્વભાવની મર્યાદાઓને યથાસ્થાન સાચવીને કરી છે, જ્યારે અહીં છઠ્ઠા સ્કન્ધમાં પુષ્ટિરૂપ જે અનુગ્રહ નિરૂપણ થયો છે તે કાલ, કર્મ, સ્વભાવને યથાસ્થાન સાચવીને નહીં પરન્તુ કાલ, કર્મ, સ્વભાવનું પણ નિવર્તન કરીને જે ફલદાન કર્યું છે તે અનુગ્રહને દર્શાવવા માટેનો આ સ્કન્ધ છે એમ શ્રીપુરુષોત્તમજી **વીર્યવિશેષભગવદ્ધર્મ** નામે આલેખે છે તેમાં ઉપર્યુક્ત તાત્પર્ય છે. મતલબ કે સર્વ મર્યાદાભંજક વિશેષ બલરૂપ અનુગ્રહ એમ સમજી શકાય છે. પુષ્ટિની સરખામણીમાં મર્યાદાબલ તુચ્છ ગણવામાં આવ્યું છે તેથી કરીને તે તુચ્છ તો નથી જ. મર્યાદાબલ પણ પોતાના સ્વરૂપમાં ઘણી મહાન વસ્તુ છે જેનું અતિક્રમણ કરવું જીવમાત્ર માટે શક્ય નથી. સાધારણ જીવો જ નહીં

અપિતુ બ્રહ્મા જેવા સમર્થોને માટે પણ તેવું અતિક્રમણ શક્ય નથી. એટલું જ નહીં જે જીવકોટિમાં નથી એવા શિવાદિ ગુણાવતારો કે પછી લક્ષ્મી વગેરે અક્ષરાત્મકો પણ ભગવત્પ્રપન્ન ભાવે ભગવાનને આધીન થઈને રહે છે અતઃ તેમના વડે પણ ભગવન્મર્યાદાનું અતિક્રમણ શક્ય નથી. સ્વયં અક્ષર પણ ભગવચ્ચરણસ્થાનીય હોઈ એ પણ ભગવાનને આધીન જ છે. અક્ષર પોતે સૃષ્ટિના જન્મ, સ્થિતિ, પ્રલયની ઈચ્છા નથી કરતું, પણ તે ભગવાનની ઈચ્છાથી જ થાય છે. આ બધું જ ભગવાનની મર્યાદા છે અતઃ તે સામાન્ય નથી. આવા મહાન બલને પણ અવગણવું એ સર્વનિયન્તા સર્વેશ્વરથી અતિરિક્ત અન્ય કોઈ માટે શક્ય નથી. આવા બલને પણ તુચ્છ કરી જીવનો સ્વીકાર કરવો એ ભગવાનું વિશેષ વીર્ય છે. એ વિશેષવીર્યરૂપ ભગવદ્ધર્મનું નિરૂપણ એ ષષ્ઠસ્કન્ધનો વર્ણ્ય વિષય છે. અતઃ શ્રીપ્રભુચરણે ભક્તિહેતુ નિર્ણયમાં **‘वरणे चास्ति प्रकारद्वयम्, मर्यादा-पुष्टि भेदेन । आद्यस्तु तत्साधने भवति प्रवृत्तः, तथैव तद्वरणात् । परन्तु स्नेहोत्पत्तिपर्यन्तं विधिरेव प्रयोजकः । द्वितीयस्य तु प्रवृत्ति-अप्रवृत्ती अप्रयोजिके । भगवता स्वस्यैव साधनत्वेन अङ्गीकारात् ।’** આ રીતે ભગવદ્વરણને મર્યાદા-પુષ્ટિભેદથી બે પ્રકારે જણાવે છે અતઃ અનુગ્રહના પણ બે પ્રકારો સમજી શકાય છે. આ બે પ્રકારના અનુગ્રહોને જ શ્રીઆચાર્યચરણ નિબન્ધ પંચમસ્કન્ધમાં **‘कृष्णाधीना तु मर्यादा स्वाधीना पुष्टिरुच्यते’** વાક્યોથી બે સ્વરૂપે સમજાવે છે. જીવની ભક્તની કૃષ્ણને આધીન સ્થિતિ થવી એ મર્યાદા છે, તેથી મર્યાદાભક્તિનું પણ સ્વરૂપ તેવું જ છે અને કૃષ્ણની ભક્તને આધીન સ્થિતિ થવી તે પુષ્ટિ છે, અતઃ પુષ્ટિભક્તિમાં ભગવાન ભક્ત મનોરથના અનુકૂલ પોતાનું સ્વરૂપ અને લીલાઓ પ્રકટ કરે છે જે **‘गोपिभिः स्तोभितोऽनृत्यत्’** એ પ્રકરણમાં તથા દામોદર લીલાના પ્રકરણથી જાણી શકાય છે. વેદમર્યાદાઓ વગેરેની તો વાત જ બાજુ પર રહી, જ્યાં ભગવાન પોતાના સર્વેશ્વરભાવને પણ કોરાણે મૂકી, તેને ભૂલી ભક્તમનોરથાનુકૂલ વર્તે

એ ભૃત્યવશ્યતાના પ્રાકટ્યથી અધિક બીજો કયો અનુગ્રહ હોઈ શકે છે ? આ અનુસન્ધાનમાં જ શ્રીગોપીજનો ગોપીગીતમાં **'ते जन्मना व्रजः अधिकं जयति'** એમ કહે છે. અધિક એટલે તમારા જન્મથી જ વ્રજનો વૈકુંઠથી પણ અધિક જય છે. કારણ કે જે પ્રકારની લીલાઓ શ્રીપ્રભુએ વ્રજમાં પ્રકટ કરી છે તે પ્રકારની લીલાઓ વૈકુંઠમાં કરતા નથી. જે રીતે શ્રીગોપિકાઓ શ્રીપ્રભુને કહે છે કે આ ઘંટી દળી આપ, આ ખાટલો ખસેડી આપ, આ વાસણ દૂર છે તે મને આપ, તુ આ પ્રકારે નાચ, આ પ્રકારે ગા, હજુ તું બરાબર નાચ્યો નથી એ પ્રકારે ભગવાનને કહેવાનું કે ભગવાનને ઉલુખલ સાથે બાંધવાનો હોસલો સૃષ્ટિના ઈતિહાસમાં ક્યારેય કોઈ વૈકુંઠવાસી ભક્ત કરી શક્યો છે ? અરે જ્યાં શ્રીનૃસિંહરૂપમાં શ્રીપ્રભુનો મહાકોપ જોઈ બ્રહ્માજી તો ઠીક પણ ભગવાનની પત્ની લક્ષ્મીજીનું પણ સાહસ પરવારી ગયું અને આ સમયે પ્રભુને વિનવવાનું સાહસ જુટાવી શક્યા નહીં ત્યાં પછી બીજા ભક્તોની તો શી વિસાત. અને તેમ છતાં પણ બે ઘડી માટે કોઈ ભક્ત આવું સાહસ જુટાવી ગોપિકાઓની નકલ કરવા પ્રયત્ન કરે, તો શું ભગવાન તેમ કરશે કે કરે છે ? મર્યાદામાં તો આ બધું મહા અપરાધરૂપ છે. આ જ અન્તર વૈકુંઠાધિપતિ વિષ્ણુ અને ગોલોકાધિપતિ કૃષ્ણના વચ્ચે રહેલું છે. ભગવાન વૈકુંઠમાં બિરાજી વિષ્ણુરૂપમાં આ અનુગ્રહ પ્રકટ કરતા નથી, એ માત્ર મૂલરૂપ ગોલોકેશ્વર કૃષ્ણના રૂપમાં જ પ્રકટ કરે છે. અતઃ અનુગ્રહની પરાકાષ્ઠા-ચરમસીમા કૃષ્ણરૂપમાં જ સ્થિત હોવાથી એવા કૃષ્ણ જ શરણ જવા યોગ્ય છે એમ શ્રીવલ્લભાચાર્યજી પોતાના સિદ્ધાન્તમાં નિર્ધાર કરે છે. આ સર્વસામર્થ્યવાળા ભગવાન જ પરમાનુગ્રહ કરી શકે છે બીજા કોઈનું સામર્થ્ય નથી તેમ જણાવવા શ્રીમહાપ્રભુજીએ **સર્વ પ્રકારના સામર્થ્યથી યુક્ત એવા કૃષ્ણ** એમ કહ્યું છે.

કૃષ્ણાશ્રયના વિષયની ષષ્ઠસ્કન્ધ સાથે સંગતિ કરતાં ઉપર મુજબ કૃષ્ણપદાર્થના નિરૂપણથી જે સર્વસમર્થ હોય તે જ બ્રહ્માદિને પણ પોતાના ક્ષેત્રમાં આવરી લેનાર એવા અતિશય સમર્થ- બળવાન કાલનું નિવર્તન કરી શકે છે. એમ આ પ્રકારે કૃષ્ણનું કાલનિવર્તક સ્વરૂપનું પણ નિરૂપણ થઈ જાય છે.

ભગવાન પોતાના પરમ સામર્થ્યે-પરમાનુગ્રહે કાલબાધા નિવૃત્ત કરી દે તો પણ જીવ દ્વારા થઈ ચૂકેલા પાપ-પુણ્ય રૂપ સારા-નરસા કર્મોનું શુભ-અશુભ રૂપ ફલ અનારબ્ધ કે પ્રારબ્ધરૂપમાં તો અપૂર્વમાં શેષ રહી જ જાય છે તેથી કાલબાધા જતાં પણ ઉચ્ચશ્રેયમાં કર્મ બાધા તો નડશે જ ? જેમ આયુષ્યહીન મ્રીયમાણ રોગીષ્ટને આયુષ્યનું દાન કરાતાં મરશે તો નહીં પણ રોગકષ્ટ તો યથાવત્ રહેશે તેથી પણ તેને સુખપ્રાપ્તિ તો નહીં થાય ? તેનું શું? તો પછી માત્ર કાલનિર્વતનથી જ શા માટે કૃષ્ણને આશ્રયણીય માનવું ? આમ લૌકિક ચિત્તમાં દુર્ભાવ રૂપ આસુર ઉદ્‌ભવે તો તેના વિધ્વંસને અર્થે કૃષ્ણ માત્ર કાલનિવર્તક નહીં પરન્તુ કર્મનિવર્તક પણ છે એમ જણાવવા **'सर्वत्रैवाखिलार्थकृत्'** સર્વત્ર એટલે કે સર્વ સ્થળે અને સર્વ સ્થિતિમાં સામાન્ય અર્થ જ નહીં પણ અખિલ અર્થને કરનારા છે એમ શ્રીઆચાર્યચરણ જણાવે છે.

ભગવાન સર્વતંત્ર સ્વતંત્ર હોવાથી જેમ કાલતંત્રથી પણ સર્વથા સ્વતંત્ર છે તેમ ભગવાન કર્મતંત્રથી પણ સર્વથા સ્વતંત્ર છે. અતઃ કૃષ્ણ જ્યાં અને જેના ઉપર અનુગ્રહ કરે છે તો તેમાં કોઈ પણ પ્રકારનું કર્મ બાધક બની શકતું નથી. તેમજ પુણ્યદેશમાં જ અને કૃતપુણ્યસાધન પુણ્યાત્મા ઉપર જ કૃષ્ણ અનુગ્રહ કરે છે કે કરી શકે છે તેવો કોઈ નિયમ નથી. ભગવાને અનુગ્રહ કરવો હોય છે કે ફલદાન કરવું હોય છે ત્યારે પુણ્યદેશ વગેરે અપેક્ષિત નથી એનું સહુથી શ્રેષ્ઠ ઉદાહરણ સારસ્વતકલ્પમાં પૂર્ણ પરબ્રહ્મ શ્રીકૃષ્ણનો ગોકુલમાં પ્રાદુર્ભાવ થવો છે. **'पुरुषोत्तमस्तु नन्दगृहे एव मायया सह जातः'** વગેરે વાક્યોથી શ્રીકૃષ્ણનો મથુરાથી અલગ ગોકુલમાં નન્દગૃહે પ્રાદુર્ભાવ થયો છે એમ શ્રીઆચાર્યચરણે સુબોધિનીમાં ખૂબ જ નિપુણતાથી સિદ્ધ કર્યું છે. તેવી જ રીતે તામસ્ પ્રકરણમાં પુર=શહેર એ સાત્ત્વિક છે, ગ્રામ =ગામડું એ રાજસ્

છે અને વ્રજ = પડાવવાળી ભૂમિ એ તામસ્ છે એમ શ્રીઆચાર્યચરણ જણાવે છે. આ રીતે મથુરાપુરી અને વ્રજ એ બન્ને ભિન્ન છે. મથુરામંડલમાં વ્રજભૂમિ આવેલી છે. મથુરામંડલમાં આવેલું વ્રજ એટલે આહીર લોકો કે જે લોકો ગાય-ભેંસ વગેરે પશુપાલકો છે જેને આપણા ગુજરાતમાં ભરવાડ તરીકે ઓળખવામાં આવે છે તે લોકોનો પોતાના પશુઓ તથા પરિવાર સહિત જે અને જેટલી ભૂમિ પર પડાવ પડેલો હોય તેને વ્રજ કહેવામાં આવે છે. સતત પ્રવાહી સ્થિતિમાં એકથી બીજા સ્થળે પડાવ નાંખતા રહેવું એથી વ્રજને તામસ કહ્યું છે. મતલબ કે એક નિશ્ચિત સ્થિતિનો અભાવ. તેવી જ રીતે આ વ્રજમાં વસતા વ્રજવાસીઓનું પણ એમના કાર્યલક્ષણથી તામસપણું શ્રીભાગવતના દ્વિતીય સ્કન્ધમાં કહેવાયું છે કે -

अह्न्यापृतं निशि शयानमतिश्रमेण

(ભાગ. ૨-૭-૩૧)

અહીં **આપૃતમ્** અને **શયાનમ્** એ **ગોકુલમ્** નું વિશેષણ છે અને સામાન્યપણે એકવચનમાં કહેવાયું હોવાથી સમ્પૂર્ણ ગોકુલવાસીઓની આ સ્થિતિ છે એમ દર્શાવ્યું છે. જેમનો દિવસભર પેટ ભરવા માટેના અને પરિવારના પોષણ માટેના ઉદ્યમમાં જ વ્યતીત થતો હતો. વચમાં ક્યારેક કોઈ સત્કર્મ, ભગવદ્ભજન, ધર્મ-કર્મ વગેરે કરતા હશે તેવી સંભાવનાઓને પણ નકારવા માટે **આપૃતમ્** માં **આ** ઉપસર્ગ જોડ્યો છે. આ પ્રકારે જેમનો સમ્પૂર્ણ દિવસ દેહાભિમાનવાળો દેહપોષણમાં પસાર થતો હતો. કદાચિત્ દિવસે સમય ન મળતો હોય પણ રાત્રે ઘરે પહોંચ્યા પછી કંઈ ભજન-કીર્તન-કથા વગેરે કરતા હશે યા ભગવચ્ચિન્તન વગેરે કરતા હશે, તો એમ પણ ન હતું. તે માટે કહ્યું કે તેઓ દિવસભરના શ્રમથી એટલા બધા થાકી જતા હતા કે ઘરે પહોંચી અથવા ગૃહકાર્યથી પરવારી તુરન્ત જ વાળું કરી શયનથી ઈતર બીજું કંઈ તેમને માટે શક્ય જ નહતું. તેથી કઠોર પરિશ્રમથી થાકેલા એવા તેઓ રાત્રીને શયનમાં

વિતાવતા હતા. આ પ્રકારે તેમના દરેક અહોરાત્રો દેહપોષણરૂપ દેહભાવવાળા તામસ હતા. આવા તામસ સ્વભાવવાળા વ્રજ-ગોકુલમાં અને તેવા વ્રજવાસીઓ મધ્યે શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ થઈ શકે છે તો પછી આધુનિક દેશ સ્થિતિમાં કે આધુનિકોના હૃદયપ્રદેશમાં ભગવાનને નિવાસ કરવામાં કોણ રોકી શકે તેમ છે ? કોઈ રોકી શકે તેમ નથી. અરે ખરેખર તો એ જ પુણ્યપ્રદેશ છે જે પ્રદેશ ભગવચ્ચરણ ચિહ્નથી અંકિત થયેલો હોય. વૈકુંઠમાં શ્રીભગવાન બિરાજે છે એમ કહેવા કરતાં જ્યાં શ્રીપ્રભુ બિરાજતા હોય ત્યાં વૈકુંઠ છે એમ કહેવું યથાયોગ્ય છે. કારણ કે વૈકુંઠ ભગવાનને આધીન છે; ભગવાન વૈકુંઠને આધીન નથી. તેથી જ તો શ્રીગોપીજનોના વાક્યની સંગતિ રૂપે શ્રીશુકદેવજી તેવા તામસ ગોકુલને પણ ભગવત્પ્રાદુર્ભાવકાલથી **'रमाक्रीडमभून्नृप'** એમ સાક્ષાત્ આધિદૈવિકી લક્ષ્મી-રમાની ક્રીડાભૂમિ વૈકુંઠ તરીકે ઓળખાવે છે.

આવી જ રીતે કૃષ્ણના અનુગ્રહમાં પુણ્યકર્મોનું અનુષ્ઠાન પણ અપેક્ષિત નથી. જો કે કેટલાક એવાં વાક્યો ઉપલબ્ધ થાય છે કે જેમાં ભક્તિને અર્થે પણ સાધનોની અપેક્ષા રાખવામાં આવી છે અને પાપ કર્મોને ભક્તિમાં બાધક કહેવાયાં છે. જેમ કે :-

दानव्रततपोहोमजपस्वाध्यायसंयमैः ।
नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायते ॥

પરન્તુ આ પ્રકારમાં તમે આટલાં સાધનો કરી ક્ષીણપાપ બની મારી ભક્તિને પામો તેવો જ અનુગ્રહ ભગવાને જે લોકો માટે પ્રકટ કર્યો હોય ત્યાં આ પ્રકાર સમજવાનો છે. જો એમ ન હોય તો ઉપર્યુક્ત સર્વ સાધનો વડે પોતાની અપ્રાપ્યતા ભગવાને ગીતાના ૧૧ મા અધ્યાયના અન્તે જણાવી જ છે :-

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।

शक्य एवं विधो दृष्टुं दृष्टवानसि मां यथा ॥

(ગીતા ૧૧-૫૩)

તેવી જ રીતે શ્રીભાગવત એકાદશ સ્કન્ધમાં પણ ભગવાને ઉદ્ધવજીને ઉપદેશ આપતાં **‘न रोधयति मां योगः’** વગેરે વાક્યોથી પોતાની સાધનોથી અસાધ્યતા દર્શાવી છે. આનો વિરોધ પરિહાર એ રીતે જ શક્ય છે કે **‘नायमात्मा बलहीनेन लभ्यः’** એ શ્રુતિવાક્ય પ્રમાણે આ શ્રુતિના પૂર્વની શ્રુતિમાં કહેવાયેલું જે **‘यमेवैषवृणुते तेन लभ्यः’** એ ભગવદ્વરણરૂપ ભગવદનુગ્રહરૂપ બલ જ સર્વ બલોપમર્દક બલ હોવાથી ભગવદનુગ્રહ બલ પ્રાપ્ત જીવ જ સાધનો વડે નિઃશેષ પાપ થઈ ભગવદ્ ભક્તિને પામે છે. જેમ યન્ત્રરૂપ સાધનમાં બલ ઈન્ધનનું હોય છે તેવી જ રીતે સાધનો પણ ભગવદનુગ્રહ બલથી જ કાર્યસાધક બને છે. નહીંતર ઈન્ધન વિનાના યન્ત્રની માફક ભારરૂપ જ બની જાય છે. કાઠક શ્રુતિમાં પણ આ વાત દર્શાવાઈ છે કે :-

यदा पश्यः पश्यते रुक्मवर्णं कर्तारमीशं पुरुषं ब्रह्मयोनिम् ।
तदा विद्वान् पुण्यपापे विधूय निरञ्जनः परमं साम्यमुपैति ॥

આ શ્રુતિમાં **‘यत्तदोर्नित्यसम्बन्धात्’** અનુસાર આ પ્રમાણે જ વિચારી શકાય છે કે **‘रुक्मवर्णादिकं परंब्रह्म यदा पश्यः पश्यते तदा विद्वान् पुण्यपापे विधूय निरञ्जनो-निरविद्यो भूत्वा परमं च साम्यं उपैति’** જો આમ કહેવાનું તાત્પર્ય ન હોતે તો **‘यदा’** નો સમ્બન્ધ **‘विद्वान्’** સાથે કરતે અને **‘तदा’** નો સમ્બન્ધ **‘पश्यः’** સાથે કરતે. આ પ્રકારે પરબ્રહ્મનું જ્ઞાન પણ અનુગ્રહૈકલભ્ય છે. અતઃ **‘यदा’** એટલે જ્યારે તેવો અનુગ્રહ ભગવાન જીવ પર કરે છે - જ્યારે તે પોતાના હૃદયમાં પરબ્રહ્મના આવિર્ભાવથી પરબ્રહ્મને અનુભવે છે **‘तदा’** એટલે ત્યારે તે પુણ્ય-પાપનો નિઃશેષ નાશ થાય

છે તેમજ સર્વ અવિદ્યા નિવૃત્ત થાય છે અને તે પરમને પ્રાપ્ત કરે છે. અતઃ **‘तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम्’** એ શ્રુતિ સાથે સંગતિ કરીને આ શ્રુતિનો અર્થ કરીએ ત્યારે, જ્યારે ભગવાન જીવ પર અનુગ્રહપૂર્વક જીવના હૃદયમાં કે જીવ સમક્ષ પોતાનું અતિ તેજસ્વી પરમ સ્વરૂપ પ્રકટ કરે છે ત્યારે જ તે જ્ઞાની તે પરમને ઉપલબ્ધ કરે છે એમ અર્થ થાય છે.

આ પ્રકારે ભગવદનુગ્રહમાં પુણ્યકર્મ કે પુણ્યદેશ અનપેક્ષિત છે તેમજ પાપકર્મ કે અપુણ્યદેશ તેમાં બાધક બની શકતા નથી. આમ ભગવાન કર્મના પણ નિવર્તક છે. જેમ મોક્ષમાં માત્ર અશુભ જ નહિ પણ શુભકર્મનો ભોગ પણ અનિવાર્ય છે, તેના વિના મોક્ષ થવો સંભવ નથી. તેમ શ્રીપ્રભુના અનુગ્રહમાં પણ શુભકર્મ બાધક બનશે ? તેવી શંકા રાખવી નહિ. કારણ કે ભગવાન શુભ-અશુભ સર્વ કર્મ નિવર્તક છે. અતઃ શરણાગત જીવને ભગવત્ પ્રાપ્તિમાં દરેક પ્રકારના બાધક બનતાં કર્મોનું પણ નિવર્તન ભગવાન સ્વયં જ કરે છે તેથી તેવા શરણાગતે કર્મ બાધાના નિવર્તન માટે પણ અન્ય કોઈ ઉદ્યમ કરણીય નથી.

કાલ-કર્મ બન્ને નિવૃત્ત થઈ જાય તો પણ જીવનો જે સ્વભાવ છે તે તો બાધક બનશે જ. જીવનો પોતાનો મૂલ સ્વભાવ જે મન, બુદ્ધિ, પ્રાણ, ઈન્દ્રિય, દેહ વગેરે સાથે સંકળાયેલો છે તેના તે સ્વભાવો યથાવત્ રહેતાં પણ કાર્યસિદ્ધિ નહિ થશે ? એમ શંકા થાય તો શ્રીઆચાર્યચરણ જણાવે છે ભગવાનના અનુગ્રહના વિષયમાં સ્વભાવની ચિન્તા પણ જીવોએ રાખવી નહીં કારણ કે ભગવાન **પોતાને શરણે આવેલાઓનો સારી પેઠે ઉદ્ધાર કરવા સમર્થ છે.** શરણે આવેલાઓનો ભગવાન ઉદ્ધાર જ કરતા નથી પણ સારી પેઠે ઉદ્ધાર કરવા સમર્થ છે. માત્ર ઉદ્ધાર શબ્દનો જ પ્રયોગ થયો હોતે તો એવો પણ અર્થ થઈ શકતે કે તેમાં માત્ર પૂર્વ કરતાં ઉત્તમ સ્થિતિમાં સ્થાપવું. જેમ પશુયોનિમાંથી મુક્ત કરી માનવ દેહ આપવો યા માનવદેહમાં ઉત્તમ બ્રાહ્મણવર્ણમાં જન્મ આપવો વગેરે. અહીં એવો અર્થ થતો નથી કેમ કે **‘सम्’**

ઉપસર્ગ ઉદ્ધાર શબ્દ સાથે જોડાયેલો છે. તેથી શરણે આવેલાઓને ઉત્તમોત્તમ ફલ આપવા રૂપ સમુદ્ધાર કરનારા એવો અર્થ થાય છે. અન્યથા **‘सम्’** ઉપસર્ગ નિરર્થક બની જાય. ઉત્તમોત્તમ ફળ એટલે ભગવાન પુરુષોત્તમ સર્વેશ્વર શ્રીકૃષ્ણના સમ્બન્ધવાળું ફળ. અતઃ જે ભગવાનના શરણભાવે સ્થિતિ કરે છે તેને ભગવાન પોતાના સમ્બન્ધી ભક્તિરૂપ ફળ આપે છે. આ ફલરૂપતા એ સર્વથા અલૌકિક છે. એમાં લૌકિકતાની ગન્ધ માત્ર પણ નથી. શ્રીમહાપ્રભુ શિક્ષાશ્લોકીમાં આજ્ઞા કરે છે :-

न लौकिकः प्रभुः कृष्णो मनुते नैव लौकिकम् ।

પ્રભુ શ્રીકૃષ્ણ લૌકિક નથી અને તેઓ કંઈ પણ લૌકિક સ્વીકારતા નથી. અતઃ લૌકિક દેહ-પ્રાણ-ઈન્દ્રિયો વગેરેથી ભગવદ્ ભજન થવું સંભવ નથી તેથી ભગવાન જ્યારે પોતાના સમ્બન્ધવાળી ભક્તિ આપે ત્યારે સ્વભાવ નિવર્તન થઈ જવું જરૂરી છે અને ભગવાન શરણાગતોને પોતાના સમ્બન્ધી ભક્તિ આપવા રૂપ સમુદ્ધાર કરે છે તેમ શ્રીઆચાર્યચરણનાં વચનો છે તેથી ભક્તિમાં બાધક લૌકિક સ્વભાવનું નિવર્તન અને અલૌકિકતાનું સમ્પાદન એ પણ ભગવાન સ્વયં શરણાગતોનું સિદ્ધ કરે છે. તેથી તેને અર્થે પણ અન્ય કોઈ ઉદ્યમ નહીં કરી માત્ર શરણભાવ દઢતાથી જીવોએ ધારણ કરવો જોઈએ.

પાંચભૌતિક-લૌકિક દેહ તેમજ પ્રકૃતિના બનેલા ઈન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ છૂટે અને નવા અલૌકિક દેહ-પ્રાણ-ઈન્દ્રિય-અન્તઃકરણનું સમ્પાદન થાય ત્યારે આ ભક્તિરૂપ ઉત્તમ ફળ પ્રાપ્ત થાય અને એ મરણોત્તર જ શક્ય છે કારણ કે આ જીવન છે ત્યાં સુધી તો આ લાગેલા જ રહેવાના છે. તેથી આ ફળ ભગવાન પણ કાલાન્તરમાં જ સિદ્ધ કરશે, અત્યારે તો નહીં જ, એમ પણ વિચારવું નહિ. કારણ કે ભગવાન સર્વસમર્થ પણ છે અને સર્વત્ર અખિલ અર્થને કરનારા છે. તેથી ભક્તિરૂપ ફલદાન કરવામાં ભગવાનને આ જનમ કે આ જીવન કે આ દેહ-પ્રાણાદિ પણ નડતરરૂપ બની શકે તેમ નથી.

આના પ્રમાણમાં વેણુગીતના બે શ્લોકો સ્પષ્ટ છે. વેણુગીતમાં **‘धन्यास्तु मूढमतयोऽपि हरिण्य एताः’** તેમજ **‘गावश्च कृष्णमुखनिर्गतवेणुगीत’** આ બન્ને શ્લોકોમાં જ્ઞાનીઓ, તપસ્વીઓ, યોગીઓ, સિદ્ધો, બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ વગેરેને પણ જે પોતાના દ્વારા કરાયેલ જ્ઞાનાદિ સાધનોથી તેમને જે સિદ્ધિ મળે તેનાથી અનેક ગણી ઉચ્ચ અને તેવાઓને પણ તેમનાં સાધનોથી અપ્રાપ્ય એવી મહતી સિદ્ધિ મનુષ્યયોનિથી પણ હીન એવી પશુયોનિમાં જન્મેલા હરિણીઓ અને ગાયોને ભગવદનુગ્રહે તે જ પશુદેહમાં અને તે જ જીવનમાં પ્રાપ્ત થઈ એ દર્શાવે છે કે ભગવદ્વિષયમાં સ્વભાવ પણ બાધક બની શકે તેમ નથી. **‘गावश्च’** આની સુબોધિની ઉપર ટિપ્પણીજીમાં શ્રીપ્રભુચરણ લખે છે :- **‘मुखं वागधिपतिरित्यादि । अत्रायं भावः । पूर्वश्लोके देवस्त्रीणां मोह एवोक्तो वस्तुसामर्थ्यान्न तु रसपानमपि । गवां भगवदीयत्वाद् भगवत्सङ्गतत्वात् प्रियत्वाच्च रसपानमुच्यते । तत्र सुरस्त्रीणां यत्र तथात्वं तत्रैतासां पशुजातीयत्वेन तदसम्भावितमित्याशङ्का निरासाय नेदं साधारण्येन गानं किन्तु यथैतासामपि रसानुभवो भवति तथा सर्वसामग्रीप्रकटनपूर्वकमिति ज्ञापनायेति ।’** તેમજ આગળ **‘किञ्च वाच्यार्थाज्ञाने रसस्वरूपाज्ञानात् तत्कार्यासम्भव इति शङ्का कृष्णपदार्थोक्त्या निरस्ता । स्वरूपात्मकत्वादर्थस्य स्वत एव प्रकटत्वात् तज्ज्ञान-साधनानामनपेक्षणाद् बलत्वाच्च न पशुत्वादिकं प्रतिबन्धकमतः सर्वमवदातम् ।’** શ્રીસુબોધિનીજીમાં જ્યાં **‘मुखं वागधिपतिः’** લખ્યું ત્યાં શ્રીપ્રભુચરણ ખુલાસો આપતાં જણાવે છે કે અહીં આ મુજબ ભાવ છે. આના પહેલાના **‘कृष्णं निरीक्ष्यं’** એ શ્લોકોમાં વસ્તુ સામર્થ્યથી (વિચિત્ર ગીતોવાળા વેણુનાદથી) દેવસ્ત્રીઓને મોહ ઉત્પન્ન થયાનું જ કહેવાયું છે, પરન્તુ તેઓ રસપાન કરી શક્યા નથી. (આ શ્લોકમાં) ગાયોનું ભગવદીયપણું

હોવાથી, ભગવત્ સંગતપણું હોવાથી અને પ્રિયપણું હોવાથી ગાયો વડે રસપાન કહેવાય છે ત્યાં જ્યાં દેવસ્ત્રીઓને વેણુનાદ શ્રવણ કરી મોહ ઉત્પન્ન થયો પણ રસપાન કરી શક્યા નહીં ત્યાં આ ગાયો પશુજાતિની હોવાથી તેમના વડે રસપાન થવું અસંભવિત છે તેવી આશંકાના નિરાકરણાર્થે - ભગવાને વેણુ દ્વારા જે ગાન કર્યું છે તે સાધારણભાવથી નથી કર્યું કિન્તુ જે પ્રકારે આ ગાયોને પણ રસાનુભવ થાય તે પ્રકારે સર્વસામગ્રી પ્રકટ કરીને ગાન કર્યું છે તે જણાવવા માટે અત્ર ગાયો દ્વારા રસપાન કહ્યું છે. આથી આગળની પંક્તિઓમાં - વળી ગાયોને વાચ્યાર્થનું અજ્ઞાન હોતાં રસસ્વરૂપનું અજ્ઞાન હોવાથી ગાયો વડે રસપાન થવું અસંભવ છે એવી શંકા પણ કૃષ્ણ પદાર્થ કહેવા વડે નિરસ્ત થાય છે. અત્ર પ્રભુ શ્રીકૃષ્ણનું સાક્ષાત્ સ્વરૂપાત્મકપણું હોવાથી અને તેથી વાચ્યાર્થનું સ્વતઃ જ પ્રકટપણું હોવાથી તેમજ તે રસસ્વરૂપના જ્ઞાન થવા માટેનાં સાધનોની અપેક્ષા નહીં રહેતી હોવાથી તેમજ ભગવાનનો આ ગાયો પર પૂર્ણ અનુગ્રહ હોવાથી ગાયોનું પશુત્વ વગેરે અત્ર રસસ્વરૂપના જ્ઞાનમાં પ્રતિબન્ધક નથી તેથી આમાં કોઈ આપત્તિ રહેતી નથી આમ જણાવી શ્રીપ્રભુચરણ આગળ જણાવે છે કે - **‘अत्रैवं ज्ञेयम् । भगवत्सम्बन्ध्यर्थो न लौकिकेन्द्रियग्राह्यः किन्त्वलौकिकैरेव तैः प्रभुदित्सा च तत्र हेतुः । तथा च तयैव तावत्साधनसम्पत्तिर्भवतीति नानुपपत्तिः काचित् ।’** અહીં આ પ્રમાણે જાણવું. ભગવત્ સમ્બન્ધી અર્થ લૌકિક ઈન્દ્રિયો વડે ગ્રહણ થઈ શકતો નથી કિન્તુ અલૌકિક ઈન્દ્રિયો વડે જ ગ્રહણ થઈ શકે છે અને તે પણ શ્રીપ્રભુની ફલદાન કરવાની ઈચ્છા જ તેમાં હેતુ હોય છે (જો ભગવાનની ફલદિત્સા ન હોય તો આ શક્ય નથી). તેથી ભગવાનની તેવી ફલદિત્સાથી જ રસાનુભવ-રસપાન થઈ શકે તે મુજબની જીવને સાધનસમ્પત્તિ થાય છે. તેથી તે મુજબ ગાયો વડે રસાનુભવ-રસપાન થવું તેમાં કોઈ અસંગતિદોષ પ્રાપ્ત થતો નથી.

આ પ્રકારે શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ ભગવાનનું ભાગવત વેણુગીતોક્ત સ્વભાવ નિવર્તક સ્વરૂપનું રહસ્યોદ્‌ઘાટન કરે છે. ભગવાન શ્રૃંગાર રસાત્મક છે અને શ્રૃંગાર રસાત્મક ભગવાનનું રસપાન કરવામાં જ્યાં દેવસ્ત્રીઓનો પણ અનધિકાર બતાવ્યો છે ત્યાં હીનપશુયોનિમાં જન્મેલા અને મૂઢતાને વરેલા એવાં હરિણીઓ અને ગાયોને ભગવાને રસાત્મક પરમ ફલનું દાન કર્યું, ત્યાં એમની મૂઢતા, પશુતા, અજ્ઞાનતા વગેરે અતિતામસ દોષો જે એમના દેહાદિના સ્વભાવરૂપ હતા તેને પણ અવગણી તેવાઓમાં પણ જો ભગવાન અધિકાર સિદ્ધ કરી શકે છે તો શરણભાવે મનુજો રહે તો તેમને પ્રભુ ફલદાન કેમ નહીં કરશે ? કે નહીં કરી શકે ? યદ્યપિ શ્રીઆચાર્યચરણ જણાવે છે કે **‘जीवाः स्वभावतो दुष्टाः’** જીવ સ્વભાવથી દુષ્ટ છે અને તેથી તે સતત દોષોની પરમ્પરા સર્જતો રહે તેમાં કાંઈ નવાઈ નથી, પરન્તુ શ્રીપ્રભુચરણ જણાવે છે તેમ **‘बलिष्ठा अपि मद्दोषाः त्वत्कृपाग्रेऽतिदुर्बलाः’** પ્રભુ ! મારા દોષો અતિશય બલિષ્ઠ છે, તે બીજા કોઈ ઉપાયે તોડ્યે તૂટે તેમ નથી, તો પછી તેના નાશનું તો વિચારાય જ ક્યાંથી ? તેમ છતાં પણ મારા એ બલિષ્ઠ દોષો પણ આપના કૃપાબલ-અનુગ્રહબલ આગળ અતિશય તુચ્છ-દુર્બલ-બલહીન છે શ્રીઆચાર્યચરણ પણ યમુનાષ્ટક સ્તોત્રમાં શ્રીયમુનાજીના કૃપાબલનું સ્તવન કરતાં જણાવે છે - **‘ममास्तु तव सन्निधौ तनुनवत्वम्’** તેમજ **‘स्वभावविजयो भवेत्’** શ્રીયમુનાજીની કૃપાથી સ્વભાવ પર વિજય થાય છે, શ્રીયમુનાજીના શરણભાવે રહેવાથી ભગવત્સેવામાં ઉપયોગી, ભગવદ્રસાનુભવને કરી શકવા સમર્થ એવા દેહ-ઈન્દ્રિયાદિ આ દેહમાં જ પરાવર્તન પામી સિદ્ધ થાય છે, યમુનાષ્ટકમાં કહેવાયેલ સન્નિધિ શબ્દ મન-વચન-કર્મથી સતત શરણભાવે રહેવા રૂપ અન્તઃ સામ્મુખ્યને દ્યોતે છે.

આ પ્રકારે ભગવાન સ્વભાવ નિવર્તક હોવાથી તેમજ ભગવાન સિવાય બીજા કોઈથી આત્યન્તિક સ્વભાવ નિવર્તનપૂર્વક પરમ ફલોપયોગી ભાવ સમ્પત્તિ સિદ્ધ કરવું શક્ય ન હોવાથી માત્ર શ્રીકૃષ્ણના શરણભાવને દઢતાથી ધારણ કરી રહેવાથી દોષયુક્ત સ્વભાવ નિવૃત્ત થઈ જીવની સ્વતઃ

ભગવદ્ ભક્તિમાં પ્રવૃત્તિ થશે. તેથી સ્વભાવની ચિન્તા પણ ન કરવી અને સ્વભાવ નિવર્તન માટે ભગવાનના શરણથી ઈતર યોગાદિ વડે ઉદ્યમ પણ ન કરવો એમ શ્રીઆચાર્યચરણનું તાત્પર્ય **‘શરણે આવેલાઓનો સારી પેઠે ઉદ્ધાર કરનારા’** આ વાક્યથી સમજી શકાય છે. આ રીતે કૃષ્ણાશ્રયનો દસમો શ્લોક **‘सर्वसामर्थ्यसहितः’** થી કૃષ્ણાશ્રય માં પ્રયોજાયેલ કૃષ્ણ પદનું તાત્પર્ય સમજી શકાય છે કે સર્વ પ્રકારે એક માત્ર શ્રીકૃષ્ણ જ શરણે જવા યોગ્ય છે અને એકમાત્ર શ્રીકૃષ્ણના જ શરણભાવને ધારણ કરવાથી જીવ શ્રેષ્ઠતમ સિદ્ધિને હાંસલ કરી શકે છે, શ્રીકૃષ્ણ વિના તે કંઈ શક્ય નથી.

કૃષ્ણાશ્રયમાં પ્રયોજાયેલ આશ્રય પદનું તાત્પર્ય

આ પ્રકારે કૃષ્ણાશ્રયમાં પ્રયોજાયેલ **કૃષ્ણ** પદનું તાત્પર્ય વિચાર્યા પછીથી કૃષ્ણાશ્રય વાક્યમાં આવતા **આશ્રય** પદને વિચારતાં આ પદનું તાત્પર્ય કૃષ્ણાશ્રયના ૮ મા શ્લોકથી જાણાય છે. શ્રીઆચાર્યચરણ આઠમા શ્લોકમાં લખે છે - **‘प्राकृताः सकला देवाः .....’** સર્વદેવો પ્રાકૃત છે. અક્ષરબ્રહ્મના આનન્દની ગણના વેદમાં કરાઈ હોવાથી તે ગણિતાનન્દ છે, પરન્તુ શ્રીહરિ-શ્રીકૃષ્ણ એ અગણિતાનન્દ-પરમાનન્દ-પૂર્ણાનન્દ છે તેથી શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો.

ભૂત, પ્રેત, પિશાચ, રાક્ષસ વગેરે જે મલિન શક્તિઓ છે તેને ગીતામાં **‘प्रेतान् भूतगणांश्चान्ये यजन्ते तामसा जनाः’** (ગીતા. ૧૭-૪) અતિ મલિન-અતિ તામસી તરીકે કહેવાઈ છે અને તેવી શક્તિઓનો આશ્રય તામસી લોકો જ કરતા હોય છે અને એવા મલિન શક્તિઓનો આશ્રય કરીને મૂઠ, ચોટ, ઉચ્ચાટન, મારણ વગેરે અતિ હીન પ્રવૃત્તિઓમાં રત રહેનારા તામસી લોકોની ગીતામાં **‘जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः’** (ગી. ૧૪-૧૮) આવા લોકોની અધોગતિ થાય છે એમ જાણાયું છે. **‘तमोलयास्तु निरयम्’** (ભાગ.૧૧-૨૫-૨૨) એ ભાગવત વાક્ય સાથે સંગત રહી વિચારતાં અધોગતિ એટલે નીચેના સમ્બન્ધી રૌરવ-કુમ્ભીપાક વગેરે નરક લોકમાં તેમની ગતિ થાય છે. અથવા તો કીટ-પતંગ સૂકરાદિ મૂઢ-હીન યોનિને પ્રાપ્ત થાય છે. અતઃ આ શક્તિઓનો આધાર લેવાનું તો સ્વપ્નેય વિચારવું જીવનને જાણી-સમજીને દુઃખોની ઊંડી ખાઈમાં નાંખવા જેવું છે.

તેવી જ રીતે ગીતામાં **‘यक्षरक्षांसि राजसाः’** (ગીતા.૧૭-૪) યક્ષ-રાક્ષસ વગેરેનો આશ્રય કરી રહેનારાઓ રાજસ છે એમ કહ્યું છે. અહીં ગીતામાં યક્ષ-રાક્ષસો એમ કહ્યું છે ત્યાં ઈત્યાદિ એટલું વાક્ય શેષ સમજવું. કારણ કે સૂર્યાદિ નવગ્રહોનો આશ્રય તેમજ તેમનું યજન તેમજ બળિયા બાપજી, શીતળામાતા વગેરેનો આશ્રય તેમજ યજન પણ રાજસ પ્રકારમાં જ આવી જાય છે. કારણ કે રાજસોની ગતિ જ જ્યારે ગીતામાં જાણાવ્યા મુજબ **‘मध्ये तिष्ठन्ति राजसाः’** (ગીતા. ૧૪-૧૮) તથા **‘रजसि प्रलयं गत्वा कर्मसङ्गिषु जायते’** (ગીતા ૧૪-૧૫), તેમજ ભાગવતમાં જાણાવ્યા મુજબ **‘रजसान्तरचारिणः’** (ભાગ.૧૧-૨૫-૨૧) તથા **‘नरलोकं रजोलयाः’** (ભાગ.૧૧-૨૫-૨૨) રાજસી લોકોની ગતિ જ આ લોકથી બહાર ઉપર-નીચે નથી. તેથી તેવા રાજસો દ્વારા જે-તે દેવોનો, દેવીઓનો, ગ્રહોનો કે યક્ષાદિનો આશ્રય કે તેમનું યજન એ પણ માત્ર આ લોક સમ્બન્ધી જ ફળ સાધી શકે છે પણ તેથી શ્રેષ્ઠ નહીં. જેમકે શીતળામાતા-બળિયાબાપજી વગેરેનો આશ્રય-આધાર રાખવાથી તે દેવો માત્ર એટલું જ ફલદાન કરે છેકે તેઓ પ્રકોપ કરીને વ્યક્તિને રોગગ્રસ્ત કરતા નથી. અથવા તો તે દેવોના કોપથી રોગગ્રસ્ત થયેલો વ્યક્તિ રોગમુક્ત થાય છે. તેવી જ રીતે ભાગવત દશમસ્કન્ધમાં જાણાવ્યા અનુસાર યોગમાયા કે જેના ચંડિકા, ભદ્રકાલી, અંબિકા વગેરે અનેક નામો ભગવાન શ્રીકૃષ્ણનાં વરદાનથી જગતમાં પ્રસિદ્ધ થયેલાં છે અને શ્રીકૃષ્ણનાં વરદાનથી લોકો પોતાની લૌકિકી મનોકામનાઓની પૂર્તિ અર્થે ધૂપ-દીપ બલિ વગેરેથી પૂજા-અર્ચના કરે છે, આનું પણ ફળ માત્ર આ લોક સમ્બન્ધી જ થાય છે. જેમ કે યુદ્ધ માટેનું બળ, શ્રી લક્ષ્મીની પ્રાપ્તિ અર્થે **‘देवीं**

मायां तु श्रीकामः’ (ભાગ.૨-૩-૩), સુખી દામ્પત્યને અર્થે **‘दाम्पत्यार्थ उमां सतीम्’** (ભાગ.૨-૩-૭) આ બધાં ફળો માત્ર આ લોક સમ્બન્ધના જ છે અને આ મુજબ દેવીના વિવિધ પ્રકારોનો આશ્રય-આધાર માત્ર આટલું જ સાધી શકે છે, આથી વધુ નહીં. તેવી જ રીતે સૂર્ય, બુધ, શનિ વગેરે ગ્રહોનો આધાર રાખનારા લોકો પણ આ લોક સમ્બન્ધી જ ફલમાં પ્રવેશી શકે છે. ગ્રહો પારલૌકિક ફલ પણ સાધી શકતા નથી ત્યાં અપ્રાકૃત ફલની તો વાત જ ક્યાં થઇ શકે ? કોઇ પણ ગ્રહની આરાધના, પૂજા, મંત્રજપ કે તેનો આધાર રાખવાથી કોઇને પણ સ્વર્ગ લોકપ્રાપ્તિની સિદ્ધિ પણ શક્ય નથી.બલ્કે આ ગ્રહો પરલોકનું સાધન કર્મને પણ સાધી શકતા નથી. માત્ર તેઓ તો સદ્-અસદ્ કર્મમાં ઇન્દ્રિય-અન્તઃકરણ વગેરેને પ્રેરી શકે છે પણ માત્ર પ્રેરવાથી કર્મ સધાઇ જતું નથી. કર્મની પૂર્ણતા માટે બીજું પણ ઘણું અપેક્ષિત રહે છે. જ્યોતિષ શાસ્ત્રના આધારે જે-તે ગ્રહોનું ફલ કહેનારા કેટલાક લોકોના જણાવ્યા અનુસાર બારમા ભાવમાં રહેલો કેતુ ગ્રહ મોક્ષકારક છે. અહીં એ વિચારવાનું છે કે શું કેતુ ગ્રહ જે છાયાગ્રહ છે તે પોતે જાતકને મોક્ષ પ્રદાન કરે છે ? ત્યારે જ્યોતિષ શાસ્ત્રમાં કહ્યા અનુસાર જે જાતકના બારમા ભાવમાં કેતુ રહેલો હોય તે જાતકના જીવનમાં એવા પ્રસંગોની શૃંખલા સર્જાતી હોય છે કે જેથી પરિણામે એનું મન સંસારથી-સાંસારિક લોકોથી વિરક્ત થઇ જાય છે. આ વિરક્તિ થઇ જો એ ઇશ્વરાભિમુખ બને તો ઇશ્વર ચિન્તનના પ્રભાવે તે મોક્ષને પામી શકે છે. આમાં મોક્ષનું કારકત્વ તો ઇશ્વર ચિન્તનમાં જ છે, પરન્તુ કેતુ તેવા ચિન્તનને યોગ્ય વિરક્તિ થાય તેવા જીવનના પ્રસંગો પ્રાપ્ત કરાવે છે. પણ દરેક લોકો કંઇ જીવનના પ્રસંગોથી વિરક્ત થઇ ભર્તૃહરિ બની જતા નથી કે પછી દરેક લોકોને સાંસારિકોના મેણાં નરસિંહ મહેતા બનાવી દેતા નથી. હાર્યો જુગારી બમણું રમે તેમ પ્રાયઃ કરીને આવી સ્થિતિમાં લોકો વધુ હીનવૃત્તિઓ અને આચરણવાળા થતા જોવામાં આવે છે અને પરિણામે પોતાનો સર્વનાશ સાધતા હોય છે. જે જાતકને પરિવ્રાજક યોગ પ્રાપ્ત થતો હોય તેવા લોકો પણ સંન્યાસી બનીને મુક્તિ જ મેળવશે તેવો કોઇ નિશ્ચય નથી. કારણ કે **‘अन्ते या मतिः सा गतिः’** એ ન્યાયે અન્ત સમયે ભગવત્સ્મરણ થશે કે અન્ય સ્મરણ તે કહી શકાય તેમ નથી. મહારાજા ભરત વિરજ્યા કરી વનમાં રહ્યા તોએ ત્યાં હરણના બચ્ચાના સંગમાં અન્તકાળે ભગવદ્ વિસ્મરણ થયું હરણનાં બચ્ચાની ચિન્તા થઇ અને પરિણામે બીજો જન્મ હરણયોનિમાં થયો. તેવી જ રીતે રાહુ-કેતુ એ બે છાયા ગ્રહો છોડતાં બાકીના સાતમાંથી સૂર્ય-ચન્દ્ર બેને બાદ કરતાં બાકીના પાંચ ગ્રહો એ બાર રાશિઓ પૈકી બબ્બે રાશિઓના અધિપતિ છે, અતઃ જન્મ લગ્ન કે નવમાંશમાં પણ તેઓ બબ્બે ભાવના અધિપતિ થાય છે અને તેમની-બે ગ્રહો વચ્ચેની યુતિ કે પ્રતિયુતિ કે પરાવર્તન યોગ એ ક્યારે કયા ભાવનું ફળ આપશે તેનો નિશ્ચય જ્યોતિષ શાસ્ત્રના કોઇ પણ ગ્રન્થમાં સ્પષ્ટપણે જોવા મળતો નથી. ઉપરાંત દરેક ભાવોમાં ગ્રહોની દ્વિરૂપતા પણ શાસ્ત્રમાં સ્વીકારાયેલી છે જેમાં દંડનો એક છોર શુભ છે તો તેનો બીજો છોર અશુભ પણ છે. જેમ છઠ્ઠા ભાવમાં સૂર્યની સ્થિતિ ખૂબ જ સારી મનાઇ છે અને તે છઠ્ઠા ભાવમાં શત્રુનાશક હોય છે. પરન્તુ છઠ્ઠા ભાવમાં સૂર્ય શત્રુવૃદ્ધિ કરીને શત્રુનાશ કરે છે. જેમ કોઇ જાતકના જન્મલગ્નમાં રાજયોગ પ્રબળ બનતો હોય ત્યારે તે સમ્પત્તિનો એકચક્રી અધિપતિ બને છે, પરન્તુ એ જ યોગ પિતા-પિતામહ વગેરે છત્રનો પણ નાશ કરે છે. જ્યારે કોઇ જાતકના જન્મલગ્નમાં ઘડિયાળમાં ઊંધા કાંટે રાહુ-કેતુ વચ્ચે બધા ગ્રહો આવી જતા હોય તેને કાલસર્પ યોગ કહે છે. આ યોગ જેના જન્મલગ્નમાં સિદ્ધ થતો હોય તે વ્યક્તિ હંમેશા મનમાં ચિન્તા-ભારનો અનુભવ કરે છે. આ યોગ ભારતના ભૂતપૂર્વ અને પ્રથમ પ્રધાનમંત્રી શ્રીનહેરુજીને પ્રાપ્ત હતો. તેઓએ આખા દેશની ચિન્તામાં અને ભારમાં દીર્ઘકાલ વ્યતીત કર્યો. તો આવો ભાર કોને ન ગમે ? ત્યારે ગ્રહો માત્ર મનને ભારી રાખે પણ શેનાથી એ તો આ ગ્રહોને પણ વશમાં રાખનાર-તેનું નિયંત્રાણ કરનાર પરમેશ્વર જ નક્કી કરે છે. અતઃ આ સૂર્યાદિ ગ્રહોનો આધાર રાખવાથી-માનવાથી કે તે અનુસાર વર્તવાથી કોઇ વિશેષ થઇ શકતું નથી. આ પ્રકારે તામસોનો કરાયેલો આશ્રય પણ તામસ જ છે, તેમ રાજસોનો કરાયેલો આશ્રય એ રાજસ જ છે અને તેનું પરિણામ વિનાશથી ઇતર કંઇ નથી.

આ જ પ્રકારે આ રાજસ અને તામસ આશ્રયો ઉપરાન્ત ગીતામાં જેને **‘यजन्ते सात्त्विका देवान्’** (ગીતા. ૧૭-૪) તેમજ ભાગવતમાં **‘रजःसत्त्वतमोनिष्ठा रजःसत्त्वतमोजुषः । उपासत इन्द्रमुख्यान् देवादीन् न तथैव माम् ॥’** (ભાગ.૧૧-૨૧-૩૨) આ બન્ને વાક્યો વડે એમ જાણી શકાય છે કે બ્રહ્મા, ઇન્દ્ર, આદિત્ય આદિ દેવો પણ સાત્ત્વિક એટલે કે સત્ત્વપ્રધાન છે. સત્ત્વપ્રધાન એટલે કે જે દેવો સાત્ત્વિક કહેવાયા છે તેનો અર્થ એ નથી કે તેઓ રજોગુણ તથા તમોગુણથી સર્વથા રહિત ભેળસેળ વિનાના સાત્ત્વિક છે. સ્વયં શ્રીકૃષ્ણ જ આ બાબતમાં અતિ સ્પષ્ટતાથી જણાવે છે કેઃ-

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।

(ગીતા.૭-૧૩)

આ સમ્પૂર્ણ જગત પ્રકૃતિના ત્રણ ગુણો વડે મોહિત થયેલું છે. અહીં સર્વ શબ્દ સાધારણ પ્રકારે કહ્યો હોવાથી સત્યલોકથી પાતાળ પર્યન્ત સમ્પૂર્ણ જગત ત્રિગુણાત્મક છે એમ સમજી શકાય છે. નીચેના લોકો તથા તત્રસ્થિત દેવો તમોગુણ પ્રધાન છે, પૃથ્વીલોક અને તેના સમ્બન્ધી દેવો રજોગુણ પ્રધાન છે અને ઉપરના તરફના લોકો અને તત્રસ્થિત દેવો સત્ત્વગુણ પ્રધાન છે. એટલે કે તે-તે લોક અને તે-તે દેવો તેમાં સત્ત્વ, રજ કે તમ વિશેષ કરીને છે પણ તેમ છતાં પણ ગૌણભાવે તો બાકીના બે રહે જ છે. અને તેથી જ ગીતામાં :-

न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ।
सत्त्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्त्रिभिर्गुणैः ॥

(ગીતા. ૧૮-૪૦)

આ ગીતાવાક્ય મુજબ **‘दिवि’** અને **‘देवेषु’** આ બે પદ પ્રયોગથી સ્વર્ગ એટલે માત્ર ઉપરનો ત્રીજો લોક નહીં પરન્તુ ઉપરના સાતમા સત્યલોક

પર્યન્ત સર્વ ત્રિગુણાત્મક છે. તેથી જ પાંચમા યા છઠ્ઠા લોકમાં, જનલોક યા તપોલોકમાં સ્થિત સદાશિવ એ તમોગુણાવતાર છે અને સાતમા સત્યલોકમાં સ્થિત બ્રહ્મા એ રજોગુણાવતાર છે. જો સત્યલોક અને સત્યલોકસ્થિતોમાં રજોગુણનો અભાવ હોતે તો સત્યલોકથી જીવોની પુનરાવૃત્તિ ગીતામાં કેમ કહેવાતે ? ગીતાકાર કહે છે **‘आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन’** (ગીતા. ૮-૧૬) એટલું જ નહીં શાસ્ત્રોમાં બ્રહ્માજીના આયુષ્યનું પણ નિર્દ્ધારણ થયેલું જોવામાં આવે છે. ભાગવતમાં કહ્યું છે :-

एवंविधैरहोरात्रैः कालगत्योपलक्षितैः ।
अपक्षितमिवास्यापि परमायुर्वयः शतम् ॥
यदर्धमायुषस्तस्य परार्धमभिधीयते ।
पूर्वः परार्धोऽपक्रान्तो ह्यपरोऽद्य प्रवर्तते ॥

(ભાગ.૩-૧૧-૩૨,૩૩)

આ પ્રકારે બ્રહ્મા પણ શતાયુ હોઈ કાલાન્તર્ગત છે. જે કંઈ પણ પ્રાકૃત છે તે સર્વ કાલાન્તર્ગત-કાલને આધીન છે અને જે સ્વયં કાલને પરાધીન હોય, જે સ્વયં કાલના ઈશારે નાચતો હોય તે બીજાનો શો આધાર બનશે ? તેમજ તેવાઓ જેના આધાર-આશય છે તે આધાર-આશ્રય રાખનારાઓની દશા પણ શી થશે ? જે કાલમાં દશા થવી જોઈએ તે જ થશે. તેથી આ સર્વ દેવો પણ વસ્તુતઃ-વાસ્તવમાં આધાર-આશ્રય નથી, પણ તેઓ પણ અક્ષરના જ આશ્રયે આધારે છે. જે બીજા પર અવલંબિત હોય તે આધાર મજબૂત-બલિષ્ઠ હોતો નથી તેમજ તેવો આશ્રય કરેલો હોય તે ચાહીને પણ બીજા પર આધારિત હોવાથી તે જેના આશ્રિત છે તેને જ આધીન થઈ તેણે રહેવું પડશે. અતઃ તે આશ્રય બનીને પણ આપણી જે પણ સારી-નરસી ઊંચી-નીચી દશા થવાની છે તે તો પૂર્વાશ્રયને જ આધીન રહેવાની છે. આ રીતે કોઈ ભલે માને તો પણ આ બધા દેવો એ વાસ્તવમાં આશ્રય છે જ નહીં. આ દેવો તો માત્ર પારમ્પરિક

આશ્રયમાં વિભાગમાત્ર બનેલા છે. જેમ હીંચકો દેખીતી રીતે પૃથ્વીથી અદ્ધર દેખાય છે તેમ છતાં પણ તે પૃથ્વીના આશ્રયે જ સ્થિર છે તેથી હીંચકાનો આશ્રય એની સાંકળો, મોભ વગેરે નથી. હિંચકો જો સીધો પૃથ્વીના આશ્રયે રહે તો એનો ઉપયોગ હિંદોલન થવામાં થઇ શકે નહીં તેથી પરમ્પરાથી તે પૃથ્વીના આશ્રયે રહે છે. એવી જ રીતે પ્રકૃતિના સત્ત્વ, રજ, તમ એ ત્રણ ગુણો પણ જે કાલકૃત ક્ષોભથી સક્રિય બન્યા છે તે સર્વેશ્વરની સૃષ્ટિક્રમની ઇચ્છાથી થયેલા છે, અતઃ સૃષ્ટિક્રમને પ્રવાહિત રાખવા માટે -ત્રણે ગુણોનાં કાર્યો થતાં રહે તે હેતુથી ભગવાનની વિભૂતિરૂપે આ દેવો પારમ્પરિક આશ્રયમાં સાધન બનેલા છે. પુત્રેષણા, વિત્તેષણા, દારેષણા વગેરે ત્રિગુણાત્મક અને તેમાં પણ ખાસ કરીને રજોગુણ-તમોગુણથી વ્યાપ્ત અન્તઃકરણનો જ વિષય છે. આની પૂર્તિ તે દેવો વડે થાય છે અને તે પણ ગીતામાં જણાવ્યા અનુસાર ભગવાન દ્વારા જ થાય છે :-

कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यन्तेऽन्यदेवताः ।
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ॥
यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥
स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभते च ततः कामान् मयैव विहितान् हि तान् ॥
अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।
देवान्देवयजो यान्ति मद् भक्ता यान्ति मामपि ॥

(ગીતા. ૭-૨૦થી ૨૩)

આ પ્રકરણમાં શ્રીકૃષ્ણના જણાવ્યા અનુસાર સાત્ત્વિક, રાજસ, તામસ સ્વભાવવાળા જીવોની તેમના સ્વભાવાનુકૂલ દેવોમાં ભગવાન જ તેમની શ્રદ્ધાને સ્થિર કરે છે તેમજ તે લોકો તે-તે દેવોના આશ્રયે-તેમની આરાધના-ચિન્તન વડે જે સ્વમનોનુકૂલ ફળ ઉપલબ્ધ કરે છે તે પણ ભગવાન દ્વારા જ વિધાન કરાયેલા અને ભગવાનની સમ્પત્તિમાંથી જ ઉપલબ્ધ કરે છે. આ પ્રકારે કામનાઓથી જેમનું વાસ્તવિક જ્ઞાન નષ્ટ થયેલું છે તેવા અલ્પમેધાવાળા એટલે કે નશ્વર અલ્પક્ષુદ્રમાં જ જેની મેધા-બુદ્ધિ છે તેવા ટૂંકી બુદ્ધિવાળાઓ જ અપહૃતજ્ઞાનવાળા થઇને પોતાની પરમેશ્વર દ્વારા નિયત થયેલી પ્રકૃતિ અનુસાર આ દેવોનું યજન કરતા હોય છે અને તેવા તેમના યજન-આશ્રયાદિનું ફલ પણ અન્તવાળું જ થાય છે. જે લોકો મારા આશ્રયે રહી મને ભજે છે તે લોકોને હું અન્તરહિત એવો તેમનો આશ્રય હોવાથી તેનું ફળ પણ અન્તરહિત અનન્ત થાય છે.

આ પ્રમાણે આ સર્વ દેવો જેની વેદમાં સ્તુતિ કરવામાં આવી છે તે તેમના શક્તિ-સામર્થ્યને બિરદાવવા માટેની નથી કે પછી તેઓ શક્તિમાન-સામર્થ્યવાન છે તેથી કરવામાં નથી આવી, પરન્તુ તે દેવો વાસ્તવમાં પરમેશ્વરની વિભૂતિઓ છે અને તેમના શક્તિ, સામર્થ્ય, સમ્પદા વગેરે સર્વ ભગવાનના જ છે એમ કરીને પરોક્ષવાદથી ભગવાનનું જ સ્તવન વેદોમાં થયેલું છે. અતઃ ખરેખર આ સર્વ દેવો આશ્રય છે જ નહીં તે દર્શાવવા શ્રીઆચાર્યચરણ **'સર્વ દેવો પ્રાકૃત છે'** એમ જણાવે છે.

ભગવાનની દશવિધ લીલા પૈકી દશમી લીલા આશ્રયલીલા કહેવાઇ છે ત્યાં આશ્રય પદાર્થને સમજાવતાં ભાગવતજી કહે છે :-

आभासश्च निरोधश्च यतश्चाध्यवसीयते ।
स आश्रयः परं ब्रह्म परमात्मेति शब्द्यते ॥

(ભાગ. ૨-૧૦-૭)

જેનાથી ઉત્પત્તિ અને પ્રલય થાય તેમજ આ બન્ને સહિત આ બન્નેનાં અન્તર્ભાવી વૃદ્ધિ, વિપરિમાણ, ક્ષય વગેરે વિકારો જેનાથી પ્રકાશે છે, જેને

વેદમાં પરબ્રહ્મ અને ગીતામાં પરમાત્મા નામથી કહેવામાં આવે છે તે જ અહીં આશ્રય-તેને જ આશ્રય, પરબ્રહ્મ, પરમાત્મા કહેવામાં આવે છે. આમ ભાગવતના દૃષ્ટિકોણથી વાસ્તવિક અર્થમાં ભગવાન જ આશ્રય છે. આ જ વાત આપણને તૈત્તિરીય ઉપનિષદ્‌માં શ્રુતિવાક્યોથી જાણવા મળે છે કે :-

तं होवाच यतो वा इमानि भूतानि जायन्ते, येन जातानि ।
जीवन्ति यत्प्रयन्त्यभिसंविशन्ति तद् विजिज्ञासस्व तद् ब्रह्मेति ॥
(તૈ.ઉપ.ભૃગુ. પ્ર.૧)

અર્થાત્ - જેના થકી આ સર્વ ભૂતો ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયેલાઓ જેના વડે જીવે છે અને જેમાં પ્રવેશે છે, તે બ્રહ્મ છે, તેને તું વિચાર, તેની તું જિજ્ઞાસા કર, આ રીતે આ શ્રુતિ પણ જેનાથી ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય છે તે બ્રહ્મ છે અને તે જ વાસ્તવમાં વિચારવાનો કે અનુભવનો વિષય છે એમ દર્શાવે છે. જે બીજાના અકુંશમાં હોય, જે બીજાથી પ્રેરિત થતો હોય, જે બીજાથી શક્તિ ધરાવતો હોય તે આશ્રય કહેવાતો નથી. ધારો કે કોઈ પોતાના પરિચિત સૈનિકનો આધાર રાખી પોતાને સુરક્ષિત સમજે, પણ જ્યાં ઉપરથી હુકમ આવ્યો તે જ ઘડીએ પેલા સૈનિકે તો ઉપરીના આદેશ મુજબ તે સ્થળે ચાલ્યા જ જવું પડે, ત્યારે પેલો ચાલ્યો જાય પછી આનો આધાર રાખનારની શી દશા થાય ? ધારો કે કોઈ નિર્ધન વ્યક્તિ પોતાના સુપરિચિત શ્રીમન્ત મિત્ર યા સમ્બન્ધીનો ભરોસો રાખે કે પંદર દિવસ પછી છોકરીનાં લગ્ન છે તો તેનાથી પૈસાની વ્યવસ્થા કરી લઈશ પણ તે શ્રીમન્ત પંદર દિવસ પછી જીવતો જ રહેશે કે કેમ કે પછી પંદર દિવસ સુધી તે શ્રીમન્ત જ રહેશે કે રંક બની જશે તે કંઈ નક્કી છે ખરું ? કોઈ બેન્કના કારકુન સાથે સારાસારી હોય અને ગીરવે મૂકેલું મકાન એક મહિનામાં છોડાવવામાં ન આવે તો લીલામ થઈ જાય તેવી સ્થિતિમાં બેન્કના કારકુન સાથે સારાસારી છે એમ વિચારી સર્વથા નિશ્ચિન્ત બની રહેવું ? કે કોઈ અન્ય ઉદ્યમ કરવો ? કારકુનની જગ્યાએ મેનેજર હોય અને તે આશ્વાસન આપે કે ચિન્તા નહીં કરતા, તમે લોન માટેની અરજી કરી દો, પછી હું મારા પ્રયત્ન કરી આપીશ. ત્યારે પણ જો મેનેજરની ઉપરી સત્તા સાથે સારાસારી હોય અને ત્યાં એની લાગવગ પહોંચતી હોય તો જ તેનાં આશ્વાસનમાં બળ કહી શકાય છે, નહીંતર નહીં. ત્યારે આ દેવતાઓની તેવી ભરોસાપાત્ર લાગવગ ભગવાનને ત્યાં ચાલતી હોય તેવું ક્યાંય શાસ્ત્રોમાં જોવા મળતું નથી. બ્રહ્માજી સહિત બધા દેવો દૈત્યોથી ત્રાસી ભગવાનને પ્રાર્થના કરવા ગયા ક્ષીરસાગર પર પણ ભગવાને તેમને પ્રત્યક્ષ મુલાકાત ન આપી આકાશવાણીથી જ ઉત્તર આપી રવાના કરી દીધા. આવી જેમની ઉપરી સત્તા પાસે લાગવગ હોય તે કેવી રીતે બીજાના વિશ્વસનીય આધાર-આશ્રય બની શકે ? આ રીતે જે અન્યથી નિયન્ત્રિત ન હોય, એવા નિરંકુશ જ વાસ્તવમાં આશ્રય છે તે નિરંકુશ આશ્રય પદાર્થ તૈત્તિરીય શ્રુતિથી જાણી શકાય છે કે **‘तद् विजिज्ञासस्व तद् ब्रह्म’**

આ પ્રકારે વિચારતાં જે સર્વની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય રૂપ આશ્રય છે, જેના થકી સર્વની ઉત્પત્તિ, જેના વડે સર્વની સ્થિતિ અને જેમાં સર્વનો અભિનિવેશ છે તે બ્રહ્મ છે અને તે વિચાર વિષય છે તે આશ્રય છે. એમ કહેતાં આ વાત અક્ષરમાં પણ ઘટિત થાય છે અતઃ એવો પણ અર્થ થઈ શકે છે કે અક્ષર જ આશ્રય છે અને તેથી તે જ આશ્રયણીય છે. ઉપરાન્ત જે પુરુષોત્તમ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન છે તેમના પણ આધાર-આશ્રયરૂપમાં અક્ષર છે તેમ ભાગવતાદિ શાસ્ત્રમાં કહેવાયું છે અને તેથી જ તે ભગવાનના ચરણ યા ધામરૂપમાં વર્ણિત છે **‘विष्णोर्यत् परमं पदम्’** **‘तद्विष्णोः परमं पदम्’** **‘तद्धाम परमं मम’** **‘सर्वे वेदा यत्पदमामनन्ति’** વગેરે અનેક વાક્યો આ સન્દર્ભના ઉપલબ્ધ છે. તેમજ ઉપનિષદોમાં પણ અનેક સ્થળોએ અક્ષરોપાસના કહેવાઈ છે તેથી અક્ષર જ આશ્રય છે અને તે જ આશ્રયણીય છે એવો સન્દેહ ન થાય તેથી શ્રીઆચાર્યચરણ સર્વ દેવોની પ્રાકૃતતા દર્શાવી આગળ જણાવે છે - **‘गणितानन्दकं बृहत्’** અક્ષર બ્રહ્મ એ ગણિતાનન્દ છે.

એ વાત સાચી કે જડ-ચેતન સમસ્ત જગતનો આશ્રય એ અક્ષર છે. તેથી જ પુષ્ટિસિદ્ધાન્તમાં પણ **‘जीवा अणवः अक्षरात्मकाः’** સર્વ જીવો અણુ અને અક્ષરાત્મક છે એમ કહેવાયું છે. સૃષ્ટિની ઈચ્છાવાળા ભગવાને જ આનન્દના સંકોચ વડે સૃષ્ટિને અર્થે ઉપયુક્ત પોતાનું અક્ષરરૂપ પ્રકટ કર્યું જે સચ્ચિદાનન્દરૂપ હતું. એમાં ચિદ્-આનંદ અંશનું તિરોધાન કરી જડ જગત પ્રકટ કર્યું. સદ્-ચિદ્ કાયમ રાખી માત્ર આનન્દાંશનું તિરોધાન કરી ચેતનો પ્રકટ કર્યાં અને ત્રણે અંશો પ્રકટ રાખી અન્તર્યામી પ્રકટ કર્યા. આમ ભગવાને સૃષ્ટિની ઈચ્છાથી આનન્દ સંકોચ વડે જે રૂપ પ્રકટ કર્યું તેને અક્ષર પુરુષ તરીકે ઓળખવામાં આવે છે. આમાં આનન્દના સંકોચને કારણે ગણિતાનન્દ ચિન્મય કિંવા વિજ્ઞાનમય અક્ષર એના પણ નિયામક સ્વયં પરમાનન્દ છે. તેથી અન્ય સર્વના નિયન્તા હોવાથી અક્ષર એ સર્વેશ્વર છે, પરન્તુ પરમાનન્દ ભગવાન એ અક્ષરના પણ નિયામક હોવાથી સર્વેશ્વરેશ્વર છે. પરમાનન્દ ભગવાનના આ નિરંકુશ ઈશ્વરત્વને દર્શાવવા માટે જ તૈત્તિરીય ઉપનિષદ્‌ના દ્વિતીય બ્રહ્મવિદ્ પ્રપાઠકમાં માનુષાનન્દથી અક્ષરબ્રહ્મ પર્યન્તની આનન્દ ગણના કરવામાં આવી છે. ખરેખર નિયંત્રણ કરવું અને નિર્માણ કરવું એ આનન્દનાં જ કાર્યો છે. સદ્ અને ચિદ્ આનન્દ વિના આ બન્ને કાર્યો કરી શકતાં નથી. અતઃ ઈશ્વર પદ વાસ્તવમાં પરમાનન્દ માટેનો જ છે. તેમ છતાં પણ જડ-ચેતન જગતમાં આ બે કાર્યો થતાં જોવામાં આવે છે તે જે કોઈ પણ પ્રકારે આનન્દની સ્થિતિ વડે જ છે જેમ પ્રાણીમાં મુખ્ય પ્રેરક-નિયામક આનન્દાંશ અન્તર્યામી છે. જેને ગીતામાં :-

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन् सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥

(ગીતા. ૧૮-૬૧)

એમ અન્તર્યામી વડે ભૂતમાત્રનું સંચાલન જણાવાયું છે. તેવી જ રીતે

ગીતાના દશમા અધ્યાયમાં તથા શ્રીભાગવતના એકાદશ સ્કન્ધના પચીસમા અધ્યાયમાં જે વિભૂતિઓ કહેવાયેલી છે તે સર્વ વિભૂતિઓનું વિભૂતિત્વ અથવા તો તેમનું વૈશિષ્ટ્ય કે વિશેષ શક્તિ-સામર્થ્ય છે તે વાસ્તવમાં આનન્દના વિશેષ ભવનથી છે એ વાત તૈત્તિરીયની આનન્દ ગણનાથી જાણી શકાય છે. આ પૃથ્વીતલ પર યાવત્ પ્રાપ્ય સુખસાધનોથી સમ્પન્ન મનુષ્યના મનમાં જે સુખ પ્રકટ થાય છે તે એક માનુષાનન્દ છે. એટલે કે મનુષ્યોના મનમાં ભગવાને જે આનન્દ સ્થાપ્યો છે તેમાં માનવીય પરિધિમાં ચરમબિન્દુએ જે આનન્દ થઈ શકે છે તેને શ્રુતિ એક માનુષાનન્દ નામે આલેખે છે. **‘स एको मानुष आनन्दः’** આ શ્રુતિમાં મનુષ્યથી આનન્દની ગણના આરંભ કરી છે તેથી જેનો આ ગણનામાં ઉલ્લેખ નથી તેઓ આનન્દ વિહોણા છે એમ નથી, પરન્તુ અન્ય સર્વ પ્રાણી માત્રનો એક માનુષાનન્દથી ઉતરતી કક્ષાએ આનન્દ સમજવાનો છે. જો એમ ન થાય તો મયૂર શા માટે નાચે, કોયલ શા માટે ટહૂકે, ભ્રમર શા માટે ગુંજે, શા માટે દરેક પશુ-પક્ષીઓ નર-માદા એક બીજા તરફ ક્રીડાર્થ આકર્ષાય, આ બધું જ આનન્દ થકી છે. તેથી વિષયાનન્દ અને બ્રહ્માનન્દ એ બન્ને વચ્ચે સગપણ છે, પરન્તુ એ સગપણ અતિ દૂરનું છે, એ કેટલા દૂરનો સમ્બન્ધી છે એ આ આનન્દ મીમાંસાથી જાણી શકાય છે. પણ માનુષાનન્દથી બ્રહ્માનન્દ પર્યન્ત એક જ આનન્દ શતગુણ-શતગુણ-શતગુણ પ્રકારે કહ્યો છે એટલે કે જે મનુષ્ય સમ્બન્ધી આનન્દ છે તે જ આનન્દ તેનાથી અનેકગણો તે અક્ષરનો આનન્દ છે. અતઃ વિષયાનન્દ-બ્રહ્માનન્દ વચ્ચે પણ અતિદૂરે સગપણ છે, ધર્મશાસ્ત્રની ભાષામાં કહીએ તો બન્ને વચ્ચે સગોત્ર સમ્બન્ધ છે. અથવા વિષયાનન્દ એટલે પંકજ અને બ્રહ્માનન્દ એટલે સરસિજ. વિષય એ પંક-કાદવ છે અને આનન્દ એ કમલ છે, ત્યાં નિર્મલ સરોવર બ્રહ્મરૂપ જ્ઞાન છે અને આનન્દ એ કમલ છે. વિષયાનન્દનું હેયપણું જે શાસ્ત્રોમાં કહેવાયું છે તે એના અતિશય તુચ્છપણાથી કહેવાયું છે. જેમ સખત કડકડતી ઠંડીમાં રાત્રીના સમયે ઝીરોવોલ્ટનો બલ્બ એ ઠંડીના દુઃખને દૂર કરવા સક્ષમ નથી હોતો, પણ જો હજાર વોલ્ટનો બલ્બ બાજુમાં ચાલુ કરવામાં આવે તો તે રાહત

આપે છે, તેમ વિષયો સમ્બન્ધી જે આનન્દ છે એ ઝીરોવોલ્ટના બલ્બ જેવો છે, બલ્કે વિષયો એ ઝીરોવોલ્ટ બલ્બ જેવાં પ્રકાશ સાધનો છે જે એ એટલી માત્રામાં જ આનન્દરૂપ પ્રકાશને ગ્રહણ કરી શકે છે અને જો તેથી વધુ જરા પણ આનન્દરૂપ પ્રકાશ પ્રવેશે તો તે ફ્યુઝ થઈ જાય છે. આ જ પ્રાણીમાત્ર સહિત મનુષ્યના મન સમ્બન્ધી વિરતિ છે. એક અતિક્ષુદ્ર નિશ્ચિત અવધિમાં જ મનુષ્ય સુખ અનુભવી શકે છે, ત્યારબાદ તો તેણે સુખ પણ સહન જ કરવું પડે છે અને જ્યાં તે સહનશક્તિનો પણ અન્ત આવે છે ત્યાં વિરતિ થાય છે. એનો આ સુખાનુભવ એટલો બધો અતિશય ક્ષુદ્ર છે જે એના અવિદ્યાજન્ય દુઃખોમાં ઉપાયરૂપ યા દુઃખોનો નાશ કરવા અસમર્થ છે તે દષ્ટિથી જ શાસ્ત્રોમાં વિષયાનન્દનું હેયપણું બતાવ્યું છે. અતિશય ક્ષુધાર્તને એક મગનો દાણો અને અતિશય તૃષાર્તને જલનું નાનું એક બિન્દુ સમાન અવિદ્યાજન્ય દુઃખોથી આર્ત પ્રાણીઓ માટે વિષયાનન્દ છે.

આ પ્રકારે પ્રકૃતિના ક્ષેત્રમાં પણ સમ્પૂર્ણ લોક પ્રવર્તન આનન્દ થકી જ છે. અતઃ અક્ષર વડે પણ જે જડ-ચેતન જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય થાય છે તેમાં પણ કર્તૃત્વ તો આનન્દ થકી જ છે. એ આનન્દનું જ સર્વ નિયામકપણું અને આનન્દમાં જ સર્વનું સ્વામિત્વ દર્શાવવા માટે માનુષાનન્દથી બ્રહ્માનન્દ પર્યન્તની આનન્દ ગણના ઉપનિષદકાર કરે છે. આ જ વાતને ઉપનિષદ રજૂ કરે છે કે **‘को ह्येवान्यात् कः प्राण्यात् यदेष आकाश आनन्दो न स्यात् ।’ ‘एष ह्येवानन्दयातीति’** આ પ્રકારે અક્ષર એ જગતનો આશ્રય પણ તે આનન્દ થકી છે, તેમજ જગતના આશ્રયરૂપ અક્ષરમાં જે આનન્દની ઊણપ બતાવી છે તે પરમાનન્દને આધીનપણું દર્શાવે છે. તેથી જ અક્ષરનો જ એક ભેદ કાલ એ પણ ભગવાનને આધીન રહી સેવકભાવે ડરીને સર્વ કાર્ય કરે છે જેને આ જ તૈત્તિરીય ઉપનિષદમાં **‘भीषास्माद्वातः पवते भीषोदेति सूर्यः । भीषास्मादग्निश्चेन्द्रश्च मृत्युर्धावति पंचमः’** આ જ કાલસ્વરૂપ ગરુડજી ભગવાનના સેવક છે, આ જ અક્ષરાત્મક શ્રીલક્ષ્મીજી

શ્રીનારાયણની સેવા કરે છે, આ જ અક્ષરાત્મક શ્રીશેષનારાયણ શૈયા બનીને શ્રીનારાયણની સેવા કરે છે. આમ અક્ષર પણ ભગવાનના જ આધારે-ભગવાનના આશ્રયે-ભગવાન થકી છે.

રહી વાત વેદાદિ શાસ્ત્રોમાં ભગવાનના ધામ પ્રકારે વૈકુંઠાદિરૂપો બાબત યા ભગવાનના ચરણારવિન્દરૂપ અંગ છે તે બાબત તો ભગવાનનો સમ્પૂર્ણ નખશિખાન્ત શ્રીવિગ્રહ આનન્દમય છે એમ **‘आनन्दमात्रकरपाद-मुखोदरादि’** વગેરે વાક્યોથી જાણી શકાય છે. અતઃ ભગવાનના આધારરૂપ બનેલાં બન્ને ચરણારવિન્દો પણ પરમાનન્દ સ્વરૂપ ભગવાનમાં અભિન્ન સ્વરૂપે સ્થિત છે અને તેથી તે પણ પરમાનન્દરૂપ જ છે. તેથી જ ભગવાનના ઉત્કૃષ્ટ ભાવવાળાઓમાં પણ અત્યુત્કૃષ્ટ એવા શ્રીગોપીજનો પોતાના વિરહતાપના નિવારણને અર્થે પોતાના વક્ષઃસ્થળ પર શ્રીચરણારવિન્દની સ્થિતિને પ્રાર્થતાં કહે છે :-

प्रणतदेहिनां पापकर्षणं तृणचरानुगं श्रीनिकेतनम् ।
फणिफणार्पितं ते पदाम्बुजं कृणु कुचेषु नः कृन्धि हृच्छयम् ॥

(ભાગ.ગોપીગીત ૭)

આથી આગળ આથી વધુ અધિક ચરણનું માહાત્મ્ય જણાવતાં ગાય છે :-

प्रणतकामदं पद्मजार्चितं धरणिमण्डनं ध्येयमापदि ।
चरणपङ्कजं शन्तमं च ते रमण नस्तनेष्वर्पयार्तिहन् ॥

(ભાગ. ગોપીગીત ૧૩)

આમાં ચરણારવિન્દનું ધર્મરૂપ અને ધર્મિરૂપ બન્ને પ્રકારે માહાત્મ્ય દર્શાવાયું છે. આનું ખૂબ જ સુન્દર વિશેષ વિવરણ શ્રીસુબોધિનીજીથી જાણી

શકાય છે, પરન્તુ અત્ર સંક્ષિપ્તમાં એટલું જ કહેવાનું કે આ પ્રકારે શ્રીભગવાનની માફક જ ભગવાનના શ્રીચરણારવિન્દો પણ પરમાનન્દ રૂપ જ છે તેથી તેનું ગણિતાનન્દ સાથે સામ્ય વિચારી શકાય નહીં. જેમ ભગવાન પરમાનન્દ છે તેમ ભગવાનના ધર્મો પણ તાદશ-તદ્રૂપ જ છે, અતઃ કર-ચરણાદિ ધર્મરૂપ હોવા છતાં પણ તેના પરમાનન્દત્વમાં ક્યાંય કોઈ હાનિ નથી. જેમ શ્રીપ્રભુનું મુખારવિન્દ સુન્દર શોભાયમાન શ્રૃંગારાત્મક રસમય છે. તેવી જ રીતે ચરણારવિન્દ પણ અતિશય સુન્દર શોભાયમાન શ્રૃંગારાત્મક રસમય છે. જ્યાં ચરણારવિન્દના સમ્બન્ધવાળા અલંકારો પણ સુન્દર, શોભાયમાન, રસરૂપ છે તો પછી શ્રીચરણારવિન્દ માટે તો પ્રશ્ન જ ક્યાં આવે છે ? અતઃ રસાત્મક-રસમય-આનન્દમય ભગવત્સ્વરૂપના શ્રીવિગ્રહસ્થ શ્રીચરણારવિન્દ પણ તેવા જ છે.

પરમાનન્દ ભગવદ્ વિગ્રહસ્થ ચરણ અને ધામરૂપ વ્યાપી વૈકુંઠ એ બેમાં જે ભેદ છે તે એ છે કે યદ્યપિ પરમાનન્દરૂપ અને અક્ષરરૂપ એ બન્ને રૂપો ભગવાનનાં જ છે પણ ભગવાન વિશુદ્ધ સત્ત્વનો સમ્બન્ધ કર્યા વિના લોકમાં કે વ્યાપીવૈકુંઠમાં સર્વાધારભૂત પરમાનન્દમય રૂપે પ્રકટરૂપે બિરાજમાન હોય છે જ્યારે લોકરૂપે સ્થિતિને વિશુદ્ધ સત્ત્વના સમ્બન્ધથી જે સ્વરૂપ પ્રદર્શે છે તે અક્ષર નામે પ્રસિદ્ધ છે. અહીં આકાર સમર્પણને અર્થે કાલ-વિશુદ્ધ સત્ત્વ વગેરેથી આધારતા આવશ્યકી છે. અત્ર કાલ વગેરેનો સમ્બન્ધ માત્ર આકાર સમર્પણ પૂરતો જ છે તેથી ત્યાં-અક્ષરમાં કાલનું પ્રવર્તન છે કે વિશુદ્ધ સત્ત્વથી તેની પ્રાકૃતતા છે તેમ સિદ્ધ થતું નથી. પણ વિશુદ્ધ સત્ત્વના સમ્બન્ધથી એનું તિરોહિતાનન્દ-ચિન્મય સ્વરૂપ સિદ્ધ થાય છે અને આ જ અક્ષર મુખ્ય જીવ પદ વાચ્ય બને છે. તિરોહિતાનન્દ એટલે આનન્દની પ્રકટ સ્થિતિ નહીં પણ તેની અન્તઃસ્થિતિ હોવી. તેથી જ હૃદયમાં આવિર્ભૂત પરમવ્યોમમાં પરમાત્માના અન્વેષણનું શ્રુતિઓ સૂચવે છે. શુદ્ધ સત્ત્વ એટલે રજ-તમ બન્નેના આત્યન્તિક નિવારણે તે બન્નેથી સર્વથા અમિશ્ર અતિશય વૃદ્ધિને પામેલું સત્ત્વ,

જે કોઈક ભગવદ્ધર્મ વિશેષ છે, અતઃ તે પ્રાકૃત સત્ત્વ નથી. પ્રકૃતિ અને પુરુષ એ અક્ષરના અવતારો છે. અતઃ પરમાત્મા અક્ષરભાવના અનન્તર પ્રકૃતિભાવે પ્રકટ થયા છે તેથી અક્ષરમાં પ્રાકૃત ગુણોનો સમાવેશ હોઈ શકતો જ નથી. કાલની પણ ત્યાં સ્થિતિ માત્ર સત્ત્વની માફક જ છે. અતઃ કાલનો પણ ત્યાં ક્ષોભરૂપ કાર્ય વ્યાપાર નથી. તેથી ત્યાં પ્રકૃતિના ગુણોની કાર્ય વ્યાપૃતિની પણ સંભાવના નથી. તેથી જ વેદમાં **‘तमसः परस्तात्’** (તૈત્તિરીય પુરુષસૂક્ત) તેમજ શ્રીભાગવતમાં પણ **‘दर्शयामास लोकं स्वं गोपानां तमसः परम्’** (ભા.૧૦-૨૮-૧૪) એમ કહ્યું છે.

આ પ્રકારે પ્રકૃતિથી પર, કાલક્ષોભ રહિત, પુરુષોત્તમાધાર, જ્ઞાનીઓની મુક્તિના આશ્રય, સર્વચેતનોના રાશિરૂપ વગેરે અક્ષરનું હોવાથી અક્ષર પુરુષને વેદમાં બ્રહ્મ તરીકે પણ આલેખ્યા છે. તેમજ વિશુદ્ધ સત્ત્વ, કાલ વગેરેનો આધારતાથી સમ્બન્ધ હોવાથી ઉપનિષદમાં આજ અક્ષરને ગણિતાનન્દરૂપે પણ જાણવામાં આવે છે. આમ અક્ષરનું ચિન્મય-વિજ્ઞાનમય સ્વરૂપ સિદ્ધ થાય છે. અતઃ આ અક્ષર પુરુષોત્તમાધારપણાથી વ્યાપીવૈકુંઠ રૂપે આધેય ભગવાન દ્વારા નિયમ્ય પણ છે. ઈચ્છા એ આનન્દનો ધર્મ છે અને ભગવાનની ઈચ્છા થકી જ ભગવાન આધેય-આધાર ભાવે, નિયામક-નિયમ્ય ભાવે પ્રકટ થાય છે. અતઃ જેમ અક્ષરાંશ અક્ષરાત્મક સર્વ ચેતનોમાં સત્-ચિદ્ અંશોના પ્રેરક-નિયામક રૂપે આનન્દાંશ અન્તર્યામી છે તેમ ચિન્મય-વિજ્ઞાનમય અક્ષરના પણ નિયામક તદન્તઃસ્થ આનન્દમય પરબ્રહ્મ જ છે. તેમની જ ઈચ્છાથી સચ્ચિદાનન્દાત્મક અક્ષરના પણ સદંશે જગત્, ચિદંશે જીવો અને આનન્દાંશે અન્તર્યામી એમ વિભાગ સિદ્ધ થાય છે, તેમની જ ઈચ્છાથી અક્ષર વિરુદ્ધધર્માશ્રયરૂપ બની ઉચ્ચ-નીચ ભાવે પ્રકટ થાય છે, તેમની જ ઈચ્છાથી સચ્ચિદાન્દાત્મક અક્ષરાંશોમાંથી આનન્દાંશ તિરોભૂત થાય છે. આમ સર્વ પ્રકારે ભગવાન અક્ષરના નિયામક હોવાથી અક્ષરની નિયમ્યતા, પરમાનન્દ ભગવાનથી અક્ષરની ન્યૂનતા દર્શાવવા તેમજ તેના વડે જેને રસરૂપે આનન્દમય

રૂપે આ ઉપનિષદ્‌માં નિરૂપ્યા છે તે ભગવાનની - આનન્દમયની નિરવધિ આનન્દરૂપતા અને તેમનું નિરંકુશ ઐશ્વર્ય દર્શાવવા તેમજ તેની જ પરમફલરૂપતા દર્શાવવા તૈત્તિરીય ઉપનિષદ્‌માં માનુષાનન્દથી અક્ષર બ્રહ્મપર્યન્તની આનન્દગણના કરી છે.

આ પ્રમાણે અક્ષરમાં વ્યાપકતા વગેરે ઈશ્વરીય ગુણો હોવા છતાં પણ ઉપર્યુક્ત પ્રકારે તેનું ગણિતાનન્દત્વ હોવાથી શ્રીઆચાર્યચરણ જણાવે છે કે બૃહત્ એટલે વ્યાપકત્વાદિ ઈશ્વરીય ગુણોને ધારણ કરેલ અક્ષર પણ જગતમાં સર્વના ઈશનશીલ હોઈને પણ તે પરમાનન્દ પુરુષોત્તમની અપેક્ષાએ ન્યૂનગણિતાનન્દ અને પરમેશ્વરથી નિયમ્ય છે. આ પ્રકારે અક્ષર પણ આશ્રયણીય નહીં અપિતુ ભગવાન જ આશ્રયણીય હોવાથી વસ્તુતઃ ભગવાન જ આશ્રય છે.

આ ઉપરાન્ત **‘અક્ષર બ્રહ્મ ગણિતાનન્દ છે’** એમ કહેવા પાછળ શ્રીઆચાર્યચરણનો એક બીજો પણ આશય મને લાગે છે. **‘विष्णोस्तु त्रीणि रूपाणि’** એ સિદ્ધાન્તના આધારે બ્રહ્માંડપુરુષના વરાહ, વામન વગેરે અવતારો જે વિષ્ણુના ૨૪ અવતાર નામે પ્રસિદ્ધ છે તે પણ સર્વ અક્ષરાત્મક છે. તે અવતારોની પણ આનન્દાકારતા-આનન્દમયતા કહેવાયેલી છે પણ વસ્તુતઃ તે અક્ષરાનન્દ જ છે. તેથી જેમ અક્ષર એ વિભૂતિ છે તેમ આ અવતારો પણ ભગવાનની વિભૂતિઓ જ છે. ગીતાના દસમા અધ્યાયમાં તથા એકાદશ સ્કન્ધના કૃષ્ણોદ્ધવ સંવાદમાં જણાવવામાં આવેલી વિભૂતિઓનું અક્ષરાત્મકપણું સિદ્ધ જ છે. તેથી જ ગીતામાં **‘देवर्षिणां च नारदः’** **‘सिद्धानां कपिलोमुनिः’** **‘रामः शस्त्रभृतामहम्’** **‘वृष्णीनां वासुदेवोऽस्मि’** **‘मुनीनामप्यहं व्यासः’** તેવી જ રીતે શ્રીભાગવત એકાદશ સ્કન્ધના સોળમા અધ્યાયમાં **‘नारायणो मुनीनां च’** **‘कुमारो ब्रह्मचारिणाम्’** **‘द्वैपायनोऽस्मि व्यासानाम्’** વગેરે વાક્યોથી વિષ્ણુના ચોવીસ અવતારો તરીકે પ્રસિદ્ધ પૈકી નારદ, કપિલ, પરશુરામ, વાસુદેવ, વ્યાસ નર-નારાયણ, સનત્કુમારો વગેરેને વિભૂતિમાં ઉલ્લેખ્યા છે. અતઃ વામન, નૃસિંહ, રામાદિ અવતારો પણ અક્ષરાત્મક-અક્ષરાનન્દરૂપ ભગવાનની વિભૂતિ હોવાથી તેમનો પણ આશ્રયરૂપ-આશ્રયણીય રૂપમાં અત્ર સ્વીકાર નથી. જેમ વેદમાં ભગવાનના મુખ્ય ઉપાસ્યરૂપમાં પરમાનન્દ પરમેશ્વરનો નિર્ણય-નિશ્ચય જણાવવા અધિકારી ભેદથી અને ફલભેદથી ભગવાનનાં અન્ય મનોમયાદિ રૂપોને પણ ઉપાસ્યત્વેન દર્શાવવામાં આવ્યા છે તેમ છતાં પણ વેદોનું તાત્પર્ય ભગવાનના વિભૂતિરૂપોમાં નહીં પણ ભગવાનના પરમાનન્દરૂપમાં જ રહેલું છે, તેવી જ રીતે શ્રીભાગવતમાં પણ ભગવાનના મૂલરૂપનું જ ભજનીયત્વ દર્શાવવા અધિકારીભેદ અને ફલભેદથી ભગવાનના અવતારોનું નિરૂપણ અને તેમનું ભજન દર્શાવવામાં આવ્યું છે, તેમ છતાં પણ ભાગવતકારનું તાત્પર્ય ભગવાનના વિભૂતિરૂપો એવા અવતારોમાં નહીં પણ મૂલરૂપ સર્વ અવતારોના પણ અવતારી શ્રીકૃષ્ણમાં જ છે એમ **‘एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम्’** તથા **‘वचो विभूतिर्नतु पारमार्थ्यम्’** એ પ્રથમ સ્કન્ધ તથા દ્વાદશ સ્કન્ધનાં વાક્યોથી જાણી શકાય છે.

અહીં કોઈને એમ શંકા થાય કે પૂર્વમાં તમે સર્વ અવતારોને અક્ષરાત્મક છે એમ જણાવી અક્ષરને અવતારી તરીકે જણાવો છો અને ત્યારબાદ તમે પરમાનન્દ શ્રીકૃષ્ણને આ અવતારોમાં અવતારી તરીકે જણાવો છો તેથી અહીં **‘वदतो व्याघात्’** દોષ છે, તેથી આમાં તમારું કહેવાનું શું તાત્પર્ય છે ? એમ શંકા થઈ શકે છે.

આનું સમાધાન એમ છે કે અહીં અવતારોનું સ્વરૂપ અયોગોલકવહ્નિવત્ એટલે કે તપાવેલા લોઢાના ગોળામાં અગ્નિ સમાન છે. જેમ તપાવેલા લોઢાના ગોળાને સ્પર્શતા તે દઝાડે છે તેમાં દઝાડવાનું જે કાર્ય છે તે અગ્નિ થકી છે તેવી જ રીતે સર્વ અવતાર કાર્યો છે તે પણ પુરુષોત્તમના અંશથી થયેલા છે તેથી તેનો પણ ભગવચ્ચરિત્રમાં જ સમાવેશ છે. આમ અત્ર

જેમ ગોળો લોહનો અંશ છે અને તપ્તપણું એમાં અગ્નિનો અંશ છે તેમ અહીં પણ અક્ષરાવતારત્વ અને પુરુષોત્તમાંશાવતારત્વ બન્ને સમજવાના છે. આમાં પુરુષોત્તમે જેટલું કાર્ય કરવું છે તેટલા પૂરતો તેમાં પોતાનો અંશ પ્રકટ કરે છે. જેમ વ્યાસાવતાર ભગવાનની જ્ઞાનકલાથી છે. વેદોનો વિભાગ, પુરાણોનો વિભાગ શ્રીભાગવતની રચના, મહાભારતનું નિર્માણ વગેરે કાર્યોને માટે ઐશ્વર્ય, શ્રી વગેરેની અપેક્ષા નથી, તેથી આમાં જ્ઞાનધર્મનો જ ઉપયોગ હોઈ જ્ઞાનધર્મની કલાથી વ્યાસાવતાર છે. આ રીતે આ અવતારો ધર્મી ભગવાનના જે ધર્મો છે તે ધર્મોના અંશરૂપ છે. યદ્યપિ ધર્મ-ધર્મી વચ્ચે અભેદ અભિન્ન સ્થિતિએ મનાયેલો છે તેમ છતાં પણ ધર્મ એ ધર્મીને આધીન હોય છે, ધર્મી ધર્મને આધીન નથી હોતા એટલો ભેદ પણ સ્વીકાર્ય જ છે. આ ભેદ **‘एते’** અને **‘स्वयम्’** (ભાગ. ૧-૩) એમ બે પદથી જાણી શકાય છે. આ રીતે આ અવતારો પણ ભગવાનને જ આધીન હોઈ તે પણ અક્ષરની માફક જ આશ્રય નથી, તેમના પણ મૂલ આશ્રય ભગવાન જ છે.

આ પ્રકારે લોક અને વેદમાં દેખાતા અન્ય સર્વ આશ્રયોનો તેમના આશ્રયપણામાં રહેલી ઊણપથી અનાશ્રયરૂપે નિષેધ કરી શ્લોકના ઉત્તરાર્દ્ધમાં વાસ્તવિક આશ્રયનું નિરૂપણ કરતાં શ્રીઆચાર્યચરણ જણાવે છે કે **‘पूर्णानन्दो हरिः’** ભગવાન પૂર્ણાનન્દ, હરિ, શ્રીકૃષ્ણ જ સર્વ પ્રકારે સર્વના આશ્રય હોવાથી તે જ મુખ્ય આશ્રયપદવાચ્ય છે અને તે જ આશ્રયણીય છે. અહીં **‘आनन्दपूर्णो हरिः’** એમ નહીં કહી **‘पूर्णानन्दो हरिः’** એમ કહ્યું છે તેથી જે આનન્દથી પૂર્ણ છે એમ અર્થ નથી પણ જે પૂર્ણ આનન્દ સ્વરૂપ છે એમ અર્થ સમજવો. આનન્દથી પૂર્ણ છે એમ અર્થ કરવામાં આવે તો પાત્ર અને તેમાં છલોછલ ભરાયેલો પદાર્થ એ બે વચ્ચે ભેદ આવે, જ્યારે અહીં તેવો ભેદ નહીં સ્વીકારી **‘रसो वै सः’** તે પરબ્રહ્મ નિશ્ચયે રસ છે એમ કહે છે. અતઃ જો પહેલાવાળો અર્થ શ્રુતિને સમ્મત હોતે તો **‘रसविग्रहो वै सः’** અથવા તો **‘तस्य आत्मा वै रसः’** એમ કહેતે. **‘सः’** એટલે વિજ્ઞાનમયાદિ રૂપ અક્ષરથી ભિન્ન તે આત્મા રસ છે એમ કહેવાનું શ્રુતિનું તાત્પર્ય છે. આ રસ-બ્રહ્મને જ આ જ ઉપનિષદમાં **‘आनन्दमय’** વાક્યે જણાવે છે અને **‘मयट्’** પ્રચુરતાના અર્થમાં વપરાયેલો છે તેથી આનન્દપ્રચુર બ્રહ્મ એમ અર્થ થાય છે. આનન્દમય-આનન્દપ્રચુર એ બ્રહ્મનું જ પર્યાયવાચી નામ છે અતઃ અન્દર બહાર સર્વત્ર આનન્દ જ છે એવું બ્રહ્મ. તેથી જ આનન્દમયની પક્ષીરૂપે કલ્પના કરીને ઉપનિષદ્કાર આગળ જણાવે છે -

तस्य प्रियमेव शिरः । मोदो दक्षिणः पक्षः ।
प्रमोद उत्तरः पक्षः । आनन्द आत्मा । ब्रह्मपुच्छं प्रतिष्ठा।
(તૈત્તિરીય ઉપ.બ્રહ્મવિત્ પ્ર.)

આ પ્રમાણે ધર્મરૂપ આનન્દસહિત ધર્મી આનન્દના પ્રકારે આનન્દમય બ્રહ્મનું પ્રતિપાદન થયેલું છે. જેમ ખાંડની ચાસણીથી બનેલી કોઈ આકૃતિ અન્દર-બહાર, ઉપર-નીચે, આજુ-બાજુ, આગળ-પાછળ સર્વત્ર સમાન મધુર હોય છે, તેમ આ રસ-બ્રહ્મ સર્વતઃ મધુર છે, અતઃ રસથી ભિન્ન એનામાં દેહ-આત્માનો ભેદ નથી એમ ઉપનિષદ્નું તાત્પર્ય સમજી શકાય છે. ગોપાલતાપિન્યુપનિષદ્ પણ **‘कृष्ण इत्यभिधीयते’** એ શ્રુતિમાં કૃષ્ણશબ્દની વ્યાખ્યામાં જે **સદાનન્દ** એવો અર્થ તારવે છે તે પણ દેહ-આત્માના ભેદ રહિત આનન્દપ્રચુર-રસ-બ્રહ્મ એમ જ અર્થને દ્યોતે છે. અતઃ પૂર્ણાનન્દ એટલે લવલેશમાત્ર અન્ય મિશ્રણ રહિત-લવલેશમાત્ર જેમાં અપૂર્ણતા નથી તેવું પરમ-પૂર્ણ આનન્દપ્રચુર-રસ-બ્રહ્મ એમ સમજવું. આ પ્રકારે નિરવધિ આનન્દ - નિરંકુશ આનન્દ એવા બ્રહ્મને અત્ર કૃષ્ણાશ્રયમાં શ્રીઆચાર્યચરણ પૂર્ણાનન્દ-કૃષ્ણ નામે આલેખે છે. જે રસ છે તે જ આનન્દ છે, જે આનન્દ છે તે જ કૃષ્ણ છે અને જે કૃષ્ણ છે તે જ આશ્રય છે આમ રસ, આનન્દ, કૃષ્ણ, આશ્રય આ બધા એકના જ પર્યાયવાચી નામ છે. ઉપર્યુક્ત તૈત્તિરીય શ્રુતિમાં પ્રિય, મોદ, પ્રમોદ, બ્રહ્મ વગેરે આનન્દના ધર્મોને શિર, પક્ષ, પુચ્છ વગેરેની ઉપમાથી

જણાવીને આનન્દ આત્મા એમ મૂલ આનન્દના સ્વરૂપને આત્માની ઉપમાથી જણાવ્યું છે, તેમાં આત્મા શબ્દ એ દેહ, અન્તઃકરણ, જીવ, અન્તર્યામી સર્વ અર્થોને પ્રકાશે છે, અતઃ લૌકિકમાં જેમ આ બધા જુદા-જુદા છે તેમ ભગવાનમાં નથી; માટે ભગવત્સ્વરૂપમાં દેહત્વેન, અન્તઃકરણત્વેન, અન્તર્યામિત્વેન તેવા ભેદથી રહિત માત્ર આનન્દ જ છે એમ સૂચવ્યું છે. આને જ શ્રીઆચાર્યચરણ પોતાના સિદ્ધાન્તમાં **‘निर्बीजदाडिमवत्’** વાક્યથી જણાવે છે. ભગવાનની રસરૂપતા અને પરમફલરૂપતા કેવી છે તો કહે છે બીજ વિનાના દાડમ ફળ જેવી છે. જો કે આપણા દેશમાં તો દાડમમાં નાનું-મોટું બીજ જોવા મળે છે પરન્તુ અફઘાનિસ્તાનના પર્વતાળ વિસ્તારના ઉપરના ભાગમાં આ પ્રકારનું દાડમ ઉપલબ્ધ છે જેમાં ક્યાંય બીજનો અંશ હોતો નથી. ભગવત્સ્વરૂપને કેરી વગેરે ફલ સાથે નહિ સરખાવી આ ફળ સાથે સરખાવવામાં શ્રીઆચાર્યચરણનો એ જ આશય છે કે કેરી વગેરે રસાલ-ફળોના આસ્વાદમાં રસની સાથે મનમાં રસાસ્વાદનો ભંજક ગોટલા વગેરે બીજનો પણ સ્વાદ રહેલો હોય છે, જ્યારે આ ફળમાં તેનો અભાવ હોવાથી આસ્વાદ કરનારને રસથી અતિરિક્ત અન્ય કોઈ સ્વાદ અનુભવાતો નથી. તેમ આ પરમાત્માને આસ્વાદી રહેલા ભક્તોને પરમાનન્દ-પરમરસથી અતિરિક્ત બીજો કોઈ રસાભાસકારક સ્વાદ થવો સંભવ નથી એમ જણાવ્યું છે. આ જ વાતને તૈત્તિરીય શ્રુતિમાં **‘रसं ह्येवायं लब्ध्वाऽऽनन्दी भवति’** એમ જણાવ્યું છે. ઉપનિષદ્ ફલનિરૂપણ દ્વારા રસસ્વરૂપને દર્શાવે છે કે આ અગણિતાનન્દ-રસનો જે લાભ કરે છે - આને જે પ્રાપ્ત કરનારો બને છે તેની પ્રાપ્તિ માત્ર રસ-આનન્દ જ હોય છે તેથી ઈતર કંઈ પણ નહીં. એના પ્રાપ્તકર્તાના આનન્દનું સ્વરૂપ પરિમાણ અગણિત-અવાચ્ય અવાંગ્-મનોગોચર વાગિન્દ્રિયાતીત હોવાથી **આનન્દી** એટલે કે આનન્દયુક્ત થાય છે એમ કહ્યું છે. જેમ ધર્મી, જેમ કર્મી તેમ અત્ર આનન્દી છે. એક ધર્મ યુક્તને પણ ધર્મી, દસ ધર્મયુક્તને પણ ધર્મી અને અગણિત ધર્મયુક્તને પણ ધર્મી કહેવામાં આવે છે, તેમાં ધર્મના પરિમાણ આધારે ધર્મીનું ધર્મયુક્તપણું હોય છે, તેવું જ કર્મીમાં છે, તેવું જ અહીં

આનન્દીમાં સમજવાનું છે. અહીં રસલાભ કરનારો અગણિતાનન્દ-રસ એવા પરબ્રહ્મનો લાભ કરનારો હોવાથી તે અગણિતાનન્દ-આનન્દી એમ સમજવું. જેમ ધર્મીના દૃષ્ટાન્તમાં જે ધર્મયુક્ત છે તેનું પ્રાધાન્ય છે તેમ અહીં અગણિતાનન્દ બ્રહ્મની અપ્રધાનતાએ - રસલાભકર્તાની પ્રધાનતાએ - રસના ભોક્તા રૂપે સ્થિતિ દર્શાવવા માટે **‘अप्रधाने तृतीया’** એ નિયમે બ્રહ્મપદપ્રયોગ તૃતીયા વિભક્તિમાં કર્યો છે અને કર્તૃત્વ (ભોગ કર્તૃત્વ) ને **‘सः’** એમ પ્રથમ વિભક્તિમાં **‘सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता’** આ તૈત્તિરીય શ્રુતિમાં દર્શાવ્યું છે. આ પ્રકારે **‘सोऽश्नुते सर्वान् कामान्’** અને **‘आनन्दी भवति’** આ બન્ને સ્થળોએ પરમાનન્દાશ્રયી-પરમાનન્દ ભજનકર્તાના ફલમાં તે આનન્દવાળો થાય છે એમ કહી જ્ઞાનસાધનવાળાઓનું ફલ **‘तमेव विदित्वा अतिमृत्युमेति’** ત્યાં જે મોક્ષરૂપ ફલ બતાવ્યું છે તે ફલથી ભિન્ન આ ફલ હોવાથી **‘दीयमानं न गृह्णन्ति’** એ ભાગવત વાક્યાનુસાર મોક્ષફલ પણ જેની આગળ અતિતુચ્છ છે એમ દર્શાવ્યું છે. અતઃ મુક્તજીવોનો આશ્રય એવા અક્ષરથી રસરૂપ બ્રહ્મની પરમતા અને તેનું જ સર્વોત્કૃષ્ટપણું કહેવાયેલું હોવાથી ભગવાનનું ચિન્મય સ્વરૂપ જે અક્ષર છે તેનો આશ્રય કરવાથી મોક્ષફલ અને પૂર્ણાનન્દનો આશ્રય કરવાથી અગણિતાનન્દોપલબ્ધિરૂપ ઉત્કૃષ્ટ ફલનો લાભ થાય છે. તેથી ઉત્કૃષ્ટ ફલની ઈચ્છાળાઓએ પરમાનન્દ ભગવાનનો જ આશ્રય કર્તવ્ય છે એમ **પૂર્ણાનન્દ** પદથી શ્રીઆચાર્યચરણ જણાવે છે.

આપણે પહેલાં જોઈ ગયા તેમ ભગવાન નિરવધિ-નિરંકુશ આનન્દ છે. અતઃ તે કોઈ પણ નિયમ-અંકુશથી બાધ્ય નથી, તેથી તેવા ભગવાનની પ્રાકટ્ય રૂપ ઉપલબ્ધિ પણ કોઈ પણ સાધનરૂપ અંકુશથી બહાર તેથી અતીત છે. અતઃ શમ-દમ વગેરે યા તો જ્ઞાન-વૈરાગ્ય વગેરેની તો ત્યાં સાધનતાનો પ્રશ્ન જ નથી, પરન્તુ ભક્તિને પણ જો સાધન માની ભજવામાં આવે તો પણ તે શ્રવણાદિ સાધનો એના પૂર્ણ અનુગ્રહને માટે પર્યાપ્ત નથી. શ્રીઆચાર્યચરણના

જાણાવ્યા અનુસાર તો :-

पुष्टिः स्वार्था परार्था तु भक्तिः साऽनवमे मता ॥

(ભાગવતાર્થ નિબન્ધ ૬-૧૩)

અર્થાત્ (અહીં ષષ્ઠસ્કન્ધમાં કહેવાયેલ) પુષ્ટિ સ્વાર્થ-જીવહિતાર્થ-જીવહિતકારી છે અને પરાર્થ-ભગવત્ કાર્યોપયોગિતયા જે ભક્તિ (પરાર્થા) છે તે અનવમે **(न अवमः)** પૂર્ણ અનુગ્રહે જ - તેના ફલરૂપે કહેવાઈ છે. આ પ્રકારે રસમય ભગવત્સ્વરૂપના પ્રાકટ્યરૂપ ઉપલબ્ધિમાં જે ભક્તિ કારણભૂતા છે તે ભગવદનુગ્રહાધીન હોવાથી તે પણ સાધન નથી. બલ્કે સાધનભાવે કરવામાં આવેલો આશ્રય પણ પૂર્ણ ભગવદનુગ્રહમાં કારક બની શકતો નથી. કારણ કે આશ્રયનું મહત્ત્વપૂર્ણ અંગ જે દૈન્ય છે તેને માટે પણ શ્રીઆચાર્યચરણ શ્રીસુબોધિનીજીમાં જણાવે છે કે :-

न हि साधनसम्पत्त्या हरिस्तुष्यति कस्यचित् ।
भक्तानां दैन्यमेवैकं हरितोषणसाधनम् ॥

(શ્રીસુબોધિની ૧૦-૨૯-૧)

ભગવાન શ્રીહરિ ક્યારેય કોઈ પણ પ્રકારે સાધનસમ્પત્તિથી સન્તુષ્ટ થતા નથી. ભક્તોને માટે એકમાત્ર દૈન્ય જ હરિની સંતુષ્ટિનું સાધન છે. અહીં દૈન્યને ભગવત્તોષનું સાધન કહ્યું છે પણ તે આ દૈન્ય રાખવાથી હરિ સંતુષ્ટ થશે એમ વિચારી સંતોષ સાધનરૂપે સેવવામાં-આચરવામાં આવેલા દૈન્યના પ્રયુક્ત દૈન્યની સાધનતા કહેવાઈ નથી, કારણ કે શ્લોકના પૂર્વાર્ધમાં જ સર્વ સાધનસમ્પત્તિનો ભગવત્તોષમાં અસાધનત્વેન નિષેધ કરવામાં આવ્યો છે. તેથી **'दीनस्य भावः दैन्यम्'** એ પ્રમાણે ભગવત્તોષમાં પોતાની સર્વથા અસાધન દશાનો ભાવ સ્વચિત્તમાં પ્રગટવો એ દૈન્યને અત્ર શ્રીઆચાર્યચરણ નિર્દેશી રહ્યા છે અને આના પ્રમાણમાં જે પ્રસંગને ઉદ્દેશીને આ કહેવાયું છે તે પ્રસંગ જ પ્રમાણરૂપ છે. રાસમાં ભગવાનના તિરોધાન થયા પછીથી ભગવત્ પ્રાકટ્ય માટે શ્રીગોપીજનો દ્વારા કરાયેલાં સર્વ સાધનો વિફલ જતાં પોતાની નિઃસાધનતાએ તેમના હૃદયમાં જે દૈન્ય ભાવ પ્રગટ થયો તે દૈન્યને અત્ર શ્રીઆચાર્યચરણ ઉલ્લેખી રહ્યા છે. જો એમ ન હોય તો ગોપીગીતમાં તથા તેના પૂર્વમાં ભારોભાર દૈન્ય પ્રકટ કરવામાં આવ્યું છે તે કેમ હરિતોષનું કારક ન બન્યું?

પ્રસંગોપાત્ત એ પણ વિચારણીય છે કે વિવેકધૈર્યાશ્રયમાં **'ऐहिके पारलोके च'** ત્યાંથી આરંભી **'अलौकिकमनः सिद्धौ सर्वथा शरणं हरिः'** અહીં પર્યન્તમાં જુદા-જુદા વિષયો સાથે શરણભાવને સાંકળીને શ્રીઆચાર્યચરણ સ્વકીય જીવોને શી શિક્ષા આપવા માંગે છે. શ્રીવલ્લભાચાર્યચરણના સિદ્ધાન્ત અનુસાર પોતાના જીવનમાં અન્યાશ્રય ત્યાગી અનન્ય આશ્રય સિદ્ધિની ઈચ્છાવાળા વૈષ્ણવોએ જીવનના અનેકવિધ પ્રસંગોમાં ભગવદાશ્રયને પોતાના જીવન સાથે કેવી રીતે વણી લેવો અથવા તો પોતે ભગવદાશ્રિત પ્રકારે કેવી રીતે જીવન નિર્વાહ કરવો એની શિક્ષા શ્રીઆચાર્યચરણ **'आश्रयोऽतो निरूप्यते'** થી આશ્રય પ્રકરણ દ્વારા આપી રહ્યા છે. એતાવતા આનો એવો અર્થ નહિ સમજવો જોઈએ કે ઐહિક-પારલૌકિક વગેરે બાબતો-કિંવા ઈચ્છાની પૂર્ત્તિ અર્થે ભગવાનનું શરણ સાધન બનાવી તદર્થ યત્ન કરવો. જેમ કે વિવાહને માટે સારી સ્ત્રી પ્રાપ્તિ અર્થે, પુત્ર પ્રાપ્તિ અર્થે, ગ્રહબાધા નિવારણાર્થે, અલૌકિક યજ્ઞાદિ કાર્યોની સમ્પન્નતા અર્થે, વગેરે માટે શ્રીકૃષ્ણશરણાગતિનો મંત્ર અષ્ટાક્ષરનાં વિવિધ અનુષ્ઠાનો કરી કે ભાગવતાદિનાં પારાયણો વગેરે કાર્ય-કામના પૂર્ત્યર્થે યત્નો કરવા. કારણ કે ચિત્તમાં ભગવદાશ્રયના ભાવનથી અતિરિક્ત અન્ય સર્વ પ્રકારના પ્રયત્નો એ ચિત્તમાં આશ્રયભાવ વિઘાતક છે. શ્રીઆચાર્યચરણનો પણ કહેવાનો આ જ આશય છે અને તેથી જ તેઓશ્રી આગળ નિર્દેશે છે :-

एवं चित्ते सदा भाव्यं वाचा च परिकीर्तयेत् ।

પૂર્વોક્ત **'ऐहिके'** થી લઈને કહેવાયેલ દરેક બાબતોમાં સર્વદુઃખહર્તા શ્રીહરિ જ એક માત્ર શરણ છે એમ ચિત્તમાં સદા ભાવન કરવું અને તે ભાવન વિષયાનુસાર જ વાણીથી પણ જ્યારે પણ બોલવાનો પ્રસંગ આવે ત્યારે તેમજ બોલવું, પણ તેથી અલગ ભાવનું ભાવન કરવું નહીં અને તેથી અલગ બોલવું નહીં. આમાં સર્વ સ્થિતિમાં માત્ર ભગવદાશ્રયના ભાવન દ્વારા જીવનમાં આવેલા કે આવતા પ્રસંગોથી દેહાદિ અહંકારવાળા જીવના ચિત્તમાં જે ઉદ્વેગ, ભય, અમર્ષ વગેરે ઉત્પન્ન થાય છે તે એના ઐહિકમાં પણ હાનિકારક છે અને પરમાર્થમાં મનમાં પ્રકટ થયેલ આશ્રય સિદ્ધિના સંકલ્પને પણ અન્ય પ્રયત્નોમાં પ્રેરી-પ્રવૃત્ત કરી તે સંકલ્પને પણ નિર્બળ કરે છે. અતિશય લૌકિકતાથી વ્યાપૃત ચિત્ત એના સહજ લૌકિક સ્વભાવે પ્રસંગ-પ્રસંગ પર ઉદ્વેગ, ભય, અમર્ષ, હર્ષ, ગ્લાનિ વગેરેવાળું બનવાનું જ છે તેથી તેવા સમયે ચિત્ત નિર્બળ બની પ્રસંગો પાસે ઘુંટણ ન ટેકવી દે અને લૌકિકથી અલૌકિક તરફની પોતાની યાત્રા વણથંભી આગળ વધતી રહે તેથી શ્રીમહાપ્રભુ જે ચિત્તમાં ઉદ્વેગાદિ દૂષણો ઉત્પન્ન થાય છે તે ચિત્તમાં ઔષધ રૂપે શરણભાવનને સૂચવી રહ્યા છે. આ શરણભાવનું કયા સ્વરૂપે-પ્રકારે ચિત્તમાં ભાવન કરવું એનો પ્રકાર અહીં દર્શાવાયો નથી તેથી એવો ભ્રમ ઉત્પન્ન થાય કે આપણા મનમાં રહેલી લૌકિકી કામના કે તેવાં કાર્યો બાબતમાં પોતે ભગવદાશ્રિત છે તેથી તેવી કામનાઓની પૂર્તિ ભગવાન જ કરશે તેથી ભગવાન જ્યારે કામનાઓ પૂર્ણ કરશે જ તેથી ઈતર યત્ન જરૂરી નથી એ પ્રકારે ભાવન કરું ? તો આ બાબતમાં વિવેકધૈર્યાશ્રયના આરંભે પ્રથમ વિવેકમાં કહેવાયું છે કે **'निजेच्छातः करिष्यति'** ભગવાન સ્વ ઈચ્છાથી જ સર્વ કરશે એટલે શું જીવની અજ્ઞાનાત્મિકા ઈચ્છાના અનુસાર ભગવાન તેવી પૂર્ણ કરવાની ઈચ્છા કરી પૂર્ણ કરશે ? મતલબ કે બિમાર નાના બાળકની સ્વાસ્થ્ય ઘાતક ખાંડ ખાવાની ઈચ્છાને તેની માતા પૂર્ણ કરશે ? આવું તો સમ્ભવ જ નથી. તેથી આના ખુલાસામાં શરણભાવનનો પ્રકાર નવરત્નમાં જણાવાયો છે કે :-

चित्तोद्वेगं विधायापि हरिर्यद्यत् करिष्यति ।
तथैव तस्य लीलेति मत्वा चिन्तां द्रुतं त्यजेत् ॥

અહીં ભગવાન જે કરશે તેમાં **'यद् यद्'** એમ કરણમાં ભિન્નતા જણાવી છે. આ ભિન્નતામાં કોઈ પણ બાબતમાં ભગવાન બેમાંથી જે એક કરે તેમાં ભગવાનની લીલા વિચારવાની છે. આપવું-લેવું, આપવું - ન આપવું જે પ્રહ્લાદજી ભાગવતજીમાં કહે છે :-

त्वयैव दत्तं पदमैन्द्रमूर्जितं हृतं तदेवाद्य तथैव शोभनम् ।
मन्ये महानस्य कृतो ह्यनुग्रहो विभ्रंशितो यच्छ्रिय आत्ममोहनात् ॥
(ભાગ. ૮-૨૨-૧૬)

તેથી વિવેકધૈર્યાશ્રયમાં **'हरिः सर्वं निजेच्छातः करिष्यति'** જે સર્વ પદ પ્રયોગ થયેલો છે તેની સ્પષ્ટતા અહીં નવરત્નમાં **'જે - જે કરશે'** થી થાય છે. આ પ્રકારે વિવેકધૈર્યાશ્રયની આ સ્થળની ટીકામાં શ્રીગોપીશજી દ્વારા **'सर्वं लौकिकं स्वप्रयत्नसाध्यं योगक्षेमादि । अलौकिकं भगवत्सेवौपयिकं च स एव करिष्यति, न तु सेवां विहाय स्वप्रयत्नादिकं कर्तव्यम्'** તેવી જ રીતે શ્રીગોવિન્દરાયાત્મજ શ્રીગોકુલોત્સવજી દ્વારા **'हरिः सर्वदुःखहर्ता, तेन यत्करिष्यति तद् भव्यमेव करिष्यतीति भावः । तदपि कियत्कार्यं कृत्वा निवर्त्तिष्यत इति नास्तीत्याहुः सर्वमिति'** તેમજ શ્રીશ્યામલાત્મજ શ્રીવ્રજરાયજી દ્વારા **'हरिः सर्वदुःखहर्ता सर्वं स्वीयानां लौकिकालौकिकं, निजेच्छातः स्वतंत्रेच्छातः, क्रीडेच्छातो वा, निजानामिच्छातो वा करिष्यति'** આમ આ ત્રણે મહાનુભાવો દ્વારા જે સર્વ પદનું વ્યાખ્યાન થયું છે તેનો ભાવ **'यद्-यद्'** માં કરણની ભિન્નતાથી સંગત થાય છે. આ પ્રકારે વિચારતાં જેમ

રાસના પ્રસંગમાં જે - જે વ્રજસ્થ ગોપિકાઓએ ભગવાનનો વેણુનાદ શ્રવણ કર્યો તેમાં કેટલાક સર્વ પ્રતિબન્ધોને વટાવી ભગવાન પાસે પહોંચ્યા, કેટલાકને પ્રતિબન્ધ થયો અને કેટલાક પરપુરુષ પાસે જવામાં ધર્મવિરોધથી ન ગયા. આ ત્રણે પ્રકારોમાં તેમજ જે બે રાસમાં ન પહોંચ્યા તે પૈકી પણ એકને સાયુજ્યના અનન્તર તેમનું રાસમધ્યે પ્રાકટ્ય તેમજ બીજાને પુનઃ ભગવદ્બુદ્ધિ થતાં તેથી જુદા ફલની પ્રાપ્તિ આ બધું પણ જેમ ભગવાનની લીલા માત્ર છે અને તેમાં પણ તેવી જ ભગવદિચ્છા જ કારણ છે, તેમ અત્ર પણ ભગવાન જે કંઇ પણ કરે છે તે કરશે તેનો જે કોઇ પણ પ્રકાર - સ્વરૂપ હોય તે બધામાં જ માત્ર આ મુજબની ભગવાનની લીલા છે તેવું જેનું અનુચિન્તન છે તે શરણ ભાવન શ્રીઆચાર્ય શ્રીનિર્દેશે છે. અતઃ શરણભાવનમાં ભગવાન જીવની લૌકિકભાવે કરવામાં આવેલી કામનાઓની પૂર્તિ કરશે તેવું ભાવન એ આશય નથી એ સ્પષ્ટ છે. જો એમ માનવામાં ન આવે તો **‘न लौकिकः प्रभुः कृष्णः’** **‘कृष्णः संसारमोचकः’** તેમજ **‘कृष्णोऽनर्थस्य वारकः’** એ શિક્ષાશ્લોકસ્થ તથા નિબન્ધોક્ત બન્ને શ્રીઆચાર્યચરણનાં વાક્યો સાથે વિરોધ આવશે. ભગવાન સ્વયં એકાદશ સ્કન્ધમાં ભક્તિ બાબતમાં અને ભક્તમાં વિષય લાલસાને બન્ધનકારક રૂપે અનભીષ્ટ ગણે છે :-

बाध्यमानोऽपि मद्भक्तो विषयैरजितेन्द्रियः ।
प्रायः प्रगल्भया भक्त्या विषयैर्नाभिभूयते ॥

(ભાગ.૧૧-૧૪-૧૮)

જેણે વિષયાસક્તિથી ઇન્દ્રિયોને જીતી નથી એવો અજિતેન્દ્રિય પણ જો તે મારો ભક્ત છે અને તે વિષયોના બન્ધનમાં આવી પડેલો હોય તો પણ પ્રગલ્ભાભક્તિ એટલે ઉત્સાહવાળી ભક્તિ વડે કરીને તે વારંવાર ઉત્સાહિત થવાના સ્વભાવવાળી ભક્તિ વડે કરીને તે વિષયો વડે અભિભૂત થતો નથી. અહીં જે પ્રગલ્ભાભક્તિ કહી છે તેથી તે ભક્તિની તીવ્ર ઇચ્છાવાળો એમ

સમજી શકાય છે, તેવી તીવ્ર ઇચ્છાને કારણે જ તે વારંવાર ઉત્સાહિત થાય છે. દશમ પૂર્વાર્ધમાં અક્રૂરસ્તુતિ પ્રસંગમાં **‘संघातमनुगुणं कुर्याद्’** એ શ્રીમહાપ્રભુની ઉક્તિ મુજબ ભગવાનને અનુકૂલ સંઘાતોનું થવું એ શરણાગતિ સિદ્ધિનું લક્ષણ છે તેથી સંઘાતો વિષયો પ્રતિ અનુકૂલ હોય ત્યારે તેનામાં શરણાગતિનો બોધ થતો નથી અને જ્યારે તેનું ભગવાન પ્રતિ આનુકૂલ્ય હોય છે ત્યારે તેનામાં ભગવત્ શરણનો બોધ થઇ ભક્તિની તીવ્ર ઇચ્છાવાળો થાય છે. અતઃ અત્ર ભગવદ્ વાક્ય મુજબ પણ વિષયો પ્રતિની અભિરુચિ શરણબોધમાં અવરોધક છે. યદ્યપિ એકાદશસ્કન્ધમાં જ :-

यत् कर्मभिर्यत्तपसा ज्ञानवैराग्यतश्च यत् ।
योगेन दानधर्मेण श्रेयोभिरितरैरपि ॥
सर्वं मद्भक्तियोगेन मद्भक्तो लभतेऽञ्जसा ।
स्वर्गापवर्गमद्धाम कथञ्चिद् यदि वाञ्छति ॥

(ભાગ. ૧૧-૨૦-૩૨,૩૩)

અહીં ભગવાનના કહ્યા મુજબ કર્મ, તપ, જ્ઞાન, વૈરાગ્ય, દાન તેમજ વિવિધ શ્રેયરૂપ ઉપાયો વડે જે કંઇ પણ પ્રાપ્ત થઇ શકે છે તે ઉપરના-નીચેના લોક સમ્બન્ધી, એમ કહી આ લોક સમ્બન્ધી તેમજ મોક્ષ વગેરે બધું જ જો મારો ભક્ત ઇચ્છે તો મારા ભક્તિયોગ વડે જ તે કોઇ પણ પ્રકારના આયાસ વિના જ તેને મેળવી લેતો હોય છે. અહીં ભક્તિયોગ વડે આ બધાંની પ્રાપ્તિ કહેવાઇ છે. તેમ છતાં પણ આ વાત અનન્ત ઐશ્વર્યવાળી ભક્તિના અને તેવી ભક્તિવાળા ભક્તને અનાયાસ ઉપલબ્ધ ઐશ્વર્યના કથનથી તેના માહાત્મ્યને દર્શાવવા કહેવાઇ છે, નહીં કે ભક્તો એ આની વાંચ્છા કરવાના વિધાનરૂપે કહેવાઇ છે. તેથી જ તો આ વાત કહીને તરત જ ભગવાન આગળ કહે છે કે :-

न किञ्चित् साधवो धीरा भक्ता ह्येकान्तिनो मम ।
वाञ्छन्त्यपि मया दत्तं कैवल्यमपुनर्भवम् ॥
नैरपेक्ष्यं परं प्राहुर्निःश्रेयसमनल्पकम् ।
तस्मान्निराशिषो भक्तिर्निरपेक्षस्य मे भवेत् ॥
(ભાગ. ૧૧-૨૦-૩૪,૩૫)

મારા દ્વારા અપાયેલ કૈવલ્ય-મોક્ષને પણ જે મારા એકાન્તી ભક્તો (સ્વપ્નેય) ચાહતા નથી (તો પછી બીજા પદાર્થોની તો ગણના જ શું કરી શકાય), ખરેખર નિરપેક્ષ સ્થિતિ જ પરમ કલ્યાણરૂપ છે, તેથી જ આશા અને અપેક્ષા રહિત વ્યક્તિને જ મારી ભક્તિ ઉપલબ્ધ થાય છે. અતઃ પૂર્વોક્ત એકાદશ સ્કન્ધનાં વાક્યમાં પણ લૌકિકી કામનાઓ કે પછી મુમુક્ષા એને બાધક જ ગણી છે.

પુનઃ પ્રકૃત વિષયને વિચારીએ - આ પ્રમાણે વિચારતાં વિવેકધૈર્યાશ્રયમાં કહેવાયેલ શરણભાવન-કીર્તન, નવરત્નમાં કહેવાયેલ દરેક બાબતોમાં ભગવાનની લીલા વિચારવાનો પ્રકાર અને કૃષ્ણાશ્રયમાં પ્રયોજાયેલ પૂર્ણાનન્દ પદ આ ત્રણેને એકબીજા સાથે ઘનિષ્ઠ સમ્બન્ધ છે. બલ્કે આ ત્રણેનો આશ્રય પદ સાથે ઘનિષ્ઠ સમ્બન્ધ છે. તેવી જ રીતે પ્રાયઃ કરીને એમ જોવામાં આવે છે કે શ્રીઆચાર્યચરણ આશ્રયોપદેશ સાથે હરિ પદને સાંકળે છે. વિવેકધૈર્યાશ્રયમાં **‘सर्वथा शरणं हरिः’** નવરત્નમાં **‘हरिर्यद्यत् करिष्यति’** કૃષ્ણાશ્રયમાં **‘पूर्णानन्दो हरिः’** વિવેકધૈર્યાશ્રયના આરંભે **‘हरिः सर्व निजेच्छातः करिष्यति’** આ પ્રકારે આશ્રય પદાર્થ સાથે હરિ શબ્દનો પણ કોઈક વિશિષ્ટ સમ્બન્ધ જણાય છે. કૃષ્ણાશ્રયમાં તો પૂર્ણાનન્દ, હરિ, કૃષ્ણ અને ગતિ પદથી આશ્રય એમ ચારેનો એક અર્થમાં એક સાથે શ્રીઆચાર્યચરણ ઉલ્લેખ કરે છે અતઃ જે પૂર્ણાનન્દ છે તે જ હરિ છે અને જે પૂર્ણાનન્દ હરિ

છે તે જ કૃષ્ણ પદાર્થ છે અને જે તેવા કૃષ્ણ છે તે જ આશ્રય પદવાચ્ય છે. આ પ્રકારે જોતાં પૂર્ણાનન્દનો અર્થ પહેલાં આપણે જોઈ ગયા છીએ અતઃ હરિ એટલે **‘हरि र्हरति दुःखानि पापानि वा’** આ વ્યુત્પત્તિ અનુસાર દુઃખોને-પાપોને હરે-દૂર કરે તે હરિ. જેમ પ્રકાશનો એ સ્વભાવ જ છે તે પ્રયત્ને નહિ પણ સ્વસ્વભાવે જ અન્ધકાર હરી લે છે, તેમ આનન્દનો એ સ્વભાવ જ છે કે એથી સર્વ દુઃખો અનાયાસ દૂર થઈ જાય છે. તેથી **‘हराम्यघं हि स्मर्तृणाम्’** ત્યાં **‘हरामि’** એમ જે ક્રિયાપદ છે તેથી તેમાં ભગવાનનો સ્વતંત્ર યા વિશેષ આયાસ વિચારવાની જરૂર નથી. જેમ અન્ધકારની સ્વતંત્ર પદાર્થ રૂપમાં કોઈ સત્તા નથી, પ્રકાશના નહીં હોવાપણાથી જ તે ભાસે છે. તેવી જ રીતે દુઃખની પણ સ્વતંત્ર પદાર્થરૂપમાં કોઈ સત્તા નથી; આનન્દના નહીં હોવાપણાથી જ તે અનુભવાય છે. તેથી જ સિદ્ધાન્તમાં અહંતા-મમતાને અવિદ્યાજન્ય મિથ્યા કહ્યા છે. આ પ્રકારે અવિદ્યાથી ઉત્પન્ન થયેલું અને દુઃખથી સંકળાયેલું એવું દ્વન્દ્વાત્મક સુખ એને પણ **‘द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैः’** એ ગીતા પંદરમા અધ્યાયના વાક્યથી આભાસરૂપ મિથ્યા માન્યું છે. જો કે પહેલાં આપણે વિષયાનન્દ-બ્રહ્માનન્દ વચ્ચે સગોત્ર સમ્બન્ધને વિચારી ગયા છીએ, તેથી અહીં સુખનું આભાસપણું **‘वदतोव्याघात्’** જેવું લાગે, પણ તેવો દોષ અહીં પ્રાપ્ત નથી થતો. કારણ કે પૂર્વમાં જે સગોત્રપણું છે તે વિષયરૂપ આનન્દના બે પ્રકારો વચ્ચે કહેવાયું છે અને અહીં જે આભાસ કહ્યો છે તે વિષયતાપરક છે. તેથી જ પૂર્વમાં વિષયાનન્દને પંકજ સાથે સરખાવ્યો છે. અને બ્રહ્માનન્દને સરસિજ સાથે સરખાવ્યો છે. આનન્દના ઉપધાન વડે માયા-અવિદ્યા શબ્દાદિ વિષયોથી અન્તઃકરણમાં જે સુખપ્રતીતિ કરાવે છે તે સુખ આભાસરૂપ મિથ્યા છે પણ જેના ઉપધાન વડે અવિદ્યા સુખભ્રાન્તિ કરાવે છે તે આનન્દ તો ભગવદંશ હોવાથી આભાસરૂપ મિથ્યા કહી શકાય તેમ જ નથી. તેથી તે આનન્દને પૂર્વમાં સગોત્ર કહ્યો છે. આ પ્રકારે વિષયોનો સમ્બન્ધ કરીને રહેલો આનન્દ તે વિષયાનન્દ અને એમાં જે વિષયો છે તેમાં આનન્દની પ્રતીતિ એ

આભાસ રૂપ છે પરન્તુ જે આનન્દ છે તે તો સત્ય જ છે. તેથી એકાદશ સ્કન્ધમાં જે સુખની ત્રિવિધતા કહેવાઇ છે તેમાં પણ આજ પ્રક્રિયા ગ્રહણ કરવાની છે. ત્યાં કહ્યું છે :-

सात्त्विकं सुखमात्मोत्थं विषयोत्थं तु राजसम् ।
तामसं मोहदैन्योत्थं निर्गुणं मदपाश्रयम् ॥
(ભાગ. ૧૧-૨૫-૨૯)

આત્માથી-અન્તઃકરણથી કિંવા મનથી ઉત્પન્ન થયેલું સુખ તે સાત્ત્વિક એટલે કે સત્ત્વગુણાત્મક છે, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ વિષયોથી ઉત્પન્ન થનારું સુખ તે રાજસ-રજોગુણાત્મક છે, નિદ્રા, મોહ, પ્રમોદ વગેરે તમોગુણના વિષયોથી ઉત્પન્ન થનારું સુખ તે તામસ એટલે કે તમોગુણાત્મક છે એમ સાંભળવા-જાણવા મળે છે અને મારા આશ્રય સ્વરૂપવાળું જે સુખ છે તે નિર્ગુણ છે. અહીં સાત્ત્વિક સુખમાં પણ રજોગુણ-તમોગુણને દબાવી પ્રધાનભાવે રહેલું સત્ત્વ, તેવા સત્ત્વથી વ્યાપ્ત અન્તઃકરણ, એટલે કે ગીતાના બારમા અધ્યાયના પંદરમા શ્લોકમાં જણાવ્યા મુજબ લક્ષણવાળો સાત્ત્વિક વ્યક્તિ, તેમાં રજોગુણ-તમોગુણની નિર્બળ સ્થિતિ હોવાને કારણે દુઃખના કારણ એવા હર્ષ, અમર્ષ, ભય, ઉદ્વેગ, અપેક્ષા, અપવિત્રભાવો, વિષયોમાં આસક્તિ વગેરેથી રહિત હોવાથી જેમ પેટના કે માથાના સખત દુખાવાથી પીડિત રોગી પીડા દૂર થતાં જે શાન્તિનું સુખ અનુભવે છે તેમ દુઃખનાં કારણોના અભાવથી જે સુખ અનુભવાય છે તેને ભગવાન અહીં સાત્ત્વિક સુખમાં જણાવી રહ્યા છે. આ વાતને ગીતાના અઢારમા અધ્યાયમાં જણાવ્યા મુજબ વિચારીએ તો સાત્ત્વિક લક્ષણવાળો કર્તા, સાત્ત્વિક બુદ્ધિ અને સાત્ત્વિક ધૃતિના લક્ષણવાળો થઇ, સાત્ત્વિક લક્ષણના કર્મને આચરે, ત્યારે તે સાત્ત્વિક લક્ષણમાં કહેવાયેલ જ્ઞાનવાળો થાય છે અને ત્યારે તે જ્ઞાનથી એને સાત્ત્વિક પ્રકારમાં જણાવેલું સુખ થાય છે. તેને જ એકાદશ સ્કન્ધમાં આત્માથી

ઉદ્‌ભવેલ સુખ-સાત્ત્વિક પ્રકારે કહ્યું છે. સુખના આ બધા જ પ્રકારોને પ્રાકૃત છે એમ ભાગવત-ગીતા બંનેમાં કહેવાયેલું હોઇ જે આનન્દની આપણે ચર્ચા કરી ગયા તેનાથી આ સુખ ભિન્ન છે એમ નક્કી થાય છે.

આ પ્રકારે હરિ પદનો પ્રયોગ સર્વદુઃખહર્તા પરમાનન્દને જ બોધે છે. પાપનાશક એ અર્થમાં પણ હરિ પદનો પ્રયોગ પરમાનન્દને જ સૂચવે છે કારણ કે પાપનું મૂળ અવિદ્યા એ પણ આનન્દના તિરોધાનને કારણે જ વ્યાપ્ત થઇ છે. જો કે હરિ શબ્દથી આ બધા જ અર્થો લઇ શકાય છે અને તે અર્થોની કૃષ્ણ પદ, આશ્રય પદ કે પરમાનન્દ પદ સાથે સંગતિ પણ છે, તેમ છતાં પણ મને તો એમ લાગે છે કે હરિ શબ્દમાં રહેલ **'हृञ्'** ધાતુનો અર્થ જ હરણ કરવાના અર્થને પ્રકાશે છે એટલે પાપહરણ, દુઃખહરણ વગેરે અલગ-અલગ લેવું એના કરતાં જેનો સ્વભાવ જ હરણ કરવું હોવાથી જેમ આધુનિક વિજ્ઞાનમાં જણાવ્યા મુજબ અવકાશમાં કેટલાક વિભાગો એવા છે જેને વૈજ્ઞાનિક ભાષામાં **બ્લેકહોલ** નામથી જાણવામાં આવે છે. એનો સ્વભાવ જ એવો હોય છે કે એના સમ્બન્ધમાં જે કંઇ પણ પદાર્થ આવે કે એની પાસેથી કોઇ પદાર્થ પસાર થઇ રહ્યો હોય તો તે સર્વ પદાર્થને પોતાનામાં સમાવી લે છે, ત્યાં સુધી કે તેની પાસેથી સદા સીધી રેખામાં ગતિશીલ પ્રકાશ પણ પસાર થઇ રહ્યો હોય તો એ પ્રકાશ પણ એનો સ્વભાવ ત્યાગી એ બ્લેકહોલમાં સમાઇ જાય છે તો પછી બીજાની તો શી વિસાત ? તેમજ આ બ્લેકહોલમાં જે પદાર્થ સમાય છે તેને પણ એ પદાર્થના સ્વરૂપ, સ્વભાવ, ગુણ-ધર્મ વગેરે સર્વને બદલી નાંખી પોતાના મય બનાવી દે છે. તેવી રીતે આનન્દ કયો, કેવો ? એ જિજ્ઞાસાના સમાધાનમાં હરિ પદ પરમાનન્દ યા પૂર્ણાનન્દનું લક્ષણ સમજાવતું પદ છે. જેનું લક્ષણ તૈત્તિરીય શ્રુતિમાં પણ જણાવ્યું કે - **'रसं ह्येवायं लब्ध्वाऽऽनन्दी भवति'** જે આ રસને - આનન્દને પામે - જે આના સમ્બન્ધમાં આવે તે આનન્દી એટલે આનન્દવાળો થાય છે. અહીં **'आनन्दी'** એમ કહ્યું હોવાથી તેના મનમાં કે અન્તરમાં આનન્દ થાય છે તેમ નથી, પણ તે આનન્દ લાભ

કરનાર જીવ પોતે સર્વ અવિદ્યાથી વિમુક્ત બની આનન્દરૂપ બની જાય છે ત્યારે તેનું ચૈતન્ય પણ આનન્દરૂપ આનન્દાનુભવ માટે સક્ષમ બને છે. કામ, ક્રોધ, લોભ વગેરે અવિદ્યાના દોષોથી યુક્ત એવો વ્યક્તિ પણ જ્યારે અતિ અનુગ્રહપૂર્વક આ પરમાનન્દ-હરિ એનું વરાણ કરે છે - એનો નિરોધ કરે છે ત્યારે લૌકિકમાં અવિદ્યાને કારણે દોષરૂપ દેખાતા એવા કામ, ક્રોધ વગેરે પણ અવિદ્યાના તામસ વગેરે સ્વરૂપ, સ્વભાવ, ગુણથી રહિત બની વિશુદ્ધ આનન્દસ્વરૂપના, આનન્દ સ્વભાવના અને આનન્દ ગુણવાળા બની જાય છે જેને આપણે સ્વમાર્ગીય ભાષામાં લીલાત્મક નામે ઓળખી શકીએ છીએ. ત્યારે કામ, ક્રોધ, વગેરે તો રહે છે પણ એ એવો કામ છે જેમાં વિષય લોલુપતા નથી હોતી, જે વાસનાજન્ય નથી, જેની પૂર્તિ પ્રાકૃત પદાર્થોથી શક્ય નથી, જેમાં આનન્દનો અભાવ નથી કે પછી આનન્દના અભાવને કારણે ઉત્પન્ન થયેલો હોતો નથી, જેનું પરિણામ લૌકિક વત્ વિરતિ નથી. તેવી જ રીતે ક્રોધમાં પણ તે વિષયકામનાઓના આઘાતથી ઉત્પન્ન થયેલો હોતો નથી, તેમજ જેમાં કાલુષ્યાદિ દુર્ગુણો નથી વગેરે. તેવી જ રીતે જેમાં સંચયવૃત્તિ વગેરેનો અભાવ છે તેવો લોભ. સંક્ષેપમાં જેનો સ્થાયિભાવ રતિ છે એવા શ્રૃંગાર રસનું સાધારાણમાં સાધારાણ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ પણ સ્વરૂપ ખંડન ન થતું હોય તેવા પૂર્ણ શ્રૃંગાર રસાત્મક કામ-ક્રોધ વગેરે. આજ કામ-ક્રોધાદિ શ્રીવ્રજભક્તોના ભાવમાં કીર્તન સાહિત્યમાં જોવા મળે છે. જેમ કે **‘अखियां लाल तिहारी’** એ ખંડિતાના પદમાં **‘बिंधत छतियां हमारी’** તેમજ ક્રોધ માટે ખંડિતાના જ પદમાં **‘जरी को जरायवेको’** પદમાં **‘रेन बसे और ठोर अब आये मेरी ओर वांहीं पे पधारो स्याम जाके बस परे हो’** તેવી જ રીતે, ક્રોધ માટે માનના પદમાં **‘दोरी दोरी आवत मोहे मनावत दाम खरच कछु मोल लईरी । .... नन्ददास वे क्यों नहिं आवत उनके पायन कछु मेंदी दईरी’** કામના વિષયમાં **‘नन्ददास बिरहिन केसे जीये पंच बान उर लागे’** આનો વિશેષ વિસ્તાર અત્ર કરતો નથી પણ સારાંશમાં

આ જ પ્રકાર રાસસ્થ ગોપિકાઓથી ઈતર શ્રીપ્રભુના વ્રજસ્થ, દ્વારકાસ્થ ભક્તોમાં સમજવાનો છે. અતઃ જે લોકો તામસ-રાજસ-સાત્ત્વિક સ્વભાવના હતા તેમને પોતાના સ્વરૂપબલ દ્વારા જ તેમના સ્વભાવમાં રહેલ પ્રાકૃતિક ગુણોને દૂર કરી તેમના તે સ્વભાવને જ સ્વાનુકૂલ લીલાત્મક સ્વરૂપ આપ્યું અને એ રીતે એમનો સમ્પૂર્ણ નિરોધ કર્યો. સમ્પૂર્ણ નિરોધ એટલે દેહેન્દ્રિયાદિથી અળગા પાડી જીવાત્માને પોતાનામાં યોજવો એ અર્થે નહીં પણ જેમના આત્મા સહિત અન્તઃકરણ, પ્રાણ, ઈન્દ્રિયો અને દેહનો સર્વનો પોતાનામાં નિરોધ કર્યો જેથી નિરોધ પામેલા આ સર્વ પોતાના સંસરણાત્મક વિષયી તથા ગુણાત્મક સ્વભાવને ત્યાગી એક માત્ર કૃષ્ણપરાયણ બની ગયા. આ લોકોને ભૂખ-તરસ પણ ત્યારે જ લાગતી કે જ્યારે તેમની ભૂખ-તરસ ભગવાનને લીલામાં ઉપયોગી હોય. આ ભક્તોમાં વ્રજવાસીઓ, વ્રજસ્થ પશુઓ વગેરે, મથુરાના પુરવાસીઓ, યાદવો, ભગવાનની પત્નીઓ વગેરેનો સમાવેશ થઈ જાય છે. આ બધાંની જ કૃષ્ણપરાયણતા સિદ્ધ થવામાં યોગ, તપ, જ્ઞાન, ઉત્તમકર્મ, દાન, યથોચિત ધર્મપાલન વગેરે કોઈ પણ હેતુરૂપ નથી, પરન્તુ માત્ર કૃષ્ણનું તેમના ચક્ષુ વગેરે ઈન્દ્રિયોના સમ્બન્ધમાં આવવું જ માત્ર તેમની કૃષ્ણ-પરાયણતામાં હેતુ છે. આ એટલા માટે લખ્યું છે કારણ કે કોઈને એમ શંકા થાય કે વ્રજમાં તો ફલભાગી લોકો પૂર્વ જન્મમાં ઋષિરૂપ યા શ્રુતિરૂપ હતા અને તેમની પાસે ભગવાનના વરદાનનું બલ હતું. પરન્તુ ઉપર ગણાવેલાઓમાં તો તેવું કોઈ જ કારણ ન હતું તેમ છતાં પણ તેમની કૃષ્ણપરાયણતા દશમ સ્કન્ધમાં ઘણી જ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. તેમાં માત્ર ભગવાનનું અનુગ્રહપૂર્વકનું સ્વરૂપબલ જ છે, નહીંતર બીજું શું હોઈ શકે છે ?

આ પ્રકારે વિચારતાં **‘हरि’** એટલે જેમનું સ્વરૂપ જ સર્વનો પોતાનામાં નિરોધ કરનાર છે એમ જાણી શકાય છે અને આ પ્રકારનો નિરોધ એ પૂર્ણ આનન્દ સ્વરૂપ વિના શક્ય જ નથી. અતઃ શ્રીઆચાર્યચરણ દ્વારા કૃષ્ણાશ્રય વગેરેમાં જ્યાં હરિ પદનો પ્રયોગ થયેલો હોય ત્યાં સર્વનિરોધકર્તા

પૂર્ણાનન્દ-પરમાનન્દને સમજી જ લેવા જોઈએ. દશમ સ્કન્ધ, એકાદશ સ્કન્ધ અને દ્વાદશ સ્કન્ધમાં વર્ણિત લીલામાં જે પુષ્ટિમાર્ગમાં અંગીકૃત જીવો છે તેમને માટે આશ્રય-મુક્તિ બન્નેથી અધિક ભગવત્કૃત નિરોધ છે જેમાં ભગવાન પોતાની સ્વરૂપ મર્યાદાને પણ ભક્તપ્રેમવશ ત્યાગે છે અને અદેય ફલ ભક્તને દાન કરે છે. અતઃ તેમને માટે તો પોતાની અને ભગવાનની આ નિરોધાત્મક સ્થિતિ જ મુક્તિ છે અને તેમાં રહેલી ભગવાનની પરમરસરૂપતા જ તેમનો પરમ આશ્રય છે. તેથી જ વેણુગીતાધ્યાયમાં ઉભયવિધ રસરૂપે નટવરરૂપ ધારણ કરેલા ભગવાનને વૃન્દાવનમાં ક્રીડાર્થ પધારતા નિરખી શ્રીગોપિકાઓ દેહધારીઓનું - ઈન્દ્રિયોવાળાઓનું આ જ પરમ ફલ છે એમ જણાવે છે. અતઃ આ **'नटवद् वरवद् वपुः'** એવા નટવર કૃષ્ણની જ સંયોગ રસરૂપ-વિપ્રયોગ રસરૂપ એમ ઉભયવિધ રસરૂપે ભાવરૂપે હૃદયમાં સ્થિતિ થવી તે આશ્રય છે એમ શ્રીઆચાર્યચરણનો હૃદયનો આશય છે. આ આશ્રયરૂપ ભગવાનનું જ હૃદયમાં સર્વદા ભાવન કરવાનું શ્રીઆચાર્યચરણ ઉપદેશી રહ્યા છે. આ જ વાતને વધુ સ્પષ્ટ કરવા શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણે દ્વાદશસ્કન્ધના વિષયમાં ૨૦ કારિકાઓ રચી છે. આ કારિકાઓ આ મુજબ છે :-

श्रीविठ्ठलेशप्रभुचरणप्रकटिता

विंशतिकारिकाः

'कथा इमास्ते' (ભાગ.૧૨-૩-૧૪) **આના ઉપર શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ દ્વારા વિરચિત કારિકાઓ :-**

वचोविभूतीरित्युक्त्या भिन्नाश्रयनिवारणम् ।
स आश्रयः परं ब्रह्म श्रीकृष्ण इति गीयते ॥ १ ॥
यावत्तु साधनावस्था तावदन्याश्रयो भवेत् ।
पूर्णे त्वनुग्रहे भावाङ्कुरे जाते रसाश्रयः ॥ २ ॥
दशधा रसरूपः सन्नवतार इतीर्यते ।
तादृशी भावना कार्या यया भावाङ्कुरोदयः ॥ ३ ॥
श्रीमदाचार्यकृपया भवेद् भावो न चान्यथा ।
भावात्मा भगवान् कृष्णः स एव ह्याश्रयो मतः ॥ ४ ॥
भावो भावनया सिद्ध इति वाक्यात् प्रतीयते ।
तद्वाक्यपरिनिष्ठानां हृदि भावाङ्कुरो भवेत् ॥ ५ ॥
तदा दशा भवेदेषा स निरोध इतीर्यते ।
'स मानसीन आत्मा जनानां' 'नामानि कृत्वाभिवदन् यदास्ते' ॥ ६॥
व्रजवीथिषु कौतुकानि कुर्वन् सखि दृष्टो हि त्वयाद्य नन्दसूनुः ।
तदनन्तरमीक्षणं विषमस्मृतिधारामदधूर्णवदेव चास्ते ॥ ७ ॥
ग्रीवोरःस्थलकटितटकाञ्चीदामात्र पादयोः ।
सततं विहरन्ती वनमाला मत्तालिकुलैरभवदुद्गीता ॥ ८ ॥
तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वीत ब्राह्मणः ।
नानुध्यायाद् बहून् शब्दान् वाचो विग्लापनं हि तत् ॥ ९ ॥
श्रीभागवतमेवात्र केवलं चेत् समाश्रितः ।
गङ्गावद् हरिवच्चैव शम्भुवच्च फलिष्यति ॥ १० ॥
'य एनं वेद सत्येन भर्तुं सद्यो जातमुत जहात्येषः ।'
तत्राङ्गद्वितयं प्रोक्तं गुरुर्दुःसङ्गवर्जनम् ॥ ११ ॥
पारमार्थ्यमिदं ज्ञेयं नान्यत् श्रीगोकुलेश्वरात् ।

वचोविभूतीः कथनात् श्रीमदाचार्यबोधनम् ॥ १२ ॥
स एव परमार्थोऽस्ति ब्रह्मविष्णुहरात्मकः ।
स्वयशोगानसंहृष्टहृदयाम्भोजविष्टरः ॥ १३ ॥
सङ्कर्षण इवात्रापि स विज्ञेयः सुभावनात् ।
वासुदेवः स विज्ञेयो यः शेते तत्र सर्वदा ॥ १४ ॥
प्रद्युम्न इह विज्ञेयो भावाधारः स राधसा ।
कामस्य तृप्तिमानन्दं तस्याग्रे भाजयेहमा ॥ १५ ॥
अनिरुद्धः स विज्ञेयः पुष्टिर्यस्मादभूत् स्फुटा ।
स हि लीलाशुको भूत्वा भावं प्राह सुदुर्लभम् ॥ १६ ॥
आरुह्य ये द्रुमभुजानितिमूलमसंशयम् ।
स हि पूर्णगुणः प्रोक्त श्येनेन किंकिदीविना ॥ १७ ॥
स्वाधिकारानुसारेण मार्गस्त्रेधा फलाय हि ।
मुक्तिलीला हि सा ज्ञेया मुनिमानसहंसके ॥ १८ ॥
अलौकिकस्य संसिद्ध्या भावपूरितविग्रहः ।
तमाश्रयं विजानीयाद् हरेरपि हरिर्यदि ॥ १९ ॥
'ज्ञानवैराग्यविवक्षये'ति प्रोक्तं यतः श्रीशुकपादपद्मैः ।
अतोऽयमेवात्र विभावनीयो भावोदयात् नान्य इहाश्रयोऽस्ति ॥ २०॥

આ ૨૦ કારિકાઓનો ગુજરાતીમાં અનુવાદ હાઈકોર્ટ મુંબઈના એડવોકેટ અને મુંબઈના રહેવાસી ગો.વા.શ્રીસુન્દરલાલ મણિલાલ વકીલે પોતે જ અનુવાદ કરી પોતે જ વિ.સં.૨૦૧૪ માં **'શ્રીમદ્ ભાગવત સુધા - દ્વાદશ સ્કન્ધાનુવાદ'** નામક પુસ્તકમાં પ્રકાશિત કર્યો છે જે સુન્દર છે અને તે આ મુજબ છે :-

અનુવાદ

(૧) **'वचोविभूतीः'** એમ કહેવાથી, પૂર્વ સ્કન્ધોમાં કહેલી મોટાઓની કથાઓ ભગવદનુવર્ણનરૂપ વચનોની શેષભૂત છે એમ કહેવાથી ભિન્ન આશ્રયનું નિવારણ કર્યું. અહીં કહેલા શ્રીકૃષ્ણ રૂપ આશ્રયથી **ભિન્નનો આશ્રય** અને **ભિન્ન પ્રકારનો આશ્રય,** એ બંનેનું નિવારણ અહીં કર્યું છે. આ સ્કન્ધમાં **આશ્રયનું લક્ષણ** અને તેનો આશ્રય કરવાનો પ્રકાર એ બંનેનું નિરૂપણ કર્યું છે. માટે એ બંનેથી ભિન્નનું નિવારણ અહીં કર્યું છે.

(૨) જ્યાં સુધી સાધનની અવસ્થા છે, ત્યાં સુધી અન્યાશ્રય થાય. ભગવાનનો પૂર્ણ અનુગ્રહ થાય, ત્યારે તો ભાવનો અંકુર ઉત્પન્ન થતાં રસરૂપ ભગવાનનો આશ્રય થાય છે.

(૩) દશ પ્રકારે રસરૂપ હોવાથી ભગવાન અવતાર કહેવાય છે, તે પ્રકારની ભાવના કરવી, કે જેથી ભાવાંકુરનો ઉદય થાય.

(૪) શ્રીમદાચાર્યચરણની કૃપાથી જ ભાવ ઉત્પન્ન થાય, બીજી કોઈ રીતે નહીં, કારણ કે ભાવાત્મક ભગવાન કૃષ્ણ છે અને તે ભગવાન કૃષ્ણને જ આશ્રય માનવામાં આવ્યા છે.

(૫) **સંન્યાસનિર્ણય** ગ્રન્થમાં શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ કહ્યું કે **'ભાવનાથી ભાવ સિદ્ધ થાય છે'** તેથી તે ભાવની સિદ્ધિની પ્રતીતિ થાય છે. એ વાક્યમાં પૂર્ણ વિશ્વાસવાળાના હૃદયમાં ભાવનો અંકુર ઉત્પન્ન થાય, ત્યારે જ આ દશા થાય તે ભાવને નિરોધ કહે છે.

(૬) (અહીં કહેવાયેલ બન્ને શ્રુતિઓ તૈત્તિરીય આરણ્યકની છે જેમાંથી પ્રથમ પ્ર.૩, અ.૧૧ ની તથા બીજી પ્ર.૩, અ.૧૩ની છે). તે 'ભાવ

જનોના મનમાં રહેલો આત્મા છે. 'નામોને કરીને, સર્વ પ્રકારે નામોનું કથન કરીને જે ભાવ રહ્યો છે.'

(૭-૮) વ્રજની વાટિકાઓમાં કૌતુક કરતા નન્દનન્દનને હે સખિ ત્હેં જોયા છે ? તેના પછી તેમનું જોવું, વિષમ સ્મૃતિની ધારા અને મદના ઘેનથી ઘેરાયેલાં નેત્રવાળા જે વ્રજમાં રહેલા છે, તે નન્દનન્દનને તેં જોયા છે ? ગ્રીવા, ઉરઃસ્થળ, કટિતર, કંદોરો અને બંને ચરણ ઉપર નિરન્તર વિહાર કરતી વનમાલાથી એ નન્દનન્દન વિભૂષિત થયા છે કે જેમની વનમાલાનું મકરન્દથી મત્ત થયેલા ભ્રમરોના યૂથો-સમુદાયથી જાણે ઉચ્ચસ્વરથી ગાન કરે છે.

(૯) (અહીં કહેવાયેલ શ્રુતિ બૃહદારણ્યકની છે.) 'ધીર પુરુષે તે પુરુષોત્તમનું સારી રીતે વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરીને બ્રહ્મપરાયણ થઈને તેની ભાવના કરવી. બહુ શબ્દોનું ધ્યાન કરવું નહીં, કારણ કે તે તો ખરેખર વાણીના વિગ્લાપન રૂપ છે.'

(૧૦) અહીં જો કેવળ શ્રીભાગવતનો જ સારી રીતે આશ્રય કરવામાં આવે, તો તે ગંગાવત્, હરિવત્ અને શંભુવત્ ફલ આપશે.

(૧૧) (અહીં કહેવાયેલ શ્રુતિ તૈત્તિરીય આરણ્યકમાં પ્ર.૩, અનુ.૧૪ ની ભર્તૃ સૂક્ત અનુવાક્ની છે) 'જે એને સત્ય રીતે ધારણ કરવાનું જાણે છે, તેનું ભગવાન પોષણ કરે છે, એટલે પોતાનામાં સ્થાપન કરે છે. તરતના ઉત્પન્ન થયેલાનો (બાલક શિવનો) એ ત્યાગ પણ કરે છે.' આમાં બે સાધન કહ્યાં છે :- (૧) ગુરુ, તથા (૨) દુઃસંગનો ત્યાગ.

(૧૨) પરમ અર્થ આજ જાણવો કે પ્રભુ શ્રીગોકુલેશ્વર વિના અન્ય કોઈ પણ સાધન નથી. **'वचोविभूतीः'** એમ કહેવાથી શ્રીમદાચાર્યચરણ શ્રીમહાપ્રભુજીનો બોધ થાય છે.

(૧૩) તે ભગવાન શ્રીગોકુલેશ પ્રભુ જ પરમાર્થ છે, કેમ કે તે જ

સૃષ્ટિ કરનાર બ્રહ્મા, પાલન કરનાર વિષ્ણુ અને પ્રલયકર્તા શિવરૂપ છે. પોતાના યશોગાનથી પ્રફુલ્લ થયેલા હૃદયકમલને શ્રીગોકુલેશ પ્રભુ આસનરૂપ કરે છે.

(૧૪) સારી રીતે ભાવના કરવાથી અહીં પણ તે શ્રીગોકુલેશ પ્રભુ **સંકર્ષણ** રૂપ એટલે કે આસુરભાવનો નાશ કરવાવાળા થાય છે, જે ભાવનામાં સર્વદા સ્થિતિ કરે છે તે **વાસુદેવ** જાણવા.

(૧૫) (અહીં કહેવાયેલ શ્રુતિ તૈત્તિરીય બ્રાહ્મણ, દ્વિતીય કાંડ, ચતુર્થ પ્રપાઠક, ષષ્ઠ અનુવાક્ની **'उत नः प्रिया प्रियासु'** થી આરંભીને છે.) અહીં જે ભાવના આધારરૂપ છે તેને **પ્રદ્યુમ્ન** સમજવા. તે પ્રદ્યુમ્ન ભગવાન પોતે ભગવાનની સિદ્ધિરૂપ એવી જે **રાધસ્** શક્તિ છે તે રાધસ્ શક્તિ સાથે **ભાવના આધારરૂપ** છે. 'હે અગ્નિ ! તે કામની તૃપ્તિ જે આનન્દ છે તેનો તું અહીં ભાગ પાડ નહીં.'

(૧૬) જેનાથી પુષ્ટિ સ્ફુટ રીતે પ્રકટ થઈ, તેને **અનિરુદ્ધ** જાણવા. તેણે ખરેખર લીલાશુક થઈને અત્યન્ત દુર્લભ ભાવ પ્રકટ કર્યો.

(૧૭) (અહીં પ્રથમ વેણુગીતાધ્યાયના ચૌદમા શ્લોકનું વાક્ય ટાંક્યું છે તથા ઉત્તરાર્ધમાં તૈત્તિરીય સંહિતાના ચતુર્થ અષ્ટકના બીજા પ્રપાઠકના છઠ્ઠા અનુવાક્માં ઔષધિવાપ મંત્રોની શ્રુતિનું વાક્ય ટાંક્યું છે.) 'વૃક્ષની શાખાઓ ઉપર આરૂઢ થઈને મુનિઓની માફક પક્ષીઓ વેણુગીત શ્રવણ કરે છે' એ મૂલ શ્લોકમાં રક્ષક તરીકે **અનિરુદ્ધ** પણું સંશયરહિત છે. એ અનિરુદ્ધને પૂર્ણગુણ કહ્યા છે (તૈત્તિરીય સંહિતાનો મૂલ મંત્ર :- **'साकं यक्ष्म प्रपत श्येनेन किकिदीविना साकं वातस्य ध्राज्या साकं नश्य निहाकया'** (૧) હે **રાજયોગ** - યક્ષ્મ, તું શ્યેનની માફક **કફ**થી **કંઠ**માં **કિકિ** અવાજ કરતા **પિત્ત રોગ**ની સાથે, **વાયુ**ની **ગતિ**ની સાથે, **હું મર્યો** એમ બૂમ પાડતો, **નષ્ટ** થા, (૨) અથવા **હે પૂજ્ય** પ્રભુ, શ્યેન નામનું તીવ્ર પક્ષી જેનું દર્શન શુભજનક છે, તેની સાથે તું ઊડીને આવ. વાયુની ગતિતુલ્ય મનનું ચાંચલ્ય જે ઘીલોડી

(પાટલા ઘો) ની માફક ચોંટી રહેલા વિષયના દુરાગ્રહરૂપ છે, તેનો તું **નાશ** કર, અથવા તું અમારા ઉપર કહેલા સાહિત્યને સૂક્ષ્મ ભગવત્ સેવોપયોગી કર.

(૧૮) પોતપોતાના અધિકારને અનુસાર કર્મ, જ્ઞાન અને ભક્તિ ત્રણે માર્ગ ફલ આપે છે. માટે વિચાર કરનારના **માનસહંસના** સુખને માટે **મુક્તિલીલા શ્રીગોકુલેશની જ છે.**

(૧૯) લીલામાં ઉપયોગી સર્વની સિદ્ધિ થતાં જેનો દેહ રસભાવથી ભરપૂર થાય, અને જ્યારે મેઘની માફક હરિનો પણ હરિ એટલે દુઃખહર્તા થાય, તેવા ભક્તને આશ્રય સમજવો.

(૨૦) કાર્ય કારણમાં અનુસ્યૂત હોવાથી કારણથી અભિન્ન અને ગૌણ છે એવું જે અનુસન્ધાન તે ભગવાનનું **‘વિજ્ઞાન’** અને કાર્ય માયાશક્તિથી થયેલું હોવાથી તે (માયિક પ્રપંચકાર્ય) માં ભગવાનની **આસક્તિ**નો જે અભાવ તે **‘વૈરાગ્ય’** ભગવાનના આ **વિજ્ઞાન** અને **વૈરાગ્ય** બંને કહેવાની ઈચ્છાથી શ્રીશુકદેવજીએ આ સર્વ કહ્યું, માટે અહીં શ્રીમદ્ ભાગવતના દ્વાદશ સ્કન્ધમાં **લીલાત્મક આશ્રય**નું જ **સર્વદા ચિન્તન** કરવું, **ભાવના કરવી, ભાવનો ઉદય થયા પછી અહીં બીજો** કોઈ પણ **આશ્રય** છે જ નહીં.

અનુવાદ સમ્પૂર્ણ

આ પ્રકારે શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ વિલક્ષણ રીતે શ્રીઆચાર્યચરણના હૃદયના આશયરૂપ નિગૂઢ ભાવોને આ વીસ કારિકાઓ દ્વારા પ્રકટ કરે છે. યદ્યપિ આશ્રય તત્ત્વનો શ્રીશંકર, શ્રીરામાનુજ, શ્રીમધ્વ, શ્રીનિમ્બાર્ક, શ્રીચૈતન્ય વગેરે સર્વએ પોતપોતાના સિદ્ધાન્તમાં સ્વીકાર કરેલો છે. તેમ વેદાદિ શાસ્ત્રોમાં પણ તે - તે સિદ્ધાન્તોને અનુકૂલ આશ્રય નિરૂપક વાક્યો પણ ઉપલબ્ધ થાય છે, તેથી વેદાદિ શાસ્ત્રોનો નિષ્કર્ષ આશ્રયના કયા પ્રકારમાં છે તે સર્વજનો માટે દુર્બોધ બની જાય છે. તેમાં પણ ખાસ કરીને ભક્તિમાર્ગીય સમ્પ્રદાયોમાં રામાનુજ-મધ્વાદિ તથા તેમાં જે ભક્તિ સમ્પ્રદાયોમાં ભગવાનના રસાત્મક સ્વરૂપનું ભજન કરવામાં આવે છે તથા જેમાં ભગવાનની શૃંગાર રસમયી લીલાઓ સમ્બન્ધી આનન્દને ફલરૂપમાં સ્વીકારાયેલા છે તેવા સમ્પ્રદાયોમાં પ્રતિપાદિત આશ્રયનું સ્વરૂપ તેથી અલગ શુદ્ધાદ્વૈત સિદ્ધાન્તથી સંગત અને શુદ્ધ પુષ્ટિ ભક્તિને અનુકૂલ એવા આશ્રયનો શો પ્રકાર અને તેની બીજાથી કેવી રીતે ભિન્નતા છે તેનું નિરૂપણ શ્રીઆચાર્યચરણ દ્વારા સુબોધિની, ષોડશગ્રન્થો વગેરેમાં થયેલું હોવા છતાં પણ તેના શુદ્ધ સ્વરૂપને અલગથી તારવવું ખૂબ મુશ્કેલ છે. ઉપરાન્ત જેમ વ્યવહારમાં એક જ વ્યક્તિ અનેકોનો આશ્રય હોય છે, પત્ની, પુત્ર, સેવક, શિષ્ય, પિતા, માતા, રક્ષક, સહાયક, દાતા વગેરે ઘણા પ્રકારે હોય છે. તેમાં જે વ્યક્તિ પોતાના આશ્રયને જે સમ્બન્ધથી આશ્રય માને છે અને તેને માટે તે જેવા મનોભાવો ધરાવે છે તે મુજબ તે એક વ્યક્તિ અનેકોનો અનેક પ્રકારે આશ્રય હોય છે. તેવી જ રીતે વિશિષ્ટાદ્વૈતાદિ જુદા-જુદા સિદ્ધાન્તોમાં જીવ-ઈશ્વર વચ્ચે જે સમ્બન્ધ નક્કી કરવામાં આવ્યો અને તેમાં ભગવાનનું જે પ્રકારે સ્વરૂપ વિચારવામાં આવ્યું તે મુજબ તે-તે સિદ્ધાન્તોમાં આશ્રયનો પ્રકાર સ્વીકારવામાં આવ્યો અને ભગવાન સર્વાશ્રય હોવાથી વેદાદિ શાસ્ત્રોમાં પણ જુદા-જુદા પ્રકારે ભગવાનનું આશ્રયરૂપ નિરૂપવામાં આવ્યું છે અને તે મુજબ જુદા-જુદા અધિકારીઓનું તે તે આશ્રયને અનુકૂલ ફલ નિરૂપણ કરવામાં પણ આવ્યું છે.

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ મતે જીવનું સ્વરૂપ, બ્રહ્મનું સ્વરૂપ, જીવ-બ્રહ્મ વચ્ચેનો સમ્બન્ધ, જીવના દ્વારા સાધનો, જીવ દ્વારા થનાર સાધનોનું ફલ, જીવોના ભેદ, અને તે મુજબ તેમનાં સાધન અને ફલમાં ભેદ વગેરે વાતો પર ઘનિષ્ઠ વિચારણા બ્રહ્મસૂત્રભાષ્યમાં કરવામાં આવેલી છે તેથી તેનાથી આશ્રયનો પણ નિશ્ચય થઈ જ જાય છે. તેમ છતાં પણ અલગ રીતે આશ્રય પદાર્થ ત્યાં કહેવામાં આવ્યો નથી. તેમજ બ્રહ્મસ્વરૂપના વિચારમાં ભગવાનના પુરુષોત્તમરૂપને ભગવાનનાં બીજાં રૂપોથી ભિન્ન પ્રકારે ગીતાદિના વાક્યોના ઉપન્યાસથી બતાવવામાં આવ્યું છે, પરન્તુ પુરુષોત્તમ રૂપમાં પણ

લોકવેદપ્રથિત પુરુષોત્તમ રૂપ અને લોકવેદાતીત પુરુષોત્તમ રૂપનો સ્પષ્ટ ભેદ તો સુબોધિની આદિ ગ્રન્થો વડે જ જાણી શકાય છે. તેમ છતાં પણ સુબોધિનીમાં કે બ્રહ્મસૂત્રભાષ્યમાં જીવ-બ્રહ્મવિષય ઉપર વિચારણા થઈને પણ બ્રહ્મ રસમય છે અને તેની ઉપલબ્ધિનું સાધન એક માત્ર પ્રેમલક્ષણાભક્તિ જ છે અને તેના વિના અન્ય સર્વ સાધનોથી તે અપ્રાપ્ય છે એમ શાસ્ત્રોનાં સહસ્ર પ્રમાણોથી પ્રમાણિત કરીને તે સાધન-ભક્તિ પણ ભગવાનને જ અધીન છે અને તેનું પણ ભગવાન દાન કરે ત્યારે જ તે ભક્તિરૂપ સાધન પણ ઉપલબ્ધ થાય છે. ત્યારે ત્યાં એ જિજ્ઞાસા તો બની જ રહે છે કે ભગવાન જ્યારે તે ભક્તિનું દાન કરશે ત્યારે કરશે જ, પણ જ્યાં સુધી તે ભક્તિનું દાન ન થાય ત્યાં સુધી પુષ્ટિમાર્ગીય જીવોનું કર્તવ્ય શું ? પ્રયત્નોથી અસાધ્ય એવી ભક્તિને અર્થે પ્રયત્ન કરવા ? ભાષ્યમાં જણાવેલ સાધનો શ્રવણાદિ નવક અથવા ષોડશ ગ્રન્થમાં કહેવાયેલ સાધનભક્તિ એનું સ્વરૂપ શું ? શું માત્ર ક્રિયારૂપમાં શ્રવણ-કીર્તનાદિ કરવા ? અથવા તો પછી બીજું શું ? માનો કે એમ કહેવામાં આવે કે પ્રભુ ભક્તિનું દાન કરે ત્યાં સુધી ભગવદાશ્રયે રહેવું. તો આશ્રયે રહેવાનો અર્થ શો ? આશ્રય નામ લાચારીનો વિચાર ? કે પછી પ્રયત્ન વિમુખ વૃત્તિ ? કે પછી પ્રતીક્ષા ભાવ ? કે પછી પોતાની હીનતાનું ચિન્તન ? કે પછી મફતનું ખાવાની વૃત્તિ ? કે પછી નિરપેક્ષભાવે સ્થિતિ ? કે પછી પરાવલમ્બિતા ? કે પછી ભય ગ્રન્થીના આવેગે થનારી ક્રિયા ? વગેરે આવા અનેક અર્થોમાં આશ્રય એટલે શું ? આ બધી બાબતોના ખુલાસા માટે જ શ્રીવલ્લભાચાર્યચરણ પ્રકટિત શુદ્ધપુષ્ટિસિદ્ધાન્ત પીયૂષસમુદ્રનું મન્થન કરીને ઊંડાણમાં રહેલું મર્મ-રત્નરૂપ નવનીત શ્રીપ્રભુચરણે આ વીસ કારિકાઓ દ્વારા તથા ન્યાસાદેશ વિવરણ ગ્રન્થ દ્વારા આપણી સમક્ષ પ્રકટ કર્યું છે. અતઃ જેમ શ્રીઆચાર્યચરણ શ્રીભાગવત-પીયૂષસમુદ્રમથનક્ષમ છે, તેમ શ્રીઠ્ઠિલેશ પ્રભુચરણ પણ શ્રીવલ્લભવાક્પીયૂષ-સમુદ્રમથનક્ષમ છે એમ કહેવામાં ક્યાંય કોઈ અતિશયોક્તિ નથી.

લાચારીનો વિચાર, પ્રયત્ન વિમુખવૃત્તિ, પ્રતીક્ષાભાવ, પોતાની હીનતાનું ચિન્તન, મફતનું ખાવાની વૃત્તિ, નિરપેક્ષ ભાવે સ્થિતિ,

પરાવલમ્બિતા, ભયગ્રન્થીના આવેગે થનારી ક્રિયા, આમાંનો કોઈ પણ અર્થ ખરેખર શ્રીવલ્લભાચાર્યચરણને અભીષ્ટ પુષ્ટિમાર્ગીય આશ્રય સાથે સુસંગત નથી પરન્તુ નિરવધિ-નિરતિશય રસાત્મા ભાવરૂપ ભગવાન એ જ ફલરૂપ આશ્રય છે અને એ ભાવનું સતત ભાવન-ચિન્તન-મનન-વિચાર અને તદનુકૂલ વાણી અને ક્રિયા થવી એ સાધનરૂપ આશ્રય છે. દ્વાદશ સ્કન્ધ નિરૂપણ દ્વારા અને દ્વાદશ સ્કન્ધસ્થ કથા દ્વારા અને તત્રોક્ત શ્રીશુકદેવજી દ્વારા કહેવાયેલ વાક્યોનો પણ આ જ આશય છે. દ્વાદશસ્કન્ધ નિબન્ધ કારિકા તથા કૃષ્ણાશ્રય, વિવેકધૈર્યાશ્રય, નવરત્નાદિ પ્રકીર્ણ ગ્રન્થો અને સુબોધિનીમાં કહેવાયેલ આશ્રયમાં પણ શ્રીમહાપ્રભુનો આજ આશય છે. એમ બધું જ આવરી લઈને શ્રીપ્રભુચરણે પૂર્વોક્ત વીસ કારિકાઓ પ્રકટ કરી છે.

આશ્રય પદાર્થ જે પણ હોય, પણ એક વાત તો સ્પષ્ટ જ છે લોકમાં રહેલો જીવ એ આધિ, વ્યાધિ, ઉપાધિથી ગ્રસ્ત અને ત્રસ્ત છે. એ અજ્ઞાનની પણ નહીં-અન્યથા જ્ઞાનની દશામાં જીવી રહ્યો છે. સંસ્કાર વિનાનો પણ જો દુઃસંસ્કાર રહિત હોય તો તેને સંસ્કૃત કરવું સરળ છે. પરન્તુ દુઃસંસ્કૃતને દુર્વિષયોથી મુક્ત કરી તેને સુસંસ્કૃત કરવા એ કપરું છે. નહીં લખાયેલા એવા કોરા કાગળ પર ભક્તિમય ભાવો આલેખવા સરળ છે પણ જુદા-જુદા રંગની શાહીથી લખાઈને સમ્પૂર્ણ કાગળ અક્ષરોથી ચિતરાયેલો હોય તેવા કાગળમાં લખાયેલા અક્ષરો મિટાવી નવેસરથી તેમાં ભક્તિકાવ્યો લખવાં અઘરા છે. તેમ કંઈ નહીં માનતા-સમજતા જીવને સમજાવવાનું હોય તો તો ઠીક, પણ જીવ તો કંઈક અન્યથા જ - જે ન માનવું જોઈએ તેવું માની બેઠો છે. તત્ત્વજ્ઞાનમાં જે આત્માનો ભગવાન સાથે અંશાશી સંબન્ધ છે તેનું આત્મજ્ઞાન તો જીવને છે જ નહીં, ઉપરાન્ત તે પોતાને દેહ-પ્રાણ વગેરે માની બેઠેલો છે અતઃ તે દેહ-પ્રાણાદિના વિષયોથી પણ બંધાયેલો-દબાયેલો છે. તેથી સુખ-દુઃખોના વારંવારના આઘાતોથી વ્યથિત થવાના સ્વભાવવાળું તેનું મન છે, ઈન્દ્રિયો પણ વિષયસુખ પ્રતિ લોલુપ રહે છે, તે દેહજ્ઞાનવાળો છે તેથી તેને મરણનો

પણ ભય સતત સતાવતો હોય છે. આવી દશામાં જીવનમાં બદલાતા પ્રસંગોમાં, બદલાતી ઋતુઓમાં, બદલાતા રહેતા કાળમાં તે ભયભીત બની વ્યથિત ચિત્ત બની જાય છે, અને તે પોતાની તેવી ચિત્તદશામાં એક એવા અવલમ્બન, આશ્રય, આધાર, સહાયક, રક્ષકની તીવ્ર અપેક્ષાવાળો થાય છે કે જેનાથી તેનો સુખઘાત કે પ્રાણઘાત ન થાય. એ આશ્રય-આધાર પછી ગમે તે હોય, ગમે તે સ્વરૂપનો હોય કે દીર્ઘકાળમાં તેનું જે પણ પરિણામ આવતું હોય તે આવે, તે બોખલાઈને એટલી ટૂંકી દષ્ટિવાળો બની જાય છે કે જેમ પાણીમાં ડૂબતો વ્યક્તિ બચવા માટે ઘણીવાર મગરને જ પોતાનો આશ્રય માની પકડી લે છે. પછી તો જ્યારે મગર એને ફાડી ખાય તે ઘડીએ એને જ્ઞાન થાય છે કે ખરેખર જેને માન્યો હતો તે આશ્રય ન હતો, પણ ત્યારે એના જીવનનો અન્ત નિશ્ચિત થઈ ગયો હોય છે. તેવી જ રીતે કલિકાલના વિષમય પ્રવાહમાં વહેતાં-વહેતાં અત્યન્ત દુર્બલ પડી ગયેલા મન-બુદ્ધિ-ઈન્દ્રિયોવાળા લોકો પોતાના સુખઘાત અને પ્રાણઘાતના ભય સામે જે દેખાય તેનો જ આશ્રય કરી લે છે. આવા લોકો વડે જે આશ્રય કરવામાં આવે છે તે પણ માત્ર સામયિક - તે કાર્યની સિદ્ધિ પૂરતો જ સીમિત હોય છે અને ત્યારબાદ પણ જે તેમની ત્યાં શ્રદ્ધા કેળવાય છે તે પણ તેમની પ્રીતિપૂર્વકની નહીં અપિતુ સ્વાર્થપરક જ હોય છે. અતઃ તેમનો ત્યાં પણ આશ્રય ખરા અર્થમાં સિદ્ધ થતો નથી. આવા લોકોને અન્યાશ્રયી કહેવા એના કરતાં એમને આશ્રયવિહોણા કહેવા વધુ સાર્થ છે. કૃષ્ણનો આશ્રય રાખી જે લોકો કૃષ્ણથી અન્ય બીજાનો-વિભૂતિરૂપોનો કે બીજી શક્તિઓનો આશ્રય કરે તો તેને અન્યાશ્રય થયો તેમ કહી શકાય છે, પણ જે લોકોનાં મન અન્ય કે અનન્ય જેવું કંઈ છે જ નહીં તેને માટે તો અન્યાશ્રય શું અને અનન્યાશ્રય શું છે. વૈષ્ણવ પરિવારમાં ઉત્પન્ન થવાથી કે પ્રાસંગિક કારણોવશ મારી-મચોડી શરમા શરમીએ કે પછી ધાકધમકીએ કે પછી સ્વાર્થની લાગણીનો લાભ લઈ માત્ર અજ્ઞાને જ નહીં પણ અનિચ્છાએ-અશ્રદ્ધાએ આત્મનિવેદનના શબ્દો ઉચ્ચારણ કરાવવાની વિધિ કરાવવામાં આવે તેનાથી તેને આત્મનિવેદી કેવી રીતે કહી શકાય ? આવા લોકો

મંત્રોચ્ચારણ કરીને પણ જો કદાચ તે દિવસે શનિવાર હશે તો તરત હનુમાનદાદાને સિંદુર ચડાવવા જશે અને સોમવાર હશે તો મહાદેવદાદાને બિલ્વપત્ર ચડાવવા જશે અને નવરાત્ર ચાલતા હશે તો માતાજીને નાળિયેર ચડાવવા જશે. ઘણીવાર આપણે પણ સિદ્ધાન્તપાલનના નામ પર આત્મવંચના કરતા હોઈએ છીએ. હું મારી પોતાની જ આત્મવંચનાની વાત કહું તો મારા નાનપણની વાત છે. એક વખત અમારે ત્યાંની સેવામાં પહોંચતા ચાર-પાંચ સેવકવર્ગના લોકોએ કહ્યું આજે અમે જમવાના નથી. મેં પૂછ્યું કેમ? તો એ લોકોએ નિર્ભીકતાથી ઉત્તર આપ્યો કે આજે અમારું શિવરાત્રીનું વ્રત છે. તે વખતે મને મનમાં થયેલું કે આ લોકોની ભૂલ છે, પણ આજે વિચારતાં લાગે છે કે ખરેખર બ્રહ્મસંબન્ધ મંત્રદીક્ષા લેવામાં એણે ભૂલ કરી છે કે નહીં તે તો પ્રભુ જાણે પણ એટલું તો નક્કી છે કે આવાઓને અમૂલ્ય એવા બ્રહ્મસંબન્ધમંત્રની દીક્ષા આપવાનું અવિચારપૂર્ણ દુઃસાહસ કરવાની મારાથી ચોક્કસ જ ભૂલ થઈ ગઈ છે. ખરેખર બ્રહ્મસમ્બન્ધ તો આ માર્ગમાં પ્રવેશ માટે અધિકારરૂપ છે. આ માર્ગની સેવા કરવા માટે સ્વયં શ્રીપ્રભુએ દાનમાં આપેલું ઉત્કૃષ્ટ-અલૌકિક સાધન છે, નહીં કે પેટ રળવા માટે નોકરી મેળવવાનું સાધન છે. અહર્નિશ પ્રેમપૂર્વક ભગવત્સેવા કરતાં જ્યાં પહોંચી શકાતું ન હોય ત્યાં સેવામાં મદદરૂપ થાય તેવા સહકારીઓને રાખવા પડે ત્યાં તેમને તેટલા પૂરતા નિયોજવા એ તો બરાબર છે પણ હું આત્મદર્શન કરું છું તો **‘अह्न्यापृतम्’** જેવી મારી સ્થિતિ છે અને હું એમ અભિમન્તા થાઉ કે મારે ત્યાં પુષ્ટિ સેવા છે તો તેની શી સંગતિ છે ? પુષ્ટિનો અર્થ જો કૃપા જ માત્ર લેવામાં આવે તો મારે ત્યાં સેવા નથી કરતો, પણ ભગવાનની માત્ર પુષ્ટિ જ છે કે તે શ્રીમહાપ્રભુની - શ્રીપ્રભુચરણની કાનીથી બિરાજે છે અને આરોગે છે. અથવા તો મારા ઉપર તેટલી પુષ્ટિ ઓછી છે કે છણકો કરીને પ્રભુ પોતાની એ અપ્રિયતા મને નથી જણાવતા કે જા હું નથી આરોગતો, તેં કેમ આવા લોકો દ્વારા મારે માટે સામગ્રી સિદ્ધ કરાવી, જેમ શ્રીદામોદરદાસ સંભલવાળા સમક્ષ શ્રીદ્વારિકાધીશ પ્રભુએ અતિ અનુગ્રહપૂર્વક છણકો કરી જણાવેલું. સારાંશમાં

કહેવાનું તાત્પર્ય નવરત્નમાં '**अज्ञानात्**' પક્ષ જે શ્રીઆચાર્યચરણ જણાવી રહ્યા છે તે સ્વસ્વરૂપ, ભગવત્સ્વરૂપ, ગુરુસ્વરૂપ અને અંશાશી સંબન્ધ એનું જ્ઞાન ન હોય તો પણ પ્રભુમાં પ્રીતિ રાખી ભગવત્સેવા કરવા માંગતા હોય તેવા લોકોને ઉદ્દેશીને આ પક્ષ કહેવાયેલો છે. એટલે કે અજ્ઞાનથી એટલે કોરા કાગળ જેવો, જ્ઞાનથી એટલે ઉપર્યુક્ત વાતોની જાણકારીપૂર્વક-પ્રેમ વિનાનો એટલે કે અન્તઃકરણ રૂપી કાગળ પર જાણકારીના અક્ષરો લખાયેલા હોવા છતાં પણ અક્ષરો પ્રેમના સૌન્દર્ય વિનાના અને કૃષ્ણસાત્ કૃતપ્રાણ એટલે એવો અંતઃકરણરૂપ કાગળ જેનાં ઉપર પ્રેમના રંગથી પ્રેમની ભાષામાં લખાયેલા અક્ષરો હોય. આનાથી '**अज्ञानात्**' આ પદથી ક્યારે એવો અર્થ કરવો ઉચિત નથી કે અન્યમાં આસક્ત, કૃષ્ણ વિમુખ, સેવાની અનિચ્છાવાળા અને આ માર્ગના સિદ્ધાન્તોથી સમ્બન્ધ રાખવાનું અનાવશ્યક ગણતા એવા અજ્ઞાનીઓ. અજ્ઞાન પક્ષમાં ઉપર જણાવ્યા પ્રકારના વૈષ્ણવો પૂર્વમાં પણ હતા અને આજે પણ છે અને તેમનામાં તેવું અજ્ઞાન હોઈને પણ એ લોકો ભગવત્સેવાપરાયણ બની રહેતા હતા કે રહે છે અને તે લોકો અન્યાશ્રયાદિથી દૂર રહેતા હતા કે રહે છે એ સ્પષ્ટ જોઈ-જાણી શકાય છે. આવા અજ્ઞાનવાળા લોકોને અથવા જ્ઞાન હોવા છતાં પણ પ્રેમબળ વિહોણા લોકોને દુઃસંગ વગેરે દોષ વડે એમનાથી અન્યાશ્રય વગેરે દોષો થવા સંભવ છે. આવા લોકોને આશ્રય પદાર્થનો યથોચિત ઉપદેશ આપી તેમનામાં ભગવદાશ્રયભાવ દઢ હશે તો તેમને દુઃસંગ દોષ જ પ્રાપ્ત નહીં થશે અને જો કદાચિત થાય પણ ખરો તો તે અસર વિનાનો જ હશે અને જો કદાચિત સામાન્ય અસરવાળો થાય પણ ખરો તો એ તેમને તે આશ્રયભાવના પ્રભાવે ખૂબ જ શીઘ્ર પોતાનો દોષ સમજાઈ જશે અને તેઓ તેનાથી નિવૃત્ત થઈ જશે તેમજ તે દોષ નિવારણ અર્થે પણ ક્યાંય તેઓ ચિત્ત સ્થૈર્યાદિ માટે યોગાદિ-પ્રાયશ્ચિત્તાદિ સાધનોનો આશ્રય ન કરી માત્ર આશ્રયભાવે ભગવત્સેવામાં જ પરાયણ બની રહે તેવા હેતુથી જ તેવા પુષ્ટિજીવો માટે જ શ્રીઆચાર્યચરણ શ્રીપ્રભુચરણ કે બીજા પરવર્તી મહાનુભાવોએ આશ્રય પદાર્થ નિરૂપિત કર્યો છે. માત્ર કૃષ્ણાશ્રય કે

વિવેકધૈર્યાશ્રય જ નહીં કિન્તુ ષોડશ ગ્રન્થ નામે પ્રસિદ્ધ સોળે સોળ ગ્રન્થોની એ લોકોમાં જ ઉપયોગિતા છે જે લોકો પુષ્ટિજીવ છે, જેમની અન્યમાં આસક્તિ નથી, જે લોકોનાં મન-બુદ્ધિ કૃષ્ણવિમુખ ભાવોથી રહિત કૃષ્ણસામ્મુખ્યવાળા છે, જેમને સેવા કરવાની ઈચ્છા છે - વૃત્તિ છે પણ લૌકિક-અલૌકિક બાધકો વશ પોતાની ઈચ્છાને અમલમાં મૂકી શક્યા નથી અને આ માર્ગમાં અને આ માર્ગના સિદ્ધાન્તોમાં રુચિવાળા તેમજ માર્ગીય સિદ્ધન્તોપદેષ્ટા શ્રીઆચાર્યચરણમાં શ્રદ્ધા ધરાવનારા છે. માનો કે તે શ્રીમહાપ્રભુમાં શ્રદ્ધા નથી ધરાવતો, પછી શું કારણ છે કે તે '**साक्षात् भगवता प्रोक्तं तदक्षरश उच्यते । ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देहजीवयोः सर्वदोषनिवृत्तिः**' શ્રીમહાપ્રભુનાં આ વાક્ય પર પણ એને વિશ્વાસ થશે ? આવી જ રીતે ઉપર્યુક્ત બીજી બાબતોમાં પણ સમજી લેવાનું છે.

જો આશ્રયભાવની શુદ્ધિ થાય અને શુદ્ધ આશ્રયભાવ જો ચિત્તમાં દઢ થાય તો જ જીવ દ્વારા કરાતી સેવા એ આધિદૈવિક પ્રકારમાં પ્રવેશ કરી શકે છે. તેવી જ રીતે આધિદૈવિકભાવે થતી સેવા કે જેને શ્રીઆચાર્યચરણ '**मानसी सा परा मता**' '**चेतस्तत्प्रवणं सेवा**' '**यादृशी सेवना प्रोक्ता तत्सिद्धौ फलमुच्यते**' '**अलौकिक सामर्थ्यम्**' વગેરે વાક્યોથી જણાવે છે તેમાં પણ તે સેવાનો પણ આધાર શુદ્ધપુષ્ટિમાર્ગીય શરણભાવ જ છે. અતઃ '**तनुवित्तजा**' માં પણ મહત્ત્વપૂર્ણ રીતે આશ્રયભાવ અપેક્ષિત રહે છે. અન્યથા ચાહે તનથી કરો, ચાહે વિત્તથી કરો કે પછી તન-ધન સહિત કરો પણ તેનાથી માનસીની સિદ્ધિમાં કૃષ્ણ પ્રેમ પ્રાદુર્ભાવની જગ્યાએ મનમાં દંભ, લોભ, કામના, અહંકારાદિ દોષોને જ ઉત્પન્ન કરનારી સિદ્ધ થશે કે પછી તેના પરિણામે મનમાં ગ્લાનિ-અશ્રદ્ધા-ઉચ્ચાટન વગેરે સિદ્ધ થશે. તેથી સ્વમાર્ગીય સેવકોને આધિદૈવિકી સેવા-ભક્તિની સિદ્ધિને અર્થે શ્રીપ્રભુચરણે દ્વાદશસ્કન્ધ

આશ્રયલીલા ઉપર વીસ કારિકાઓ પ્રકટ કરી છે.

પ્રથમ કારિકામાં જાણાવ્યું કે શ્રીશુકદેવજી દ્વાદશ સ્કન્ધના ત્રીજા અધ્યાયમાં -

कथा इमास्ते कथिता महीयसां वितायलोकेषु यशः परेयुषाम् ।
विज्ञानवैराग्यविवक्षया विभोर्वचोविभूतीर्नतु पारमार्थ्यम् ।
यस्तूत्तमश्लोकगुणानुवादः स वर्ण्यतेऽभीक्ष्णममङ्गलघ्नः ।
तमेव नित्यं श्रुणुयादभीक्ष्णं कृष्णेऽमलां भक्तिमभीप्समानः ॥

(ભાગ. ૧૨-૩-૧૪,૧૫)

આમાં શ્રીભાગવતમાં નવમસ્કન્ધ પર્યન્તની કહેવાયેલી કથા એ ભગવદનુવર્ણનરૂપ વચનોની શેષભૂત છે એમ એ કથાને ‘**वचोविभूती**’ કહી છે, એટલે કે જેમાં ભગવાનના ગુણોનો અનુવાદ છે તેવી મ્હોટાઓની કથા. એમ જાણાવી, એ કથા ભિન્નાશ્રયના નિવારણ માટે કહી છે, પરમાર્થ પ્રતિપાદનના રૂપમાં નથી કહી. અહીં ભિન્નાશ્રય પદની સ્પષ્ટતા કરતાં શ્રીપુરુષોત્તમજી જાણાવે છે કે અહીં કહેલા શ્રીકૃષ્ણરૂપ આશ્રયથી **ભિન્નનો આશ્રય** અને અહીં દ્વાદશ સ્કન્ધમાં કહેવાયેલા આશ્રયથી **ભિન્ન પ્રકારનો આશ્રય** એ બંનેનું નિવારણ અહીં કર્યું છે. શ્રીકૃષ્ણરૂપ આશ્રયથી ભિન્નરૂપનો એટલે કૃષ્ણાશ્રયમાં ‘**पूर्णानन्दो हरिः**’ એ કૃષ્ણરૂપથી ભિન્ન ‘**प्राकृताः**’ થી ‘**बृहत्**’ પર્યન્તની વ્યાખ્યામાં પૂર્વમાં આપણે જે વિચારી ગયા તે રૂપોનો આશ્રય એનું નિવારણ અહીં દ્વાદશ સ્કન્ધમાં ઉક્ત બે શ્લોક વડે નિવારણ કર્યું છે. અર્થાત્ વાસ્તવમાં તે રૂપો આશ્રય છે જ નહીં એમ નિવારણ કર્યું છે. દ્વાદશ સ્કન્ધમાં કહેવાયેલ આશ્રયથી ભિન્ન પ્રકારનો આશ્રય એટલે આગળ દ્વિતીય શ્લોકમાં જે સાધનાવસ્થાને અન્યાશ્રય તરીકે જાણાવી એની નિવૃત્તિ થતાં જે સ્વરૂપનો આશ્રય સિદ્ધ થાય છે તે પ્રકારનો આશ્રય. તેનાથી ભિન્ન પ્રકારનો એટલે સર્ગથી મુક્તિ પર્યન્તનાં નવ લક્ષાણોથી લક્ષ્ય આશ્રય નહીં પણ સર્ગથી આશ્રયલીલા પર્યન્ત દસ લક્ષાણોથી લક્ષ્ય આશ્રય જ આશ્રય છે, તેથી તેનાથી ભિન્ન નવલક્ષાણલક્ષ્ય જે આશ્રય તેનું પણ નિવારણ અહીં કર્યું છે. અથવા ભગવાન વેદ પ્રતિપાદ્ય છે તેથી વેદપ્રતિપાદ્ય-વેદ પ્રથિત પુરુષોત્તમ જ આશ્રય છે એમ જાણવાના પ્રકારવાળો આશ્રય નહીં પણ વેદાદિ સાધન નિરપેક્ષ પ્રકારનો ભાવરૂપ ભગવાન જ આશ્રય છે તે આશ્રય જ આશ્રય છે અને તે જ શ્રીશુકસમ્મત છે. આમ જાણાવી ‘**मामेकं सर्वात्मानं समं सर्वभूतस्थमीश्वरमच्युतं गर्भजन्मजरामरणविवर्जितमहमेवेत्येवमेकं शरणं व्रज न मत्तोऽन्यदस्तीत्यवधारयेत्यर्थः**’ (ગીતા શાંકરભાષ્ય ૧૮-૬૬) મા શ્રીશંકરાચાર્ય પ્રદર્શિત તથા શૈવાદિમતમાં સ્વીકૃત શરણ પદાર્થથી શ્રીવલ્લભાચાર્ય સમ્મત આશ્રય એ ભિન્ન છે એ ભિન્નતા ‘**ભિન્નનો આશ્રય**’થી જાણાવી છે. તથા ‘**एतन्मायानिवृत्तिहेतुमाह । यस्मादेवं तस्मात्तमेव सर्वस्य प्रशासितारमाश्रितवात्सल्येन त्वत्सारथ्येऽवस्थितमित्थं कुर्विति च प्रशासितारं मां सर्वभावेन सर्वात्मना शरणं गच्छानुवर्तस्व**’ (ગીતા-રામાનુજભાષ્ય ૧૮-૬૨) તથા ‘**कर्मयोगज्ञानयोग-भक्तियोगरूपान् सर्वान् धर्मान् परमनिःश्रेयससाधनभूतान् मदाराधनत्वेनातिमात्रप्रीत्या यथाधिकारं कुर्वाण एव उक्तरीत्यादिफलकर्मकर्तृत्वादिपरित्यागेन परित्यज्य मामेकमेव कर्त्तारमाराध्यं प्राप्यमुपायं चानुसंधत्स्व**’ (ગીતા- રામાનુજભાષ્ય ૧૮-૬૬) આ પ્રકારનો શ્રીરામાનુજાચાર્ય પ્રદર્શિત આશ્રયભાવ શ્રીવલ્લભાચાર્યોપદિષ્ટ તથા શ્રીશુકદેવજી દ્વારા દ્વાદશ સ્કન્ધમાં કહેવાયેલ આશ્રયના પ્રકારથી જુદા પ્રકારનો કે જે અન્ય પુરાણોમાં કહેવાયેલા પ્રકારનો છે તેવા ભિન્ન પ્રકારના આશ્રયનું પણ અત્ર નિવારણ કર્યું છે એમ કહેવાનું શ્રીપ્રભુચરણનું તાત્પર્ય છે.

રામાનુજ સમ્પ્રદાય પ્રમાણે શરણાગતિનું લક્ષણ :-

યદ્યપિ શ્રીરામાનુજાચાર્ય દ્વારા અને ત્યારબાદના પરવર્તી રામાનુજ સમ્પ્રદાયના આચાર્યો-વિદ્વાનો દ્વારા શરણાગતિ-પ્રપત્તિ વિષયક ઘણી ચર્ચા કરવામાં આવી છે. તેમજ તેમના બધાના સાહિત્યમાં શરણાગતિનું ખૂબ જ સુન્દર અને શ્રેષ્ઠ સ્વરૂપ નિરૂપિત થયેલું છે. સ્વયં શ્રીરામાનુજાચાર્ય વિરચિત શરણાગતિગદ્ય ઘણું જ સુન્દર છે. આ સમ્પ્રદાયના પરમ ઉત્કૃષ્ટ વિદ્વાન્ શ્રીવેદાન્તદેશિકાચાર્યસ્વામી વિરચિત **'न्यास तिलक'** નામક ગ્રન્થમાં તેઓ શરણાગતિનું સ્વરૂપ સમજાવે છે :-

आर्तेष्वाशुफला तदन्यविषयेऽप्युच्छिन्नदेहान्तरा
वह्न्यादेरनपेक्षणात् तनुभृतां सत्यादिवद्व्यापिनी ।
श्रीरङ्गेश्वर ! यावदात्मनियतत्वत्पारतंत्र्योचिता
त्वय्येव त्वदुपायधीः अपिहितस्वोपायभावाऽस्तु मे ।।

આ શ્લોકમાં રામાનુજ સમ્પ્રદાયોક્ત ભક્તિના સ્વરૂપથી રામાનુજ સમ્પ્રદાયોક્ત પ્રપત્તિ - શરણાગતિના સ્વરૂપની વિલક્ષણતા દર્શાવવામાં આવી છે. પ્રપત્તિનું મુખ્ય સ્વરૂપ ચતુર્થ પદ્યમાં **'त्वय्येव त्वदुपायधीः मे अस्तु'** પ્રભુ ! આપની પ્રાપ્તિમાં આપ જ માત્ર ઉપાયો છો તેવી મારી બુદ્ધિ થાય. આ પ્રકારે ભગવત્પ્રાપ્તિમાં ભગવાન જ માત્ર ઉપાય છે તેવી બુદ્ધિ થવી તે શરણાગતિ છે. એમ મુખ્ય વાત ચતુર્થ પાદમાં લખે છે અને તે પ્રપત્તિનાં લક્ષણો બાકીના ત્રણ ચરણથી જણાવે છે - આ પ્રપત્તિ કેવી છે ? તો કહે છે -

(૧) **'आर्तेषु आशु फला (फलप्रदा)'** આ પ્રપત્તિ આર્ત એટલે સંસારથી અત્યન્ત વિરક્તિ થતાં તત્ ક્ષણ મોક્ષની ઈચ્છાવાળાઓ જો ભગવત્ પ્રપન્ન થાય તો તેમને તત્ ક્ષણ જ, ત્યારે જ ને ત્યાં જ મોક્ષફલ આપનારી છે.

(૨) **'तदन्यविषये अपि उच्छिन्न देहान्तरा'** તદન્ય વિષયમાં એટલે પૂર્વોક્ત આર્ત પ્રકારથી જુદા-પ્રારબ્ધ કર્માનુસાર વર્તમાન શરીર છૂટતાં મરણ પછી જે મોક્ષને ઈચ્છનાર છે અને તે લોકો જો ભગવત્ પ્રપન્ન થાય છે તો તે લોકોને પ્રારબ્ધ કર્માનુસાર મરણ બાદ જે બીજાં શરીરોની પ્રાપ્તિ થવાની તે શરીરો સાથેના પ્રપન્નના સમ્બન્ધનો ઉચ્છેદ કરનારી છે, મતલબ કે તેમના પ્રારબ્ધ-અનારબ્ધ શેષ સર્વ કર્મોનો નાશ કરી તેમને મોક્ષ આપનારી છે.

(૩) **'वह्न्यादेरनपेक्षणात् तनुभृतां सत्यादिवद्व्यापिनी'** અગ્નિહોત્ર વગેરે વિશેષ વૈદિક કર્મોની આમાં અપેક્ષા ન હોવાથી (વિહિતા ભક્તિ રામાનુજમાં સ્વીકાર્ય છે અને તેમાં યજ્ઞ, દાન, તપ, જપ, સ્વાધ્યાય, સંયમ વગેરેથી શુદ્ધ અન્તઃકરણમાં ભક્તિ ઉત્પન્ન થાય છે તેથી તે મુજબ પ્રપત્તિમાં તે બધાંની અનપેક્ષા હોવાથી) જેમ સત્યભાષણ વગેરે સર્વવર્ણના - સર્વ માટે અનુષ્ઠેય છે તેમ આ પ્રપત્તિમાં પણ દેહધારણ કરનારા પ્રાણિમાત્ર અધિકારી છે.

(૪) **'यावदात्मनियतत्वत्पारतंत्र्योचिता'** યાવદાત્મભાવિ, એટલે કે ક્યારેય નહીં છૂટવાવાળું એવું નિત્ય ભગવત્પારતંત્ર્ય (જીવ ભગવાનથી નિત્ય - સદા પરતંત્ર છે) ભાવનું જે સ્વરૂપ તેને ઉચિત આ પ્રપત્તિ છે, (ભક્તિરૂપ પ્રયત્નમાં જીવનો ભગવાનથી પોતાનામાં સ્વતંત્ર ભાવ હોય છે, જ્યારે પ્રપત્તિમાં તેમ નથી)

(૫) **'अपिहित-स्वोपायभावा'** પોતાનામાં ઉપાયપણાની બુદ્ધિથી રહિત સ્વરૂપવાળી પ્રપત્તિ, એટલે કે પોતાના દ્વારા કરાતી પ્રપત્તિ-શરણાગતિમાં ઉપાયપણું છે - ભગવત્પ્રપત્તિનો કે શ્રેયપ્રાપ્તિનો આ મારા દ્વારા કરાયેલો શ્રેષ્ઠતમ ઉપાય છે તેમ ઉપાયપણાને માનવાપણું જેમાં નથી તેવી બુદ્ધિ થવાના સ્વરૂપવાળી પ્રપત્તિ, આની જ વધુ સ્પષ્ટતા માટે જણાવ્યું **'त्वय्येव त्वदुपायधीः'** તમારી ભગવાનની પ્રાપ્તિ માટે એક માત્ર તમે જ -

ભગવાન જ ઉપાય છો તેવી બુદ્ધિવાળી પ્રપત્તિ અથવા તો તેવી બુદ્ધિ મારામાં ઉત્પન્ન થાઓ.

આ પ્રકારે રામાનુજ સમ્પ્રદાયમાં શરણાગતિનું સ્વરૂપ ઈતર સમ્પ્રદાયો કે ઈતર વૈષ્ણવ સમ્પ્રદાયો કરતાં ઘણું વિલક્ષણ રીતે કહેવામાં આવ્યું છે. તેમ છતાં પણ એથી પણ ઘણું વિલક્ષણ સ્વરૂપ શ્રીઆચાર્યચરણે-શ્રીપ્રભુચરણે શ્રીમદ્ ભાગવત પીયૂષસાર સ્વરૂપે નિરૂપિત કર્યું છે, જેને લંબાણથી નહીં પણ સંક્ષેપમાં વિચારીએ તો શ્રીરામાનુજના ગીતા-૧૮-૬૬નાં ભાષ્યનાં બીજા વાક્યમાં કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ રૂપ જે પરમ નિઃશ્રેયસ સાધનભૂત ધર્મો છે તેનું ભગવદારાધન બુદ્ધિથી અને તે પણ ભગવાનમાં અતિશય પ્રીતિપૂર્વક કરતાં જ તે ધર્મોના આચરણથી ઉત્પન્ન થનારું ફલ અને તે કર્મો આચરવાનું કર્તાપણાનું અભિમાન તેને ત્યાગીને સર્વકર્તા, આરાધ્ય, પ્રાપ્ય અને તે પ્રાપ્ત કરવાના ઉપાયરૂપમાં એક માત્ર ભગવાનનું જ અનુસન્ધાન કરવું એ શરણાગતિ છે. તેમજ પ્રથમ વાક્યમાં - સર્વના પ્રશાસ્તા (તેમ છતાં પણ) પોતાના આશ્રિત (એવા અર્જુન) પ્રત્યે અતિ વાત્સલ્ય વડે એના રથના સારથીનો ભાવ ધારણ કરી બિરાજમાન અને (તેમ કરીને પણ) તું આમ કર એમ કહી અર્જુનનું પ્રશાસન કરનારા એવા ભગવાનને સર્વ ભાવ વડે સર્વાત્મના-સમ્પૂર્ણ અન્તઃકરણથી શરણે જવું, એટલે કે સર્વભાવ વડે મન, બુદ્ધિ અને ચિત્તની સર્વ વૃત્તિઓ સત્વૈકમનસ્ થઈને તદનુકૂલ - તદાજ્ઞાપ્રમાણ અનુવર્તન કરવું એ શરણાગતિ છે.

આ બન્ને વાક્યો પૈકી પ્રથમ વાક્યમાં વિહિતા પ્રપત્તિનો ભાવ દર્શાવ્યો છે કે જે **'यो ब्रह्माणं विदधाति पूर्वम्'** આ મંત્રમાં કહેવાઈ છે. રામાનુજ સિદ્ધાન્તમાં વેદપ્રતિપાદ્ય, લોક-વેદ પ્રથિત પુરુષોત્તમની વિહિતા ભક્તિનું પ્રીતિના સાહચર્યે વિધાન થયેલું છે. એ જ પુરુષોત્તમની વિહિતા પ્રપત્તિનું અત્ર નિરૂપણ છે. તેવી જ રીતે બીજા વાક્યમાં ધર્મ ત્યાગનો જે પ્રકાર દર્શાવ્યો છે તે પણ વિહિત પ્રકારનો છે. તેથી તેઓ આ જ સ્થળે આ વાક્યમાં

જ આગળ લખે છે - **'एष एव सर्वधर्माणां शास्त्रीयपरित्याग इति 'निश्चयं श्रृणु मे तत्र त्यागे भरतसत्तम । त्यागो हि पुरुषव्याघ्र त्रिविधः संप्रकीर्तितः ।' इत्यारभ्य 'सङ्गं त्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विको मतः । न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ।। यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते' 'इत्यध्यायादौ सुदृढमुपपादितम्'** (ગીતા-રામાનુજભાષ્ય ૧૮-૬૬). આમાં ગીતાના અઢારમા અધ્યાયના આરંભે ચોથા શ્લોકથી લઈને અગિયારમા શ્લોક પર્યન્તમાં ભગવાને જે સાત્ત્વિક, રાજસ તામસ એમ ત્રણ પ્રકારના ત્યાગ કહ્યા છે તે પૈકી સાત્ત્કિ ત્યાગ પ્રકારનો ત્યાગ સર્વધર્મત્યાગની ગીતોક્ત ભગવદાજ્ઞામાં ભગવદાશય જાણવો, કારણ કે આ જ શાસ્ત્રીય પરિત્યાગ છે. તેથી અઢારમા અધ્યાયના આરંભે દેહધારણ કરેલા એવા લોકો વડે અશેષ કર્મ ત્યાગવું શક્ય નથી તેથી સાત્ત્વિક ત્યાગ અત્ર ગીતાના ૧૮-૬૬ માં ભગવાન દ્વારા કહેવાયેલો છે એમ શ્રીરામાનુજનું લખવાનું તાત્પર્ય છે.

આ પ્રકારે શ્રીરામાનુજાચાર્ય પ્રદર્શિત પ્રપત્તિ પ્રકારને વિચાર્યા પછી શ્રીરામાનુજાચાર્ય અને શ્રીવલ્લભાચાર્ય શરણાગતિ- પ્રપત્તિના પ્રકાર નિશ્ચયમાં ક્યાં જુદા પડે છે અને બન્ને દ્વારા ઉક્ત પ્રપત્તિ પ્રકારોમાં ક્યાં તર-તમ ભાવ રહેલો છે તેને સ્પષ્ટ કરવા પ્રથમ શ્રીરામાનુજના અભિપ્રાયને ગ્રહણ કરી શ્રીરામાનુજ સમ્પ્રદાય માન્ય પ્રપત્તિ પ્રકારને જણાવતાં શ્રીવેદાન્ત દેશિકાચાર્ય જણાવે છે તેને વિચારીએ :-

न्यासादेशेषु धर्मत्यजनवचनतोऽकिञ्चनाधिक्रियोक्ता
कार्पण्यं वाऽङ्गमुक्तं मदितरभजनापेक्षणं वा व्यपोढम् ।
दुःसाध्येच्छोद्यमौ वा क्वचिदुपशमितावन्यसम्मेलने वा
ब्रह्मास्त्रन्याय उक्तस्तदिह न विहतो धर्म आज्ञादिसिद्धः ।। १ ।।

આ શ્લોકનો અન્યવ અને અક્ષરાર્થ પૂર્વમાં **न्यासादेशः** નામક પુસ્તિકામાં આ પ્રકારે આપવામાં આવેલ છે :-

अन्वयः - न्यासादेशेषु धर्मत्यजनवचनतः क्वचित् अकिञ्चनाऽधिक्रिया उक्ता । वा कार्पण्यं अङ्गं उक्तम् । वा मदितरभजनापेक्षणं व्यपोढम् । वा दुःसाध्येच्छोद्यमौ उपशमितौ । वा अन्यसम्मेलने ब्रह्मास्त्रन्यायः उक्तः । तत् इह आज्ञादिसिद्धः धर्मः न विहतः ।

અક્ષરાર્થ :- સર્વ ત્યાગની આજ્ઞાઓમાં ધર્મ ત્યાગ કરવાનાં વચનોથી કોઈ ઠેકાણે અકિંચનપણાને શરણાગતિનો અધિકાર કહ્યો છે અને કોઈ ઠેકાણે દીનપણાને શરણાગતિનું અંગ કહ્યું છે, અથવા મારાથી બીજાનું ભજન અને અપેક્ષા રાખવાનો નિષેધ કર્યો છે, કિં વા દુઃસાધ્યકાર્યની ઈચ્છા અને પ્રયત્નનું ઉપશમન કર્યું છે, અથવા ધર્માન્તરનો સમ્બન્ધ થવામાં બ્રહ્માસ્ત્રન્યાય વર્ણવેલો છે, માટે **‘सर्वधर्मान्’** આ ગીતાના શ્લોકમાં વેદાદિ આજ્ઞાથી સિદ્ધ ધર્મ નષ્ટ ન થયો.

આ શ્લોકમાં વેદાન્તદેશિકાચાર્યનું કહેવાનું મુખ્ય તાત્પર્ય એ છે કે ગીતાના અઢારમા અધ્યાયમાં શરણોપદેશમાં સર્વધર્મોનો જે ત્યાગ કહ્યો છે તેમાં **‘तत् इह आज्ञादिसिद्धः धर्मः न विहतः’** એટલે કે **તમારે ધર્મો ઉપદેશવા** એમ ભગવાનની આજ્ઞા થકી મનુ વગેરેએ જે ધર્મોનો ઉપદેશ કર્યો છે કે જે વેદો વડે નિરૂપિત ધર્મ સ્મૃતિરૂપમાં નિરૂપિત થયેલો છે અથવા વેદો વગેરે શાસ્ત્રોમાં જે શ્રેયસ્કર રૂપમાં ધર્મો કહ્યા છે તેને આ ધર્મત્યાગનાં વચનથી બાધ થતો નથી. તે બાધ નહીં થવાના જુદા-જુદા હેતુઓ તેઓ **‘वा वा’** વગેરેથી જણાવે છે. તે આ મુજબ છે :-

(૧) જેમની પ્રવૃત્તિ-નિવૃત્તિ બન્નેનું ભગવાનને અધીનપણું જ છે, તેઓ પ્રવૃત્તિ-નિવૃત્તિ જે કંઈ પણ કરે છે તે ભગવાન જ કરે છે (કરાવે છે) તેથી બીજો જેમનામાં કોઈ હેતુ નથી એવાને અકિંચન કહેવામાં આવે છે, તેવા અકિંચનોનો જ શરણાગતિમાં અધિકાર છે તે અર્જુન આગળ જ્ઞાપન કરવા અકિંચનતાના ભાવરૂપે સર્વધર્મત્યાગ કહ્યો છે.

(૨) અથવા તો પોતાનામાં સર્વસાધનરહિતપણું એનું સ્ફુરણ થવાથી જ અન્તઃકરણમાં દીનતા સ્ફુરે છે, બીજા કોઈ પ્રકારે દીનતાનું સ્ફુરણ થતું નથી, એવી દીનતા એ શરણાગતિમાં અંગ છે, તેથી સર્વધર્મત્યાગકથન વડે તે દીનતા જ જણાવી છે.

(૩) અથવા તો જે કાર્ય પોતાનાથી કે બીજાથી શક્ય ન હોય અને માત્ર તે શ્રીપ્રભુ વડે જ સિદ્ધ થઈ શકે તેવાં હોય, તેવાં કાર્યોને અર્થે શ્રીહરિનું શરણ લેવું બરાબર છે, પરન્તુ જે કાર્ય પોતાનાથી કે ભગવાન સિવાય કોઈ બીજાથી પણ સિદ્ધ થઈ શકે તેવાં હોય તેવાં કાર્યોનો ભાર શા માટે શ્રીભગવાન પર નાંખવો ? એવી આશંકાના નિવારણ અર્થે સર્વ ધર્મોનો ત્યાગ કહ્યો છે. અહીં સર્વધર્મ એટલે ભગવાનથી અતિરિક્ત સર્વ પ્રવૃત્તિ લક્ષણવાળા તે-તે દેવતાના ભજનરૂપ સર્વ ધર્મોને છોડ એમ ભગવત્તાત્પર્ય છે. પરિત્યાગમાં **‘પરિ’** એટલે લૌકિક અપેક્ષાઓનો ત્યાગ કર. આ પ્રકારે મહારાથી બીજો પુરુષ, તેનું ભજન અને તેની અપેક્ષા રાખવી ત્રણે છોડ એમ તાત્પર્ય છે. અથવો તો હું અને અન્ય બન્નેનાં ભજન અને અપેક્ષણનો ત્યાગ કર એમ તાત્પર્ય છે. કારણ કે જેમ-માર્જારીસુત-બિલાડીનાં બચ્ચાં જેવી પ્રપત્તિમાં ભક્ત પ્રભુ ભજન વગેરેને ત્યાગે છે અને પ્રભુ જ શરણાગતનો સ્વબલે ઉદ્ધાર કરે છે, તેમ મારું ભજન - અપેક્ષણ બન્નેનો ત્યાગ કર. આ પક્ષમાં સર્વધર્મ પદથી બીજા ધર્મોની સાથે ભગવદ્ધર્મો પણ સમજવા. એટલે કે પ્રપત્તિ-શરણાગતિમાં બીજાઓના ધર્મોનો ત્યાગ કરવો તેમ ભગવદ્ધર્મોનો પણ પરિત્યાગ થવો જરૂરી છે (ભગવદ્ધર્મો એટલે **‘मन्मना भव मद् भक्तो’** **‘यत् करोषि यदश्नासि’**વગેરેથી ગીતામાં કહેવાયેલ તથા **‘एवं धर्मैर्मनुष्याणा-**

मुद्धवात्मनिवेदिनाम्’ (ભાગ.૧૧-૧૯-૨૪) ત્યાં ગણાવેલા તથા **‘हन्त ते कथयिष्यामि’** (ભાગ.૧૧-૨૯-૭) થી ઉપક્રમ કરીને કહેવાયેલા તે સર્વ ભગવદ્ધર્મોનો અત્ર સમાવેશ કરવો).

(૪) ગીતામાં અર્જુન પ્રથમ-દ્વિતીય અધ્યાયમાં યુદ્ધ વડે પોતાનો પાપભય ભગવાન આગળ કહ્યો છે અને તેવા પાપની નિવૃત્તિને માટે ભગવાનને શરણે જવું એમ જો ભગવાનનું તાત્પર્ય હોય તો તેવાં પાપની નિવૃત્તિને માટે પણ **‘तरति ब्रह्महत्यां योऽश्वमेधेन यजते’** વગેરે શ્રુતિ વડે પણ વિધાન થયેલું છે, તો પછી તેવાં કાર્ય માટે સ્વતંત્ર પુરુષાર્થરૂપ શરણગમન કહેવું એ અયુક્ત જ છે, એનું નિરાકરણ કરવા કહે છે - ક્યારેક જો દુઃસાધ્ય ઈચ્છા થાય અને તેવા દુઃસાધ્ય ઉદ્યમમાં પ્રવૃત્તિ થાય તો તેના ઉપશમન અર્થે સર્વધર્મત્યાગ દુઃસાધ્ય ઈચ્છા-દુઃસાધ્ય ઉદ્યમ બન્નેના ઉપશમન રૂપમાં કહ્યો છે. ભગવાન વડે અંગીકાર કરાયેલા એવા ભગવત્ પ્રપન્નોને પાપ સંભાવના જ નથી, તેમ છતાં પણ વિશેષ ભગવદિચ્છાવશ પાપ સંભવે (જેમ પરીક્ષિત રાજા વડે ઋષિનો અનાદર થવા રૂપ પાપ થયું, જેમ ચિત્રકેતુ દ્વારા શ્રીમહાદેવજીનો અપરાધ થયો) તો તેની નિવૃત્તિ પ્રાયશ્ચિત્તાદિ યા અશ્વમેધાદિ ઉપાયોથી શક્ય પણ નથી, તેથી તેવા પ્રસંગે ક્વચિત્-ક્યારેક તેવા ઉપાયોની ઈચ્છા થાય કે તેવા યજ્ઞાદિ પ્રયત્નોમાં પ્રવૃત્તિ થાય તો તે બન્નેના ઉપશમનરૂપમાં સર્વધર્મત્યાગ - મારે શરણે જા એમ માત્ર કહેવા માટે જ નથી કહ્યું પણ તેના વડે શરણાગતિનું ભગવાને દાન જ કર્યું છે જેથી તે બન્નેનું ઉપશમન થાય.

(૫) બીજા હેતુઓથી ન સહી લોકસંગ્રહનો હેતુ ચિત્તમાં રાખીને પણ જો પ્રપન્નથી ધર્મકરણમાં પ્રવૃત્તિ થાય તો પણ ધર્માન્તર સમ્બન્ધ (ભગવાનથી - ભગવદ્ભાવથી અલગ એવા ધર્મનો સમ્બન્ધ) થાય અને તેથી શરણાગતિ સ્વરૂપની હાનિ થાય તેથી જેમ શ્રીરામચરિત્રમાં શ્રીહનુમાનજી શ્રીજાનકીજીને શોધવા લંકા ગયા ત્યારે મેઘનાદે શ્રીહનુમાન પર અભિમંત્રિત બાણ વડે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો ત્યારે શ્રીહનુમાનજી પરમ વિદ્વાન-શાસ્ત્રવેત્તા હોવાથી એ જાણતા હતા કે આ પ્રયોગ સામે જો બ્રહ્માસ્ત્રની સ્તુતિ કરવામાં આવે તો આનાથી મુક્ત થઈ શકાય છે તેમ છતાં પણ તેઓ શ્રીરામના એકાન્તદાસ હોવાથી મંત્રની સ્તુતિ વડે મંત્રનો કે તે મંત્રના અધિષ્ઠાતૃદેવનો આશ્રય કર્યો નહીં અને બન્ધનને સ્વીકારી લીધું અને પોતાના ચિત્તમાં માત્ર શ્રીરામના આશ્રય ભાવનું જ ચિન્તન કર્યું, શ્રીરામ છોડાવશે તો જ છૂટીશ પણ શ્રીરામાશ્રય છોડી સ્વાશ્રય કે પરાશ્રય નહીં કરું, તો શ્રીરામની કૃપાથી અસુરોએ બ્રહ્માસ્ત્રમાં અવિશ્વાસ કર્યો અને તેથી અસ્ત્રપ્રભાવ નિવૃત્ત થતાં શ્રીહનુમાનજી બન્ધનમુક્ત બન્યા. જેમ અત્ર શ્રીહનુમાનજીએ આ પ્રકારે પોતાનામાં આશ્રયભાવની જ રક્ષા કરી છે, શરણ પદાર્થની હાનિ થવા દીધી નથી, તેમ પ્રપન્નજનોએ સર્વ પ્રકારે પોતાનામાં આશ્રયભાવની રક્ષા કરવી એમ આશ્રયભાવની રક્ષાના અર્થમાં સર્વ ધર્મત્યાગ કહ્યો છે. એટલે કે અન્ય કોઈ પણ ભય, કામના, કાર્યસિદ્ધિ, લોકસંગ્રહ, મોક્ષ અથવા તો ભગવત્ કાર્યની સિદ્ધિને અર્થે વગેરે કોઈ પણ હેતુથી ધર્મમાં પ્રવૃત્ત નહીં થઈ માત્ર શ્રીપ્રભુ પર અનન્ય -અડગ વિશ્વાસ રાખી અનન્ય આશ્રયભાવ પૂર્વક ધર્માશ્રય કર્યા વિના માત્ર વેદોએ ભગવદાજ્ઞા છે અને સમ્પૂર્ણ વેદ એ ધર્મનું મૂલ છે તેથી ધર્મને ભગદાજ્ઞા સમજી જેમ ગુરુની આરાધના તેના આજ્ઞાપાલનથી થાય છે તેમ સેવકભાવે ધર્મપાલન કર એ અર્થમાં સર્વધર્મત્યાગ કહ્યો છે (આ પ્રકાર પૂર્વોક્ત ગીતાના ૧૮-૬૬ના શ્રીરામાનુજભાષ્યના **‘प्राप्यमुपायं चानुसन्धत्स्व’** ત્યાં પર્યન્તમાં કહેવાયેલ વાક્યમાં જે પ્રકાર નિર્દેશાયો છે તે પ્રકાર સાથે આની સંગતિ છે, અતઃ તે આધારે આ પ્રકાર શ્રીવેદાન્તદેશિકાચાર્યે કહ્યો છે).

આ પ્રકારે વિચારતાં ધર્મત્યાગ કર એવી ભગવદાજ્ઞાથી આજ્ઞાદિ સિદ્ધિ-પૂર્વસિદ્ધ ધર્મને બાધ આવતો નથી, એમ શ્રીરામાનુજ મતને અનુસરી શ્રીવેદાન્તદેશિકાચાર્યે લખ્યું. આ શ્લોક ઉપર શ્રીપ્રભુચરણે વિવરણ લખ્યું છે જેને પાછળથી ન્યાસાદેશ વિવરણ એમ નામ અપાયું છે. આ વિવરણમાં પ્રથમ

વિવરણના પૂર્વાર્ધમાં રામાનુજ મત સાથે સંગતિ રાખી **‘अत्रायं भावः’** થી આરંભ કરી **‘अतो न विहतो इत्यादि पूर्ववत्’** અહીં પર્યન્તમાં શ્રીપ્રભુચરણે ભાવાર્થ પ્રકટ કર્યો છે. **‘सर्वधर्मान् परित्यज्य’** આટલા શ્રીકૃષ્ણ વાક્યને કેન્દ્રમાં રાખી શરણાગતિ-પ્રપત્તિનાં જે પાંચ લક્ષણો હેતુરૂપે દર્શાવ્યાં છે તે પાંચે પ્રકારો સાથે શ્રીવલ્લભાચાર્યાભિમત આશ્રય પદાર્થ ને વિશેષ વિરોધ નથી બલ્કે તેમાં થોડા સુધારા-વધારા સાથે તે પાંચેય સ્વીકાર્ય છે. બન્ને પ્રકારો વચ્ચે જે મુખ્ય ભેદ છે તે પૈકી રામાનુજ મતાનુસાર પૂર્વસિદ્ધ ધર્મના ત્યાગ વિના જ તેમાંથી સાત્ત્વિક ત્યાગ પ્રકારે ફલાસક્તિ અને કર્માસક્તિ દૂર કરી કર્મકરણ કરતાં પ્રપન્નભાવે રહેવાનો પ્રકાર છે. જ્યારે શ્રીવલ્લભાચાર્યજીના મતે પૂર્વસિદ્ધ સર્વ લૌકિક-વૈદિક ધર્મનો ત્યાગ પ્રકાર છે. બીજો મુખ્ય ભેદ છે તે એમ છે કે શ્રીરામાનુજના મતે શરણાગતિ એ ભક્તિમાર્ગથી વિલક્ષણ અને સ્વતંત્ર માર્ગ છે, જ્યારે શ્રીવલ્લભાચાર્યજીના મતે આશ્રયભાવ એ ભક્તિના સ્વરૂપથી જુદા જેવો હોવા છતાં પણ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગથી સ્વતંત્ર માર્ગ નથી, પરન્તુ તે ભક્તિનો અનુકલ્પ છે, તેમ જ શુદ્ધ પુષ્ટિભક્તિનું મહત્ત્વપૂર્ણ આધારરૂપ અંગ પણ છે. શ્રીરામાનુજ સિદ્ધાન્તમાં વિહિતાભક્તિ અને વિહિતા પ્રપત્તિનો પ્રકાર છે, જ્યારે વલ્લભ સિદ્ધાન્તમાં અવિહિતા ભક્તિ અને અવિહિતા પ્રપત્તિનો પ્રકાર છે (વિહિત એટલે જેનું વેદાદિ શાસ્ત્રમાં વિધાન થયું હોય તે મુજબની ભક્તિ-પ્રપત્તિ અને અવિહિત એટલે વેદાદિ સાધન નિરપેક્ષ હૃદયના શુદ્ધ પ્રેમ-ભાવ સ્વરૂપ ભક્તિ - પ્રપત્તિ), શ્રીરામાનુજના દૃષ્ટિકોણમાં લોકવેદાતીત અને લોકવેદ પ્રથિત પુરુષોત્તમમાં કોઈ ભેદ નથી જ્યારે શ્રીવલ્લભના દૃષ્ટિકોણમાં બન્નેમાં ભેદ છે. શ્રીરામાનુજ મતે વૈકુંઠમાં ભગવાનના નિત્યકૈંકર્યની પ્રાપ્તિ એ જીવનું પરમ ફલ છે, જ્યારે શ્રીવલ્લભાચાર્યજીના મતે લીલાવિશિષ્ટ રસાત્મક પરબ્રહ્મ-પરમાનન્દનો સર્વેન્દ્રિયોથી આનન્દાનુભવ-આસ્વાદ એ પરમ ફલ છે. શ્રીરામાનુજમતે પરમ ફલની ઉપલબ્ધિ મૃત્યુ પછી મોક્ષરૂપમાં જ શક્ય છે, જીવન સ્થિતિમાં તે શક્ય નથી, જ્યારે શ્રીવલ્લભ મતે ભગવાન સર્વ સમર્થ હોવાથી મૃત્યુના પૂર્વ જીવનસ્થિતિમાં પણ તે ફલનું દાન કરી શકે છે અને કરે છે. શ્રીરામાનુજ મતમાં ફલરૂપ ભગવાનનું સાધનરૂપ બનવું તેમજ તે ફલરૂપ ભગવાનનું જ સાધનરૂપે ચિત્તમાં ભાવન તે આશ્રય છે જ્યારે શ્રીવલ્લભના મતે ફલરૂપ ભગવાનની હૃદયમાં ભાવરૂપ સ્થિતિ તેમજ તે ભાવરૂપ ભગવાનનું હૃદયમાં ભાવન કરવું તે આશ્રય છે. આ પ્રકારના તેમજ આ સિવાયના બીજા પણ ભેદોને આવરી લઈ શ્રીપ્રભુચરણ શ્રીવલ્લભમતાનુકૂલ શરણાગતિનું રહસ્ય પ્રકટ કરવાના હેતુથી વિવરણમાં શ્લોકનો એક અર્થ પૂર્ણ કરી નવેસરથી જુદો અર્થ પ્રકટ કરે છે. આ અર્થ વિવરણમાં **‘पुरःस्फूर्तिकोऽयमर्थो वस्तुतस्त्वन्यत्रैव तात्पर्यम्’** ત્યાંથી આરંભી ગ્રન્થના અન્ત પર્યન્તમાં **‘एवं सर्वमवदातम्’** પર્યન્તમાં પ્રકટ કરે છે. તે વિવરણનો મૂલ ભાગ તથા તેનો અનુવાદ જે પૂર્વમાં વિરમગામવાળા ગો.શ્રીચન્દ્રગોપાલજી (શ્રીજયદેવલાલજી) દ્વારા શ્રીજયદેવ પ્રભુ ચેરીટેબલ એન્ડ એજ્યુકેશનલ ટ્રસ્ટના માધ્યમથી ગ્રન્થત્રયના સમૂહરૂપમાં પ્રકાશિત થયો હતો તે આધારે અહીં નીચે આપવામાં આવે છે :-

‘न्यासादेशेषु’નો શ્રીવલ્લભાચાર્યના સિદ્ધાન્ત સમ્મત અર્થ -

(વિરમગામવાળાગો.શ્રીચન્દ્રગોપાલજી (શ્રીજયદેવલાલજી) C/o. શ્રીજયદેવપ્રભુ ચેરીટેબલ એન્ડ એજ્યુકેશનલ ટ્રસ્ટ-કાંકરિયા-અમદાવાદ દ્વારા શ્રીવલ્લભ-ગ્રન્થમાળાના પ્રથમ પુષ્પ રૂપે પ્રકાશિત સેવાકૌમુદી - ગીતા તાત્પર્ય-ન્યાસાદેશ (ગ્રન્થ ત્રયના સમૂહ) માંથી સાભાર-સૌજન્યથી)

(શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ કૃત ન્યાસાદેશ વિવરણનો ઉત્તરાર્ધ :-)

१) पुरःस्फूर्तिकोऽयमर्थो वस्तुतस्त्वन्यत्रैव तात्पर्यम् । तथा ह्यत्र सर्वात्मभावे तात्पर्यम्। धर्मत्यागकथनेन धर्मो न विहत इत्यत्र हेतुरुच्यते न्यासेत्यादि । भक्तिमार्गीयन्यासो घोषभूषण-

सीमन्तिनीष्वेवेति पितृचरणैः संन्यासप्रकरणे निरूपितम्। तथा च न्यासस्य आदेशः कथनम् । **‘सन्त्यज्य सर्वविषयानि’** त्यादि। **‘कास्त्र्यङ्गत’** इत्यादि । **किंकरीणामि** ति च। नहि कैंकर्ये पूर्वसिद्धो धर्मस्तिष्ठति । **पतिसुतान्वय-भ्रातृबान्धवानिति** । एवं **मदर्थोज्झितलोकवेदस्वानामिति** च । एवं सति तत्त्यागवचनं पूर्वसिद्धमित्येतदपि तत्सजातीयमित्यर्थः। भावप्रधानत्वमत्रापि। तथा च सर्वधर्मान्परित्यज्य मां धर्मिणं शरणं व्रजेत्यर्थः ।

२) कर्मज्ञानभक्तिमार्गा हि मोक्षान्ता भगवद्धर्मपर्यवसाना एव न तु धर्मिपर्यवसानाः। त्रिष्वपि विहितत्वेनैव करणमिति भगवद्धर्मरूपाज्ञापरत्वमेवेति तथा । सर्वात्मभावस्य केवलधर्मिपर्यवसानात्म एव भाव उपदिष्टो भवति । किं च **अकिञ्चने**त्यादि – **‘तदर्थविनिवर्तितसर्वकामा’ ‘तन्मनस्कास्तदालापा’** इत्यादि । एतादृशा अकिञ्चना येषां क्षणविलम्बोऽपि सोढुं न शक्यः। अन्यथा प्रातरायास्यत्येवेति किमर्थमेतावान्प्रयासः स्यात् । तथा च स्वविवेकधैर्यत्याग उक्तो भवति । सर्वात्मभावयुक्तस्यैतत्त्यागः सहज इति नोपदेशार्ह इत्यधिकार एव तेनोक्तः । तेन भावोत्पत्तेः पूर्वमेव तत्त्यागो भवतीति सूचितम् । अधिकारस्य तथात्वात्।

३) तत्रापि क्लेशो भगवत्तिरोधानजन्यः श्रूयत इति कथं निस्तार इत्याशंकानिरासार्थं - **‘कार्पण्यं वाङ्मुक्तम्’** । एतच्च, सर्वसाधनवैफल्ये, **‘रुरुदुः सुस्वरं राजन्कृष्णदर्शनलालसा’** इत्यत्रोक्तं दैन्यम्। तेन न क्लेशो भावीति भावः । भावे वा पुरुषार्थरूपत्वात्क्लेशस्य न काचिन्न्यूनतापीत्याह **‘मदितरे’** ति।

इतरस्मिन्भजनमितरभजनम् । तथा च यथाहं भजामि तथा स्वाम्यपि भजत्वित्यपेक्षा तथा कृतेत्यर्थः। तदुक्तं **‘नाहं तु सख्य’** इत्यादिना ।

४) यद्वा **‘सर्वधर्मा’** नितिस्वामिविशेषणम् । एवं सति तान् परित्यज्य शरणभूतं मां व्रज प्राप्नुहीत्यर्थः। सर्वात्मभाववत्स्वेव ह्यानन्ददानार्थं ब्रह्मधर्मानप्यात्मारामत्वादीन्भगवांस्त्यक्त्वानिति। तथा च मम एतादृशभक्तमपहायान्य**भजनापेक्षणं** तथेत्यर्थः । न चैतादृशो भावः साधनैर्भवितुं शक्नोतीति साधनैरिमं भावं साधयिष्यामीती**च्छोद्यमौ** तथा । साक्षात्स्वरूपसम्बन्धिनां स्वरूपत एव जातेऽप्याधुनिकानां साधनैर्भविष्यतीतिशंकाभावाय **‘क्वचिदि’** त्युक्तम् । किञ्चैतद्भावयुक्तस्यान्य**मेलनमपि** न । यथेतरमेलने **ब्रह्मास्त्रगमनं** तथैतद्भावे सति नान्यमेलनमित्यर्थः । अस्मिन्नपि स्वामिविशेषणं ज्ञेयम् । तस्मा ‘द्भर्तुः शुश्रूषणं स्त्रीणा’ मित्याज्ञा सिद्धो न तथेत्यर्थः । तस्य मर्यादात्वात्त्यागस्य च पुष्टिरूपत्वादिति भाव इति हृदयम् ।

५) ननु पार्थस्यैतद्भावानुत्पत्तेरयमुपदेशार्थ इति कथमवधार्यत इति चेत् । उच्यते । भगवान्शास्त्रार्थं प्रतिपादयति। तत्र यथाधिकारो बोध इति दिक् । अस्मिन्पक्षे भगवदतिरिक्तस्य भगवद्भाव-प्रतिबन्धकत्वेनानिष्टत्वात्सर्वस्यैव पापरूपत्वम् । तथा च तेभ्यस्तथा करिष्यामीत्यर्थः। एतेनायं भाव एतत्प्रतिबन्धकापगमश्च भगवतैवेति ज्ञापितम् । अथवा पार्थेऽप्ययं भावो भावीति ज्ञेयम् । अन्यथा पूर्वश्लोके **‘मामेवे’**त्येवकारो व्यर्थः स्यात्। मामित्यनेनैव भगवदैक्यप्राप्तेः । तथा च सर्वात्मभावविषयधर्मिमात्रमेष्यसीत्यर्थः

सम्पद्यते । तथा च पूर्वं तत्साधनमुक्त्वोत्तरेण तं भावमेवोपदिष्टवान् । अतएव ‘**व्रजे**’ति मध्यमपुरुषप्रयोग‘**स्त्वा**’मिति चोपपद्यते । भगवद्वाक्येनैतद्भावस्वरूपज्ञाने सति मोक्षाधिकपरमपुरुषार्थरूपभाव-अप्राप्तिज्ञानेन भगवदितरस्य सर्वस्यैव प्रतिबन्धकत्वज्ञानेन च तस्मिन् शोचन्तं पार्थमाश्वासयितुमुत्तरार्द्धः ।

६) एतद्भाववत्त्वेन तदप्रसिद्धि‘**रिदं ते नाऽतपस्काये**’ त्यादिना निषेधात्स्वहृदय एव निगूढत्वेन स्थापनादिति ज्ञेयम् । अत एव स्वस्य केवलभगवदीयत्वख्यापनाय ‘**करिष्ये वचनं तवे**’त्युक्तम् । न तु ‘**शत्रून्हनिष्ये**’ **राज्यं भोक्ष्य**’ इति वा । तथा च तत्करणमाज्ञापालनमेवेत्युक्तम् । किञ्च एतद्भाववत एवात्युदारत्वेनान्यत्र सर्वत्रैव तुच्छबुद्धिर्भवेन्नान्यस्य । इतोऽपि पार्थे तद्भाववत्त्वं लक्ष्यते । अन्यथा स्वतो वेदवाक्यविचारेण गुर्वादिवधाद्विमुखस्य तद्विरुद्धवाक्यश्रवणे चोभयोरपि तद्वाक्यत्वात्समानबलत्वेन संशयजनकत्वमेव स्यादिति न तत्र निःसंदिग्धा प्रवृत्तिः स्यात् । अतएव धर्मिणि हृदयं गते धर्ममार्गस्य दुर्बलत्वमिति ज्ञात्वा ‘**स्थितोऽस्मि गतसन्देह**’ इत्युक्तवान् । अतएव ‘**नारायणपरा लोके न कुतश्चन बिभ्यति**’ इत्यादि शिववाक्यम् । राज्याद्यर्थं गुर्वादिमारणं तु मोहकार्यमेवेति ‘**नष्टो मोह**’ इति न वदेच्चेति निगूढाशयः ।

७) यद्वा-सर्वात्मभाववतां वार्ताश्रवणेन तस्य मोक्षाधिकपरमपुरुषार्थत्वज्ञानेन तदर्थं भगवद्भजनादावपि कृते यदा न तत्प्राप्तिः । तस्य चावश्यमपेक्षणीयत्वेनात्यार्तिर्भवेत् ।

भगवदनुग्रहकरणे तद्भावप्राप्तौ च भगवानेव शरणमिति शरणागतिर्भवति । ततश्च तद्भावप्राप्तिः । उभयमपीदं फलरूपमितरसाधनासाध्यमिति वर[१] वद्दास्यन्नाह ‘**सर्वधर्मानि**’ति । उक्तरीत्या लौकिकवैदिकभगवद्धर्मानेतदसाधनत्वात्त्यक्त्वा ‘**मां शरणं व्रजे**’ त्युत्तरार्द्धसहितेन[२] शरणागतिदानम् । तदनन्तरमेकं केवलभावविषयं ‘**मां व्रज**’ प्राप्नुहीति तद्भावदानम् । तदैव शोकनिवृत्तिरपि भविष्यतीत्याह - ‘**मा शुच**’ इति । केवल भावलभ्यरसस्यैव तन्निवर्तकत्वात् । अतएव भागवते ‘**शोकनाशन**’मिति तद्विशेषणम् । एवं सर्वमवदातम् ।

इति पितृचरणकृपातो गोपीपतिचरणरेणुधनिना यः ।
[३]श्रीविठ्ठलेन विवृतो भावो मयि स स्थिरो भवतु ॥ १ ॥

इति श्रीमदग्निकुमारविरचितं श्रीन्यासादेशविवरणम् ।

અનુવાદ

૧) તે આ અનુપદોક્ત અર્થ આપાતતઃ જણાતો છે. કિન્તુ વાસ્તવમાં તો શ્રીમદાચાર્યોનું તાત્પર્ય અન્યત્ર છે. **સર્વધર્માન્ પરિત્યજ્ય** આ શ્લોક પુષ્ટિમાર્ગીય સર્વાત્મભાવયુક્ત અધિકારિયોને માટે છે. અર્થાત્ **પ્રિયવિરહાવસ્થામાં** વિશ્વને પ્રભુમય જોવાથી નિજમનોરથાનુકૂલ તે શ્રૃંગાર ભાવોના આસ્વાદન કરતા શ્રીવ્રજવધૂઓના જેવા જ અધિકારનો આ શ્લોક

१- अस्मिन्नर्थेऽत्राशिषि लोट् ज्ञेयः ।

२ - तन्त्रेणात्र वाक्यद्वयम् । एकेन शरणदानमन्येन तद्भावदानम् ।

३ - यत्त्वत्र कैश्चन ‘श्लोकोऽयमन्यदीय एवाऽऽपतित’ इत्युट्टङ्क्यते तन्न विचारसहम् । यद्धि रीतिरेषाऽपि यत्स्वकृते स्वनामस्थापनमिति ।

વર્ણન કરે છે. સર્વાત્મભાવ થતાં પદાર્થમાત્રને પ્રભુરૂપતા હોવાથી અને તેઓમાં પ્રગાઢભાવ હોવાથી સર્વધર્મોનો ત્યાગ કરતાં છતાં પણ ધર્મબાધ થતો નથી. સર્વાત્મભાવ બે પ્રકારનો હોય છે. એક મર્યાદામાર્ગીય અને બીજો પુષ્ટિમાર્ગીય. સર્વાત્મભાવ પ્રભુ વિરહભાવના ઉત્પન્ન થવાથી થાય છે અને તે વિરહભાવ લૌકિક વૈદિક ધર્મોના ત્યાગ કરવાથી થાય છે. સંન્યાસ નિર્ણય પ્રકરણમાં શ્રીમદ્વલ્લભાચાર્યચરણશ્રીએ કહ્યું છે કે પ્રભુના વિરહનો અનુભવ થવા માટે સર્વ ત્યાગ કરવો જોઈએ. એ **‘હે પ્રભો, અમે સર્વ પદાર્થોનો પરિત્યાગ કરીને તારે શરણે આવ્યા છીએ’ ‘હે પ્રિય, આ પૃથ્વી ઉપર આવી કોણ સ્ત્રી છે કે જે તમારા મધુર મૂર્છનાયુક્ત વેણુનાદને સાંભળી આર્યચરિતથી ચલાયમાન ન થાય’ ‘અમે તારા દાસ છીએ અમારા મસ્તક ઉપર હસ્તને મૂક.’** અત્રે પ્રથમ વાક્યમાં વૈદિક ધર્મોનો ત્યાગ, બીજામાં લૌકિક ધર્મોનો ત્યાગ અને ત્રીજામાં ધર્મત્યાગ કરવાનું કારણ કહ્યું છે. અર્થાત્ એવા પ્રકારના દાસ્યભાવમાં લોક-વેદ સિદ્ધ ધર્મોનું પરિપાલન થઈ શકતું નથી. તેમજ **‘અમે પતિ, સુત, વંશ, ભ્રાતા, સુહૃદ્વર્ગ આદિનો પરિત્યાગ કરીને આવ્યા છીએ’ ‘મ્હારા માટે તે ગોપીજનોએ લોક વેદ અને સ્વીય પદાર્થોનો પરિત્યાગ કીધો હતો.’** ઈત્યાદિ વચનોથી પણ માલૂમ પડે છે કે શ્રીગોપીજનોએ ભગવત્ કૈંકર્ય હોવાથી સર્વધર્મોનો ત્યાગ કર્યો. માટે ભગવદ્દાસ્યમાં દાસ્યના સિવાય બીજા ધર્મોનું પાલન થઈ શકે તેમ નથી. વચનથી ભાવ પ્રધાનતા અહીંયાં પણ જાણવી, તેથી એમ સિદ્ધ થયું કે **સર્વધર્મોનો ત્યાગ કરીને ધર્મી મ્હારે શરણે જા.**

૨) હરિ નિવેદિત કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ ત્રણે મોક્ષ પર્યન્તનાં સાધન છે. માટે ધર્મીને પ્રાપ્ત કરનારા નથી, કિન્તુ કેવલ મોક્ષરૂપ ભગવદ્ધર્મ સુધી પ્રાપ્તિ કરાવનાર છે. અક્ષર પ્રાપ્તિરૂપ મોક્ષ તે હરિનો ધર્મ છે. શ્રીહરિ સ્વયં ધર્મી છે. કર્મ, જ્ઞાન અને ભક્તિ ત્રણે વિધિના અધીન છે. વિધિ અથવા તો વેદાદિની આજ્ઞા પણ શ્રીહરિનો ધર્મ છે. માટે જ ત્રણે માર્ગો

વિધિના પરવશ હોવાથી ધર્મપર્યવસાન છે. કિન્તુ ધર્મી શ્રીહરિ સુધી પહોંચનાર નથી. અને તે સર્વાત્મભાવ તો પ્રભુ પ્રાપ્તિ કરાવનાર છે. માટે ધર્મી પર્યવસાન છે. તેટલા જ માટે પ્રભુએ અર્જુનને કહ્યું છે કે **‘સર્વધર્મોનો પરિત્યાગ કરીને મ્હારે (ધર્મીને) શરણે જા.’**

(૩) પૂર્વમાં સામાન્ય અર્થમાં જે કહી આવ્યા તે અકિંચનાધિકાર, સર્વાત્મભાવયુક્ત શ્રીગોપીજનોમાં યુક્ત થાય છે. **‘શ્રીહરિના માટે સર્વ કામનાઓનો ત્યાગ કર્યો’ ‘શ્રીહરિને વિષે મનવાળા તથા નિરંતર પ્રભુના ગુણોનું ગાન કરનારા.’** ઈત્યાદિ સમાધિભાષાનાં વચનોથી જણાય છે કે શ્રીવ્રજસીમન્તિનીજનો અકિંચન હતાં, પ્રભુના માટે સર્વ લૌકિક-વૈદિક સાધનોને છોડીને કેવલ પ્રિયસંગમૈકકામ હતાં, તેથી દૈન્ય ભાવયુક્ત હતાં, અકિંચન હોવાથી જ એમને પ્રભુનો ક્ષણવિરહ પણ અસહ્ય હતો. જો કદાચિત્ તે અકિંચન નહીં હતા અથવા નિસ્સાધન નહીં હતા તો પ્રભુ પ્રતિદિન મળે છે, એક દિવસ સંગમ ન થયો તેથી શું થયું. **‘પ્રાતઃ પુનઃ આવશે’** એમ સમજીને પ્રભુના મળવા માટે અતિશય પ્રયાસ નહીં કરતાં. તેથી એમ જણાય છે કે ભગવદીયોના ધર્મ, વિવેક ધૈર્ય આદિનો પણ તેઓએ ત્યાગ કર્યો હતો. સર્વાત્મભાવવાળા ભક્તોને ધર્મોનો ત્યાગ સહજ થાય છે માટે જ **‘સર્વધર્માન્’** ઈત્યાદિ શ્લોકમાં પ્રભુએ સર્વધર્મ ત્યાગનો અકિંચનરૂપ અધિકાર રાખ્યો છે. અર્થાત્ શરણાગતિમાં અકિંચન અધિકારી છે. અને શ્રીમદાચાર્ય શ્રીએ પણ અકિંચનાધિક્રિયોક્તા વાક્યથી તે જ અર્થનું સ્ફુરણ કીધું છે. તેથી એમ પણ જણાય છે કે પ્રભુમાં ભાવ થવાના પહેલાં જ અકિંચનાધિકાર થવા માટે સર્વધર્મત્યાગ અપેક્ષિત છે. કારણ કે અધિકારની પૂર્વમાં અપેક્ષા હોય છે.

૪) અત્રે એમ પ્રશ્ન થાય છે કે અકિંચન થવામાં કિંવા સર્વ ધર્મત્યાગપૂર્વક શરણાગતિમાં પણ પ્રભુના પ્રગટ નહીં થવાથી દુઃખ તો રહ્યું

જ. તેના ઉત્તરમાં કહીયે છીએ કે તો પછી શરણાગતિમાં ધર્મત્યાગને દૈન્યરૂપ અંગ સમજવું. કાર્પણ્ય એટલે દીનતા અને અંગ એટલે ઉપકારક. અર્થાત્ - સર્વધર્મત્યાગરૂપ દીનતા રાખવાથી ફલમાં ઉપકાર થશે. ફલપ્રકરણમાં કહ્યું છે કે જ્યારે અન્વેષણ, અનુકરણાદિ સર્વ સાધનોથી પણ પ્રભુ પ્રગટ ન થયા ત્યારે તે સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને પ્રભુ દર્શનની અત્યુત્કણ્ઠાથી શ્રીવ્રજભક્તોએ વિલાપ કર્યો. આવું દૈન્ય અહીં પણ લેવું. અંગરૂપ સર્વધર્મત્યાગ કરવાથી દૈન્ય થશે અને દીનતાના થવાથી જ ફલરૂપ પ્રભુનો પ્રાદુર્ભાવ થશે અને તેના પ્રાદુર્ભાવ થવાથી સર્વ ક્લેશોનો નાશ થશે. વાસ્તવમાં તો ક્લેશ હોય તો પણ કંઈ હાનિ નથી. કારણ કે તે ભગવદ્વિરહરૂપ ક્લેશ તો મુક્ત લોકોને પણ વાંચ્છિત છે માટે પુરુષાર્થરૂપ છે તેથી કોઈ જાતની ન્યૂનતા નથી. આ વાત **'मदितर'** ઈત્યાદિ પક્ષાન્તરથી કહે છે. અર્થાત્ હું જેમ પ્રભુનું ભજન કરું છું તેમ પ્રભુ પણ ફલદાન દ્વારા મ્હારું ભજન કરે ઈત્યાદિ અપેક્ષા ન રાખવી. તેથી જ પ્રભુએ પણ કહ્યું છે કે **'હે પ્રિયાઓ, મ્હારા ભક્તોનું પ્રત્યક્ષ ભજન સદા નથી કરતો, કારણ કે કૃતાર્થ હોવાથી તેમની વૃત્તિ ચ્યુત થઇ જાય.'**

(૫) અથવા **'सर्वधर्मान्'** આ પદને સ્વામીની સાથે લગાડવું. અર્થાત્ **'તું મ્હારા (શ્રીકૃષ્ણના) પણ ધર્મોનો ત્યાગ કરીને મ્હારે શરણે આવ'** આવો અર્થ કરવો. જેઓને સર્વાત્મભાવ થાય તેવા સર્વોત્કૃષ્ટ ભક્તોને આનંદ આપવા સારું જ ભગવાન પોતે પોતાના આત્મારામ આપ્તકામ આદિ ધર્મોને છોડીને તેમનું અનુસરણ કરે છ. તો હવે આ અર્થ થયો કે **'હું પણ એવા ભક્તોને મૂકીને અન્યનું ભજન કે અપેક્ષા કરતો નથી.'** અર્થાત્ તેમના સાથે અનેક જાતની ક્રીડા કરે છે. પ્રભુ પણ જેમની ઈચ્છાના અનુસાર ક્રીડા કરવા લાગે એવા ભક્ત થવું અને તેવો પ્રભુમાં ભાવ થવો સાધનોને શક્ય નથી. કિન્તુ કેવલ પ્રભુના અનુગ્રહથી જ આ ઉત્કૃષ્ટ દશા પ્રાપ્ત થાય છે. તો પણ જો કોઈ એમ ધારે કે હું સાધનોથી આવી અવસ્થાને પ્રાપ્ત કરીશ તેવાઓની શંકાને પણ દૂર કરવા સારુ કહે છે કે **'આ વાત દુઃખથી પણ પ્રાપ્ત કરી શકાય નહીં માટે તેવી ઇચ્છા કરવી નહીં અને તે વિષયમાં ઉદ્યોગ પણ કરવો નહીં'** કેવલ મ્હારો આશ્રય લેવો. આ પક્ષમાં હે અર્જુન ! સાધનાશક્ય વિષયમાં ઈચ્છોદ્યમાદિ ધર્મોને છોડીને તું મ્હારો આશ્રય લે આ અર્થ સમજવો. અહીં એમ શંકા થાય કે યદ્યપિ અવતારદશામાં જેને સ્વરૂપ સંબંધ હતો તેને સાધનોથી નહીં કિન્તુ સ્વરૂપ બલથી તે ભાવ પ્રાપ્ત હતો. પણ હમણાં જેને તેવો સંબન્ધ નથી તો તેને સાધનો દ્વારા તે ભાવની પ્રાપ્તિ થઈ શકે કે નહીં ? તો તેના ઉત્તરમાં **'क्वचित्'** એ પદ સમજવું. અર્થાત્ તેવા ભક્તોને પણ જ્યારે સ્વરૂપબળથી પણ તેવો ભાવ ક્વચિત્ જ મળ્યો છે સર્વદા નહીં. તો પછી સાધનોના બળથી તો ક્યાંથી મળે. સર્વાત્મભાવવાળા ભક્તને પણ અન્યના સાથે સમ્બન્ધ રાખવો યુક્ત નથી. આ વાત **'अन्यसंमेलने वा'** આ પક્ષાંતરથી કહી છે. શ્રીહનુમાનને રાક્ષસોએ બ્રહ્માસ્રથી બાંધ્યા, કિન્તુ અવિશ્વાસના અજ્ઞાનથી તદુપરાંત દોરડા વગેરેથી પણ બાંધવા લાગ્યા ત્યારે બ્રહ્માસ્રે હનુમાનને છોડી દીધા તેમ અહીં પણ સમજવું. અર્થાત્ તેવો ભક્ત યદિ પ્રભુથી ઈતરના સાથે પણ સંબંધ રાખે તો ભગવદ્ ભાવ તેનો સંબંધ છોડી દે છે, આવી રીતે સર્વાત્મભાવના રહેતાં બીજાનો મેળ થઈ શકતો નથી. તેથી સર્વધર્મો (અન્યાશ્રય) ત્યાગ કરીને એક મ્હારે શરણે આવ. આ અર્થમાં પણ **'सर्वधर्मान्'** આ પદ સ્વામીનું વિશેષણ કરવું. તેથી **'भर्तुः शुश्रूषणं स्त्रीणाम्'** ઈત્યાદિ ભગવદાજ્ઞા સિદ્ધ ધર્મોનો પણ **'सर्वधर्मान्परित्यज्य'** એ કહેવાથી બાધ ન થયો. કારણ કે પતિની સેવા કરવી આ મર્યાદાનો ધર્મ છે. અને અનુગ્રહ થયા બાદ સર્વાત્મભાવવાળા ભક્તોને તો સર્વ ધર્મોનો પરિત્યાગ કરવો એ જ ધર્મ છે. તે ધર્મ મર્યાદારૂપ છે અને આ ધર્મ (પુષ્ટિ) અનુગ્રહ રૂપ છે માટે અધિકારતા ભિન્ન હોવાથી અનુગ્રહમાર્ગમાં મર્યાદાધર્મનો ત્યાગ કરવાથી બાધ નથી.

૬) અહીં એક પ્રશ્ન થાય છે કે ભલે વ્રજભક્તોમાં સર્વાત્મભાવ હશે

પણ અર્જુનમાં તે ભાવ દેખાતો નથી. તો પછી **‘सर्वधर्मान्’** શ્લોકરૂપ ઉપદેશનો પૂર્વોક્ત અર્થ છે એમ નિશ્ચય કેમ કરી શકાય. તેનો ઉત્તર એટલો જ કે પ્રભુ જીવોના અધિકારાનુસાર શાસ્ત્રના તત્ત્વનો ઉપદેશ કરે છે. તેમાં પોતપોતાના અધિકારને અનુકૂલ અર્થ લેવો જોઈએ. કનિષ્ઠ અધિકારીને કનિષ્ઠ, અને ઉત્તમાધિકારીને ગૂઢ અર્થ સ્ફુરે છે. સર્વાત્મભાવપક્ષમાં પ્રભુના સિવાય લૌકિકાલૌકિક ધર્મ આદિ બધા, ભાવના પ્રતિબન્ધક છે તેથી જ તે અનિષ્ટ અને પાપરૂપ છે, તેથી ઉત્તરાર્દ્ધનો અર્થ એમ કરવો કે, પ્રભુભાવના જેટલા પ્રતિબન્ધક છે, પછી તે લૌકિક હોય કે અલૌકિક તે બધાથી હું તને છોડાવીશ તું શોક મા કર. તેથી એમ પણ જણાય છે કે તેવા ભાવનું દાન અને પ્રતિબંધકોનું દૂર કરવું એ બન્ને પ્રભુના જ હાથમાં છે. સાધનોથી શક્ય નથી. અથવા અર્જુનને પણ તે ભાવ પ્રાપ્ત થવાનો છે તેથી તેનો ઉપદેશ સાર્થક છે, વ્યર્થ નથી. જો પ્રભુ અર્જુનને તે ભાવનું દાન ન આપે તો પછી **‘मन्मना’** ઈત્યાદિ શ્લોકમાં **‘मां एव एष्यसि’** (તું મને જ પ્રાપ્ત થશે)એમ નિશ્ચયવાચક **‘एव’** શું કરવા કહે. કારણ કે **‘मां एष्यसि’** (મને પ્રાપ્ત થશે) એટલાથી જ સાયુજ્ય (ઐક્ય) તો જાણવામાં આવી શકત તેથી માલૂમ પડે છે કે અર્જુનને પણ સર્વાત્મભાવવાળી પ્રાપ્તિ થવાની છે. **‘मां एव’** થી એવો અર્થ જાણવો કે તું, સર્વાત્મભાવનો વિષય જે હું તે મને પ્રાપ્ત થશે. અર્થાત્ પહેલાં તને સર્વાત્મભાવ પ્રાપ્ત થશે અને તે પછી હું પ્રાપ્ત થઈશે. તેથી જ **‘व्रज’** એ મધ્યમ પુરુષની ક્રિયા અને **‘त्वाम्’** આ યુષ્મદ્ શબ્દવાચી કર્તાનો પ્રયોગ અનુરૂપ થાય છે. હવે એટલી આશંકા બાકી રહી કે જ્યારે અર્જુનને સર્વાત્મભાવ થવાનો છે તો પછી શ્લોકના ઉત્તરાર્દ્ધનો અર્થ શું કરવો ? તેનો ઉત્તર આ જાણવો કે યદ્યપિ પ્રભુના ઉપદેશથી અર્જુનને તે ભાવરૂપ પદાર્થનું જ્ઞાન તો થયું, પણ તથાપિ મોક્ષથી અધિક અને અલૌકિક તે ભાવ મને ન મળ્યો, અને તેની પ્રાપ્તિમાં પ્રતિબંધકો ઘણા છે, કિંવા પ્રભુના સિવાય બધા તેના પ્રતિબંધકો જ છે, એમ ભાન થવાથી અર્જુનને ઘણો શોક અને અનેક સંકલ્પ વિકલ્પ

હતા. તેને દૂર કરવા માટે પ્રભુએ **‘अहंत्वा’** ઈત્યાદિ આજ્ઞા કરી.

૭) અર્જુન આવા ભાવવાળો હતો. એવી પ્રસિદ્ધિ જે લોકમાં ન થઈ તે તો અર્જુનની ઈચ્છાથી જ. કારણ કે પ્રભુએ **‘इदं ते नातपस्काय’** ઈત્યાદિ શ્લોકો થકી તે ભાવને અન્યત્ર પ્રકટ કરવાનો નિષેધ કર્યો હતો. તેથી અર્જુને પણ પોતાના હૃદયમાં ગૂઢ રાખ્યો. બીજાઓને કહ્યો નહીં. તેથી જ વધારે સંકલ્પ વિકલ્પ ન કરીને અર્જુન પણ સમાપ્તિમાં **‘હું આપનો છું’** એમ જાહેર કરવા એમજ કહ્યું કે **‘હે પ્રભો ! હું આપની આજ્ઞા પ્રમાણે કરીશ’** કિન્તુ એમ ન કહ્યું કે **‘શત્રુઓને મારીશ કિંવા રાજ્યનો ઉપભોગ કરીશ’** તેમછતાં અર્જુને જે શત્રુઓને માર્યા અથવા તો રાજ્યનો ઉપભોગ કર્યો તે તો પ્રભુની આજ્ઞાનું પરિપાલન હતું. તે અમે પૂર્વમાં કહી આવ્યા છીએ. અર્જુનને તે ભાવ મળ્યો તેમાં એક બીજું પણ કારણ છે તે આ કે જ્યારે એવો ભાવ મળે છે ત્યારે તે ભાવવાળા, પુરુષનો આશય અતિ ઉદાર થઈ જાય છે. પ્રભુના સિવાય અન્યત્ર તેને તુચ્છ ભાવના થાય છે, તેને કોઈથી પણ ભય રહેતો નથી અને અર્જુનમાં તે બધું દેખાય છે, કારણ કે તેણે નિઃસંદેહ અને નિર્ભય થઈને કહ્યું કે **‘હે પ્રભો, હું આપની આજ્ઞાને કરીશ’** તેથી નિશ્ચય થાય છે કે અર્જુનને પણ તે ભાવની પ્રાપ્તિ થઈ હતી. જો અર્જુનને તે ભાવની પ્રાપ્તિ ન થઈ હોત તો, ભગવદ્વાક્ય રૂપ વેદાદિના વિચારથી જ્યારે પોતે દ્રોણાદિ હનનનો નિષેધ કર્યો, અને પ્રભુએ તેના વિરુદ્ધ દ્રોણાદિ હનનની આજ્ઞા કરી તે સાંભળી અર્જુનને મનમાં સંદેહ થવો જોઈએ. ગુરુની તો શું પણ પ્રાણીમાત્રની હિંસા ન કરવી જોઈએ ઈત્યાદિ વેદશાસ્ત્રનાં વચન, અને તેથી વિરુદ્ધ તે સમયના પ્રભુનાં વચન, તે બન્ને પ્રભુનાં વચન હોવાથી સમાન છે, **‘માટે હવે મ્હારે કેમ કરવું’** એમ અર્જુનને સંદેહ થવો જોઈએ, પ્રવૃત્તિ નહીં. પણ અર્જુનની તો ભગવદાજ્ઞા કરવામાં નિસંદેહ પ્રવૃત્તિ જ થઈ. તેથી જણાય છે કે અર્જુનને ભગવદ્ ભાવની પ્રાપ્તિ થઈ હતી. અને માટે જ પ્રભુના (ધર્મીના) હૃદયમાં આવવાથી ધર્મમાર્ગ દુર્બલ દેખાવા લાગ્યો અને અર્જુને સ્પષ્ટ કહ્યું કે **‘હે પ્રભો!**

હવે મ્હારો સંદેહ દૂર થયો છે' શ્રીમદ્ભાગવતમાં પણ તેમજ કહ્યું છે કે **'નારાયણ તત્પર પુરુષને કોઇથી પણ ભય રહેતો નથી.'** રાજ્યાદિના માટે ગુરુ હનનાદિ કાર્ય મોહનું જ કાર્ય છે તો પણ અર્જુને જે **'પ્રભો ! હવે મ્હારો મોહ નષ્ટ થયો'** એમ કહ્યું તેથી જાણાય છે કે તેને તે ભાવ પ્રાપ્ત થવાથી નિર્ભીકિતા પ્રાપ્ત થઈ અને તે નિર્ભય નિઃસંદેહ થયો હતો.

૮) અથવા તો સર્વાત્મભાવયુક્ત ભક્તોનાં ચરિત્ર તથા તેમની કથાનું શ્રવણ કરતાં કરતાં જાણાવા લાગે છે કે સર્વાત્મભાવ મોક્ષથી પણ શ્રેષ્ઠ અને અધિક પુરુષાર્થ છે. જ્યારે ભગવદ્ભક્તિ ઈત્યાદિ સાધનોથી પણ તેની પ્રાપ્તિ નથી થતી, ત્યારે તેને મેળવવાની અતિ ઉત્કંણ્ઠા અને તેના અભાવના લીધે દુઃખ થાય છે. તે વખતે જીવને ભાન થાય છે કે આ ભાવ અન્ય સાધનોથી નહીં કિન્તુ કેવળ પ્રભુના અનુગ્રહથી જ મળી શકે છે અને તેવો અનુગ્રહ થવો મ્હારા હાથની વાત નથી. જેનાથી તેવો ભાવ પ્રાપ્ત થાય તેવો અનુગ્રહ અને તે ભાવ, એ બન્ને શ્રીપ્રભુના જ હસ્તમાં છે તેથી હવે મ્હારા પ્રભુ જ શરણ છે એમ વિચારીને પ્રભુની શરણાગતિ કરવામાં આવે છે. આવી રીતે પ્રભુને શરણે જવાથી તે ભાવની પ્રાપ્તિ થાય છે. આવા પ્રકારની શરણાગતિ અને તે સર્વાત્મભાવની પ્રાપ્તિ, એ બન્ને ફલરૂપ છે માટે સાધનોથી મળી શકે નહીં અત એવ પ્રભુ કરુણાથી તે બંને વરદાનની પેઠે અર્જુનને આપતાં આજ્ઞા કરે છે **'सर्वधर्मान्'** ઈત્યાદિ, અર્થાત્ હે પાર્થ, લૌકિક (રાજ્યભોગાદિ) વૈદિક (યજ્ઞાદિ). ધર્મો તથા શ્રવણાદિ ભક્તિ તે સર્વ મ્હારા અનુગ્રહ વિના મ્હારી પ્રાપ્તિમાં સાધન થઈ શકતાં નથી. અને તેથી તેમનો પરિત્યાગ કરીને તું મ્હારે શરણે આવ. એમ એક વાક્યથી અર્જુનને શરણાગતિનું દાન કરે છે. અને તન્ત્રરીત્યા બીજા વાક્યથી **'मां एकम्'** અર્થાત્ **'કેવલ ભાવથી પ્રાપ્ય મને પ્રાપ્ત થા.'** એમ કહીને તેવા ભાવનું પણ દાન કરે છે તેવા ભાવ થકી જ તારા શોકની નિવૃત્તિ થશે. તેથી આજ્ઞા કરે છે કે શોક મા કર કારણ કે એક માત્ર ભાવ પ્રાપ્ત રસથી જ સર્વ શોકોનો નાશ થાય છે. તેથી જ શ્રીમદ્ ભાગવતના

ફલ પ્રકરણમાં ભગવદ્રસને **'शोकनाशनम्'** એવું વિશેષણ દીધું છે. એમ પૂર્વમાં જે કહી આવ્યા તે સર્વ યુક્ત છે.

શ્રીગોપીશની ચરણરજથી ધનવાન એવા (મેં)
શ્રીવિઠ્ઠલેશદીક્ષિતે પિતા શ્રીશ્રીમદ્વલ્લભાચાર્યના
ચરણાનુગ્રહથી જે ભાવનો પૂર્વોક્ત રીતે પ્રકાશ કર્યો
છે તે ભાવ મ્હારા હૃદયમાં સ્થિર રહો ॥ ૧ ॥

અનુવાદ સમાપ્ત

ખુલાસો :- આ અનુવાદમાં અનુવાદકે આ ન્યાસાદેશ શ્લોક શ્રીવલ્લભાચાર્યજી વિરચિત છે એમ ગણી જ્યાં-જ્યાં પણ તે મુજબના ઉલ્લેખો કર્યા છે તેટલા અમને (ગો.ચન્દ્રગોપાલ-વડોદરાને) માન્ય નથી.

શ્રીભાગવતોક્ત દશવિધ લીલાનું રસાત્મક સ્વરૂપ

આ પ્રકારે પૂર્વોક્ત કૃષ્ણરૂપથી ભિન્નરૂપનો આશ્રય અને દ્વાદશસ્કન્ધોક્ત પ્રકારના આશ્રયથી ભિન્ન પ્રકારનો આશ્રય એમ બન્નેનું નિવારણ **'वचो विभूतीः'** એમ ત્યાં કર્યું છે. આમ કહી શ્રીપ્રભુચરણ આ જ પ્રથમ શ્લોકમાં ઉત્તરાર્ધમાં તે આશ્રય પરબ્રહ્મ શ્રીકૃષ્ણ છે એમ કહ્યું છે. અહીં પરબ્રહ્મ કૃષ્ણ એમ કહ્યું હોવાથી કૃષ્ણ કયા ? અવતાર કૃષ્ણ ? કે અવતારી કૃષ્ણ ? એ જિજ્ઞાસા શેષ રહે છે. કેમ કે પહેલાં આપણે વિચારી ગયા છીએ કે દરેક અવતારોના જે અવતારી કૃષ્ણ છે કે જે પરબ્રહ્મ પરમાનન્દ છે અને ભાગવતમાં જે કૃષ્ણનું પ્રતિપાદન થયું છે તે અવતારી કૃષ્ણનું થયું છે. તેથી વ્રજસ્થ હોય, મથુરાસ્થ હોય કે દ્વારકાસ્થ હોય તેમનો અત્ર સમાવેશ કેવી રીતે થઈ શકે ? જે અવતારી છે તેમની વ્યાપીવૈકુંઠમાં નિત્યસ્થિતિ કહેવાઈ છે અને જે અવતાર છે તેને શ્રીમહાપ્રભુ **'व्यापीवैकुण्ठादत्रागमनम्'** વૈકુંઠથી અત્ર આવવું તે અવતાર છે એમ જાણાવે છે. અતઃ અવતાર-અવતારી વચ્ચે વત્તે-

ઓછે અંશે ભેદ રહેલો છે તેથી અહીં શું સમજવું ? એમ પ્રશ્ન થાય તો તેના નિવારણમાં શ્રીપ્રભુચરણ આગળ જણાવે છે કે તે પરબ્રહ્મ કૃષ્ણ સાક્ષાત્ રસમય-આનન્દમય છે અને તે જ આશ્રય છે. અતઃ રસશાસ્ત્ર સમ્મત જે પ્રકારે રસનું પ્રાકટ્ય છે તે જ પ્રણાલીએ ભાગવતમાં તે જ પરબ્રહ્મ-પરમાનન્દ કૃષ્ણનો જ કૃષ્ણ અવતાર છે તેથી અવતારી કૃષ્ણ અને જેનું ભાગવતમાં નિરૂપણ છે તે અવતાર કૃષ્ણમાં રંચક માત્ર પણ ભેદ નથી. શ્રીમદ્ ભાગવતના આરંભે **‘पिबत भागवतं रसमालयम् मुहुरहो रसिका भुवि भावुकाः’** (ભાગ.૧-૧-૩) અહીં - જેની આગળ મોક્ષ પણ અતિ તુચ્છ છે તે આ રસને - ભાગવતને રસિકજનો-ભાવુકજનો પીઓ એમ કહ્યું છે. અતઃ જે રસ ની ચર્ચા આપણે કરી ગયા તેને જ અત્ર ‘રસ-ભાગવત’ એમ કહે છે. તેથી પીઓ એટલે આસ્વાદો એમ કહેતાં ભાગવતની રસરૂપતા અને આસ્વાદ્યતા જાણવી જરૂરી થઈ જાય છે. તેના વિના આ રસ આસ્વાદી શકાતો નથી. તેથી આદ્યન્ત શ્રીમદ્ ભાગવતને શ્રીઆચાર્યચરણ ભાગવતાર્થ નિબન્ધમાં સાક્ષાત્ રાસેશ્વર-નિકુંજનાયક ગોવર્ધનધર શ્રીનાથજીસ્વરૂપ નામાત્મક ભાગવત છે એમ જણાવતાં **‘द्वादशाङ्गो वै पुरुषः’** આ શ્રુતિને ટાંકી પુરુષના બાર અંગો એ ભાગવતના બાર સ્કન્ધો છે એમ સંગતિ કરી જણાવી છે. અતઃ રાસરસિક રસેશ્વરની રસરૂપતા ભાગવતમાં કેવી રીતે તેને પણ - તે શ્રીઆચાર્યચરણના ગૂઢાશયને પણ શ્રીપ્રભુચરણ સ્વકૃત ગાયત્ર્યાદ્યર્થપ્રકાશકારિકાઓમાં પ્રકટ કરતાં જણાવે છે - **‘दशलीलावबोधाय देवत्वं दुर्लभत्वतः । दशावस्थावबोधाय प्रीतिर्ध्यानं च कीर्तितम्’** વગેરે વાક્યોથી ભાગવતની સર્ગાદિ આશ્રયન્તા દશવિધલીલાનું સ્વરૂપ સ્પષ્ટ કરવા માટે ભાગવતના આરંભે વેદને કલ્પતરુ-વૃક્ષરૂપ કહી તેના ફલરૂપે ભાગવતને કહ્યું છે ત્યાં પ્રથમ શ્લોકમાં વેદબીજ રૂપા ગાયત્રીનું **‘सत्यं परं धीमहि’** થી પ્રતિપાદન થયેલું છે. અતઃ ગાયત્રી બીજનું જે વેદરૂપ વૃક્ષ પ્રકટ થયું તેનું જ મધુર- આસ્વાદ્ય ફલ એ શ્રીભાગવત

છે. ઉપનિષદ્માં રૂપસૃષ્ટિમાં જેમ **‘स आत्मानं द्वेधा अपातयत् - ततः पतिश्च पत्नीचाभवताम्’** અહીં એક જ ભગવદ્રૂપનું દ્વેધા પતિ-પત્નીરૂપમાં ભવન ક્રીડાર્થ બતાવ્યું છે કે જે કૃષ્ણ-સ્વામિનીરૂપ છે અને તેનો જ સર્વ રૂપાત્મક વિસ્તાર છે. તેવી જ રીતે નામસૃષ્ટિમાં શ્રીપ્રભુચરણના જણાવ્યા મુજબ - **‘नवीन भावजनक उभयो रतिवर्धनः’** (ગા.પ્ર.કા.-૩૩) એમ ત્યાં ઓંકાર અને પ્રણવ વચ્ચેનો ભેદ બતાવી પ્રણવ એટલે **‘प्रकर्षेण नवः’** આમાં પ્રણવને કૃષ્ણ-સ્વામિની ઉભય ભાવરૂપ-ઉભય રસવર્ધક કહ્યું છે અને ગાયત્રી ભાષ્યમાં શ્રીગોકુલનાથ ચરણના જણાવ્યા મુજબ - ‘...... **गायत्रीशब्दवाच्यत्वेन विविधलीलारसभावात्मकस्य रसात्मकब्रह्मणो भगवत आत्मन उत्तरार्धभागोत्तरदलाख्या श्रीमत्स्वामिन्येवोच्यते’** વધુ સ્પષ્ટતા સાથે શ્રીપુરુષોત્તમજી શ્રીપ્રભુચરણ કૃત ગાયત્રી વ્યાખ્યા પર સ્વકૃત વિવરણના આરંભે લખે છે - **‘तेन यथा तत्र (रूपसृष्टौ) रूपस्य पतिपत्नीभावस्तथात्र (नामसृष्टौ) नादस्य क्रमेणोङ्कारगायत्रीभाव इत्यर्थः’** રૂપ સૃષ્ટિમાં રૂપનો પતિ-પત્ની ભાવ છે તેમ નામસૃષ્ટિમાં ક્રમ વડે એટલે પ્રણવરૂપ પતિ અને ગાયત્રીરૂપ પત્ની પણ થયા છે. આ રીતે શ્રીભાગવત જે ભગવાનનો નામાત્મક લીલા વિસ્તાર છે તેનું મૂલ શ્રીકૃષ્ણ-સ્વામિનીરૂપ રસ જ છે. અતઃ તેના વિસ્તાર રૂપે આ દશ લીલાને વિચારતાં આ પૂર્વ - ઉત્તરદલાત્મક ભગવત્સ્વરૂપ એ ભાવરૂપ છે એમ - **‘स मानसीन आत्मा जनानाम्’** એ આત્મા - ભગવાનના જનોના એટલે કે ભક્તોના માનસીન એટલે મનમાં પ્રકટ થનારા છે. આ શ્રુતિથી જાણી શકાય છે. ભરતમુનિના નાટ્યશાસ્ત્રના સાતમા અધ્યાયમાં આરંભે **‘किं भवन्तीति भावाः, किं वा भावयन्तीति भावाः’** એમ પ્રશ્ન કરી **‘वागङ्गसत्त्वोपेतान् काव्यार्थान् भावयन्तीति भावा इति’** અર્થાત્ એ ભાવના કરાતા હોવાથી અને સ્થિત હોવાથી **‘भावयन्तीति भावाः’** એ

વ્યુત્પત્તિ અનુસાર ભાવ કહેવાય છે. આમ કહી આગળ કહે છે - **‘भू इति करणे धातुस्तथा च भावितं वासितं कृतमित्यनर्थान्तरम् । लोकेऽपि च सिद्धम् - अहोह्यनेन गन्धेन रसेन वा सर्वमेव भावितमिति । तच्च व्याप्त्यर्थम् ।’** અર્થાત્ (ભાવમાં રહેલ ભૂ ધાતુ) એ ભૂ ધાતુ કરણના અર્થમાં નિષ્પન્ન છે અને ભાવિત, વાસિત, કૃત એ આ જ અર્થને પ્રકટ કરવાવાળા સમાન શબ્દો છે. લોકમાં પણ અહો આના વડે - ગન્ધ વડે યા રસ વડે બધું જ ભાવિત છે એમ કહેવાય છે. અહીં ભાવન એટલે વ્યાપ્તિ-વ્યાપનના અર્થમાં છે. આમ અત્ર **‘भवन्तीति भावाः’** અને **‘भावयन्तीति भावाः’** બન્ને વ્યુત્પત્તિઓને માન્ય કરી છે. પ્રથમ વ્યુત્પત્તિ ચિત્તમાં સ્થિત રસને લઈને છે અને બીજી વ્યુત્પત્તિ પ્રતિક્ષણ વર્ધમાન હોઈ સ્થિત રસ અવસ્થાને લઈને નહીં પણ વર્ધમાન સ્વરૂપને લઈને કરવામાં આવી છે. તેથી જ કહ્યું છે કે :-

विभावैराहृतो योऽर्थो ह्यनुभावैस्तु गम्यते ।
वागङ्गसत्त्वाभिनयैः स भाव इति संज्ञितः ॥
वागङ्गमुखरागेण सत्त्वेनाभिनयेन च ।
कवेरन्तर्गतं भावं भावयन् भाव उच्यते ॥
योऽर्थो हृदयसंवादी तस्य भावो रसोद्भवः ।
शरीरं व्याप्यते तेन शुष्कं काष्ठमिवाग्निना ॥

(ભારત ના.શા.અ.૭, શ્લો.૧,૨, તથા ૭)

આ પ્રકારે રસશાસ્ત્રમાં રસને જ ભાવરૂપે દસ રસ (શ્રૃંગારાદિ નવરસ +ભક્તિ રસ) રતિ વગેરે દસ સ્થાયિભાવ કહેવાયા છે. રસના દસ પ્રકારોથી ભાવના પણ તેટલા જ પ્રકારો થાય છે અને વિભાવ, અનુભાવ વગેરેના અનેક પ્રકારોથી ભાવ પણ અનેકો પ્રકારના થાય છે. એક જ રસ ચિત્તમાં જુદી-જુદી રીતે નિષ્પન્ન થઈ જુદા-જુદા પ્રકારે અભિવ્યક્ત થાય છે. આ રીતે રસરૂપ ભગવાન જે ભક્તના મનમાં જે ભાવે આવિર્ભૂત થાય છે તેની જે એના ચિત્ત વગેરેમાં વ્યાપ્તિ થઈ તે-તે રસનિષ્ઠ ભજન કરવાવાળો તે થાય છે. આ રસોમાં મુખ્ય અને પ્રથમ રસશાસ્ત્રાનુસાર શ્રૃંગાર રસ છે જેનો સ્થાયિભાવ રતિ છે, જેનો વર્ણ શ્યામ છે અને જેનો અધિદેવ વિષ્ણુ છે. તેમજ શ્રૃંગારમાંથી જ હાસ્યરસની ઉત્પત્તિ છે. શ્રૃંગાર રસનું સ્વરૂપ નાટ્યશાસ્ત્રમાં આ મુજબ કહ્યું છે :-

सुखप्रायेष्टसम्पन्न ऋतुमाल्यादिसेवकः ।
पुरुषः प्रमदायुक्तः श्रृङ्गार इति संज्ञितः ॥

(ભારત ના.શા.૬-૪૭)

શ્રૃંગાર રસનું આ સ્વરૂપ સમ્પૂર્ણપણે શ્રીકૃષ્ણ-સ્વામિનીમાં સુઘટિત થાય છે. આ શ્રૃંગારરસનો જે સ્થાયિભાવ રતિ છે તે લૌકિક વાસનાત્મિકા નહીં અપિતુ તેનાથી ભિન્ન સ્વરૂપની છે તેનું સ્વરૂપ-લક્ષણ જણાવતાં કહે છે - **‘तत्र रतिर्नाम प्रमोदात्मिका ऋतुमाल्यानुलेपनाभरणभोजनवरभवनानुभवनानुभवनाप्रातिकूल्यादिभिर्विभावैः समुत्पद्यते । तामभिनयेत् स्मितवदनमधुरकथनभ्रूक्षेपकटाक्षादिभिरनुभावैः ।’** અહીં અનુરાગાત્મક આમોદ સ્વરૂપનો ભાવ તેને રતિ કહે છે. આ રતિને વાત્સાયન શાસ્ત્રમાં કુલ સાત પર્યાયવાચી શબ્દોથી જણાવે છે :- **‘रसो रतिः प्रीतिर्भावो रागो वेगः समाप्तिरिति रतिपर्यायाः’** (વાત્સા.કા.સૂ. અધિ-૨, અ.૧,શ્લો.૩૨) અહીં જે રતિના આ સાત પર્યાયવાચી શબ્દો છે તે રતિ આનન્દના અર્થમાં કહેવાઈ છે. અતઃ આનન્દ જ અનુરાગાત્મક પ્રમોદ સ્વરૂપ સ્થાયિભાવ રતિરૂપે ચિત્તમાં વ્યાપ્ત થાય છે. આ અનુરાગાત્મક આનન્દ જ કામરૂપે પ્રતિક્ષણ વર્ધમાન થવાના સ્વરૂપવાળો થાય છે. આ કામને જ અનુરાગાત્માના રૂપમાં શાંડિલ્ય ભક્તિસૂત્રમાં પ્રેમ નામે આલેખે છે અને તેનું

સ્વરૂપ જણાવે છે કે - **'गुणरहितं कामनारहितं प्रतिक्षणवर्धमानमविच्छिन्नं सूक्ष्मतरमनुभवरूपम्'** રતિ, પ્રીતિ, અનુરાગ, પ્રમોદ, કામ, પ્રેમ જે પણ કહો તેનાં આ છ લક્ષણો છે - (૧) સત્ત્વાદિ ગુણરહિત નિર્ગુણ અથવા દગ્ અગોચર-હૃદયૈકગમ્ય, (૨) મારે માટે આ થાઓ એવી કામનાથી રહિત, (૩) એક સમાન સ્વરૂપમાં ન રહેતાં પ્રતિક્ષણ-સદૈવ વૃદ્ધિના સ્વભાવને પ્રાપ્ત, (૪) વિભાજન નહીં થનાર, (૫) સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ અને (૬) અનુભવ જ જેનું રૂપ છે તેવો માત્ર અન્તઃકરણ ગોચર. હૃદયસ્થ આ કામને જ શ્રીગોપીજનો શાસ્ત્રીય ઉત્તમ પ્રીતિના વિષયથી જણાવે છે કે -

'सिञ्चाङ्गनस्त्वदधरामृत पूरकेण । हासावलोककलगीतजहृच्छयाग्निम्' (ભાગ.૧૦-૨૯)

હૃદયમાં રહેલો આપના સમ્બન્ધી આ કામરૂપ અગ્નિ કે જે આપના હાસ એટલે મધુર વચનો, આપનું અમને મધુરતાપૂર્વક જોવું અને આપના અધરથી સમ્બન્ધવાળા એવા વેણુના ગીતરૂપ નાદથી ઉત્પન્ન થયેલો છે આ કામને જ પ્રીતિના ચાર ભેદથી ૧- અભ્યાસ, ૨-વિચાર, ૩- સ્મરણ અને ૪- વિષયોથી એમ ચાર ભેદથી -

अभ्यासादभिमानाच्च तथा सम्प्रत्ययादपि ।
विषयेभ्यश्च तंत्रज्ञाः प्रीतिमाहुश्चतुर्विधाम् ॥

(વાત્સા.કા.સૂ.૨-૧-૩૯)

આમાં ગોપીજનોએ જે પોતાનો કામ બતાવ્યો છે તે આમાં ચોથા પ્રકારની પ્રીતિ છે કે જેને માટે કહ્યું છે -

प्रत्यक्षा लोकतः सिद्धा या प्रीतिर्विषयात्मिका ।
प्रधानफलत्त्वात्सा तदर्थाश्चेतरा अपि ॥

(વાત્સા.કા.સૂ.૨-૧-૪૪)

આપણે જેની ચર્ચા કરી રહ્યા છીએ એ આ કામનાં દસ સ્થાનો યા દસ અવસ્થા જણાવતાં કહે છે :-

'दश तु कामस्य स्थानानि ॥ चक्षुःप्रीतिः, मनःसङ्ग, संकल्पोत्पत्तिः, निद्राच्छेदः, तनुता, विषयेभ्यो व्यावृत्तिः, लज्जाप्रणाशः, उन्मादः मूर्च्छा, मरणम् इति तेषां लिङ्गानि ॥'

(વાત્સા.કા.સૂ.૫-૧-૪,૫)

આ દશ પ્રકારની ભાવરૂપ રસની અવસ્થા યા સ્થાનને જ ભાગવતમાં દશવિધ સર્ગ વગેરે લીલાપણાથી કહેવાયેલ છે. શ્રીવ્યાસજીને સમાધિમાં જેનું બીજ ગાયત્રી યા કૃષ્ણ-સ્વામિની છે એની આસ્વાદ્ય ફલરૂપમાં ભાગવતસ્વરૂપે જે અનુભૂતિ થઈ તેમાં દેવોની ઉત્પત્તિ કે અવતારોનાં ચરિત્ર કે ભૂગોળાદિની સ્થિતિ વગેરે રસરૂપ યા ફલરૂપ છે એમ માનવું જોઈએ નહીં પણ કૃષ્ણ-રાધાની રસાત્મિકા ક્રીડામાં રસાત્મિકાલીલા સ્વરૂપે જ વિચારવું જોઈએ.

આમાં પ્રથમ તૃતીયસ્કન્ધ-સર્ગલીલા એ **ચક્ષુઃપ્રીતિ** છે. આ રસની પ્રથમ અવસ્થા છે. અલૌકિક ઈન્દ્રિયો વગેરે અને તેના અનુકૂલ શબ્દાદિ વિષયો પ્રકટ ન થાય તો લીલાનુભવ જ શક્ય નથી તેથી ક્રીડાની ઈચ્છાવાળા ભગવાને જે સ્વરસયોગ્ય આધિદૈવિક સર્ગ નિજભક્તોના દેહ-ઈન્દ્રિયાદિરૂપે પ્રકટ કર્યો તેથી તે પ્રકટ થતાં પ્રથમ જે તેમનામાં રસની સ્થિતિ થઈ તે ચક્ષુઃપ્રીતિ રૂપ થઈ. ત્યારબાદ ચતુર્થ સ્કન્ધ-વિસર્ગ લીલા જે રસની દ્વિતીય અવસ્થા **મનઃસંગ** રૂપ છે. વિસર્ગને શ્રીઆચાર્યચરણ નિબન્ધમાં વિવિધ પ્રકારનો સર્ગ એ અર્થ ગ્રહણ નહીં કરીને વિશિષ્ટ પ્રકારનો સર્ગ એ અર્થ **'विसर्गः पौरुषः स्मृतः'** ના અર્થમાં વિશિષ્ટ પ્રકારનો પુરુષાકાર સર્ગ એમ ગ્રહણ કરે છે. એટલે કે જે સર્ગ છે તેનો જ વિશિષ્ટ પ્રકારનો સર્ગ એ વિસર્ગ છે. આ રીતે જે રસની પ્રથમ અવસ્થા ચક્ષુઃપ્રીતિ એટલે રસાત્મક ભગવત્સ્વરૂપ વિષયમાં ઈન્દ્રિયાદિની

પ્રીતિ એટલે રતિ સિદ્ધ થવી તે સર્ગ તેનો જ વિશિષ્ટ પ્રકાર એટલે કે મનસહિત ઈન્દ્રિયોની આસક્તિ રસાત્મક ભગવત્સ્વરૂપ વિષયમાં થવી તે વિસર્ગ છે. પ્રાકૃત અધિષ્ઠાનમાં રહેલા ભગવદંશ જીવમાં ભગવદ્રસ સ્ફુરણ થતું નથી પરન્તુ અલૌકિક રસાત્મક અધિષ્ઠાનમાં જ્યારે તેની સ્થિતિ થાય છે ત્યારે જ ભગવદ્રસમય ભાવોનું સ્ફુરણ શક્ય બને છે. આ પ્રકારના અધિષ્ઠાનમાં તેની સ્થિતિ તે સ્વકૃત સાધનોથી શક્ય નથી, તે ભગવત્કૃત જ શક્ય છે. તેથી આ સર્ગલીલા એ પણ કૃષ્ણકૃત છે અને તેવા અલૌકિક મનનું ભગવાન પોતે જ જ્યારે ગ્રહણ કરે છે ત્યારે જ તે મનમાં ભગવદાસક્તિનો પ્રાદુર્ભાવ થાય છે. તેથી તેવા અલૌકિકભાવ પ્રાપ્ત ભક્તોનાં મનને ભગવાન દ્વારા ગ્રહણ કરવાથી ભગવદાસક્તિનો પ્રાદુર્ભાવ એ વિસર્ગ છે. અતઃ આ વિસર્ગ એ રસની બીજી અવસ્થા મનઃસંગ છે. ત્યારબાદ પંચમ સ્કન્ધ એ સ્થાનલીલા છે. આ સ્થાનલીલા મર્યાદાલીલા છે. ઉત્પન્ન થયેલને ક્રીડાર્થ પોત પોતાની મર્યાદામાં સ્થાપવા આ મર્યાદા લીલા છે. પંચમ સ્કન્ધના નિબન્ધ પ્રદર્શિત બે પ્રકરણો છે **'स्थियतेऽस्मिन् इति स्थानम्'** આ વ્યુત્પત્તિ અનુસાર. દેશસ્થિતિ, સ્વરૂપ સ્થિતિ, આ બે પ્રકરણો છે. અર્થાત્ ઉત્પન્ન થયેલાઓને તેમની મર્યાદામાં સ્થાપી તેમાં ભગવાનની પોતાની સ્થિતિ એ સ્થાન છે. આ સ્કન્ધના છવ્વીસ અધ્યાયો છે તેનું તાત્પર્ય શ્રીપ્રભુચરણ દર્શાવે છે કે દેશ ત્રણ પ્રકારનો છે ભૂઃ, ભુવઃ, સ્વઃ, એટલે નીચે, મધ્ય અને ઉપર સમ્બન્ધી દેશ, કાલ ૨૧ પ્રકારનો છે ૧૨-માસ, ૫-ઋતુ, ૩-લોક, ૧-આદિત્ય,તેમજ આત્મા બે પ્રકારનો છે - સચ્ચિદંશજીવ-આનન્દાંશ અન્તર્યામી. આમ કુલ ૨૬ ની સંખ્યા થાય છે. આમ દેશ, કાલ, આત્મામાં એકી સાથે સ્થિતિ ભગવાન વડે જ છે તેથી આનું લીલાત્વ છે. કૃષ્ણગૃહીત ભક્તોનાં મનની રસાત્મક ભગવત્સ્વરૂપમાં આસક્તિ-મનઃસંગ થયા પછીથી લીલા પદાર્થને તેની મર્યાદામાં ન સ્થાપે અને તેમાં તેમાં આધિદૈવિક સ્વરૂપે સ્થિતિ ન કરે તો તે ભક્તોની આસક્તિ આગળ અભિવૃદ્ધિને પ્રાપ્ત થઈ શકે નહીં. તેથી લીલા પદાર્થને રસશાસ્ત્રીય મર્યાદામાં સ્થાપી સંયોગ-વિપ્રલંભ ઉભયે રસરૂપે ભગવાનની સ્થિતિ તે સ્થાન છે. દેશસ્થિતિ સંયોગ રસરૂપ છે અને સ્વરૂપસ્થિતિ વિપ્રયોગ રસરૂપ છે. આ પ્રકારે રસશાસ્ત્રની મર્યાદાથી ભગવાનની રસરૂપ સ્થિતિ થતાં આસક્તિથી આગળ રસની તૃતીયા અવસ્થા સંકલ્પોત્પત્તિ થાય છે. આ પ્રકારનો સંકલ્પ ભગવાનમાં રાસપંચાધ્યાયી પ્રથમ, દ્વિતીય, તૃતીય શ્લોકથી જાણી શકાય છે. લૌકિકમાં પણ **'सङ्गात् सञ्जायते कामः'** એમ ભગવદ્વાક્યમાં કામ સંકલ્પ-વિકલ્પ રૂપ જ છે. સંકલ્પથી અત્ર મનનો સાધારણ ધર્મ ઈચ્છા નહીં સમજવું પણ ચિત્તની પૂર્ણ ભગવત્ પ્રવણતાવાળી દશાના પૂર્વની અને તેના અતિ સમીપની અવસ્થા વિશેષ સમજવું કે જેમાં ચિત્ત માત્ર ભગવત્ પ્રવણ બની રહે છે. આ વિકલ્પ રહિત શુદ્ધ સંકલ્પ રૂપ હોઈ રસાત્મક ભગવત્સ્વરૂપ પ્રતિનો સ્વતંત્ર મનઃપુરુષાર્થ રૂપ મનોધર્મ વિશેષ છે. એ મનોધર્મ વિશેષરૂપે ચિત્તમાં સ્થિતિ કરીને રહેલ કામ-રસની અવસ્થા તૃતીય અવસ્થા છે. ત્યારબાદ છઠ્ઠો સ્કન્ધ પોષણ લીલા છે જેને શ્રીઆચાર્યચરણ અનુગ્રહ, કૃપા વગેરે નામે આલેખે છે. આનાં ત્રણ પ્રકરણો છે નામ, ધ્યાન, અર્ચન. આ અનુગ્રહ પણ ભગવાનનો મનોધર્મ વિશેષ વીર્ય વિશેષરૂપ છે જે કર્મ, કાલ, સ્વભાવ નિવર્તક છે. પૂર્વ સ્કંધમાં જે દેશ, કાલ, સ્વરૂપમાં ભગવત્ સ્થિતિ રસરૂપે બતાવાઈ તેની જ અભિવૃદ્ધિંગત અવસ્થા અત્ર **નિદ્રાચ્છેદ** અવસ્થા છે. આ અવસ્થાને તત્ પ્રવણ અવસ્થા અથવા વ્યસન અવસ્થાના સ્વરૂપમાં પણ જાણી શકાય છે. ભગવાનના વિશેષ અનુગ્રહે પોતાનામાં આસક્તિની દઢતાએ દઢ સંકલ્પ એવા ભક્તના મનમાં પોતાના વ્યસન સ્વરૂપવાળા રસને સ્થાપે છે ત્યારે તે ભક્તો પોતાના આન્તર-બાહ્યમાં દેહ, ઈન્દ્રિય, અન્તઃકરણ સમ્બન્ધી કર્મ, કાલ, સ્વભાવની રસસમ્બન્ધી સર્વ મર્યાદાઓને ત્યાગીને એક માત્ર સર્વ લીલા વિશિષ્ટ રસાત્મક ભગવત્સ્વરૂપમાં એકતાન-પ્રવણ થવા સક્ષમ બને છે. પૂર્વ સ્કન્ધમાં જે દેશ છે તેની સાથે જ આ સ્કન્ધમાં કર્મની સંગતિ છે. આ પ્રકારની રસસ્થિતિ એ રસની ચતુર્થ નિદ્રાચ્છેદ અવસ્થા છે. નિદ્રાચ્છેદ શબ્દથી સતત -અવિરત-અવિચ્છિન્ન તૈલધારાવત્ ચિત્તની પ્રવણતા સમજી શકાય છે. આ

પ્રકારની નિદ્રાચ્છેદ અવસ્થા યુગલગીતાધ્યાયથી જાણી શકાય છે. ત્યાં :-

गोप्यः कृष्णे वनं याते तमनुद्रुतचेतसः ।
कृष्णलीलाः प्रगायन्त्यो निन्युर्दुःखेन वासरान् ॥

અહીં વ્રજભક્તોનું કૃષ્ણમાં અનુદ્રુત ચિત્તપણું એ તેમની ચિત્તપ્રવણતા છે અને એનું નિદ્રાચ્છેદ સ્વરૂપ દુઃખપૂર્વક દિવસ વિતાવતી હતી એ વાક્યથી જણાવ્યું છે. ગોચારણ કરી સાયંકાલ વ્રજમાં પાછા પધારેલા પ્રભુના સંયોગ સુખનો અનુભવ સાયંકાલથી લઈ પ્રાતઃ કાલ ગોચારણ કરવા પધારે ત્યાં સુધીનો છે અને ત્યારથી લઈ સાયંકાલ પર્યન્તનો વિપ્રયોગાનુભવ છે તેથી તેમના અહોરાત્ર ઉભયરસાનુભવ પૂર્ણ છે એમ યુગલગીતાધ્યાયના ઉપર્યુક્ત શ્લોકથી જાણી શકાય છે. ચિત્ત વડે સતત-અવિચ્છિન્ન રસાનુભવ એ વ્યસન અવસ્થા છે. આસક્તિમાં પ્રિય પદાર્થ સુધી મનનું વારંવાર જવું અને આવવું એ કર્મ મર્યાદા છે, ત્રણ ક્ષણની સ્થિતિ એ કાલમર્યાદા છે અને ક્રિયા-જ્ઞાન અને ઈચ્છાની ભિન્નતા એ એની સ્વભાવ મર્યાદા છે. આ સ્વભાવ મર્યાદા નિવર્તનને જ શ્રીઆચાર્યચરણ ષોડશ ગ્રન્થમાં **બ્રહ્મબોધ** યા **સચ્ચિદાનન્દતા** શબ્દોથી આલેખે છે. આ સ્થિતિ અક્ષરમાં વિલયરૂપમાં સ્વીકાર્ય નથી પરન્તુ અવિદ્યા દૂર થતાં અને સચ્ચિદાનન્દતા સિદ્ધ થતાં અનાયાસ-આપોઆપ જીવભાવ નિવૃત્ત થઈ અક્ષરભાવમાં સ્થિતિ થવી એ સ્વરૂપમર્યાદા છે એ મર્યાદાનું પણ ભગવાન સ્વાનુગ્રહે નિવર્તન કરી અક્ષર ભાવે સ્થિતિથી ભિન્ન અંશભાવે- સ્વસેવકભાવે ભગવદ્ ભજનાર્થ તેની સ્થિતિ થવી એ સ્વભાવમર્યાદાનું પણ નિવર્તન છે. અતઃ બ્રહ્મબોધ થઈને પણ અંશરૂપે સ્થિતિ એ શ્રીઆચાર્ય આશય છે. ત્યાર બાદ સપ્તમ સ્કન્ધ ઊતિલીલા છે. એમાં ઊતિ એટલે કર્મવાસના એ સદ્, અસદ્, મિશ્ર એમ ત્રણ પ્રકારની હોવાથી આ સક્ન્ધના અસદ્વાસના નિરૂપક, સદ્વાસના નિરૂપક, મિશ્રવાસના નિરૂપક ત્રણ પ્રકરણો છે. આ સ્કન્ધ દ્વારા રસની પંચમ અવસ્થા **તનુતા** કહેવાઈ છે. ભગવાને જેને જેવી વાસના આપી હોય તેનાથી તે તેવું કર્મ કરે અને તેના અનુરૂપ તેનું ફલ થાય તેમજ આ વાસનાનું વૈવિધ્ય પણ ક્રીડાર્થ છે, તેના વિના ક્રીડા શક્ય નથી. તેમ સ્વક્રીડાર્થ-વિવિધ લીલાઓના વિસ્તારને અર્થે ભગવાન જે ભક્તને જેવા ભાવનું દાન કરે તે ભક્ત તેવા પ્રકારે ભક્તિમાં પ્રવૃત્ત થાય છે અને તદનુરૂપ તેનું ફલ થાય છે. આ ભાવો ત્રણ પ્રકારના શ્રીસુબોધિનીમાં કહ્યા છે જે તામસ, રાજસ, સાત્ત્વિક આ ત્રણ પ્રકરણોથી એનું નિરૂપણ છે. જેનું ફલ એકાદશ સ્કન્ધ સુબોધિનીમાં રાજસ તામસ એક કોટિથી કૃષ્ણ સાયુજ્ય અને સાત્ત્વિકોનું બ્રહ્મભાવોપલબ્ધિ ફલ છે. અથવા તો દશમ સ્કન્ધ તામસ પ્રકરણમાં જણાવ્યા મુજબના તામસ, રાજસ, સાત્ત્વિક ભાવવાળા ભક્તો. એમને તેમના-તેમના ભાવને અનુકૂલ અનુભૂતિ રૂપ રસોપલબ્ધિ થઈ તે તેમનું - તેમનું ફલ છે. આ ભાવો કે જે તેમના દશમ તામસ પ્રકરણમાં નિરૂપાયેલા છે તેનું દાન પણ ભગવાને જ તેમને કરેલું છે, તેમના-તેમના ભાવોને અનુકૂલ ભગવાને જ પોતાનું સ્વરૂપ અને લીલાઓ પ્રકટ કરી છે અને તેમને રસાનુભવ રૂપ ફલનું દાન પણ ભગવાને જ તેમને કર્યું છે. આ જ ભગવાનની રસ સ્વરૂપા ઊતિ લીલા છે. આ પ્રકરણને ખૂબ જ સુન્દર રીતે અને વિસ્તારપૂર્વક ચર્ચી શકાય છે પણ ગ્રન્થ વિસ્તાર ભયથી વધુ ન લખતાં સંક્ષિપ્તમાં જ્યારે વ્યસનદશા સિદ્ધ થાય છે અને **‘देवानां गुणलिङ्गानाम्’** ત્યાં અથવા **‘यथा गङ्गाम्भसोऽम्बुधौ’** ત્યાં કહેવાયા મુજબની સતત એક રસરૂપતાવાળી દશા સિદ્ધ થાય છે ત્યારે જ ભગવાન ભજનોપયોગી વિવિધ ભાવોનું દાન કરે છે અને એ ભાવોનું જ્યારે દાન કરે છે ત્યારે જ તેના વડે રસાવિષ્ટ ચિત્તે થનારા ભજનથી તેના અન્તઃ સ્થિત રસ પુષ્ટ થાય છે. અન્તઃ સ્થિત રસ પુષ્ટ થઈ તેના બહિઃ પ્રાકટ્યના અભાવમાં એનું બાહ્ય દેખાતું લક્ષણ વિપ્રલમ્ભ શ્રૃંગારમાં જણાવ્યા મુજબનું હોય છે જે :-

विप्रलम्भकृतस्तु निर्वेदग्लानिशङ्कासूयाश्रमचिन्तौत्सुक्यनिद्रा
सुप्तस्वप्नविबोधव्याध्युन्मादापस्मारजाड्यमरणादिभिरनुभावैरभिनेतव्यः

(ભારત ના.શા.અ.૬, ગદ્ય)

આમાં જણાવેલાં લક્ષણો છે. આનાથી એનામાં તનુતા સ્વાભાવિક રીતે જ પ્રકટ થઈ જાય છે. આ જ વાત શ્રીઆચાર્યચરણ પોતાના સેવક શ્રીપ્રભુદાસ જલોટાના વિષયમાં ૮૪ વૈષ્ણવની વાર્તામાં જણાવે છે કે અમારા આ માર્ગના સેવકો માર્ગ પુષ્ટિનો હોવા છતાં દુબળા-પાતળા કેમ ? એ પ્રશ્નના ઉત્તરમાં **‘बरजे हते पर आये, -ताको फल पाय रहे है’** એમ જણાવે છે. આ પ્રકારે તનુતા એટલે કે કૃશતા રસની પાંચમી અવસ્થા સપ્તમ સ્કન્ધમાં કહેવાઈ છે. ત્યારબાદ અષ્ટમ સ્કન્ધ મન્વન્તર લીલા છે જેનો અર્થ સદ્ધર્મ થાય છે. નિબન્ધોક્ત આનાં ચાર પ્રકરણો છે જે અનુક્રમે હરિસ્મરણ, દાન, સ્વવચનપરિપાલન, મત્સ્યચરિત્ર છે. અહીં રસની છઠ્ઠી અવસ્થા **વિષયોથી વ્યાવૃત્તિ** કહેવાઈ છે. વાત્સાયન સૂત્રમાં **‘विषयेभ्यः’** પંચમી વિભક્તિ સમજવી. વિષયોથી વ્યાવૃત્તિ એટલે બાહ્ય શબ્દાદિ વિષયોથી ચિત્તની અગ્રાહકતાપૂર્વક અન્તઃ પ્રિયપદાર્થ સમ્બન્ધી વિષયોમાં ચિત્તની સવિશેષ પ્રવૃત્તિ થવી છે. આ પ્રકારે અર્થ લેતાં **‘विषयेभ्यः’** એ પ્રથમ પંચમી વિભક્તિ પ્રકારે બાહ્ય વિષયોમાં અર્થ લઈ અન્તઃ ભગવદ્વિષયમાં ચતુર્થી વિભક્તિ પ્રકારે અર્થ લેવો તેમજ વ્યાવૃત્તિમાં પ્રથમ નિવૃત્તિ અર્થ લઈ ભગવદ્વિષયમાં વિશેષ પ્રકારે આવૃત્તિ એમ અર્થ લેવો. તેવી જ રીતે સદ્ધર્મ એટલે સદ્ એટલે ભગવાનને ધર્મ એટલે ધારણ કરવા. એટલે કે સદ્ધર્મ ભગવાન જ છે. લૌકિક કે વૈદિક ધર્મો એ **રસિકાઃ ભુવિભાવુકાઃ** ને માટે ધર્મ જ નથી, ધારણ કરવા યોગ્ય જ નથી, બલ્કે આવા ભગવદીયોથી એ ધર્મો ધારણ કરવા સંભવ જ નથી. વિષયોથી વ્યાવૃત્તિનો પ્રકાર યોગશાસ્ત્રમાં પણ પ્રત્યાહાર નામે પાંચમા અંગ તરીકે કહેવાયેલો છે. તેમાં પણ ચિત્તની શબ્દાદિ વિષયોથી વ્યાવૃત્તિ થતાં ધારણા, ધ્યાન, સમાધિ માટેનો માર્ગ મોકળો થઈ જાય છે. અહીં પણ વિષયોની વ્યાવૃત્તિ થતાં અવ્યાવૃત્તચિત્તમાં ભગવાન માટેનો વિગાઢભાવરૂપ સર્વાત્મભાવ (**सर्वोऽपि आत्मनो भावः सर्वात्मभावः**) સિદ્ધ થાય છે. યોગ પ્રક્રિયાથી પ્રત્યાહાર થતાં અન્તઃસ્થ સ્વ આત્મામાં ચિત્તની

એકાગ્રતા થાય છે અને આ રસાત્મિકા પ્રક્રિયાથી રસના ઉત્કર્ષે જ્યારે વિષયોથી વ્યાવૃત્તિ થાય છે ત્યારે સ્વપ્રિયપદાર્થ એવા ભગવાનમાં ચિત્તની સ્થિરતા સાથે વિગાઢ ભાવવાળો તે બને છે. આ વિગાઢ ભાવને જ રાસપંચાધ્યાયીમાં :-

तन्मनस्कास्तदालापास्तद्विचेष्टास्तदात्मिकाः ।
तद्गुणानेव गायन्त्यो नात्मागाराणि सस्मरुः ॥

(ભાગ.૧૦-૩૦-૪૪)

આ વિગાઢભાવવતી ગોપીઓનું ચિત્ત બાહ્યવિષયોથી એ સીમા સુધી નિવૃત્ત થઈ ગયું કે એ ખુલ્લા કાને પણ કૃષ્ણનામ સિવાય કંઈ સાંભળી ન શકે, ખુલ્લી આંખે કૃષ્ણરૂપ સિવાય કંઈ જોઈ ન શકે અને વાણીથી કૃષ્ણ સિવાય કંઈ ઉચ્ચારી ન શકે, બુદ્ધિમાં કૃષ્ણ સિવાય કંઈ વિચારી ન શકે અને મનથી કૃષ્ણ સિવાય બીજું કંઈ ભાવન કરી ન શકે, ત્યાંસુધી કે કૃષ્ણથી અતિરિક્ત પોતાની અસ્મિતા પણ અનુભવી ન શકે. મતલબ કે જેમનું અન્તઃકરણ જ કૃષ્ણમય અથવા કૃષ્ણરૂપ બની ગયું હોય ત્યારે તેમાં કૃષ્ણ સિવાય શોધ્યે પણ બીજું શું જડી શકે છે ? રસની આ વિશેષ અવસ્થા જણાવવા વિષયોથી વ્યાવૃત્તિ એ અવસ્થા જણાવે છે. સપ્તમ સ્કન્ધમાં જે તનુતાથી રસની અવસ્થા વિચારાઈ તેની જ - તે અવસ્થાની જ આ ઉત્કૃષ્ટ અવસ્થા છે. અર્થાત્ વ્યાસન દશા વિગાઢ ભાવરૂપ બનતાં રસ આ અવસ્થાપન્ન રસશાસ્ત્રમાં કહેવાય છે. ત્યારબાદ નવમ સ્કન્ધમાં ઈશાનુકથા લીલા કહેવાઈ છે. ઈશ એટલે ભગવાન શ્રીહરિ અને અનુ એટલે ભગવાનને અનુસરનારા એવા ભક્તો એમ બન્નેની જેમાં કથા આવતી હોય તે ઈશાનુકથા છે. આ ઈશાનુકથા દ્વારા **‘લજ્જા પ્રણાશ’** એ રસની સાતમી અવસ્થા કહેવાઈ છે. લજ્જા પ્રણાશ એટલે વ્યવહારમાં કહેવાતી નિર્લજ્જતા નહીં પરન્તુ જેમાં લજ્જા વગેરે રસના પ્રાથમિક ભાવોનું રૂપાન્તર થઈ લજ્જારહિત રસની એક વિશેષ અવસ્થા છે. આને જ રસની એક ઉદ્બુદ્ધ અવસ્થા તરીકે પણ જાણી શકાય

છે. રસની આરંભ દશામાં લજ્જાનું હોવું એ રસપોષક છે, એમાં લજ્જારહિતપણું એ રસાભાસ છે અને પ્રકૃષ્ટ રસની ઉદ્‌બુદ્ધ અવસ્થામાં લજ્જાનો ભાવ રસવિઘાતક છે, એમાં લજ્જારહિત રસાભિવ્યક્તિ જ રસવર્ધક હોય છે. રસની આ અવસ્થા વિપ્રલમ્ભ શ્રૃંગારની ઉત્કૃષ્ટથી પણ આગળની ચરમ સીમાએ પ્રકટ થાય છે. આ લજ્જા પ્રણાશ અવસ્થાને જ આપણે ત્યાં સેવા પ્રકારમાં વસન્તના ૪૧ દિવસોમાં વણી લેવામાં આવી છે જેની ચરમ સીમા દોલોત્સવમાં સિદ્ધ થાય છે. દશમ સ્કન્ધ બાળલીલાના પ્રસંગોમાં વ્રજવધુઓ કોઈને કોઈ બહાને શ્રીયશોદાજીને ત્યાં પહોંચી જતી હતી અને કોઈને કોઈ બહાને ભગવાનનો સ્પર્શ કરતી હતી તેમાં ભગવાનની શિકાયત માટે પણ નન્દાલયમાં તેઓ જતાં ત્યારે શિકાયત એ એમનો દેખાવ માત્ર હતો અને દર્શનસુખ એ જ એમનો હૃદયસ્થ ભાવ હતો. તેવી જ રીતે ક્રોધપૂર્વક શ્રીપ્રભુના શ્રીહસ્ત પકડવામાં પણ ક્રોધ એમનો દેખાવ માત્ર હતો અને ભગવત્ સ્પર્શસુખ એ જ એમનો અન્તઃસ્થ ભાવ હતો. અહીં જે અન્તઃસ્થ ભાવ છે તે જ રસ છે અને જે દેખાવ છે તે રસની અવસ્થાને દર્શાવે છે. એમનો જે બાહ્ય દેખાવ છે તે પણ લૌકિક ભયરૂપ નથી પણ પ્રારંભિક રસપોષક લજ્જાભાવ જ છે જે આસક્તિ દશામાં અને વ્યસનની ચરમ સીમાના પૂર્વ સુધી પ્રકટ રહે છે. ભક્તોના આ લજ્જા ભાવને જ ગોપીગીતમાં પરોક્ષ રીતે પોતાના હૃદયના ભાવોને અભિવ્યક્ત કરવાની રીતિને શ્રીઆચાર્યચરણે ત્યાંની સુબોધિનીમાં પ્રકટ કર્યો છે. તેવી જ રીતે લજ્જા પ્રણાશ રાસપંચાધ્યાયીમાં **'स्वैरुत्तरीयैः कुचकुङ्कुमाङ्कितैः'** વગેરે શ્લોકથી કહેવાયેલ પ્રસંગોમાં જોઈ શકાય છે. આ પ્રસંગોમાં લજ્જાપ્રણાશની ચરમસીમાએ ભક્તોમાંથી ચેષ્ટારૂપે અભિવ્યક્ત થતા રસની અવસ્થા દર્શાવાઈ છે. નવમ સ્કન્ધમાં 'ઈશ' માં રામની કથા છે. શ્રીરામ રસાત્મા-રસવિગ્રહ હોઈને પણ એમનું જે સ્વરૂપ છે તે શ્રીરામતાપિન્યુપનિષદ્‌ની શ્રુતિ મુજબ :-

रमन्ते योगिनो यस्मिन्नित्यानन्दे चिदात्मनि ।

इति रामपदेनासौ परं ब्रह्माभिधीयते ।।

આમ યોગીઓ-ભક્તોનાં હૃદયમાં રમણ કરનાર પરબ્રહ્મ તે રામ છે એમ જણાવે છે. અતઃ આ પ્રકારે ભક્તોના હૃદયમાં પોતાના મધુર સ્વરૂપ વડે રમણ કરીને ભક્તોનાં હૃદયનાં દુઃખોનું નિવારણ અને સુખની પ્રાપ્તિ કરાવવું તથા આવા પ્રભુના હૃદયમાં રમણથી ભક્તોનાં જે ચરિત્રો નિર્માણ થાય છે તેનો નિરૂપક આ સ્કન્ધ છે. તેમજ આ સ્કન્ધ ભક્તિ પ્રતિપાદક હોઈ ભક્તિના અન્તે ૨૪ મા અધ્યાયમાં પણ ભગવત્ પ્રાદુર્ભાવ કથા છે. આ ભક્તિ પ્રાકૃત વાસનાનો નાશ કરનારી છે એમ નિબન્ધમાં સિદ્ધ કરવામાં આવ્યું છે. અતઃ પ્રકૃતિ એટલે પૂર્વ અવસ્થા સ્થિત સંયોગ રસ - જેમાં રસોત્પાદક સામગ્રીની અપેક્ષા રહે છે. તે રસમાં પ્રકટ થતા ભાવો એ પ્રાકૃત કે જે લજ્જા, ભય વગેરેથી પ્રસિદ્ધ છે. તે પ્રાકૃત-ભાવ નાશક ભક્તિ એટલે લજ્જા, ભય વગેરે પ્રારંભિક રસાવસ્થાપન્ન ભાવોને દૂર કરી અપ્રાકૃત એટલે લજ્જા, ભય, વિવેક વગેરે પ્રાકૃત ભાવથી વિરુદ્ધના વિપ્રલમ્ભ શ્રૃંગારમાં પ્રકટ થતા ભાવો. અતઃ જેમ રાત્રિકાલ ઉપસ્થિત થતાં દિવસ સમ્બન્ધી ધર્મો દૂર થઈ રાત્રિ સમ્બન્ધી ધર્મો આપોઆપ પ્રકટ થઈ જાય છે, તેમ રસ પોતાના પૂર્વદલથી આગળ વધી જ્યારે ઉત્તરદલાત્મક શ્રૃંગારમાં પ્રવેશ છે ત્યારે પૂર્વદલ સમ્બન્ધી ભાવો દૂર થઈ ઉત્તર દલ સમ્બન્ધી અપ્રાકૃતભાવો આપોઆપ તેમાં પ્રકટ થઈ જતા હોય છે. લજ્જાપ્રણાશ એ ઉત્તરદલની ચરમ અવસ્થામાં પ્રકટ થતો ભાવ છે જે અત્ર નિરૂપિત છે.

ત્યારબાદ દશમ સ્કન્ધ નિરોધલીલા છે અને આમાં રસની આઠમી અવસ્થા **ઉન્માદ** નિરૂપિત છે. **'मद्'** ધાતુને **'उद्'** ઉપસર્ગ લાગી બનેલો ઉન્માદ શબ્દ ઉત્કૃષ્ટ આનન્દના અનુભવને દ્યોતે છે. અતઃ રસની ઉન્મત્ત-આનન્દ પ્રચુર અવસ્થાને રસશાસ્ત્રમાં ઉન્માદ નામથી આલેખી છે. આ ઉત્કૃષ્ટ આનન્દનો અનુભવ જ ભગવાનના ઉત્તમોત્તમ ભક્તોનો પરમ ફલ રૂપ નિરોધ છે. આ નિરોધ અસાધારણ, અતિદુર્લભ છે અને તે અતિશયથી પણ અધિક

જે કંઈ પ્રયોગ થઈ શકે તેવો અનુગ્રહ શ્રીપ્રભુમાં પ્રકટ થાય ત્યારે જ આ શક્ય છે. આ અર્થમાં જ બૃહદ્‌વામન પુરાણમાં **‘दुर्लभो दुर्घटश्चैव युष्माकं वै मनोरथः’** એમ શ્રુતિઓ પ્રતિ ભગવદ્વાક્ય છે. આ રસાવસ્થા દુર્લભ પણ છે અને દુર્ઘટ પણ છે. શ્રુતિઓને વરદાન આપવાના પૂર્વ આ પ્રકાર ક્યારેય ઘટ્યો હોય તેવું કોઈ શાસ્ત્રથી જાણવામાં આવતું નથી તેથી દુર્ઘટ પણ છે. વિપ્રલમ્ભ શ્રૃંગારમાં જ તેની ચરમ સીમાએ ધર્મી રસ ભોક્તૃ-ભોગ્ય રૂપે અન્દર-બહાર પ્રાદુર્ભૂત થાય છે. રસાવિષ્ટ ભક્તમાં ભોક્તૃરૂપે અને બાહર ભોગ્યરૂપે પ્રાદુર્ભૂત થાય છે ત્યારે ભક્ત ધર્મીરસનો ભોક્તા બને છે. આ પરમ ફલને દર્શાવવા જ તૈત્તિરીય ઉપનિષદ્‌ની શ્રુતિ કહે છે - **‘सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता’** **सः** તે રસાવિષ્ટ ભક્ત **‘सह ब्रह्मणा’** બ્રહ્મ એટલે સકલ કામોપભોગ ચતુર એવા ભોગ્યરૂપે પ્રકટ રસની સાથે **‘सर्वान् कामान्’** કામ શબ્દ અહીં અભીષ્ટ વાચક હોઈ આ આનન્દ પ્રકરણમાં આનન્દથી અતિરિક્ત કંઈ અભીષ્ટ છે જ નહીં તેથી સર્વ કામને એટલે સમ્પૂર્ણ આનન્દનો તે અશન એટલે ભોગ કરે છે. વિપ્રલમ્ભ શ્રૃંગારની ચરમસીમાએ ધર્મીરસનો પ્રાદુર્ભાવ કહેવાથી વિપ્રલમ્ભ શ્રૃંગાર એટલે રસરૂપ બ્રહ્મની સ્થિતિનો અભાવ એમ અર્થ લઈ શકાય નહીં. તેથી **‘विगतो योगः यस्मात्’** એ વિયોગ નહીં પણ બહિઃ સ્થિતિ અભાવપૂર્વક ધર્મીરસની અન્તઃસ્થિતિ એ વિયોગ યા વિપ્રલમ્ભ શ્રૃંગાર રસ છે. અન્યથા એ રસનું અધિષ્ઠાન જ થઈ ન શકે. અતઃ **‘पुरुषः प्रमदायुक्तः’** એ સ્થિતિ તો રસને માટે અનિવાર્ય જ છે. આ પ્રકારે જ્યારે ધર્મીરસ પ્રાદુર્ભૂત થાય છે ત્યારે અન્તઃ કેવલ ધર્મી હોય છે અને બહિઃ ધર્મસહિત ધર્મી હોય છે. અન્તઃધર્મી પ્રવેશે જ જીવમાં રસભોક્તૃતા-સામર્થ્ય પ્રકટ થાય છે અને તે પણ પ્રકૃષ્ટસ્વરૂપે પ્રકટ હોય ત્યારે. અન્યથા તેની ભોગ્યરૂપતા જ હોય છે. ચક્ષુઃપ્રીતિ, મનઃસંગ અને સંકલ્પોત્પત્તિ અહીં પર્યન્ત રસની ધર્મનિષ્ઠ વિપ્રલમ્ભ પૂર્વ કાલીન સંયોગ અવસ્થા છે અને તેના પ્રકર્ષે નિદ્રાચ્છેદથી લજ્જા પ્રણાશ પર્યન્તમાં વિપ્રલમ્ભ શ્રૃંગારાત્મક રસની અવસ્થા છે અને ઉન્માદ વિપ્રયોગોત્તર સંયોગરસ અવસ્થા છે એમ જાણવું. ધર્મીસંયોગે જ રસ ઉન્માદને પામતો હોય છે. અતઃ વિપ્રલમ્ભમાં ધર્મીની માત્ર અન્તઃસ્થિતિ જ છે જ્યારે વિપ્રલમ્ભોત્તર સંયોગમાં ધર્મીની અન્તઃ સ્થિતિ સહિત ધર્મસહિત ધર્મીની બહિઃ સ્થિતિ પણ છે. આ રીતે આ શ્રૃંગાર રસ-વિપ્રલમ્ભોત્તર સંયોગવાળી અવસ્થા એ ઉભયદલ રસાત્મક બને છે અને તેથી તે પૂર્ણ રસ સ્થિતિ છે. અતઃ વાત્સાયનસૂત્ર ગ્રન્થસ્થ આ વાક્ય :-

शास्त्राणां विषयस्तावद् यावन्मन्दरसा नराः ।
रतिचक्रे प्रवृत्ते तु न च शास्त्रं न च क्रमः ॥

આ વાક્યમાં મન્દરસ એટલે રસની અપુષ્ટ સ્થિતિ. અતઃ રસની પુષ્ટિ અર્થે જ રસશાસ્ત્રની સર્વ પ્રવૃત્તિ છે. પુષ્ટિમાર્ગીય આચાર્યોપદિષ્ટ સેવા પ્રણાલી પણ પ્રાયઃ કરીને આ મુજબ જ ભાવપુષ્ટિને અર્થે છે. અન્યથા જેમ ત્યાં રસશાસ્ત્રમાં અપુષ્ટ રસ પુષ્ટ થયા વિના ચરમ બિન્દુએ પહોંચવાની અપેક્ષા પોતાના સ્વરૂપની પણ રક્ષા કરી શકતો નથી અને માત્ર ઈન્દ્રિય આવેગ અને એનું શમન માત્ર સ્વરૂપનો બની રહે છે તેમ અત્ર ભક્તિમાર્ગમાં પુષ્ટભાવ જ પુષ્ટિ સ્વરૂપની ઉપલબ્ધિ કરાવી શકે છે, અન્યથા અપુષ્ટ સાધનભાવ માત્ર ક્રિયાત્મક અને અહંકાર -લોભ વગેરેથી અન્વિત થઈ પોતાનું જે સ્વરૂપ ભાવ છે તેનો જ નાશ થઈ જાય છે. અપુષ્ટભાવ પણ આચાર્યોપદિષ્ટ પ્રણાલિકાએ પ્રયોગમાં આવતાં તે પુષ્ટભાવ તરફ અભિમુખ બની તે તરફ એકથી બીજી અને બીજાથી ત્રીજી અવસ્થાને પામવાના સ્વભાવવાળો બને છે. અતઃ પુષ્ટિજીવોએ પુષ્ટિફલદશા સુધી પહોંચવા માટે પુષ્ટિમાર્ગાચાર્યોપદિષ્ટ સિદ્ધાન્તોનું સારી રીતે અવગાહન કરીને તદુપદિષ્ટ માર્ગનું અનુસરણ કરવું જોઈએ. તમારી સેવા-ભક્તિ-ભજન પણ એકથી બીજી એમ આગળને આગળની અવસ્થાને પ્રાપ્ત થતી જાય તે મુજબ ભગવત્સ્વરૂપ-નામ સેવન કરવું જોઈએ. વાત્સાયન વાક્યમાં જે રતિચક્રનું પ્રવર્તન કહ્યું છે તેને જ શ્રીઆચાર્યચરણ માનસી યા ચિત્તની પ્રવણતા પૂર્વકની કૃષ્ણ સેવા નામે

આલેખે છે. અને આ પ્રવર્તન નિદ્રાચ્છેદની અવસ્થાથી આરંભ થાય છે અને એનું પૂર્ણ પ્રવર્તન ઉન્માદની નિરોધ દશામાં સિદ્ધ થતાં ત્યાં સર્વ શાસ્ત્ર પ્રવૃત્તિ અનપેક્ષિત બની જાય છે. નિદ્રાચ્છેદથી લજ્જાપ્રણાશ પર્યન્તમાં ઉત્તરોત્તર શાસ્ત્રવિષયનું દૌર્બલ્ય જાણવું જોઈએ. રાસપંચાધ્યાયીમાં જે **'आत्मना प्रथमा लीला'** તે પ્રથમાધ્યાયની લીલા શાસ્ત્રવિષયની સંપૂર્તિ અર્થે છે અને **'शारीरी पञ्चमी वाच्या'** ત્યાં પંચમાધ્યાય-ધર્મી અધ્યાયમાં શારીરી-આનન્દ આત્મામાં જે ધર્મી શરીર રસ છે તેના સમ્બન્ધી આ લીલા છે એમ કહી ધર્મ સહિત ધર્મીના સમ્બન્ધી આ લીલા છે એમ જણાવ્યું છે. આ પ્રકારે ધર્મી સમ્બન્ધી રસની આ અવસ્થા સર્વાધિક શ્રેષ્ઠ હોવાથી અને આનાથી વધુ ઉત્કૃષ્ટ ફલ યા ફલભોગ બીજો કોઈ પણ હોવો સંભવ નહીં હોવાથી આ અવસ્થાને ઉન્માદ નામ આપ્યું છે. આ ઉન્મત્તપણું પાંચમા અધ્યાયના મહારાસમાં ભક્ત-ભગવાનનું જોઈ શકાય છે.

આના પછી એકાદશ સ્કન્ધ મુક્તિ લીલા છે. આનાં મુખ્ય બે પ્રકરણો છે (૧) જીવમુક્તિ પ્રકરણ, (૨) ઈશમુક્તિ પ્રકરણ. આ સ્કન્ધમાં રસની નવમી અવસ્થા મૂર્ચ્છા નું નિરૂપણ થયું છે. **મૂર્ચ્છા** શબ્દ **'मोहसमुच्छ्राययोः'** થી બનેલો હોઈ ઉન્માદ-નિરોધમાં રસની જે દ્રવીભૂત-તરલાવસ્થા કહેવાઈ છે તેનું પુનઃ પોતાના ઘનીભૂત સ્વરૂપમાં અવસ્થાન થવું તે મૂર્ચ્છા આ સ્કન્ધમાં નિરૂપાયેલી છે. તેનું ઉભયે સ્વરૂપમાં અવસ્થાન કહેવાનું હોઈ બે પ્રકરણો છે.

ત્યારબાદ દ્વાદશ સ્કન્ધ આશ્રયલીલા છે. આનાં પાંચ પ્રકરણો છે - (૧) કૃષ્ણાશ્રય, (૨) જગદાશ્રય, (૩) વેદાશ્રય, (૪) ભક્તિમાર્ગાશ્રય અને (૫) ભાગવતાશ્રય. આમાં રસની દશમી અવસ્થા **મરણ**નું નિરૂપણ છે. અહીં મરણ શબ્દથી દેહવિયોગરૂપ મરણનો અર્થ લેવાનો નથી. કારણ કે તેવા મરણમાં તો રસત્વ જ નથી હોતું અને તેથી જ ભારતીય રસશાસ્ત્રમાં તેનું સ્થાન નથી. નાટ્યશાસ્ત્રમાં પણ મુખ્ય નાયક-નાયિકાના મરણના અભિનય

પ્રસ્તુતિનો નિષેધ સ્પષ્ટ શબ્દોમાં કરવામાં આવ્યો છે કારણ કે એમ થતાં અભિનયમાં રસ વિરુદ્ધ સ્થિતિ આવી જાય છે. ઉપરાન્ત ભરતમુનિના શાસ્ત્રમાં **'आलस्यौग्य्रजुगुप्साख्यैरेव भावैस्तु वर्जिताः । उद्भावयन्तिश्रृंगारं सर्वे भावाः स्वसंज्ञया ॥'** (ભારત ના.શા.૭-૧૦૯) આમાં કુલ ઓગણપચાસ ભાવો પૈકી આલસ્ય, ઉગ્રતા અને જુગુપ્સા આ ત્રણ ભાવોને છોડી બાકીના છેંતાલીસ ભાવો શ્રૃંગાર રસનું ઉદ્ભાવન કરનારા છે એમ જણાવ્યું છે. તથા આ ઓગણપચાસ ભાવો આઠ સ્થાયિભાવ, તેત્રીસ સંચારી ભાવ અને આઠ સાત્ત્વિક ભાવો પૈકી સંચારી ભાવમાં **'मतिर्व्याधिस्तथोन्मादस्तथा मरणमेव च'** આમાં મરણ નામક સંચારી ભાવ કહ્યો છે જેનો અભિનય શ્રૃંગારોદ્ભાવક છે. અતઃ રસશાસ્ત્રીય મરણ ભાવ દેહવિયોગથી સર્વથા ભિન્ન છે. અહીં મરણનો અભિનય પણ **'विषण्णगात्रैर्निश्चेष्टैरिन्द्रियैश्च विवर्जितः'** (ભા.ના.શા.૭-૮૬) વગેરે વાક્યોથી શિથિલ ગાત્ર, ચેષ્ટાહીન ઈન્દ્રિયો વગેરેથી સૂચવ્યો છે. આ પ્રકારે મરણ એટલે રસની ચિત્તગત એ અવસ્થા કે જેમાં ગાત્ર, ઈન્દ્રિયો વગેરે ધર્મોના આશ્રયથી રહિત શુદ્ધ ધર્મી સ્વરૂપ રસની ચિત્તમાં સ્થિતિ. આ અવસ્થાને જ આપણા તત્ત્વજ્ઞાનમાં વિશેષ પ્રકારના સર્વાત્મભાવવાળી અવસ્થા તરીકે ભાષ્યમાં લિંગભૂયસ્ત્વાધિકરણ (૩-૩-૪૪) માં છાન્દોગ્ય ઉપનિષદ્‌ની સનત્કુમાર-નારદસંવાદ રૂપ શ્રુતિના વ્યાખ્યાનમાં કહેવાઈ છે. આમાં વિભાવ, અનુભાવ, સંચારીભાવ, સાત્ત્વિકભાવ વગેરે સર્વ ભાવોના આશ્રયથી રહિત આ સર્વભાવોના અથવા સર્વ રસોના અથવા ઉભયાત્મક શ્રૃંગારના આલમ્બનરૂપ ભાવાત્મા ભગવાન જ છે તેવું અનુભવવાળી અને ઉભયાત્મક શ્રૃંગારના આલમ્બનરૂપ ભગવાનની ચિત્તમાં સ્થિતિ થતાં આ સર્વાત્મભાવની સ્ફુરણા થાય છે. અતઃ હૃદયમાં રસના યા સર્વભાવના પોષક તથા રક્ષક તેમજ ભાવોના ઉત્પાદક, ભાવોને ચિત્તમાં દઢતાથી સ્થિર કરનારા અને ભાવ વિઘાતક સર્વ દુર્ભાવોના વિનાશક આલમ્બન ભાવાત્મા ભગવાન જ છે, આ પ્રકારે જોનારી - અનુભવનારી ચિત્તની

અવસ્થા અત્ર મરણ રૂપમાં કહેવાઈ છે. મરણને મૃત્યુ પર્યાયવાચી શબ્દથી વિચારવામાં આવે ત્યારે પણ **'मृत्युरत्यन्तविस्मृतिः'** (ભાગ.૧૧-૨૨-૩૮) આ ભગવદ્ વાક્ય અનુસાર મૃત્યુ એટલે અત્યન્ત વિસ્મરણ થવું. તે અત્ર આશ્રયલીલામાં સર્વાત્મભાવને વિચારતાં પોતાના સમ્બન્ધી લૌકિક-વૈદિક ધર્મો અને ભગવાનના ધર્મો એ સર્વનો સર્વથા ત્યાગ કરીને મારા, ધર્મીને શરણે આવ એમ ગીતા વાક્યને સાથે રાખી વિચારતાં કોઈ પણ પ્રકારના ધર્મોનો આશ્રય ન કરી માત્ર ધર્મી આશ્રયના ભાવવાળું ચિત્ત યા ચિત્તની અવસ્થા તે સ્વરૂપનો આશ્રય દ્વાદશ સ્કન્ધનું સ્વારસ્ય છે અને રસની દશમી અવસ્થાનું પણ આ જ સ્વારસ્ય છે. આ પ્રકારનો રસસ્વરૂપનો સર્વાત્મભાવ જ દશમ સ્કન્ધમાં- રસની આઠમી ઉન્માદ નામથી નિરોધ દશામાં મુખ્ય અને એક માત્ર કારણ છે.

આ પ્રકારે રસની દસ અવસ્થા રૂપે ભાગવતનો આશ્રય કરવામાં આવે ત્યારે શ્રીભાગવતમાં રસાત્મા સત્ય સ્વરૂપ શ્રીકૃષ્ણની રસમયી લીલાઓનું હૃદયમાં સ્ફુરણ થતાં શ્રીભાગવત એ રસિકો માટે આસ્વાદ્ય બની જાય છે. તેમજ આ રસ પ્રણાલીથી શ્રૃંગાર સ્વરૂપ ભગવાનનો જે આવિર્ભાવ થાય છે એટલે કે લીલાસ્થળ વૈકુંઠાત્મક ભક્તોના હૃદયમાંથી રસાત્મા શ્રીકૃષ્ણના આવિર્ભાવને શાસ્ત્રમાં કે ભાગવતમાં કૃષ્ણનો અવતાર એમ કહ્યું છે તેથી અવતાર-અવતારીમાં કોઈ ભેદ રહેતો નથી. અતઃ આ શ્રીકૃષ્ણથી ભિન્નનો કે દ્વાદશ સ્કધના સ્વારસ્યરૂપ આશ્રયથી ભિન્ન પ્રકારનો આશ્રય એમ બન્નેનું નિવારણ સમજવાનું છે.

આ પ્રકારે નટવરવપુઃ જે આશ્રય છે અને તે આશ્રયનું જ ભાવન આશ્રયસિદ્ધિનું સાધન છે એમ **'एवं चित्ते सदा भाव्यम्'** થી શ્રીઆચાર્યચરણ ઉપદેશે છે અને પોતાના જીવનમાં કે જગતમાં ઘટતા પ્રસંગોમાં તે દશ પ્રકારે રસ અવસ્થા રૂપે સ્થિત સાક્ષાત્ રસાત્મા નટવરની જ રસમયી લીલાનું અનુસન્ધાન રાખી ચિત્તમાંથી ઉદ્વેગાદિ નિવારણ કરવા શ્રીઆચાર્યચરણ નવરત્નમાં ઉપદેશે છે.

યદ્યપિ અહીં ચર્ચાયેલા ઘણા વિષયોને ગ્રન્થ મર્યાદાને જોઈને ટુંકાવી નાંખવા પડ્યા છે તેમજ ક્યાંક-ક્યાંક વિષયો વધુ સ્પષ્ટીકરણ ચાહે છે તેમ છતાં પણ ફરી ક્યારેક પ્રસંગોપાત શ્રીમહાપ્રભુ તેની ચર્ચા કરાવે તેવી આશા સાથે કૃષ્ણાશ્રય સ્તોત્ર પૂર્વપીઠિકાના લેખનને અહીં સમાપ્ત કરું છું. આગળ કૃષ્ણાશ્રય સ્તોત્ર વિવેચનને વિચારીશું. આ લેખનમાં જે કાંઈ પણ સૌન્દર્ય છે તે શ્રીમહાપ્રભુ અને શ્રીપ્રભુચરણોનું છે અને જે દોષ હોય તે મારી જીવબુદ્ધિના છે તેમ નીર-ક્ષીરન્યાયે વિચારવું. ॥ **श्रीकृष्णार्पणमस्तु** ॥

* * *

પરિશિષ્ટ -૧

શ્રીહરિરાય મહાપ્રભુ વિરચિત

વિંશગ્રન્થાનુક્રમણિકા

સંશોધક - અનુવાદક - ડો. રમેશ જી.શાહ - વડોદરા.

(આચાર્ય શ્રીવલ્લભ - ગુજરાતી વર્ષ-૨, અંક-૨-૩, મે-જૂન-૧૯૮૮ માંથી સાભાર)

શ્રીરમેશભાઈ શાહ હાલ મ.સ.વિશ્વવિદ્યાલય વડોદરા સંચાલિત સંસ્કૃત મહાવિદ્યાલયમાં પ્રાધ્યાપક છે અને તેમણે શ્રીહરિરાયજી ઉપર મહાનિબન્ધ લખ્યો છે જે મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય-વડોદરામાં સ્વીકૃત થયેલો છે. તેમના સંશોધનમાંથી આ ગ્રન્થ સાનુવાદ પ્રગટ કરતાં હું આનંદ અનુભવું છું અને સંશોધકને અભિનંદન આપું છું.

- સમ્પાદક

શ્રીહરિરાયજી, હીઝ લાઈફ એન્ડ વર્કસ - એ અંગ્રેજી મહાનિબંધ ઉપરના પી.એચ.ડી. ના અભ્યાસકાળમાં સંશોધન કાર્ય અંગે નાથદ્વારાના શ્રીનાથજી મંદિરમાં પ્રધાન પીઠાધિપતિ પૂ.ગોસ્વામી ૧૦૮ શ્રીગોવિંદલાલજી મહારાજશ્રીની આજ્ઞાથી વિદ્યામંદિર નિજ પુસ્તકાલયની મુલાકાત લીધી હતી, તે દરમ્યાન ત્યાંના હસ્તલિખિત ગ્રંથો નિહાળતાં બંધ નંબર ૨૧૯ ના પોટલામાં ગ્રંથ સંખ્યા ૧૧ ના ૧-૨-૩ પાનાંઓ ઉપર શ્રીહરિરાયજી કૃત ગ્રંથાનુક્રમણિકા અથવા વિંશગ્રંથાનુક્રમણિકા એ નામનો ગ્રંથ મળી આવ્યો હતો, જે અત્રે ગુર્જરાનુવાદ સહિત પ્રસ્તુત છે.

ડો.રમેશ જી. શાહ

विंशग्रन्थानुक्रमणिका

अथ श्रीहरिरायजीकृत ग्रन्थानुक्रमणिका लिख्यते ।।

વિંશ (વીસ) ગ્રંથાનુક્રમણિકા

હવે શ્રીહરિરાયજીએ રચેલો ગ્રંથાનુક્રમણિકા ગ્રંથ લખવામાં આવે છે.

तत्रादौ चिन्तासन्तानेति मंगलाचरणं पठित्वा ग्रंथपाठारम्भः कार्यः ।।

તેમાં (એટલે કે વૈષ્ણવોએ સ્વમાર્ગીય કયા ગ્રંથોનો નિત્યપાઠ કરવો એના અનુક્રમની બાબતમાં) સર્વ પ્રથમ - ચિંતાસંતાનહન્તારો ... વગેરે મંગલાચરણના શ્લોકોનું પઠન કરીને (અર્થાત્ શ્લોકો બોલીને) પછી જ ગ્રંથોના પાઠનો આરંભ કરવો જોઈએ.

सर्वोत्तमग्रंथः ।। तत्र श्रीमदाचार्याणां स्वरूपधर्मनिरूपणपूर्वकनामनिरूपणम् । तेन भक्तिमार्गप्रतिबन्धनिवृत्तिपूर्वकभक्तिरसास्वादः ।। १ ।।

સર્વોત્તમસ્તોત્ર એ નામનો ગ્રંથ - તેમાં (તે ગ્રંથમાં) શ્રીમદ્ વલ્લભાચાર્યચરણના સ્વરૂપ અને ધર્મના નિરૂપણપૂર્વક નામોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેનાથી (તે સ્તોત્રનો પાઠ કરવાથી) ભક્તિમાર્ગના પ્રતિબંધો-અંતરાયો દૂર થાય છે તથા ભક્તિરસનો આસ્વાદ પ્રાપ્ત થાય છે (અનુભવાય છે) ।। ૧ ।।

श्रीवल्लभाष्टकम् ।। तेनाविर्भावप्रयोजनादिधर्मयुतरसात्मकस्वरूप निरूपणम् ।। २ ।।

શ્રીવલ્લભાષ્ટકમ્ :- તેના પાઠથી શ્રીવલ્લભના આવિર્ભાવના પ્રયોજન વગેરે ધર્મોથી યુક્ત તેમના રસાત્મક-આધિદૈવિક સ્વરૂપનું નિરૂપણ (ભક્તિયુક્ત હૃદયમાં) અનુભવાય છે ॥ ૨ ॥

श्रीकृष्णप्रेमामृतम् ॥ तेनान्तरङ्गबहिरङ्गैश्वर्यादिधर्मनिरूपणम् ॥ ३ ॥

શ્રીકૃષ્ણ પ્રેમામૃતમ્ - આ સ્તોત્ર એટલે સ્ફુરત્કૃષ્ણ પ્રેમામૃત સ્તોત્ર અથવા સપ્તશ્લોકી ગ્રંથ સમજવો. તેના પાઠથી શ્રીવલ્લભના અંતરંગ = અંદરના અને બહિરંગ = બહારના એમ દ્વિવિધ-બે પ્રકારના ઐશ્વર્યાદિ (ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય) ધર્મોનું નિરૂપણ (ભક્તિયુક્ત અંતઃકરણમાં) અનુભવાય છે ॥ ૩ ॥

श्रीनामरत्नाख्यग्रन्थः ॥ तेन श्रीगोस्वामीनां नामधर्मस्वरूपज्ञानं तत्कृपया तदङ्गीकारेण श्रीमदाचार्याणां नामस्वरूपधर्मज्ञानं भवति ॥ ४ ॥

શ્રીનામરત્નાખ્ય ગ્રંથ - (આ ગ્રન્થ શ્રીરઘુનાથજી કૃત છે અને તેમાં શ્રીગુસાંઈજીના ૧૦૮ નામોનું નિરૂપણ થયેલું છે,) તેના પાઠથી ગોસ્વામી શ્રીવિઠ્ઠલનાથજી શ્રીગુસાંઈજીના નામ, ધર્મ અને સ્વરૂપનું જ્ઞાન થાય છે તથા તેમની કૃપાથી તેમના દ્વારા (જીવનો) અંગીકાર - સ્વીકાર થવાથી શ્રીમદાચાર્યચરણ શ્રીવલ્લભાચાર્યજીનાં નામ, સ્વરૂપ અને ધર્મનું જ્ઞાન (પણ) થાય છે ॥ ૪ ॥

अथ श्रीमदाचार्यकृत षोडशग्रन्थानुक्रमणिका लिख्यते

હવે શ્રીમદાચાર્યચરણ વિરચિત ષોડશગ્રંથોની અનુક્રમણિકા લખવામાં આવે છે.

तत्रादौ श्रीयमुनाष्टकम् ॥ तेन समस्तदुरितक्षयपूर्वकसेवोपयोगिदेहसिद्धिः स्वभावविजयश्च ॥ ५ ॥

તે (ષોડશ ગ્રંથો) માં પહેલો **શ્રીયમુનાષ્ટક** (ગ્રંથ) છે. તેના પાઠથી સમસ્ત બધા જ દોષો-પાપોનો વિનાશ થઈ સેવોપયોગી દેહ (ભગવત્સેવામાં ઉપયોગી અલૌકિક શરીર) મેળવવાની સિદ્ધિ અને સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત થાય છે ॥ ૫ ॥

श्रीबालबोधग्रन्थ ॥ तेन स्वमार्गाज्ञाननिवृत्तिपूर्वकस्वमार्गीयधर्मादिपुरुषार्थज्ञानम् ॥ ६ ॥

શ્રીબાલબોધ ગ્રંથ :- તેના પાઠથી સ્વમાર્ગ (પુષ્ટિમાર્ગ) વિષેના અજ્ઞાનની નિવૃત્તિ અર્થાત્ પોતાના માર્ગ વિષેનું અજ્ઞાન દૂર થઈ પોતાના તે) માર્ગમાં રહેલા ધર્મ વગેરે (અર્થાત્ ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચાર) પુરુષાર્થોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે ॥ ૬ ॥

श्रीसिद्धान्तमुक्तावलीग्रन्थः ॥ तेन परमतनिराकरणपूर्वकस्वसिद्धान्तनिरूपणं श्रीगङ्गादृष्टान्तेन ॥ ७ ॥

શ્રીસિદ્ધાન્તમુક્તાવલી ગ્રંથ :- તેના પાઠથી પરમત નિરાકરણપૂર્વક (અર્થાત્ અન્ય મતો વિશેનો ખુલાસો થઈ) સ્વસિદ્ધાન્ત (પોતાના પુષ્ટિ સિદ્ધાન્ત)નું નિરૂપણ શ્રીગંગાનાં ઉદાહરણથી (મનમાં દઢ) થાય છે (અર્થાત્ જેમ જલરૂપ ગંગા આધિભૌતિક, માહાત્મ્યરૂપ ગંગા આધ્યાત્મિક તથા દેવરૂપ ગંગા આધિદૈવિક તેમ જગતરૂપ બ્રહ્મ આધિભૌતિક, અક્ષરરૂપ બ્રહ્મ આધ્યાત્મિક તથા શ્રીકૃષ્ણરૂપ પરબ્રહ્મ આધિદૈવિક - એમ સ્વરૂપ વિષયક સિદ્ધાન્ત સ્પષ્ટ સમજાય છે) ॥ ૭ ॥

पुष्टिप्रवाहमर्यादा ग्रन्थः ॥ तेन पुष्टि-प्रवाह-

मर्यादामार्गीय-जीवदेहकृतीनां स्वरूप ज्ञानम् ॥ ८ ॥

પુષ્ટિપ્રવાહ મર્યાદા ગ્રંથ :- તેના પાઠથી, પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા - એ ત્રણે માર્ગોના જીવો, તેમના દેહો અને તેમની કૃતિઓ (કાર્યો) વિશેના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે ॥ ૮ ॥

सिद्धान्तरहस्य ग्रन्थः ॥ तेन समर्पणस्वरूपज्ञानं ततः समर्पितजनैर्व्यवहारः ॥ ९ ॥

સિદ્ધાન્ત રહસ્ય ગ્રંથ :- તેના પાઠથી પ્રભુને સમર્પણ કેવી રીતે કરવું તેના સ્વરૂપનું જ્ઞાન તથા તેથી સમર્પિતજનોએ સમર્પણ કરવાની બાબતમાં કેવી રીતે વ્યવહાર-વર્તન કરવાં તે વિશે (પણ) જ્ઞાન પ્રાપ્ત થાય છે. ॥ ૯ ॥

अंतःकरणप्रबोधः ॥ तेन पश्चात्तापनिवृत्तिपूर्वकस्वरूपज्ञानम् ॥ १० ॥

અંતઃકરણ પ્રબોધ :- તેના પાઠથી સર્વ પશ્ચાત્તાપ દૂર થઈ પોતાના સાચા સ્વરૂપનું જ્ઞાન થાય છે ॥ ૧૦ ॥

नवरत्नग्रन्थः ॥ तेन सेवाविषयाणां चिन्तानिवृत्तिः ॥ ११ ॥

નવરત્ન ગ્રંથ : તેના પાઠથી ભગવત્સેવાવિષયક (ભગવાનની સેવામાં આવશ્યક સામગ્રી મેળવવા માટેની તથા સેવામાં આવતા પ્રતિબંધો વગેરેની) સર્વ ચિંતાઓ દૂર થાય છે ॥ ૧૧ ॥

विवेकधैर्याश्रयग्रन्थः ॥ तेन विवेकधैर्यभगवदाश्रयस्वरूपज्ञानम् ॥ १२ ॥

વિવેકધૈર્યાશ્રય ગ્રંથ :- તેના પાઠથી (હરિ બધું પોતાની ઇચ્છાથી કરશે વગેરે પ્રકારે) વિવેક, (આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક - ત્રણ પ્રકારનાં દુઃખોને સહન કરવારૂપી) ધૈર્ય તથા ભગવાનનો (દૃઢ) આશ્રય - એ ત્રણેના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ॥ ૧૨ ॥

कृष्णाश्रय ग्रन्थः ॥ तेन आश्रयसिद्धिः ॥ १३ ॥

કૃષ્ણાશ્રય ગ્રંથ :- તેના પાઠથી આશ્રયની સિદ્ધિ પ્રાપ્ત થાય છે (અર્થાત્ શ્રીકૃષ્ણનો અનન્યાશ્રય સિદ્ધ થાય છે) ॥ ૧૩ ॥

चतुःश्लोकीग्रन्थः ॥ तेन पुष्टिमार्गीयधर्मादिपुरुषार्थज्ञानम् ॥ १४ ॥

ચતુઃશ્લોકી ગ્રંથ :- તેના પાઠથી પુષ્ટિમાર્ગીય ધર્મ વગેરે (ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી ચાર) પુરુષાર્થો (ના સ્વરૂપ) નું જ્ઞાન પ્રાપ્ત થાય છે (અર્થાત્ મર્યાદામાર્ગીય ચતુર્વિધ પુરુષાર્થોથી પુષ્ટિમાર્ગીય ચતુર્વિધ પુરુષાર્થો પૃથક્ છે અને તે વૈષ્ણવોને માટે શ્રીકૃષ્ણ જ છે એવું જ્ઞાન પ્રાપ્ત થાય છે). ॥ ૧૪ ॥

भक्तिवर्धिनीग्रन्थः ॥ तेन भक्तिवृद्धिप्रकारस्नेहादिस्वरूपज्ञानम् ॥ १५ ॥

ભક્તિવર્ધિની ગ્રંથ :- તેના પાઠથી (શ્રીકૃષ્ણના પ્રત્યે) ભક્તિ કેવી રીતે વધે તેની રીત તથા સ્નેહ (પ્રેમ) વગેરે (અર્થાત્ પ્રેમ, આસક્તિ અને વ્યસન) ના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ॥ ૧૫ ॥

जलभेद ग्रन्थः ॥ तेन भक्तिमार्गीयभक्तस्वरूपज्ञानम् ॥ १६ ॥

જલભેદ ગ્રંથ :- તેના પાઠથી ભક્તિમાર્ગીય ભક્ત (પુષ્ટિમાર્ગીય

ભક્ત વક્તા) ના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ॥ ૧૬ ॥

पञ्चपद्यानि ग्रन्थः ॥ तेन श्रोतृस्वरूपज्ञानम् ॥ १७ ॥

પંચપદ્યાનિ ગ્રંથ :- તેના પાઠથી (પુષ્ટિમાર્ગીય) શ્રોતાના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ॥ ૧૭ ॥

संन्यासनिर्णयग्रन्थः ॥ तेन त्यागस्वरूपज्ञानम् ॥ १८ ॥

સંન્યાસ નિર્ણય ગ્રંથ :- તેના પાઠથી (પુષ્ટિમાર્ગીય) ત્યાગ (સંન્યાસ) ના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય છે (અર્થાત્ પ્રભુના સતત વિરહના અનુભવરૂપ સંન્યાસનું સ્વરૂપ સમજાય છે). ॥ ૧૮ ॥

निरोधलक्षणग्रन्थः ॥ तेन प्रपञ्चविस्मृतिपूर्वकभगवदासक्तिः स्वरूपे च निरोधो भवति ॥ १९ ॥

નિરોધલક્ષણ ગ્રંથ :- તેના પાઠથી પ્રપંચ (જગત)ની વિસ્મૃતિ થઈ ભગવાનમાં આસક્તિ થાય છે અને (વ્યસનદશામાં) સેવ્ય સ્વરૂપમાં નિરોધ સિદ્ધ થાય છે (અર્થાત્ ભગવત્સ્વરૂપમાં ચિત્ત રોકાયેલું પરોવાયેલું રહે છે).॥ ૧૯ ॥

सेवाफलग्रन्थः ॥ तेन उद्वेगादिप्रतिबन्धत्रयज्ञानम् । ततोऽपूर्वकालौकिकसामर्थ्यादिफलत्रयज्ञानम् ॥ २० ॥

સેવાફલ ગ્રંથ : તેના પાઠથી ઉદ્વેગ વગેરે (અર્થાત્ ઉદ્વેગ, પ્રતિબંધ અને ભોગરૂપ) ત્રણ પ્રતિબંધો (સેવામાં નડતાં ત્રણ અંતરાયો)નું જ્ઞાન થાય છે. ત્યાર પછી અપૂર્વ અલૌકિક સામર્થ્ય વગેરે (અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય તથા સેવોપયોગી દેહ એ) ત્રણ (સેવાના) ફળોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. ॥ ૨૦॥

ततः पुरुषोत्तमहस्रनामादिग्रन्थानां पाठः कार्यः ॥

પછી પુરુષોત્તમ સહસ્ર નામ વગેરે (મધુરાષ્ટક, ત્રિવિધ નામાવલી ઈત્યાદિ અન્ય) ગ્રંથોનો પાઠ કરવો જોઈએ.

इति श्रीहरिरायजीकृत विंशग्रन्थानुक्रमणिका संपूर्णा ॥

આ મુજબ શ્રીહરિરાયજીએ રચેલી વિંશગ્રન્થાનુક્રમણિકા (વીશ ગ્રંથોની અનુક્રમણિકા) - એ નામનો ગ્રંથ સંપૂર્ણ થયો.

* * *

પરિશિષ્ટ – ૨

દશદિગન્ત વિજયી (લેખવાળા) ગો.શ્રીપુરુષોત્તમજી મહારાજ વિરચિત

ષોડગ્રન્થાનાં સંગતિઃ

અનુવાદ તથા વિવેચન :– શાસ્ત્રીજી પ્રદ્યુમ્નભાઈ – વડોદરા.

(આચાર્ય શ્રીવલ્લભ – ગુજરાતી વર્ષ–૨, અંક–૧૦, જાન્યુઆરી – ૧૯૮૮–માંથી સાભાર)

(આ ગ્રંથની અસલ હસ્ત પ્રત ગો. શ્રીચન્દ્રગોપાલજી - વડોદરાને ત્યાં બિરાજે છે તેના ઉપરથી સંશોધન કરીને પ્રકાશિત કરાય છે.)

‘यमुनाष्टकेन स्वरूपयोग्यता’

યમુનાષ્ટકથી સ્વરૂપ યોગ્યતા પ્રાપ્ત થાય છે. સેવોપયોગી દેહ, તનુનવત્વની પ્રાપ્તિ અને સ્વભાવ વિજય એ સ્વરૂપ યોગ્યતા છે. આ સ્વરૂપ યોગ્યતા શ્રીયમુનાષ્ટક ગ્રન્થના પાઠથી અને શ્રીયમુનાજીની કૃપાથી સુલભ બને છે. તેથી ષોડશગ્રન્થમાં યમુનાષ્ટક પ્રથમ છે.

‘स्वरूपयोग्यतायां बालबोधः’

સ્વરૂપયોગ્યતા પ્રાપ્ત થતાં તેને માટે **બાલબોધ** છે. બાલબોધ ગ્રન્થથી સ્વકીયતા પ્રાપ્ત થાય છે. આ ગ્રન્થમાં સ્વરૂપાનન્દની પ્રાપ્તિ માટે ભગવાનની સેવાનું જ નિરૂપણ કરવામાં આવ્યું છે. ભગવત્ સેવા દ્વારા સ્વીયતા સંપાદન કરાય છે. તેથી બાલબોધ ગ્રન્થ બીજો વર્ણવ્યો છે.

‘स्वकीयतायां स्वमार्गोपदेशः’

સ્વકીયતા પ્રાપ્ત કરેલને સ્વમાર્ગનો ઉપદેશ કરાય. સિદ્ધાન્ત મુક્તાવલી ગ્રન્થમાં સ્વમાર્ગનો ઉપદેશ કરેલો છે. અનુગ્રહમાર્ગ પુષ્ટિમાર્ગ છે. પ્રભુના અનુગ્રહને પ્રાપ્ત કરવા જ્ઞાન-ભક્તિ અપેક્ષિત કેવી રીતે બને છે અને એ ગુપ્ત રહસ્યના જ્ઞાનથી સંશયો દૂર કેવી રીતે થાય છે આ નિરૂપણ કરનાર ત્રીજો ગ્રન્થ સિદ્ધાન્ત મુક્તાવલી છે.

‘ततः पुष्टिमार्गीयजीवज्ञानार्थं पुष्टिप्रवाहमर्यादाग्रन्थः’

ત્યારબાદ પુષ્ટિજીવની ઓળખ માટે **પુષ્ટિપ્રવાહમર્યાદા** ગ્રન્થ છે. આમાં દેહ, ક્રિયા અને ફલના ભેદથી જીવના ત્રણ પ્રકારનું (પુષ્ટિજીવ-મર્યાદા જીવ અને પ્રવાહજીવનું) નિરૂપણ કરી મર્યાદાજીવ અને પ્રવાહજીવથી પુષ્ટિ જીવની વિશેષતા બતાવી છે તેથી ચોથો ગ્રન્થ પુષ્ટિપ્રવાહ મર્યાદા ગ્રન્થ વર્ણવ્યો છે.

‘ततः पुष्टिमार्गीयजीवज्ञानान्तरं इतिकर्तव्यता-ऽऽकाङ्क्षायां साक्षात् भगवता प्रोक्तं सिद्धान्तरहस्यम्’

ત્યારબાદ પુષ્ટિજીવોની ઓળખ પછી તેમના કર્તવ્યની આકાંક્ષામાં સાક્ષાત્ ભગવાને વર્ણન કરેલ **સિદ્ધાન્ત રહસ્યમ્** ગ્રન્થ છે. જીવોના ઉદ્ધાર માટે સરલ ઉપાય બ્રહ્મસંબંધ છે. બ્રહ્મસંબંધ એટલે સ્વસર્વસ્વના સમર્પણપૂર્વક પ્રભુને આત્મનિવેદન. એનાથી જીવગત દોષોનો નિરાસ થાય છે અને એ જીવ ભક્તિનો અધિકારી બને છે. એ જીવનો ભગવાન અંગીકાર કરે છે. આ નિરૂપણ કરનાર- સિદ્ધાન્ત રહસ્યમ્ ગ્રન્થ પાંચમો વર્ણન કરવામાં આવ્યો છે.

‘भगवता अङ्गीकृतं न वा इति चिन्तानिवृत्त्यर्थं नवरत्नम्’

ત્યારબાદ ભગવાને મારો અંગીકાર કર્યો છે કે નહીં એવી ચિન્તાની નિવૃત્તિ માટે **નવરત્નમ્** ગ્રન્થ છે. બ્રહ્મસંબંધ કરેલ જીવે કોઈ પણ સમયે કોઇ પણ પ્રકારની ચિન્તા કરવી નહીં. કારણ કે સર્વ સમર્થ પ્રભુના કૃપામાર્ગમાં એ

સ્થિત છે. આ નિરૂપણ છઠ્ઠા ગ્રન્થ નવરત્નમ્માં કરવામાં આવેલ છે.

‘ततः आन्तरोपदेशार्थं अन्तःकरणप्रबोधः’

ત્યારબાદ આન્તર ઉપદેશ માટે **અન્તઃકરણ પ્રબોધ** છે. જીવે પણ પોતાનાં અન્તઃકરણને સાવધાન કરી આ ગ્રન્થમાં પ્રતિપાદિત સિદ્ધાન્તોનું પાલન કરવાનું છે. ભગવત્ સેવા કરવી એ પરમપુરુષાર્થ છે. સેવામાં આવતાં વિઘ્નો ભગવાનના આશ્રયથી દૂર થાય છે. આ ગ્રન્થ શ્રીમહાપ્રભુજીએ પોતાનાં અન્તઃકરણને નિમિત્ત બનાવી કહ્યો છે. સાતમા ગ્રન્થરૂપે અન્તઃકરણ પ્રબોધ ગ્રન્થ કહેવામાં આવ્યો છે.

‘अन्तःकरणोपदेशानन्तरं तदङ्गोपदेशो विवेकधैर्याश्रय-ग्रन्थेन’

અન્તઃકરણોપદેશ પછી તેના અંગરૂપ ઉપદેશ એ **વિવેકધૈર્યાશ્રય** ગ્રન્થ છે. બુદ્ધિનો ધર્મ વિવેક છે, શરીરનો ધર્મ ધૈર્ય છે, અન્તઃકરણનો ધર્મ આશ્રય છે. આશ્રય સાધનરૂપ અને ફલરૂપ એમ બે પ્રકારનો છે. પ્રભુ જે કાંઈ કરે છે સર્વના હિત માટે જ હોય છે. જીવનની કોઈ પણ પરિસ્થિતિમાં નિજેચ્છાથી પ્રભુ જે કાંઈ કરે તે એની લીલા છે. એમાં મારે ચિન્તા કરવાની ન હોય આવું બુદ્ધિથી વિચારવું એ વિવેક છે. અનેક પ્રકારનાં દુઃખ સહજ રીતે સહન કરી લેવાં એ શરીર ધર્મ ધૈર્ય છે. સર્વત્ર સર્વરૂપે પ્રભુ બિરાજે છે એ પ્રભુનો આશ્રય કરી લેવો એ અન્તઃકરણનો ધર્મ છે. આ નિરૂપણ કરતો આઠમો ગ્રન્થ વિવેકધૈર્યાશ્રય છે.

‘विवेकधैर्याभावेऽपि आश्रय एव कर्तव्येति तदर्थमाश्रयः’

વિવેક-ધૈર્યના અભાવમાં પણ આશ્રય જ કરવો એ જણાવવા **કૃષ્ણાશ્રય** ગ્રન્થ છે. ભગવાનની પ્રાપ્તિ ભગવાનના અનુગ્રહથી જ થઈ શકે,

તે માટે સર્વસ્વનિવેદન તથા શરણાગતિ જ મુખ્ય છે. દશલીલાયુક્ત શ્રીકૃષ્ણ એક જ આશ્રયણીય છે. આ નિરૂપણ નવમા ગ્રન્થ કૃષ્ણાશ્રયમાં છે.

‘ततो भक्तिवृद्ध्यर्थं भक्तिवर्द्धिनी’

ત્યારબાદ ભક્તિવૃદ્ધિ માટે **ભક્તિવર્દ્ધિની** ગ્રન્થ છે. ભગવલ્લીલા શ્રવણ, ગુણસંકીર્તન, દુઃસંગત્યાગ, સેવા, કથા, પ્રભુના સ્થાનમાં નિવાસ આ બધા ભક્તિવૃદ્ધિમાં બીજભાવે છે. આ સાધનોથી ભક્તિની વૃદ્ધિ થાય છે એ નિરૂપણ દશમા ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં છે.

‘भक्तिवर्द्धिन्युत्तरत्रोपदिष्टश्रवणार्थं जलभेदः’

ભક્તિવર્દ્ધિની પછી ઉપદિષ્ટ સિદ્ધાન્તોના શ્રવણ માટે **જલભેદ** ગ્રન્થ છે. આમાં ગાયક વક્તાઓના ભેદનું વર્ણન છે. જલના સ્થાન ભેદથી વીસ ભેદ બતાવી તેનાં દૃષ્ટાંતોથી વક્તાઓના ભેદનું વર્ણન કર્યું છે. સગુણના નવભેદ નિર્ગુણનો એક ભેદ એમ દસ ભેદ અને દશ મર્યાદાના તથા દશ પુષ્ટિના એમ વીસ ભેદનું નિરૂપણ અગિયારમા જલભેદ ગ્રન્થમાં કરેલ છે.

‘जलभेदोक्तवक्त(क्तुः) शङ्कानाशात् श्रवणाधिकार-श्रोतृज्ञानार्थं स्वतन्त्राणि पञ्चपद्यानि’

જલભેદમાં વર્ણન કરેલ વક્તા વિષય શંકા દૂર કરી શ્રવણના અધિકારમાં શ્રોતાનાં લક્ષણ વર્ણન કરવા સ્વતંત્ર **પંચપદ્યાનિ** ગ્રન્થ વર્ણન કરેલ છે.

વક્તા અને શ્રોતા એકબીજા સાથે સંકળાયેલા છે. શ્રોતા વિના વક્તા શ્રવણ કોને કરાવે અને શ્રોતા પણ વક્તા વિના શ્રવણ કેમ કરી શકે ? તેથી જલભેદમાં વક્તાનાં લક્ષણ વર્ણન કરી પંચપદ્યાનિમાં શ્રોતાના ભેદ બતાવે છે.

(૧) શુદ્ધ પુષ્ટિમાર્ગીય શ્રોતા (૨) પુષ્ટિ-મર્યાદામાર્ગીય શ્રોતા (૩)

મર્યાદા-પુષ્ટિમાર્ગીય શ્રોતા (૪) સાધારણ શ્રોતા. આમ શ્રોતાઓનાં લક્ષણ વર્ણન કરતો બારમો પંચપદ્યાનિ ગ્રન્થ નિરૂપણ કરેલ છે.

‘ततः स्वमार्गीयचतुर्विधपुरुषार्थज्ञानार्थं चतुःश्लोकी’

ત્યારપછી સ્વમાર્ગીય ચાર પ્રકારના પુરુષાર્થના જ્ઞાન માટે **ચતુઃશ્લોકી** ગ્રન્થ છે. પુષ્ટિમાર્ગમાં પ્રભુના દાસ થવું એ ધર્મ છે. પ્રભુ એ જ અર્થ છે. પ્રભુના દર્શનની અભિલાષા એ કામ છે અને પ્રભુમાં સર્વદા ચિત્તની સ્થિતિએ મોક્ષ છે. આમ વર્ણન તેરમા ગ્રન્થ ચતુઃશ્લોકીમાં કરવામાં આવેલ છે.

‘ततः स्वमार्गीय संन्यासज्ञानार्थं संन्यासनिर्णयः’

ત્યારપછી સ્વમાર્ગીય સંન્યાસના જ્ઞાન માટે **સંન્યાસનિર્ણય** ગ્રન્થ છે. કર્મમાર્ગીય સંન્યાસ અને જ્ઞાનમાર્ગીય સંન્યાસ વર્તમાનકાળમાં દુષ્કર હોવાથી તેનો નિષેધ કરી ભક્તિમાર્ગીય સંન્યાસ જે ભગવદ્ વિરહાનુભવાર્થ ઉપયુક્ત છે તેનું નિરૂપણ ચૌદમા સંન્યાસનિર્ણય ગ્રન્થમાં કરેલ છે.

‘संन्याससाधनोपदेशो निरोधलक्षणग्रन्थेन’

સંન્યાસગત સાધનોનો ઉપદેશ **નિરોધલક્ષણ** ગ્રન્થથી કર્યો છે. નિરોધનો અર્થ પ્રપંચ (સંસાર)ની વિસ્મૃતિપૂર્વક ભગવાનમાં આસક્તિ થવી. સાધન અને ફલરૂપે નિરોધનું નિરૂપણ કર્યું છે. તેમજ ત્રણ પ્રકારની તેની અવસ્થાઓનું વર્ણન પણ પંદરમા નિરોધલક્ષણ ગ્રન્થમાં આપેલ છે.

‘एवं प्रवर्तमानस्य अधिकारिणो फलं सेवाफलग्रन्थेन’

આ પ્રકારના અધિકારીઓને પ્રાપ્ત થતા ફલનું નિરૂપણ **સેવાફલ** ગ્રન્થથી કરવામાં આવેલ છે.

ત્રણ પ્રકારનાં ફલ છે.

પુષ્ટિસેવાનું ફલ : અલૌકિક સામર્થ્ય સર્વાત્મભાવ, ભજનાનન્દનો અનુભવ. પુષ્ટિમર્યાદા સેવાનું ફલ - ભગવત્સ્વરૂપમાં સાયુજ્ય અને તદાત્મકતા. પુષ્ટિપ્રવાહ સેવાનું ફલ : વૈકુંઠ પ્રાપ્તિ અથવા સેવોપયોગી દેહની પ્રાપ્તિ. સેવામાં પ્રતિબંધક ત્રણ છે. (૧) ઉદ્વેગ (૨) અંતરાય, (૩) ભોગ આ સર્વનું નિરૂપણ સોળમા સેવાફલ ગ્રન્થમાં કરવામાં આવ્યું છે.

* * *

પરિશિષ્ટ – ૩

ગો.શ્રીદ્વારકેશજી વિરચિત શ્રીયમુનાષ્ટક ટિપ્પણમાં આરંભે આપેલ ષોડશગ્રન્થોની સંગતિઃ

नत्वा श्रीवल्लभाचार्यान्करुणारसपूरितान् ।
श्रीविठ्ठलेशाँश्च विभूनिजेभ्यो बुद्धिदायकान् ॥ १ ॥
श्रीमदाचार्यचरणाः स्वीयानां भक्तिसिद्धये ।
अकार्षुः षोडशग्रन्थान्स्वसिद्धान्तार्थबोधकान् ॥ २ ॥
तद्व्याख्यानं कृतं पूर्वैः प्रभुभिश्च पृथक्क्वचित् ।
यमुनाष्टकमारभ्य सेवाफलमुदाहृताः ॥ ३ ॥
स्वगुरून्मथुरानाथान् गङ्गां च स्वीयमातरम् ।
हेतुः षोडशग्रन्थानां टीकानां च मयोच्यते ॥ ४ ॥

तत्र गोस्वामिप्रभूणां कृतीनां गणना -

यमुनाष्टकसिद्धान्तमुक्तावल्योस्तथा पुनः ।
नवरत्ने प्रकाशश्च त्रयं स्वैः प्रभुभिः कृतम् ॥ १ ॥
तट्टिप्पणं तु बहुभिर्वंशीयैर्बालकैः कृतम् ।
तत्कृपाबलमाश्रित्य तद्ग्रन्थान्विवृणोम्यहम् ॥ २ ॥

तत्र ग्रन्थक्रमः पूर्वमुच्यते -

यमुनाष्टकमादौ तु श्रीकृष्णास्यं हि निर्ममे ।

मुकुन्दरतिसिद्ध्यर्थं दुरितक्षयपूर्वतः ॥ ३ ॥
स्वभावविजयार्थं च मुरस्यारेश्च तुष्टये ।
(जीवैस्तु नमनाधिक्यं नैव कर्त्तुं हि शक्यते ।)
नमनादतिरिक्तं तु कर्त्तुं जीवैर्न शक्यते ॥ ४ ॥
कृष्णस्य निरपेक्षत्वादिति स्वान्ते विचार्य हि ।
अधिकारस्य सिद्ध्यर्थं यमुनाष्टकमुज्जगौ ॥ ५ ॥
अग्रेऽधिकारसिद्धेस्तु कर्तव्यज्ञापनाय वै ।
सुपुरुषार्थसङ्क्षेपं बालबोधे न्यरूपयत् ॥ ६ ॥
पुरुषार्थपरिज्ञाने साध्यसाधनभावतः ।
सिद्धान्तमुक्तावल्यां तु सेवारूपं न्यदर्शयत् ॥ ७ ॥

तत्र -

सेवा च द्विविधा प्रोक्ता बाह्याभ्यन्तरभेदतः ।
तन्निर्वाहाय सिद्धान्तरहस्यं प्रभुरुक्तवान् ॥ ८ ॥
तत्र बाह्यपदार्थानां शुद्धिरुक्ता समर्पणे ।
आन्तराणां तु शुद्ध्यर्थं नवरत्नं तथा पुनः ॥ ९ ॥
अन्तःकरणसम्बोधं प्रकटीकृतवान्स्वयम् ।
बाह्याभ्यन्तरयोः शुद्धिमेवमुत्पाद्य मत्प्रभुः ॥ १० ॥
तन्निर्वाहार्थं विवेकधैर्याश्रयमरीरचत् ।
तत्राश्रयश्चित्तदोषान्न स्थिरो भवतीति हि ॥ ११ ॥
विचार्य कृष्णाश्रयाख्यं ग्रन्थं सूक्ष्मं न्यरूपयत् ।

आश्रये तु स्थिरे सिद्धे स्वकीयार्थप्रसिद्धये ॥ १२ ॥
चतुःश्लोकी चकाराग्निरुद्दिश्य स्वमनः प्रति ।
ततो मार्गत्रयस्यापि बोधनार्थं कृपानिधिः ॥ १३ ॥
पुष्टिप्रवाहमर्यादाग्रन्थं गूढमचीकरत् ।
एवं भक्तिप्रकरणं महाकारुणिकस्ततः ॥ १४ ॥
दृढीकृत्य प्रवृद्ध्यर्थमकरोद्भक्तिवर्द्धिनीम् ।
एवं भक्तिं वर्धयित्वा जलभेदमिषेण तु ॥ १५ ॥
भक्तानां लक्षणं प्राह सर्ववादिनिरासकृत् ।
पद्यानि च तदर्थं हि प्रोवाच निखिलेष्टदः ॥ १६ ॥
उक्तश्च भक्तिवर्द्धिन्यां त्यागो भक्तिविवर्द्धनः ।
अतस्तस्य विवेकार्थं संन्यासे निर्णयं जगौ ॥ १७ ॥
भावसिद्धौ भावनैव साधनं त्वपरं न हि ।
निरोधलक्षणे भावं व्रजस्थानामतश्चकौ ॥ १८ ॥
इत्थं पञ्चदशग्रन्थैर्भावं संसाध्य कारणम् ।
उद्वेगप्रतिबन्धानां साधनैर्वारणैः सह ॥ १९ ॥
फलं स कथयाँश्चक्रे सेवाफलनिरूपणम् ।
तस्याप्यतिदुरूहत्वाद्विवृतिं चाकरोद्विभुः ॥ २० ॥
एवं षोडशभिर्ग्रन्थैः पुरुषोत्तमसेवनम् ।
प्रतिपाद्य फलत्वेन चक्रे जीवोद्धृतिं विभुः ॥ २१ ॥
अवतारदशायां तु उद्धृती रूपदर्शनात् ।

इह नामात्मकैर्ग्रन्थैः स्वदासानां सदोद्धृतिः ॥ २२ ॥
तस्मात्सर्वप्रयत्नेन दैवैः कर्तव्यमेव हि ।
सेवनं श्रीव्रजेशस्य तद्ग्रन्थानां च पाठनम् ॥ २३ ॥

* * *